

# અમૃત સરિતા

પૂજ્યશ્રી નારાયણભાઈની અનુભવસિદ્ધ દિવ્યવાણી

ભાગ-૨

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા-૫૯

સંસ્થાપક : અ.મુ.પ.પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર

**શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન**

અમદાવાદ-૧૩

# શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનનું પ્રતીક

પ્રતીકમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણકમળમાં
સામુદ્રિકશાસ્ત્રમાં વર્ણવેલાં ભગવત્સ્વરૂપનાં સોળ વિલક્ષણ ચિહ્નો છે:

## જમણા ચરણકમળમાં નવ ચિહ્નો

સ્વસ્તિક: માંગલ્યમય ભગવત્સ્વરૂપને સૂચવે છે.

અષ્ટકોણ: ઉત્તર-દક્ષિણ-પૂર્વ-પશ્ચિમ-અગ્નિ-ઇશાન-નૈઋત્ય-વાયવ્ય એવી આઠે દિશામાં ભગવત્-કરુણા વહી રહી છે તેનું પ્રતીક છે.

ઊર્ધ્વરેખા: ભગવત્કૃપાથી થતું જીવોનું સતત ઊર્ધ્વીકરણ દર્શાવે છે.

અંકુશ: સર્વને અંકુશમાં રાખવા સર્વકારણના કારણ રૂપ ઐશ્વર્યનું દ્યોતક છે ને અંતઃશત્રુને વશ રાખવાનું સૂચવે છે.

ધ્વજ: અથવા કેતુ સત્યસ્વરૂપ ભગવાનની વિજય-પતાકા છે.

વજ્ર : ભગવત્સ્વરૂપનું વજ્ર જેવું શક્તિશાળી બળ જીવના દોષો નષ્ટ કરી કાળ-કર્મ-માયાના ભયથી મુક્ત કરે છે તેમ નિર્દેશે છે.

પદ્મ: જલકમલવત્ નિર્લેપ કરનાર ભગવત્સ્વરૂપની કરુણાસભર મૃદુતા સૂચવે છે.

જાંબુફળ: ભગવત્સ્વરૂપમાં જોડાયેલાને મળતા દિવ્ય સુખરૂપી રસનું સૂચક છે.

જવ: અગ્નિમાં જવ, તલ આદિ અનાજ હોમી અહિંસામય યજ્ઞ કરનારા અને ભગવત્સ્વરૂપમાં જોડાયેલાના ધનધાન્ય ને યોગક્ષેમનું ભગવાન પોતે વહન કરે છે તેમ સૂચવે છે.

## ડાબા ચરણકમળમાં સાત ચિહ્નો

મીન: સામા પ્રવાહે વહી ઉદ્ભવસ્થાને પહોંચતા મત્સ્યની પેઠે ઐશ્વર્ય-સુખના ઉદ્ભવસ્થાન ભગવત્સ્વરૂપને પામવાનું સૂચવે છે.

ત્રિકોણ: જીવને આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી છોડાવી ઈશ્વર, માયા, બ્રહ્મની ત્રિપુટીથી પર પરબ્રહ્મ-સ્વરૂપને વિષે સ્થિતિ કરવાનું નિર્દેશક છે.

ધનુષ: અધર્મ થકી પોતાના આશ્રિતોના આરક્ષણનું પ્રતીક છે.

ગોપદ: ભગવત્પ્રિય ગોવંશ અને ભગવત્પ્રિય સત્પુરુષોના પરોપકારી લક્ષણને સૂચવે છે.

વ્યોમ: ભગવત્સ્વરૂપનો આકાશવત્ નિર્લેપપણે સર્વત્ર વ્યાપ સૂચવે છે.

અર્ધચંદ્ર: ભગવત્સ્વરૂપના ધ્યાન વડે ચંદ્રકળાની જેમ વૃદ્ધિ પામી પૂર્ણતા પ્રાપ્ત થાય છે એમ દર્શાવે છે.

કળશ: ભગવત્સ્વરૂપની સર્વોપરીતા અને પરિપૂર્ણતાનું પ્રતીક છે.

પ્રતીકમાં રહેલા ભગવત્સ્વરૂપનાં ચિહ્નોનાં રહસ્યને દૃષ્ટિ સમક્ષ રાખી, સર્વ જીવનું હિત થાય એવી નિઃસ્વાર્થ જ્ઞાન-ધ્યાન-સેવા પ્રવૃત્તિ સદૈવ કરતા-કરાવતા રહેવાના મિશનના પુરુષાર્થમાં ભગવત્કૃપા વહ્યા કરો એવી શ્રીહરિના ચરણકમળમાં પ્રાર્થના.

સહજાનંદ મન ભાઈ સદાઈ, સહજાનંદ મન ભાઈ;
સહજાનંદ મનોહર મૂરતિ, પ્રીત કરી ઉર લાઈ.

બ્રહ્મમહોલ વાસી અવિનાશી, મનુષ્ય દેહ ધરી આઈ;
જે જન આઈ રહે ઇન શરને, ભુક્તિ મુક્તિ સબ પાઈ.

કાલ કર્મ કો દુઃખ અતિ ભારી, સો સબ દેવે છોરાઈ;
સુખકારી ઘનશ્યામ ભજનસે, ભવ ભટકન મીટ જાઈ.

અંતર પ્રીત રીતસું કરી કે, મૂરતિ મન ઠહરાઈ;
કામ ક્રોધ મદ લોભ સહજમેં, અવધપ્રસાદ હઠાઈ.



સર્વોપરી ઉપાસ્ય મૂર્તિ
પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન

|| સહજાનંદ સુખદાઈ ભજ મન, સહજાનંદ સુખદાઈ. ||

|| શ્રી ઘનશ્યામ મનોહર મૂરતિ, ધ્યાન ધરો ઉર લાઈ. ||

|| સુંદર બોલની સુંદર હસની, મુશકની બરની ન જાઈ. ||

|| શોભા ધામ સુખ સૂરત, સંત મુક્ત સંગત આઈ. ||

|| અવધપ્રસાદ નિરંતર એહી છબી, અંતરમેં ઠહરાઈ. ||




જ્ઞાન-ધ્યાન-ઉપાસના ખંડ-(ભાઈઓ)

સુંદર શ્રી ઘનશ્યામ સદાઈ, શરનાગત સુખકારી રે;
એહી છબી અંતરમેં ધરી લેં, દેત ગર્ભ દુઃખ ટારી રે.

અધમ ઉધાર પતિત કે પાવન, ભક્ત વત્સલ ભયહારી રે;
એસેં હરિ સુખકારી વિસારત, સો નર હોત ખુવારી રે.

જેહી જન આઈ રહે ઈન શરને, હો ગયે ભવજન પારી રે;
અવધપ્રસાદ થાનકી છબીપેં, વાર વાર બલિહારી રે.



જ્ઞાન-ધ્યાન-ઉપાસના ખંડ-(બહેનો)

# અર્પણ

અનંતકોટિ મુક્તના સ્વામી

અને સદા સાકાર

દિવ્ય મૂર્તિ એવા પરમ કૃપાળુ

શ્રી સ્વામિનારાયણ ભગવાનના

ગૂઢ રહસ્ય જ્ઞાનને સમજાવનારા,

એ મહાપ્રભુના સુખનિધિ સ્વરૂપનું સર્વોપરીપણું

સર્વત્ર પ્રવર્તાવનારા અને અનાદિમુક્તની

સર્વોત્તમ સ્થિતિનો અનુભવ કરાવનારા

- આ રીતે સમગ્ર સત્સંગ ને માનવકુળ

પર મહદ્ ઉપકાર કરનારા પરમ દયાળુ

અનાદિ મહામુક્તરાજ

પ. પૂ. શ્રી અબજીબાપાશ્રીના

ચરણકમળોમાં સાદર સમર્પિત



રહસ્યજ્ઞાન પ્રદાતા

અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપા

# અર્ઘ્ય

શ્રીજીમહારાજ તથા બાપાશ્રીના

સર્વોપરી તત્ત્વજ્ઞાનને વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્યમાં પ્રસ્તુત

કરી આધ્યાત્મિક, સામાજિક તેમ જ શૈક્ષણિક ક્ષેત્રે,

અદ્વિતીય યોગદાન આપનાર, ધર્મશુદ્ધિ, વહીવટશુદ્ધિ ને

ચારિત્ર્યશુદ્ધિના પ્રખર હિમાયતી તથા ચૈતન્યનું ઊર્ધ્વીકરણ

કરવારૂપ બ્રહ્મયજ્ઞની આહલેક જગાડવા સર્વજીવહિતાવહ

સંસ્થા 'શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન'નું

સ્થાપન કરનાર કરુણામૂર્તિ સદ્‌ગુરુવર્ય

અનાદિ મુક્તરાજ પૂજ્યશ્રી નારાયણભાઈના

ચરણકમળમાં શતકોટિ વંદન!

સંસ્થાપક



અનાદિ મુક્તરાજ

પૂજ્યશ્રી નારાયણભાઈ ગીગાભાઈ ઠક્કર

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન એવી ગ્રંથશ્રેણી પ્રકાશિત-સંપાદિત કરવા ઉત્સુક છે કે જે સમગ્ર માનવજાત માટે કલ્યાણકારી હોય અને જેના વાચનથી ભારતીય સંસ્કૃતિનો ઉચ્ચતમ હેતુ બર આવતો હોય.

વર્તમાન બુદ્ધિયુગમાં ઉચ્ચ શિક્ષણનો વિસ્તાર પ્રતિદિન વધતો જાય છે. ઉચ્ચ શિક્ષણનો મૂળભૂત હેતુ જીવનમાં ઉચ્ચતર મૂલ્યો પ્રસ્થાપિત કરવાનો છે અને જીવનનું ઊંચામાં ઊંચું મૂલ્ય પરમાત્માના પરમસુખનો અનુભવ કરવો તેમાં રહેલું છે. આ હેતુઓ તરફ દોરી જવામાં આ ગ્રંથશ્રેણી સહાયભૂત બને એવી અપેક્ષા છે.

શિક્ષણ, વિજ્ઞાન ને યંત્રવિદ્યાના સતત વધતા જતા વ્યાપને આપણે એવી રીતે ઢાળવો છે કે એ કેવળ ભૌતિક સુખની પ્રાપ્તિનાં સાધન બની ન રહેતાં, માનવીના આંતરિક વિકાસમાં ઉચ્ચતમ મદદગાર બની રહે; સાથોસાથ આપણે એવી સમજણ પ્રસારવી છે કે ઉત્ક્રાંતિનું અંતિમ લક્ષ્ય ઉત્તરોત્તર વિકસીને પરમાત્માના દિવ્ય સુખમાં મળી જવામાં છે.

દિવ્યાનંદની પ્રાપ્તિ માટે સતત વિકસતા જવાની પ્રાકૃતિક અંતઃપ્રેરણા માનવને ઈશ્વરે આપેલી અણમૂલ બક્ષિસ છે. તે એવું સૂચવે છે કે આપણે સૌ સાથે મળીને એવી સામાજિક, આર્થિક ને રાજકીય પરિસ્થિતિનું નિર્માણ કરીએ કે જેથી જીવનના ઊર્ધ્વીકરણની પ્રક્રિયા નિર્બાધ રીતે પૂરતી મોકળાશથી ખીલી ઉઠે. આ કાર્યને વેગ મળે એવા પ્રેરણાદાયી સાહિત્યનું સર્જન કરવાનું આવશ્યક છે.

માનવજાતના આધ્યાત્મિક અને સામાજિક શ્રેય માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને, જીવનને સતત ઊર્ધ્વ બનાવી, આત્યંતિક દિવ્ય સુખને પમાય એવો સર્વસમન્વયી જ્ઞાનમાર્ગ

પ્રસ્થાપિત કરેલ છે; તેમની શ્રીમુખવાણી 'વચનામૃતમ્' તથા 'શિક્ષાપત્રી'માં એ તત્ત્વજ્ઞાનનું ઊંડાણ અનન્ય છે અને સવિસ્તર સરળ ભાષામાં પ્રસ્તુત થયેલ છે. તદ્ઉપરાંત પોતાના બ્રહ્મનિષ્ઠ સંતો ને ગૃહસ્થી મુક્તપુરુષો દ્વારા સર્વહિતાવહ સાહિત્ય પણ વિપુલ પ્રમાણમાં તૈયાર કરાવ્યું છે.

ઉપરોક્ત ગ્રંથોમાં સર્વગ્રાહ્ય ભારતીય સંસ્કૃતિ ને જીવન જીવવાની ખરી દિશા બતાવવામાં આવી છે. તેથી આ ગ્રંથશ્રેણીમાં સર્વજનો-પૂર્વના હોય કે પશ્ચિમના, સૌને દિવ્યતા તરફ દોરી જવામાં પથદર્શક નીવડે એવા એ આદર્શો તથા જ્ઞાનને અર્વાચીન જ્ઞાનના પ્રકાશમાં રજૂ કરવાનો ઉત્તમ પ્રયત્ન કરવામાં આવશે. અમને ખાતરી છે કે તેનાથી માનવજીવનમાં સંવાદિતા આવશે ને આધુનિક જીવનની વિષમતા ધીરે ધીરે ઓછી થતી જઇ દૂર થઇ જશે.

ભારત કે વિશ્વનું અન્ય સાહિત્ય કે જેમાં દર્શાવેલ વિચારો અમારા ઉદ્દેશો સાથે સુસંગત હશે તો તે પણ આ ગ્રંથશ્રેણીમાં આવરી લેવામાં આવશે.

અમારી ઇચ્છા એવી છે કે આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકો ફક્ત ગુજરાતી ભાષામાં જ નહિ બલ્કે હિન્દી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં પણ પ્રકાશિત કરવાં, જેથી અન્યભાષી વાચકોને પણ આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકોનો લાભ મળે.

મિશનની આ પ્રવૃત્તિને સફળતા બક્ષવામાં સૌનો સાથ-સહકાર ઇચ્છીએ છીએ અને મિશનના સર્વ કાર્યમાં સદૈવ પ્રભુકૃપા ભળે એ જ અભ્યર્થના.

દાસાનુદાસ
નારાયણભાઈ ગી. ઠક્કર
સ્થાપક પ્રમુખ
શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

સં. ૨૦૪૨, શ્રીહરિજયંતી
એપ્રિલ ૧૮, ૧૯૮૬
અમદાવાદ

श्री स्वामिनारायण डिवाइन मिशन

सर्वजीवहितावह

।। श्री स्वामिनारायणो विजयतेतराम् ।।

# અમૃત સરિતા

## ૨

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

૫૮

: સંસ્થાપક:

• અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર •

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

અમદાવાદ - ૩૮૦ ૦૧૩

**શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન**

**સર્વજીવહિતાવહ ગ્રંથમાળા**

❄ **પ્રકાશન સમિતિ** ❄

*: પ્રેરક - માર્ગદર્શક :*

❄ **અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર** ❄

© શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન, અમદાવાદ
(રજિ. નં. ઈ/૪૫૪૬/અમદાવાદ : ૧૯૮૧)
ઈન્કમટેક્ષ એક્ષેમ્પશન u/s 80(G)5

***તૃતીય આવૃત્તિ***
પ્રત : ૫૦૦૦
૨૦૧૩, ૧૬, ફેબ્રુઆરી
સં. ૨૦૬૯, મહા સુદ છઠ

***સેવા મૂલ્ય*** : રૂ.૧૫/-

***પ્રકાશક***
શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન
૮, સર્વમંગલ સોસાયટી, પૂજ્યશ્રી નારાયણભાઈ માર્ગ
નારણપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩ ✆ : ૨૭૬૮૨૧૨૦
E-mail : info@shriswaminarayandivinemission.com
Website : www.shriswaminarayandivinemission.org

***: મુદ્રક :***
મુદ્રણ સંસ્કાર;
મુદ્રેશ પુરોહિત, સૂર્યા ઓફસેટ
આંબલી ગામ, અમદાવાદ.

# નિવેદન

'શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન' સંસ્થાના સંસ્થાપક, પ્રેરક, પોષક, સંવર્ધક અને આજીવન પ્રમુખ અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈની આત્મા-પરમાત્માના અખંડ સાક્ષાત્કારની અને પરમાત્માના દિવ્ય સુખભોક્તાની સર્વોત્કૃષ્ટ સ્થિતિ સત્સંગને સુવિદિત છે.

જેમ પરમાત્માની વાણી એ પરમાત્માનું જ સ્વરૂપ ગણાય છે, તેમ પરમાત્માનું પરમ સાધર્મ્ય પ્રાપ્ત કરેલા અનાદિમુક્તની વાણી પણ પરમાત્માના સાક્ષાત્ સંબંધવાળી હોવાથી પ્રેરણાપીયૂષ પ્રદાન કરનારી, પરમ આદર્શરૂપ અને અનુકરણીય બની જાય છે. કારણ કે અનાદિમુક્ત દ્વારા સ્વયં શ્રીહરિનું કર્તાપણું હોવાથી તેમના મુખે બોલનારા પ્રભુ જ છે.

મનુષ્યરૂપે પ્રત્યક્ષ સત્પુરુષનો જોગ-સમાગમ-સેવા તો પરમ કલ્યાણકારી છે જ, પરંતુ તેવો પ્રત્યક્ષ જોગ ન હોય ત્યારે તેમની અનુભવસિદ્ધ દિવ્યવાણી પણ અનેક મુમુક્ષુ સાધક માટે પ્રભુપ્રાપ્તિરૂપ અંતિમ મુકામ તરફ દોરી જવા માટે પથદર્શક ગુરુરૂપ બની રહે છે.

આવા મહાન સદ્‌ગુરુવર્ય અનાદિમુક્ત પૂજ્ય શ્રી નારાયણભાઈ અનેક વખત સત્સંગસભામાં પોતાની અલૌકિક વાણીનો લાભ આપતા. પહેલા તો તેઓ પોતાની

વાણીનું ઑડિયો રેકોર્ડિંગ-ધ્વનિમુદ્રણ થાય તેમાં બિલકુલ સંમત ન થતા. તેઓશ્રી જણાવતા કે શ્રીજીમહારાજ, બાપાશ્રી તથા સદ્‌ગુરુઓની વાણીમાં બધાની વાણીનો આપોઆપ સમાવેશ થઈ જ જાય છે. માટે બીજી વાણીનું રેકોર્ડિંગ શા માટે કરવું? પછી સર્વ હરિભક્તોના અતિ પ્રેમ ને આગ્રહને વશ થઈ પ્રવચનોનું રેકોર્ડિંગ થતું હોય તો તેમાં વાંધો લેતા નહિ.

સભાને અંતે સમાપન વક્તવ્ય પૂજ્યશ્રી નારાયણભાઈનું રહેતું. તેમાં તેઓશ્રી સ્વામિનારાયણીય તત્ત્વજ્ઞાન, સર્વોપરી ઉપાસના, અનાદિમુક્તની દિવ્ય સ્થિતિ, ધર્મ-ભક્તિ, જ્ઞાન-ધ્યાન, કાર્ય-કારણ સત્સંગ વગેરે અનેક ગહન વિષયો ઉપર સભામાં બેઠેલા સંત-હરિભક્તોને સરળતાથી સમજાય એવી પ્રભાવક ને પ્રાસાદિકી શૈલીમાં પ્રવચનો આપતા. તે પ્રવચનોના ધ્વનિમુદ્રણના આધારે આ ગ્રંથ તૈયાર કરવામાં આવ્યો છે. બોલવાની ઢબ અને લેખનની ઢબ જુદી પડે તે સ્વાભાવિક છે. એટલે કેટલીક વાક્યરચનાઓ વ્યાકરણ મુજબ સુધારવામાં આવી છે, જે વાંચકવૃંદની સરળતા માટે અનિવાર્ય બાબત છે. સભાને અનુરૂપ અમુક ઔપચારિક અને વ્યાવહારિક વાતો પણ પ્રવચનોમાં કરવી પડતી હોય છે. એટલે તેવી વાતો ન લેતાં તેમાંથી જીવનઉપયોગી સાર અંશોરૂપે લઈ લેવામાં આવ્યો છે. રહસ્ય જ્ઞાનને લગતી વાતોનો યથાવત્ સમાવેશ કરવામાં આવ્યો છે.

આવી અદ્‌ભુત વાણીને ‘અમૃત સરિતા’ શીર્ષક હેઠળ અક્ષરદેહ આપી આ સંસ્થાના રજત જયંતી પર્વના ઉપલક્ષે

પ્રકાશિત કરવામાં આવેલ. જેને અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડતાં ઉત્તરોત્તર તેની તૃતીય આવૃત્તિ રજુ કરતાં ગૌરવ અને હર્ષ અનુભવાય છે. વાચકવૃંદ તેનો મહદ્ લાભ ઉઠાવી પોતાના જીવનને પ્રભુપ્રાપ્તિરૂપ સર્વોત્કૃષ્ટ ધ્યેયરૂપે કંડારવા પ્રયત્નશીલ રહી પ્રભુ પ્રસન્નતાના અધિકારી બની રહે એવી પરમ કૃપાળુ પરમાત્મા તથા સદ્‌ગુરુવર્યને અંતરની પ્રાર્થના!

સં. ૨૦૬૯, મહા સુદ છઠ — **પ્રકાશન સમિતિ**

ઈ. સ. ૨૦૧૩, ૧૬ ફેબ્રુઆરી — **શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન**

# અમૃત સહિતા–૨

## ૧

(કોઈક વડીલ સંતે વાત કર્યા પછી એના અનુસંધાને વાત કરે છે.)

ભક્તવત્સલ ભગવાન પોતાના સંત ઉપર એટલો બધો રાજીપો ને પ્રસન્નતા વરસાવે છે. એ રીતે આપણે તો અવરભાવનો વિનય નહિ ચૂકવો જોઈએ. ભગવાનને વહાલા એવા સંતને એમ કહીએ કે અમને સૌને આશીર્વાદ આપો તો મહારાજ રાજી થાય છે. પણ રહસ્યની વાત એમણે કહી એમ રાખવાની કે આશીર્વાદમાં બેઠા પછી આશીર્વાદ માંગવાની જરૂર હોતી નથી. એવું અનુસંધાન રહે કે આશીર્વાદમાં જ બેઠા છીએ તો કાંઈ કરવું રહેતું નથી. નિરંતર એ અનુસંધાન હોવું જોઈએ. આશીર્વાદ એ મૂર્તિનું સુખ. સુખ એ આશીર્વાદ. એ સુખમાં મહારાજના અનંત સંતો કિલ્લોલ કરે છે. એ સુખમાં શ્રીજીમહારાજે આપણને બધાને રાખી દીધા છે. આ આશીર્વાદ. પરમ કૃપાળુ અનાદિમુક્ત બાપાશ્રીને પોતાના સંકલ્પથી પૃથ્વી ઉપર મોકલીને આપણને શ્રીજીમહારાજનું જેવું છે તેવું સુખ ઓળખાવ્યું. પરમ કૃપાળુ શ્રીજીમહારાજે બાપાશ્રી દ્વારા આપણને સૌને મૂર્તિના સુખમાં રાખ્યાના આશીર્વાદ આપ્યા.

ભગવાન પોતાના 'સંત તે સ્વયંહરિ' એવા મહા અનાદિમુક્ત દ્વારા આવા શબ્દ બોલે છે. આશીર્વાદ આપે છે. મૂર્તિના સુખમાં રાખવાના આશીર્વાદ મહારાજ તેમના

આવા અનાદિમુક્ત દ્વારા જ આપે છે. એ આશીર્વાદ ગમે ત્યાંથી નથી મળતા. આપણા બધાના પરમ ભાગ્ય છે કે મહારાજ એવા મહા અનાદિમુક્ત બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, પર્વતભાઈ આદિ મહામુક્તને પોતાની સાથે લાવ્યા. તેમના દ્વારા શ્રીજીમહારાજે પોતાની મૂર્તિના સુખમાં અનેકને જોડી દીધા.

મહારાજ એવા દયાળુ હતા અને એમના સંત ઉપર એવા રાજી હતા એનું એક દૃષ્ટાંત. સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી પોતાના નાનકડા સંત મંડળ સહિત ફરતા-ફરતા એક કોષ હતો ત્યાં આવ્યા. ત્યાં કોઈ એક મુમુક્ષુ મનુષ્ય કોષ હાંકતા હતા. મુમુક્ષુ ખરાને, એટલે સ્વામીશ્રીને જોઈને કામ પડ્યું મૂકી એમણે સ્વામીશ્રીનું આતિથ્ય કર્યું. આતિથ્યમાં તો બધું આવી જાયને. સ્વામીશ્રીને બેસાડયા ને ખૂબ સુંદર આતિથ્ય કર્યું. એટલે સ્વામી રાજી થઈ ગયા. તો સ્વામીશ્રીના મુખારવિંદમાંથી તેજ છૂટ્યું. એ તેજમાં પેલા મુમુક્ષુ અંજાઈ ગયા અને એ એમ બોલી ઉઠ્યા કે, “ઓ હો હો! ભગવાન તમે મારે ઘરે આવ્યા!!” એટલીવારમાં એ તેજ સ્વામીમાં પાછું વિલીન થઈ ગયું. પછી સ્વામીશ્રી કહે, “કે હું ભગવાનને લઈને તમારી પાસે આવ્યો છું ખરો, પણ હું તો ભગવાનનો દાસ છું. ભગવાન નથી.” કેટલીકવાર મુક્તમાં રહેલા પ્રત્યક્ષ મહારાજના જ્યારે ભક્તને દર્શન થાય ત્યારે એમની સાથે વૃત્તિ જોડાઈ જાય છે તો ભક્તે એમ કહ્યું, “કે તમે જ મારા ભગવાન છો.” થોડીવાર રહીને સ્વામીએ એને મહારાજની મૂર્તિ આપી કે આ સ્વરૂપનું ધ્યાન કરી અને

માળા ફેરવજો. પછી એ કહે, "સ્વામી, મારે આ મૂર્તિ નથી જોઈતી. મને તો તમારી મૂર્તિ આપો." એમ કહીને ગોપાળાનંદ-ગોપાળાનંદ એમ માળા ફેરવવા મંડ્યો. પછી સ્વામી  કહે, "આ તો ઉન્મત્ત થઈ ગયા. મારું ભજન કરે છે. ખોટું કર્યું." એટલે સ્વામીએ ફરી કહ્યું, "આ મૂર્તિનું ભજન કરજો સ્વામિનારાયણ- સ્વામિનારાયણ" ત્યારે કહે, "એવું મોટું નામ મને ન આવડે. હું તો ગોપાળાનંદ-ગોપાળાનંદ કરીશ." પછી સ્વામી કહે, "સારું, આ ભજન કરજે. પછી તું ગઢડા આવજે." આ ગઢડા નજીકનું ગામ હતું. સ્વામી કહે, "તું આવીશ ત્યારે તને ભગવાનના દર્શન કરાવીશ."

પેલાએ તો મહારાજને જોયેલા નહિ. સ્વામીનું ભજન કરે. તેની વૃત્તિ ખેંચાઈ ગયેલી. એ તો સામાન્ય મુમુક્ષુ હતો, પણ જ્યારે ભગવાનના સંતમાંથી તેજ જોઈ એની વૃત્તિ સ્વામીમાં ખેંચાઈ ગઈ. જેમ ભગવાન તેજોમય છે, તેમ તેમના સંત પણ એવા તેજોમય છે. થોડા વખત પછી તેને એમ થયું કે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું છે તો લાવ ગઢડા દર્શન કરી આવું. પછી ગઢડા આવ્યા. દર્શન કર્યા. મહારાજ ઢોલિયા ઊપર બિરાજમાન હતા. બાજુમાં સંતો બેઠા હતા. ગોપાળાનંદ સ્વામી પણ બિરાજમાન હતા. દર્શન કરતા આ તો પાગલ થઈ ગયા. કહે છે ને કે ભગવાન અને ભગવાનના સંતોને જોઈને કોઈવાર પાગલપણું પણ આવી જાય. તો સભામાં આવીને બોલ્યા ગોપાળાનંદ - ગોપાળાનંદ - ગોપાળાનંદ બધા મહારાજને પૂછે આ કોણ છે? આ કોણ આવે છે? મહારાજ કહે,

“અમારા ગોપાળાનંદ સ્વામી ફરતા-ફરતા પેલા કૂવા પાસે આવ્યા તો આમણે સ્વામીનું આતિથ્ય કર્યું. એમણે અમને તો જોયા નથી. અને એને અતિ ભાવ થઈ ગયો. તેથી અમે રાજી થઈ ગયા. તો અમે ગોપાળાનંદ સ્વામીના મુખારવિંદમાંથી તેજ છોડ્યું. એ એના ઉપર પડ્યું. એટલે એની વૃત્તિ ગોપાળાનંદ સ્વામીમય થઈ ગઈ. એટલે એવું કરે છે.”

પછી ગોપાળાનંદ સ્વામી ઉઠીને મહારાજને કહે, “હવે એના ઉપર દયા કરો. મારું તે કંઈ ભજન કરાતું હશે? તમારું ભજન કરે તેવી પ્રાર્થના.” પછી મહારાજે કહ્યું, “તમારા ગુરુનું વચન સાંભળ્યું?” તો કહે, “હા, મેં સાંભળ્યું, પરંતુ તમે તો ગોપાળાનંદ સ્વામીના ભગવાન છો પણ મારા ભગવાન તો ગોપાળાનંદ છે. તો હું તો એનું જ ભજન કરું ને? એ તમારું ભજન કરે અને હું એમનું ભજન કરું.” પછી ગોપાળાનંદ સ્વામી ઊભા થઈને કહે, “અરે, હું તો એમના ચરણનો દાસ છું.” તો કહે, “તમે એમના દાસ હો કે ગમે તે હો તમારા એ ભગવાન છે, પણ હું તો તમારું ભજન કરીશ. મારું જે થવાનું હોય તે થાય.” પછી મહારાજ કહે, “ગોપાળાનંદ સ્વામી, તમે દુ:ખી ન થઈ જશો. એ ભલે તમારું ભજન કરે. અંતે હું એને મારા સુખમાં લઈ જઈશ.” સ્વામી કહે, “મહારાજ! આ શું બોલ્યા? એ મારું ભજન કરશે તો બીજા બધા પણ મારું ભજન કરવા માંડશે. એ તો કેમ ચાલે?” પછી મહારાજ કહે. “આના સિવાય બીજો કોઈ તમારું ભજન નહિ કરે. તમે ચિંતા કરશો નહિ.” ત્યારે બધા હરિભક્તો

કહે, "તો-તો સારું મહારાજ." આમનો તો હવે ઉપાય જ નથી. એ તો હું જ્યારે અંતકાળે તેડવા જઈશને ત્યારે મારામય થઈ જશે. મહારાજના આમ કહ્યા પછી સ્વામી બેઠા.

બધા મહારાજ-મહારાજ કરે એટલે હરિભક્તને ખબર પડી ગઈ કે આ મહારાજ છે. એટલે કહે, "હા મહારાજ, હું તો એમનું જ ભજન કરીશ. તમે પછી લેવા આવજો." મહારાજ કહે, "સારું, બેસો ભક્તરાજ ભજન કરજો." એ ભક્તને અંતકાળે મહારાજ ગોપાળાનંદ સ્વામીને લઈને આવ્યા અને પોતાના મુક્તને ઓળખાવી દીધા અને પોતાના સુખમાં લીન કરી દીધા. આ દૃષ્ટાંત ભગવત્સ્વરૂપદાસજી સ્વામીએ મારી રૂબરૂમાં એક દરબારને આપેલું ત્યારે વાત થયેલી. ત્યારે મેં એમને પૂછ્યું, "સ્વામી, આમણે ગોપાળાનંદ સ્વામીનું ભજન કર્યું ત્યારે બીજા કોઈ ગોપાળાનંદ સ્વામીનું ભજન કરે તો કેમ થાય?" તો સ્વામીએ એમ કહ્યું કે, "નારાયણભાઈ, એવા તો કોઈ અપવાદ હોય. એને ભગવાનને વિશે એવું પાગલપણું થઈ જાય. પાગલ થાય તો જ પ્રેમભક્તિ થાયને! મહારાજ કહે, પાગલ નથી થવાતું એટલી ખોટ છે."

ભગવત્સ્વરૂપદાસજી સ્વામીએ એમ કહ્યું, "કે કદાચ ગોપાળાનંદ સ્વામીને એના જેવો જ અપવાદરૂપ કોઈ મળે અને એવું થઈ જાય. એના સિવાય કંઈ ભાસે જ નહિ તો વાત જુદી. તો એનું અકલ્યાણ ન થાય, પરંતુ પોતે જાણતો હોય કે ભગવાન સ્વામિનારાયણ સર્વોપરી

ભગવાન છે અને એમના સંતો એમના દિવ્ય તેજોમય સેવકો છે એ સમજાયા પછી ભગવાન સ્વામિનારાયણની મૂર્તિના ચિંતવન સિવાય કંઈ રહેવું જોઈએ નહિ. બધા જ મુક્તો મહારાજની મૂર્તિમાં લીન થઈ જાય છે. અને છેવટે એક શ્રીજીમહારાજ રહે છે.” બાપાશ્રી એમ કહે છે કે મહારાજ જેવું હેત મુક્તને વિશે પણ ન કરવું. બીજું કહેવાનું એ છે કે અનાદિમુક્તનું પણ ધ્યાન ન કરવું. એમ પોતે રહસ્યાર્થમાં કહ્યું છે. અનાદિમુક્ત પણ સેવક છે. સેવકનું ધ્યાન ન થાય. સ્વામીનું થાય. પરંતુ દિવ્ય સભાએ સહિત ધ્યાન કરવાની વાત છે એ એટલા માટે છે કે દિવ્ય સભાની સ્મૃતિ કરવાથી વિક્ષેપો દૂર થઈ જાય છે. ભગવાનની ઇચ્છાથી આવરણો દૂર થઈ જાય છે. થોડીવાર ભગવાનના મુક્તોની સ્મૃતિ કરી, દિવ્ય સભાની સ્મૃતિ કરી અને પછી બધું વિસારી જઈને એક મૂર્તિ ઉપર લક્ષ કરવું.

બે-ત્રણ મિનિટ સભાની સ્મૃતિ કરવાની હોય પછી સ્મૃતિ કરવાની સાથે ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, પર્વતભાઈ જેવા મહા અનાદિમુક્તની સ્મૃતિ કરવાથી કેટલાક વિક્ષેપો હોય એ દૂર થઈ જતા હોય છે. એટલે મહારાજની મૂર્તિમાં વૃત્તિ જોડાઈ જાય છે. ત્યાર પછી સારી યે દિવ્ય સભા મહારાજના સ્વરૂપમાં લીન થઈ જાય છે. અને એક મૂર્તિ જ રહે છે. એમ બાપાશ્રી કહે છે. મુક્તો દેખાતા નથી. એક મહારાજની મૂર્તિ જ રહે છે. ત્યારે એવી રીતે ભગવાનમાં વૃત્તિ જોડી દેવી. જેમ અર્જુનને પેલા પક્ષીની

આંખ વિંધવાની હતી તો એની આજુ-બાજુનું કાંઈ દેખાતું નહોતું. એમ સ્વામિનારાયણ ભગવાનની દિવ્ય મૂર્તિમાં પણ એવી એકાગ્રતા કરવી.

બાપાશ્રી એમ કહે છે કે સળંગ મૂર્તિ ન દેખાય, મુખારવિંદ દેખાય તો હાથ ન દેખાય, હસ્ત દેખાય તો મુખારવિંદ ન દેખાય. ત્યાં સુધી સાધન દશા છે. નખશિખાંત મહારાજની મૂર્તિ દેખાવી જોઈએ. એવું ધ્યાન કરવું કે સળંગ મૂર્તિ દેખાય. તો ધ્યાન કરવા માટે પહેલા તો ભલે પ્રતિલોમ ધ્યાન એકદમ ન થાય, તો સન્મુખ મહારાજની મૂર્તિના ચરણારવિંદને પહેલા નીરખવાં જોઈએ. એ કેવા છે એ ઝીણવટથી જોવું એના ઉપર ચિત્તને એકાગ્ર કરવું. અને એ ચરણાવિંદમાં મન એકાગ્ર કરવું કે આંગળીઓ કેવી છે? એમ દરેક આંગળીઓને ધ્યાનપૂર્વક જોવી જોઈએ. ઉપર-ઉપરથી નહિ. એવી રીતે ચરણારવિંદનો ભાગ એકદમ તાદૃશ્ય બનાવી દેવો કે આ આંખો મીંચતા એ ચરણારવિંદ જેવા છે તેવા દેખાય. જેવા ઉઘાડી આંખે દેખાય એવા જ ચૈતન્યમાં એ ચરણારવિંદ દેખાય.

પછી થોડા આગળ જવાનું. દરેક ભાગ જેટલો પહોળો, લાંબો કેવો છે એ બરાબર નીરખવાનું. ત્યાં સુધી સન્મુખ ધારવાનું. એમ થાય કે એટલી મૂર્તિ બરાબર દેખાય છે. જ્યારે સામે જુએ ત્યારે ખબર પડે કે આ મહારાજ એકદમ આવીને ઊભા રહે. એમ કરતાં-કરતાં મૂર્તિના એકે એક અંગનું ચિંતવન ને એનું ધ્યાન એકાગ્રતાપૂર્વક કરવાનું. હસ્ત કેવો છે? આંગળીઓ કેવી છે? મહારાજના એકે એક અંગ ઉપર સમય લેવાનો. એકે

એક અંગ દૃઢ થઈ જવું જોઈએ. એમ કરતાં-કરતાં મસ્તક સુધી જવાનું. અને ધ્યાનમાં મહારાજના નેણ કેવા છે? નાસિકા કેવી છે? આમ જોઈએ તો નાસિકા બરાબર દેખાય. કાન ઊપર એકાગ્રતા કરવી કે ભગવાનના કર્ણ કેવા છે. એ મય થવાનું. ભગવાનનું ભાલ, ભ્રમર, ગાલ, હોઠ, દાઢી બધો ભાગ બરાબર નીરખવાનો ઉપર-ઉપરથી નીરખીને ધ્યાન નહિ કરવાનું. પછી મસ્તકથી નીચે ઊતરતા જવાનું ધીમે-ધીમે તે ઠેઠ ચરણારવિંદ સુધી. પછી પાછા નીરખતાં નીરખતાં ચરણારવિંદથી મસ્તક સુધી જવાનું. એમ ધ્યાનની ઉપાસના કરતાં-કરતાં ભગવાનની કૃપાથી એ મૂર્તિ સળંગ દેખાશે. ભક્તે શું કામ ધીરજ ખોવી? જેમ આપણને આ લાભુભાઈનું મુખારવિંદ ને બધું દેખાય છે એવી રીતે મહારાજની એ મૂર્તિ દૃઢ કરવી. ધ્યાન કરતાં કરતાં કહ્યા પ્રમાણે મૂર્તિ સામું જોઈ રહેવું. ખૂબ નીરખવું. નીરખતાં-નીરખતાં એવું થઈ જશે કે કામ કરતાં-કરતાં ય ચારે કોર મૂર્તિ દેખાશે. આમ જુઓ તો ય દેખાય અને આ બાજુ જુઓ તો પણ દેખાય. સામે તર્યા જ કરે.

એક જણ કહે, મેં એક બાવા સામે બે કલાક જોયું તો મારી આંખ સામે તર્યા જ કરે છે, તો હવે કાઢવો કેવી રીતે? ત્યારે સોમચંદભાઈએ એને કહ્યું, “તારે એના સામું નીરખીને જોવાની શું જરૂર હતી? પછી એ બાવો અંતરમાં પેસી જ જાયને?” પછી એને ભેટ્યા ત્યારે એને શાંતિ થઈ. એમ શ્રીજીમહારાજની મૂર્તિ જેમ છે તેમ ચારે કોર એક મૂર્તિ જ દેખાય એ તો પરમ કૃપા છે. આ રીતે મૂર્તિને દૃઢ કરવી. ભૂલી ન જવાય. ભૂલે તો ય ન ભૂલાય

એવી દૃઢ કર્યા પછી એ જ મૂર્તિ રહે. પછી આપણો આકાર ભૂલવાની શરૂઆત કરવી. હું છું જ ક્યાં? દેહ તો પડી ગયો. મહારાજે જ્યારથી મૂર્તિમાં રાખ્યો, ત્યારથી દેહ પડી ગયો કે નહિ? પડી જાય ત્યારે જ દેહ પડ્યો કહેવાય એવું કોણે કહ્યું? દેહ ક્યારે પડ્યો કહેવાય? કે જ્યારે દેહ રહિત, દેહભાવ જતો રહે ત્યારે. મૂર્તિમાં રાખ્યા છે, આશીર્વાદમાં બેઠા છીએ, એવું તદાકાર થઈ જાય તો વાત પતી જાય. એમ દેહને ભૂલીને મૂર્તિરૂપ થઈ મૂર્તિ જોવી. જેમ દેહમાં જીવ છે તો અત્યારે આપણે કહીએ છીએ કે આપણો ચૈતન્ય અહીં છે ને દેહ ત્યાં છે? એવું તો નથીને? અંદર રહીને ચૈતન્ય દેહ મારફત બધી ક્રિયા કરે છે. તો આ દેહભાવ ભૂલીને શ્રીજીમહારાજની મૂર્તિમાં નખશિખાંત આપણો ચૈતન્ય ભગવાનની કૃપાથી ભાગવતીતનુ દેહ ધારણ કરીને અંદર સુખ ભોગવે છે પણ નખશિખાંત રહ્યો છે.

પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ વચનામૃતમાં કહે છે કે, એવો ભક્ત એવો ઓત-પ્રોત થઈ જાય છે કે અમારા હાથમાં હાથ, પગમાં પગ, મસ્તકે-મસ્તક, આવી રીતે પુરુષોત્તમરૂપ થઈ તે મારું ધ્યાન કરે, ત્યારે મારો સાક્ષાત્કાર થાય. આવી રીતે દેહભાવ ભૂલી જાય પછી મહારાજ બેઠા છે એમ લાગે. કારણ કે મૂર્તિ તો પાકી થઈ ગઈ. મૂર્તિનું સ્વરૂપ તો બરોબર દૃઢ થઈ ગયું. પછી આમ કરીને બેસે તો મહારાજ આમ કરીને બેઠા લાગે. કારણ કે આંગળીઓ પાકી થઈ ગઈને. હવે આપણી આંગળીઓ ક્યાં દેખાય જ. સ્વરૂપને દૃઢ કરી

લીધા પછી આ કંઈ દેખાતું નથી. પછી મહારાજ બેઠા છે, મહારાજ બધી જ ક્રિયા કરે છે. અને પોતે અંદર રહીને મૂર્તિનું દર્શન કરે છે. આ પ્રતિલોમ ધ્યાન. પહેલા મૂર્તિ દૃઢ કર્યા પછી પ્રતિલોમ ધ્યાન કર્યા વગર છૂટકો નહિ. સન્મુખ ને સન્મુખ દર્શન કરે તો અનાદિમુક્તની સ્થિતિની પ્રાપ્તિ ન થાય. પરમએકાંતિક મુક્તની સ્થિતિ થાય. અનાદિમુક્તની સ્થિતિને પામેલા પર્વતભાઈ જેવા જે સુખ ભોગવે છે. એની સામે પરમ એકાંતિકનું સુખ કાંઈ ગણતરીમાં નથી. એમ પ્રેમાનંદ સ્વામી કહે છે. ત્યારે એ અનાદિમુક્તનું સુખ એવું છે. પ્રતિલોમ ધ્યાનમાં એક જ મહારાજ અને પોતે સેવક. એ કોઈ દિવસ ભગવાન નથી થઈ જતા. ભગવાન થઈ જાય ખરા? ભગવાનના સેવક કોઈ દિવસ ભગવાન નથી થઈ જતા. કોઈ ધારે તો પણ ન થાય. એ તો ખોટા ભગવાનો થાય. જેને ખોટા ભગવાન થવું છે તેનો આ દુનિયામાં ક્યાં તોટો છે. મહારાષ્ટ્રમાં ત્રણસો જણા એમ કહેવડાવે છે કે હું શ્રીકૃષ્ણ છું. ત્રણસો શ્રીકૃષ્ણ! પેલા કિશોરલાલ મશરુવાળા સાથે કેદારનાથજી હતા એમણે કહ્યું કે, ભગવાન થવાના આવા ગાંડપણ લોકોને થાય છે.

ભગવાનના સાચા અનાદિમુક્ત નખશિખાંત ભગવાન સાથે ઓત પ્રોત થઈને મૂર્તિનું સુખ સુખભોક્તા થઈને ભોગવે છે. ભગવાન સુખદાતા. અનાદિમુક્તનું સ્વરૂપ અને પરમએકાંતિક મુક્તનું સ્વરૂપ મહારાજ જેવું જ છે, પણ બંનેના સુખમાં ફેર. અનાદિમુક્ત ખૂબ સુખ ભોગવે. તેમના સુખ આગળ પરમએકાંતિક મુક્તનું સુખ ઘણું જ

ઓછું, છતાં પરમએકાંતિક મુક્તને એમ થાય છે કે આથી અધિક સુખ છે જ નહિ. માટે આગળ નથી જતા. પછી એ સુખમાં મસ્ત રહે છે. એ સુખ જેવું- તેવું નથી. કમ્પેરિઝન, સરખામણી કરતાં અનાદિમુક્તની સ્થિતિમાં જે સુખ છે એની પાસે પરમ એકાંતિકનું સુખ ગણતરીમાં નથી. પરમએકાંતિક મુક્તને જ્યારે એમ લાગે કે આથી અધિક કોઈ સુખ છે જ નહિ. તો અનાદિમુક્તના સુખમાં પહોંચે કેવી રીતે?

એ પરમ એકાંતિક મુક્તને અનાદિ થવા મહારાજ પૃથ્વી પર મોકલે છે પરંતુ તેઓ જબરજસ્ત પ્રભાવશાળી હોય હોં! ભાગવતીતનુ ધારેલ મુક્ત મૂર્તિના સુખભોક્તા થયા હોય એ કાંઈ જેવા-તેવા હોય? પૃથ્વી ઉપર જ્યારે પ્રગટ થાય, ત્યારે તેમનો મહાપ્રભાવ હોય. તેમની સાથે મહારાજ અનાદિમુક્તને પણ મોકલે છે. અનાદિમુક્તનો સમાગમ કરીને પોતે જે સુખમાં છે તે સુખથી અધિક સુખ પણ છે તેમ સમજી એ સુખમાં પહોંચી જાય છે. વાર નથી લાગતી. જ્યારે એ સમજાય કે આથી અધિક કંઈક છે તો જ એ મેળવવા માટે વૃત્તિ થાયને? તો જ ચૈતન્યની એ બાજુ ગતિ થાયને? નહિતર ગતિ કેવી રીતે થાય? માટે પરમએકાંતિક મુક્તનું પ્રગટપણું થાય છે. પ્રાગટ્ય થાય છે. ત્યારે અનાદિમુક્ત દ્વારા મહારાજની મૂર્તિની અનાદિમુક્તની સ્થિતિ સમજી એ સુખમાં લીન થાય ત્યારે એમ થાય. આ... હા... હા...! ત્યારે ખબર પડી જાય. ભગવાન થોડીવાર જાણપણું પણ કરાવે પછી બંધ. પછી સુખનું જ જાણપણું રહે.

આપણે સન્મુખ દૃઢ થયા પછી પ્રતિલોમ કરી નાખવાનું. પ્રતિલોમ ધ્યાન એ જ એવું ધ્યાન છે કે જેમાં મૂર્તિ ભૂલાય જ નહિ. બધું જ મહારાજ કરે. કામ-કાજ બધું કરતા દેખાય. અંદર રહીને દેખે. આ આંખની ક્યાં જરૂર છે? આ તો સાવ ખોટી આંખ છે. ધ્યાને કરીને જેને આ આંખ જતી રહી તેને દિવ્યચક્ષુ ખૂલે. ત્યાં સુધી ન ખૂલે. આ આંખે ય ભમરાળી જાત-જાતનું જુએ ને અંતરમાં ઘાલે. એ કેદી ભેળું થાય? ત્યારે મહારાજ કહે છે કે આ આખું ભૂલો. નખથી મસ્તક સુધીનો બધો આકાર ફેંકી દો એકવાર. બધું જ જ્ઞાન ભૂલી જાઓ. જો મારી મૂર્તિનું સુખ જોઈતું હોય તો બધું ભૂલી જાઓ. જે શાસ્ત્રો વાંચીને ભેળું કર્યું હોય એ બધું ભૂલી જાઓ. જો એ નહિ ભૂલો તો મારી મૂર્તિના સુખમાં તમે કેવી રીતે આવી શકો? એક કોરે (મનમાં સંઘર્યું હોય એનું) એનું મનન અને એક કોરથી મૂર્તિનું મનન કરે તો થાય? બધી કથા-વાર્તા બધું કરવું જોઈએ. બધું જરૂરી છે. શા માટે જરૂરી? એ મહાપ્રભુજીને પામવા માટે, પાત્ર થવા માટે. એ સુખમાં પહોંચ્યા પછી કથા-વાર્તા, પૂજા-પાઠ કશું જ રહેતું નથી, છતાં પણ ભગવાન સમાસને અર્થે એ કરે છે કે જેથી બીજાને સ્થિતિ કરાવી શકે.

આ સ્થિતિમાં પહોંચવા માટે આ બધું જરૂરી છે. કથા-વાર્તા બધા સાધનો છે. કાંટો કાઢવા માટે સોય લઈએ છીએ. કાંટો નીકળી ગયા પછી સોયને ચોવીસ કલાક ખિસ્સામાં પાસેને પાસે કાંઈ રાખીએ છીએ? એને ય મૂકી દઈએ છીએ. એમ કથા-વાર્તા, બીજા શાસ્ત્રોનું

વાચન કર્યું હોય કંઈક માથાકૂટ કરી હોય એ બધું ભૂલવું પડેને. પંડિતો કેટલું બધું મગજમાં ઘાલે છે. એ ભૂલવા ધારે તો પણ ન ભૂલી શકે. પછી એ જ્ઞાન એને એવું પજવે કે પછી ભગવાનને કહે, મને અજ્ઞાની બનાવી દે. એમ કહે છે કે અજ્ઞાનના બે પ્રકાર. જે જ્ઞાન ખોટું ભર્યું હોય તેને ભૂલવું એ અજ્ઞાન. એવું અજ્ઞાન જોઈએ. બધું ભૂલે તો મૂર્તિનું સુખ આવે. બાકી થોથા કંઈ કામ ન આવે. ત્યાં પહોંચ્યા પછી એની કાંઈ જરૂર નથી. પણ મહારાજ કહે છે કે કથા-વાર્તા કર્યા વગર અમને તૃપ્તિ થતી નથી. એનો અર્થ સમજવા જેવો છે. કથા સાંભળવામાં અમને તૃપ્તિ થતી નથી. વાત બરાબર છે. કથામાં શું આવે છે? મહારાજની મૂર્તિના ચરિત્રો આવે. મહારાજ અહીં બેઠા છે. તો કથા મનન તો મહારાજનું જ કરાવે છે કે નહિ? એટલે તૃપ્તિ નથી થતી. મહારાજ જ્યારે પોતાની કૃપા વરસાવીને પોતાનામય બનાવી દે, ત્યાર પછી કથા-વાર્તા એ સાધનની જરૂર રહેવા દેતા નથી. ભગવાન કહે છે, કે સાધન પૂરા થઈ ગયા. હવે તું મોકળો, બોલો. પછી તો સુખ જ ભોગવવાનું. કોઈ મહેનત કે કાંઈ ન રહેવા દીધું?

મહારાજ કહે છે, જ્યાં સુધી અમને ન પમાય, ત્યાં સુધી સાધન કરવા જ પડે. પ્રસન્નતારૂપ સાધન કરવા પડે. ન કરે તો ઉપાસના કેવી રીતે થાય? કથા ન કરે તો મનન કેવી રીતે થાય? જગતના ઘાટ થવા માંડે. માટે મહારાજે બધાને કથામાં રસતરબોળ રહેવા માટે પોતાનું નિમિત્ત કર્યું, કે અમને કથા સાંભળવામાં તૃપ્તિ થતી નથી.

આપણને પણ ન થવી જોઈએ. પછી પોતાને એમ લાગે છે કે કાંટો બરાબર નીકળી ગયો તો કથા-વાર્તા-પૂજા-પાઠ એ પ્રસન્નતાના સાધન એ બધા સોયને ઠેકાણે છે એ સોયથી કાંટો કાઢી નાખ્યો અને સુખિયા કર્યા પછી એ જ આપણને છોડી જાય છે. બધા સાધન આપણી રજા લે છે. એ સેવકરૂપ બને છે. સાધન બધા સેવક છે. આપણને પહોંચાડીને પછી આપણી રજા લે છે કે હે મહારાજ, હવે તમારી રજા લઈએ છીએ. હવે તમે મોટા થયા. હવે મહારાજની મૂર્તિમાં કિલ્લોલ કરો.

આ ધ્યાનની લટક બાપાશ્રીએ શીખવી છે. મહારાજે પણ શીખવી હતી, પણ એ વખતે આવું જ્ઞાન પચાવી શકે એવા થોડા હતા. એ વખતે પાત્રતાના અભાવે ભગવાનને સર્વોપરી સમજવામાં આનાકાની કરતા હતા. એકવાર તો મહારાજે મૂંઝવણ દેખાડી. પુરુષોત્તમનારાયણને તો શું મૂંઝવણ હોય? શું દેખાડે છે ખબર છે? કેટલાક સંતો જુદા- જુદા ધામમાંથી આવ્યા હોય એણે ભગવાનને વિશે જે ભાવ કર્યો હોય એ રૂપે દેખે. એથી આગળ ન વધે. ગોપાળાનંદ સ્વામી જેવાને ખૂણિયું જ્ઞાન કહેતા હતાને! મહાન સંતો જેમ છે એમ સમજાવે એટલે આડા ચાલે. પ્રતિબંધ કરાવે કે એવું નહિ બોલવાનું. મહારાજે એકવાર મૂંઝાઈને શું દેખાડ્યું? એક મરણ ખાટલી તૈયાર કરાવી. એ જૂનાગઢમાં પડી છે. મહારાજે મરણ ખાટલી રાખી. પછી જે - જે સંતો આડા આવતા હતા, મહારાજનું સર્વોપરીપણું જેમને નહોતું સમજાતું તો મહારાજ કહે આને હવે પરાણે મારા સુખમાં મૂકું ત્યારે પાર આવશે.

ત્યાં સુધી પાર નહિ આવે. મહારાજ કહે, “આ ખાટલી તૈયાર કરી છે એ ખાટલીમાં સૂવે એ ભગવાનના ધામમાં જાય.” પછી પેલા સંતો કહે, “મહારાજ, એવું થોડું હોય? આજે સાજો-સારો હોય ને ધામમાં કેવી રીતે જાય? તમે ય શું સાવ ગાંડા જેવી વાત કરો છો?” મહારાજ કહે, “કરો અખતરો ત્યારે. સૂઈ જુઓ. પોઢાડો.” પુરુષોત્તમનું સ્વરૂપ સમજવામાં જે આડા આવતા હતા એ સંતો માટે આ પ્રકરણ હતું. સંતો કહે, “મહારાજ, પોતે કહે છે તો ચાલો જોઈએ કે શું કરે છે?”

એક જણ કહે, “મહારાજ, હું સુઉં છું” મહારાજ કહે, “બિરાજો.” એટલે પોઢ્યા. પોઢ્યા એવા જ ધામમાં તો પેલો કહે આ તો ધામમાં ચાલ્યો ગયો! આમ-તેમ જુએ. મહારાજ કહે, “એ તો ગયા ધામમાં. અમારા સુખમાં આવી ગયા. હવે શું જો-જો કરો છો?” પછી એક જણ કહે, “મહારાજ! એને તો એવો રોગ હતો.” મહારાજ કહે, “તમે અખતરો કરી જુઓ.” તો એને પણ ધામમાં મોકલી દીધા. એમનો અગ્નિસંસ્કાર કરીને આવ્યા ત્યાં વળી બીજાને વિચાર આવ્યો કે મહારાજ મને ધામમાં મોકલો તો ખરા. સજાગ થઈને કીધું હોં! કે કેવો ધામમાં મોકલો છો જોઉં તો ખરો? મહારાજે એક મિનિટમાં મેલી દીધા. એય નીકળી ગયા ધામમાં. એમ એક પછી એક એકસઠ જણા હતા તે બધા ધામમાં ગયા. તેઓ દેહાભિમાન, અહંકાર છોડે નહિ, મમત્ત્વ છોડે નહિ એટલે એમ કરતાં - કરતાં એક જ વળીએ મહારાજે એકસઠ જેટલા સંતોને પોતાના ધામમાં મૂકી દીધા. બીજા ધામમાંથી આવેલાને પોતાના સુખમાં મૂકી દીધા.

કારણ કે પુરુષોત્તમનારાયણ ખાટલી તૈયાર કરે પછી ક્યાં મૂકે? હવે કોઈ પુરુષોત્તમના સ્વરૂપની ઉપાસના ને જ્ઞાનમાં આડું આવે એવું રહ્યું નહિ. મહારાજને એવી મૂંઝવણ થઈ ગઈ એટલે આવું ચરિત્ર કર્યું. ત્યારે આપણા માટે ભગવાનને એવું ચરિત્ર કરવું ન પડે એવું કરવાનું.

## સારાંશ

ભગવાન તેમના અનાદિમુક્ત દ્વારા આશીર્વાદ આપે છે. આપણે સદાય એ આશીર્વાદમાં બેઠા છીએ એવું અનુસંધાન રાખવું. અનાદિમુક્ત દ્વારા ભગવાન પોતાની સામર્થી જણાવે છે. અનાદિમુક્તને સંભારવાથી વિક્ષેપો હટી જાય છે. માટે ધ્યાન કરતા પહેલાં બે-ત્રણ મિનિટ તેમને સંભારવા ભગવાન સિવાય બીજા કોઈનું ધ્યાન ન થાય; તેમના અનાદિમુક્તનું પણ નહિ.

સમગ્ર મૂર્તિ ન દેખાય ત્યાં સુધી સાધન દશા છે. ધ્યાનમાં પ્રથમ સન્મુખ ધ્યાન કરવું. તેની દૃઢતા થયા પછી દેહ ભૂલીને મૂર્તિરૂપ થઈ મૂર્તિને જોવી એમ ઓત-પ્રોત થઈ જવાય ત્યારે ભગવાનનો સાક્ષાત્કાર થાય. અનાદિમુક્તની સ્થિતિ પ્રાપ્ત કરવા પ્રતિલોમ ધ્યાન આવશ્યક છે. સન્મુખ ધ્યાન કરવાથી પરમ એકાંતિકની સ્થિતિ પ્રાપ્ત થાય છે. અનાદિમુક્તના સુખ આગળ પરમ એકાંતિકનું સુખ કાંઈ ગણતરીમાં નથી. સ્થિતિ પ્રાપ્ત કરવા કથા-વાર્તા-ભજન જેવા સાધનો કરવા પડે. અને સ્થિતિ થતાં સાધનોનો ત્યાગ કરવો.

# ૨

શ્રીજીમહારાજ, બાપાશ્રી, સદગુરુઓ તથા આ દિવ્ય સત્સંગ સભાને દંડવત્ પ્રણામ સહ વંદન કરું છું. આજનો દિવસ શ્રીજીમહારાજનો પ્રાગટ્યદિન. એના જેવો તો કોઈ દિન બ્રહ્માંડમાં થયો નથી અને થશે પણ નહિ.

આ દિવ્યધામ સરસપુર એ પરમ કૃપાળુ બાપાશ્રી અને મહાન સદ્ગુરુઓના વિચરણથી નૈમિષારણ્ય ક્ષેત્ર બની ગયું છે. એ તીર્થ બની ગયું છે. તારે તે તીર્થ. તારવું એટલે કે ભવસાગર પાર, મૂળ અક્ષર કોટીથી પાર શ્રીજીમહારાજના દિવ્ય સુખને પમાડે એ તીર્થ. સ્થાવર તીર્થ મુમુક્ષુઓને પાવન કરે, ઇંદ્રિયો અંત:કરણને શુદ્ધ કરે. અને સ્થાવર તીર્થની અંદર રહેલા ભગવાનના અનાદિમુક્તરૂપ સત્પુરુષો એ ભગવાનના ભક્તને કૃપાદૃષ્ટિ કરીને સમજણ આપીને મહારાજની મૂર્તિના સુખમાં જોડી દે છે. અને તારવાનું કામ એ રીતે તે તીર્થમાં પૂર્ણ થાય છે. ભગવાનના જંગમ તીર્થના જોગ જેવો બીજો કોઈ જોગ નથી. તેઓ તો ચૈતન્યમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરી નાંખે છે. ચિત્ર પ્રતિમામાં જેમ ભગવાન પોતે બિરાજિત થઈ જાય છે, એવી રીતે ભગવાન પોતાના જોગથી, પોતાના આશીર્વાદથી, પોતાના રાજીપાથી એ મુમુક્ષુના ચૈતન્યને વિશે બિરાજમાન થાય છે.

મહારાજે કહ્યું કે આ દિવ્ય સભામાં એ અનુભવ થાય છે કે મૂર્તિ આકારે વર્તાય છે. ગોપાળાનંદ સ્વામી

પૂર્ણ હતા. મહારાજે પૂર્ણ ગોપાળાનંદ સ્વામીને અપૂર્ણ કહીને બીજાને શિખવવાને માટે એવો ઉપદેશ કર્યો કે સ્વામીને કહે, “સ્વામી, આકારે રહિત વર્તો.” એનો અર્થ એવો થયો કે આ (દેહના) આકારે રહિત વર્તવું. મૂર્તિ આકારે વર્તો. દેહ આકારે નહિ વર્તો. ગોપાળાનંદ સ્વામીની પૂર્ણ સ્થિતિ હતી. પૂર્ણને અપૂર્ણ કહી શા માટે એવો ઉપદેશ કર્યો? આપણને શિખવવાને માટે કે આપણે આ દેહ આકારે મટી જઈને મૂર્તિ આકારે બની જઈએ. મૂર્તિમાં રહીને કાર્ય કરવું એ મૂર્તિ આકારે સ્થિતિ થવાનું સુલભ સાધન છે. શ્રીજીમહારાજે પોતે કૃપાસાધ્ય બનીને એમ કહ્યું કે અમારી કૃપાથી આ કઠીનમાં કઠીન સાધન સુલભ બની જાય છે. મૂર્તિમાં રહીને મૂર્તિ જોવી. મૂર્તિમાં રહીને મહારાજને કર્તા-હર્તા દેખવા. મૂર્તિમાં એ બધું સુલભ થાય છે. સન્મુખ ભાવમાં ભગવાનને બધી ક્રિયા કરતા જોઈએ, તેમાં દેહભાવ છૂટતો નથી. મૂર્તિમાં રહીને કામ કરવા માટે ફક્ત એટલું જ કામ કરવાનું છે કે આપણે દેહની જગ્યાએ સ્વામિનારાયણ ભગવાનની દિવ્ય મૂર્તિને જોવી. શ્રીજીમહારાજે એ દિવ્ય મૂર્તિમાં આપણને રાખ્યા છે. ત્યારે અંદર એને બધી જ ક્રિયા શ્રીજીમહારાજ કરે છે એવો ભાવ થયા જ કરે અને એ ભૂલાય નહિ. એટલે કારણ દેહ છૂટી જાય છે. સ્થૂળ-સૂક્ષ્મ છૂટતાં ય વાર લાગે તો કારણ છૂટવાની વાત તો ક્યાં કરવી? એ તો કૃપાસાધ્ય ભગવાન મળે, કૃપાસાધ્ય મુક્ત મળે અને એ શ્રીજીમહારાજ કૃપા વરસાવે, ત્યારે આ ત્રણેય દેહ છૂટે, જ્યારે કારણ દેહ છૂટે અને

મહારાજની મૂર્તિમાં રહીને એમાં રહ્યા થકા બધી જ ક્રિયા થાય એ માટે સાત્ત્વિક યજ્ઞો વારંવાર યોજવા. એના માટે રાજસી યજ્ઞનો ખૂબ આગ્રહ ન રાખવો. મેં કહ્યું તેમ પ્રાણપ્રતિષ્ઠા થાય તેમાં એવો હોમ યજ્ઞ કરવાની વેદ-વિધિની જરૂર પડે છે. માટે તે ભલે થાય. સંખ્યાની દૃષ્ટિએ આવા રાજસી યજ્ઞમાં સમાસ થાય, પણ ગુણવત્તાની દૃષ્ટિએ સાત્ત્વિક યજ્ઞમાં જ સમાસ થાય. અંતરવૃત્તિ કરવી હોય તો સાત્ત્વિક યજ્ઞ થકી જ થઈ શકે. અને એ રીતે અહીંયા આ સ્થાનમાં કેટલા મોટા સાત્ત્વિક બ્રહ્મયજ્ઞો થયા છે.

(એમ સરસપુર મંદિરનો મહિમા કહ્યો)

**સારાંશ**

સ્થાવર તીર્થ મુમુક્ષુઓને પાવન કરે, ઇંદ્રિયો-અંત:કરણને શુદ્ધ કરે. જંગમ તીર્થ જે મુક્ત તેઓ તો ચૈતન્યમાં મૂર્તિપ્રતિષ્ઠા કરી નાંખે. તેમના જેવો બીજો એકે જોગ નથી.

મૂર્તિમાં રહીને કામ કરવું એ મૂર્તિ આકારે સ્થિતિ થવાનો સુલભ માર્ગ છે.

## ૩

ગઈ કાલે હું અહીંથી પસાર થતો હતો ત્યાં એક સ્વયંસેવકભાઈ ઊભા હતા. એમને મેં પૂછ્યું કે તમે આટલા બધા આનંદમાં કેમ છો? તો કહે આ મહોત્સવનો આનંદ આવે છે. મેં કહ્યું કેમ તમને આવો આનંદ આવે છે? એનું શું કારણ? એ કહે શી ખબર કેમ આ મહોત્સવમાં દિવ્યતા ભરી ન હોય! અને એ દિવ્યતા એવી છે કે મને મહારાજની મૂર્તિ સાંભર્યા કરે છે! વિચારીએ! કે જો એ ભાઈએ જેવું હતું તેવું એણે કહ્યું. તો જેના મહોત્સવથી આટલું બધું થતું હોય, તો એ પ્રત્યક્ષ બિરાજતા હશે ત્યારે કેટલી ભવ્ય દિવ્યતા મનુષ્યો અનુભવતા હશે! વિચાર કરીએ! પછી બીજા હરિભક્ત એક હતા. પ્રતિષ્ઠિત. એ મળ્યા. કેમ છો? મજામાં છો? તો કહે હા, મજામાં છું. આ મહોત્સવ તમને કેવો લાગ્યો? તો કહે મને તો ખૂબ ગમ્યો. કેમ ગમ્યો? શું કારણ? આ બધી વસ્તુઓ નવીન-નવીન દેખાય છે એટલા માટે ગમ્યો? તો કહે, ના રે ના. આવી વસ્તુઓથી હું અંજાયો નથી, પણ આ મહોત્સવમાં આવ્યા પછી મારા ઘાટ-સંકલ્પો બંધ થઈ ગયા! અને હું ઘાટ-સંકલ્પ કરું છું તો ય થતા નથી ને બધી શીતળતા જ લાગે છે, ઠંડક જ લાગે છે! મેં કહ્યું આનું શું કારણ તમને લાગે છે? તો કહે અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રીનો આ પ્રાગટ્ય મહોત્સવ છે.

ત્યારે જુઓ કે કોઈ વ્યક્તિ આપણને ક્યારે ગમે? કે તે વ્યક્તિમાં દિવ્યતા ભરેલી હોય તો. કારણ તો હોયને? કોઈ વસ્તુ ગમે ન ગમે એનું કારણ હોય જ. બીજો એક યુવક હતો એને મેં પૂછ્યું કે તમને મહોત્સવ કેવો લાગ્યો? તો કહે અરે! આ મહોત્સવ તો શ્રીહરિની મૂર્તિમાં જોડી દે તેવો લાગ્યો. ત્યારે વિચાર કર્યો કે શાબાશ દોસ્ત! જે શ્રીહરિની મૂર્તિમાં જોડે તે જ ભાગવત સંત, તે જ મહારાજના અનાદિમુક્ત અને તે જ સૌને ગમે. કારણ કે મનુષ્યનું ઉચ્ચત્તમ ધ્યેય ભગવાનની પ્રાપ્તિ - પરમપદની પ્રાપ્તિ છે. માટે અબજીબાપા આપણને ગમે છે એનું કારણ - સર્વોપરી ભગવાને તેમને જે માટે મોકલ્યા હતા તે કામ તેમણે કર્યું. તેમણે શા માટે બાપાશ્રીને મોકલ્યા? શ્રીહરિની મૂર્તિમાં જોડવા. મહારાજની મૂર્તિમાં જોડવું હોય તો ભગવાન કેવા છે એનું માહાત્મ્ય કહેવું જોઈએ. એમણે એ માહાત્મ્ય કહ્યું. એમને એમ લાગ્યું કે જો મારે ભગવાન સ્વામિનારાયણની મૂર્તિમાં જોડવું હોય, તો ભગવાન સ્વામિનારાયણ કેવા છે એ કહેવું પડે. જો સર્વોપરી હોય તો કેમ સર્વોપરી છે - સર્વોપરી તો છે જ છતાં પણ -એ એને સમજાવવું પડે. મનુષ્યને સ્પષ્ટતા કરવા માટે. કારણ કે બધાની કક્ષા એક હોતી નથી.

ભગવાન સ્વામિનારાયણમાં જોડવું એ માત્ર એને અભિમુખ કરવું એ ય જોડવું કહેવાય અને એ મૂર્તિમાં રસબસ કરી સળંગ મૂર્તિમાં સુખ આવે એવું જોડવું એને પણ યોગ કહેવાય. તો બાપાશ્રીએ મૂર્તિમાં રસબસ જોડાવાની વાત શીખવી. તે છે અનાદિમુક્તની સ્થિતિ.

અનાદિમુક્તની સ્થિતિ એટલે શું? બધા બાળકો સમજી શકે એવી રીતે બાપાએ વાત કરી છે. એ કહું કે પૂર્વજન્મની આપણને સ્મૃતિ છે ખરી? કશી જ નથી. આંહીં કોઈ એવા છે કે જેમને પૂર્વજન્મની સ્મૃતિ હોય? ત્યારે અનાદિમુક્ત કોને કહેવાય? અનાદિમુક્તની સ્થિતિ કોને કહેવાય? કે હું આમને આમ અખંડ છું; આવો હતો અને ભગવાનનું ભજન કરતાં કરતાં આવો થયો એમ નહિ; હું અખંડ પુરુષોત્તમરૂપ છું અને ભગવાનની મૂર્તિમાં -પ્રભુના સ્વરૂપમાં રસબસ રહેલો મુક્ત છું એવું અનુભવાય એનું નામ અનાદિમુક્તની સ્થિતિ.

આ અનાદિમુક્તની સ્થિતિ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામીએ કહેવા માંડી હતી ત્યારે એનો વિરોધ બહુ જ ઊઠ્યો હતો. કારણ કે મહાપ્રભુ ભગવાન સ્વામિનારાયણ આ પૃથ્વી ઉપર દૃષ્ટિગોચર થયા તે પહેલાં રામ-કૃષ્ણાદિક મહાન અવતારો પણ થયા. આ મહાન અવતારોનું પ્રધાનપણું લોકોમાં વિશેષ હતું. રામ-કૃષ્ણાદિક અવતારોથી પર કોઈ વસ્તુ છે એ સમજાવવું હોય તો એની વિચારસરણી બદલવી પડે. એ વિચારસરણી બદલવાને માટે શું કરવું જોઈએ? એમણે પોતાનો દિવ્ય પ્રભાવ તો વાપર્યો. ઉપરાંત સમાધિ-પ્રકરણ વગેરે અનેક પ્રકરણો પણ પોતે અપનાવ્યા છતાં પણ એમણે એમ કહ્યું કે પરચા-ચમત્કારથી જો કોઈ અંજાઈ જાય તો એ સાચો ભક્ત ન બને, પણ એના હૈયામાં જો ભગવાનની મૂર્તિ કોઈ સંત કે ભગવાન- પ્રગટ ભગવાન પધરાવે તો જ સમજાય.

એમણે પોતાનું સર્વોપરી સ્વરૂપ સમજાવવાને માટે પોતે પોતાની અગાધ કૃપા વાપરી. એ કૃપાને લીધે લોકો અંજાઈ ગયા. જોબન પગી જેવા મોટા મોટા લૂંટારાઓએ પણ પોતાનો લૂંટફાટનો ધંધો તથા હિંસામાર્ગ છોડીને હાથમાં અહિંસાની માળા પકડી લીધી! એ ભગવાન સ્વામિનારાયણ! એ કંઈ ઓછો દિવ્ય પ્રભાવ? અનાદિમુક્તની સ્થિતિમાં તો દરેકે પહોંચવાનું છે. ત્યાં સુધી અધૂરું છે. માનવજીવનનું ધ્યેય ત્યાં પહોંચે જ છૂટકો છે, ભલે એક કરતાં વધુ જન્મ લેવા પડે. આ મહોત્સવમાં એ અનાદિમુક્તની સ્થિતિના મને દર્શન થાય છે. શા માટે કે ભગવાન સ્વામિનારાયણે પોતાના અનાદિમુક્ત દ્વારા સૌને મૂર્તિમાં રાખવાનો કૉલ આપ્યો.

મૂર્તિમાં કોણ રાખી શકે? એક ભગવાન સ્વામિનારાયણ. હવે એ પાત્રતા ન હોય ને મૂર્તિમાં રાખવું એ કંઈ સહેલી વાત છે? આખો જન્મ સુધારી દે એનું નામ કૃપાસાધ્ય ભગવાન અને એના કૃપાસાધ્ય અનાદિમુક્તો. ભગવાન આ ઉચ્ચત્તમ કલ્યાણકારી કાર્ય કરવા માટે પોતાના ઉચ્ચત્તમ સ્થિતિને પામેલા અનાદિમુક્તો દ્વારા કામ કરવાનું પસંદ કરે છે. અહીં કહેવામાં આવ્યું હતું કે ભગવાન કોને ત્યાં જન્મ ધરે છે? કયા માતા-પિતા પસંદ કરે? કે જે માતા-પિતા દરેક રીતે નિર્મળ બન્યા હોય; પ્રભુભક્તિમાં પરાયણ હોય; યમ-નિયમ-ધર્મનું કડક રીતે પાલન કરતા હોય; જેનું અંતઃકરણ અને મન તદ્દન શુદ્ધ હોય અને જેના હૃદયમાં કોઈ કપટ ના હોય, એવા માતા-પિતા ભગવાન પસંદ

કરે છે. અનાદિ મુક્તરાજ અબજીબાપાએ તો કૃપા જ વાપરી. ને કૃપાસાધ્ય કોને કહેવાય? કે કાંઈ કરવું પડે નહિ. પૂર્વે શાસ્ત્રોમાં લખાણ છે કે સેંકડો-હજારો વર્ષ સુધી તપ કરીને રાફડા થઈ ગયા તો ય ભગવાનના દર્શન થયા નહિ. એ શું બતાવે છે? કે સાધનમાત્ર કાંઈ કામ આવે નહિ. મૂર્તિ વગર -ભગવાનના સ્વરૂપ વિના- સાધન બધા વ્યર્થ છે. સાધન તો કરવા પડે, પણ મૂર્તિ વિના કરેલાં સાધન બધા નિષ્ફળ નીવડે છે. મહારાજે એમ કહ્યું કે જો મારા પરમપદની સ્થિતિ- અનાદિમુક્તની સ્થિતિને પામવું હોય, તો એટલું બધું કઠણ છે કે એના જેવી કોઈ કઠિન વસ્તુ નથી. ભગવાનના સ્વરૂપમાં અખંડવૃત્તિ રાખવી એનાથી કોઈ કઠિન સાધન નથી. જો કઠિનમાં કઠિન સાધન એ હોય, તો એ કામ થઈ શકે થોડાથી. તો ભગવાનને કોણ પામે? માટે ભગવાને જોયું કે હું જો કૃપા નહિ વાપરું તો આ જીવો મને નહિ પામે. ત્યારે એમણે કૃપારૂપી સાધનનો ઉપયોગ કર્યો અને કહી દીધું કે જાવ તમને અમારી મૂર્તિમાં રાખ્યા!

ભગવાનને સન્મુખ અંતર્દૃષ્ટિએ જોવું એ પણ મૂર્તિમાં પ્રવેશ છે, સ્વામિનારાયણ ભગવાનનું સતત સ્મરણ કરી અને ચિંતન કરવું અને મૂર્તિ યાદ કરવી એ પણ મૂર્તિમાં પ્રવેશ છે. ભગવાન સ્વામિનારાયણના સન્મુખ રહી અને એમનું પરમએકાંતિક મુક્ત તરીકે સુખ લેવું એ પણ મૂર્તિમાં પ્રવેશ છે. પરંતુ છેવટનો સર્વોત્તમ પ્રવેશ તો છે અનાદિમુક્ત થવું તે. ભગવાનના સ્વરૂપમાં સળંગ રસબસ મૂર્તિમાં રસબસ થઈ રહેવું તે. તેમાં બ્રહ્માનંદ

સ્વામીએ કહ્યું કે... (ભગવાનની મૂર્તિમાં અતિશય ખેંચાઈ જવાને કારણે પૂ. શ્રી નારાયણભાઈને કડી યાદ આવતી ન હોવાથી શ્રી જીતુભાઈ યાદ અપાવે છે : 'રસબસ હોઈ રહી') 'રસબસ હોઈ રહી રસિયા સંગ જ્યું મિસરી પય માહીં ભળી.' ભગવાનની મૂર્તિ તરફ જ્યારે ખેંચાણ થઈ જાય અને બાહ્યવૃત્તિ તૂટી જાય ત્યારે link પણ તૂટી જતી હોય છે; એમ મારે link તૂટી જાય છે. ત્યારે 'જ્યું મીસરી પય માહીં ભળી' એટલે દૂધમાં સાકર ભળે તો એ સાકર દૂધથી જુદી પડે ખરી? નહિ પડે. તો મહારાજ એમ કહે છે આ જ અનાદિમુક્તની સ્થિતિ. રસબસ. ત્યાં કોઈ સેવા કરવાની નથી, ત્યાં કોઈ પૂજાપાઠ નથી, ત્યાં કોઈ ધ્યાન કરવાનું નથી છેલ્લી સ્થિતિમાં. ત્યારે ત્યાં કરવાનું શું? અરે! મહારાજની મૂર્તિનું સુખ ભોગવવાની મહાન પ્રવૃત્તિ કરવાની.

પ્રવૃત્તિ તો ચાલ્યા જ કરે છે. અનંતકાળથી આપણે કરતા આવ્યા છીએ ને ખૂટતી નથી અને ત્યાર પછી જેવી નિવૃત્તિ રહે ત્યારે ઘરમાં બેસી રહેવું ના ગમે. કારણ કે ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવાની નાનપણથી ટેવ પડી નથી કે અભ્યાસ થયો નથી. જો એ અભ્યાસ થયો હોત તો નિવૃત્ત થાય ત્યારે ભગવાનના સ્વરૂપમાં પડ્યા રહેવારૂપ પ્રવૃત્તિ સિવાય કંઈ ગમે ખરું? ત્યારે બાપાશ્રીએ એમ કહ્યું કે જો તમારે અનાદિમુક્તની સ્થિતિ -એ ભગવાનના દિવ્ય સુખને પામવાની સ્થિતિ- કરવી હોય, તો તમારે બાળ-અવસ્થામાંથી વૃદ્ધાવસ્થામાં જવું પડશે. અને બાળ-અવસ્થામાંથી ઠેક દઈને વૃદ્ધાવસ્થામાં

ક્યારે પહોંચાય? એ ભગવાનને પામેલા મુક્ત હોય એનો જોગ મળ્યો હોય, એનો સમાગમ મળ્યો હોય અને એના થકી આ ભગવાનનું જ્ઞાન સમજાયું હોય ત્યારે એ સ્થિતિને પમાય.

ત્યારે જુઓ તો ખરા! એક એકાંતિક ભક્ત થવું કેટલું અઘરું છે! તે વચનામૃતમાં કહ્યું છે કે ભગવાન સિવાય ક્યાંય વાસના ન રહે અને બ્રહ્મરૂપે કરીને ભગવાનના સ્વરૂપનું ભજન કરતો હોય તેનામાં એકાંતિકપણું આવે. ત્યારે આપણને અહીં બેઠા બેઠા પણ અનેક જાતની વાસનાઓ રહી જતી હોય છેઃ જોવાની, કરવાની, મૂર્તિ સિવાય જોવાની, આ મહોત્સવ જોવાની, બધા મહોત્સવ માણે છે એ જોવાની. અહીંયા કેટલી બધી સરસ-સાત્ત્વિક ભગવાનની મૂર્તિની સ્મૃતિ કરાવે એવી વસ્તુ જોવાની છે! તે જોવાની, પણ મૂર્તિ રાખીને. મહારાજ કહે આ મહોત્સવની ફળશ્રુતિ તે અમારી મૂર્તિનું અનુસંધાન. એનું નામ મહોત્સવ માણ્યો કહેવાય. આંહીં આવી અને બાપાશ્રી એમ કહે છે કે આ મહોત્સવની દિવ્યતા જે શ્રીહરિમાં જોડે છે એ હૈયામાં ઊતારીને જશો તો આ મહોત્સવની ફળશ્રુતિ છે. ત્યારે એકાંતિક ભક્ત થવું, વાસના ટાળવી સહેલી છે? કેટલા પ્રકારની ઇચ્છાઓ! એક પ્રકારની ઇચ્છા છોડવા માટે પણ નવ નેજા પાણી ઊતરે છે. ભગવાન સ્વામિનારાયણે અનંત જન્મના કર્મ બાળી નાંખ્યા તેવો પ્રતાપ બતાવ્યો. અરે! બાપાશ્રી પાસે બેસતા એના પણ ઘાટ-સંકલ્પ બંધ થઈ જતા! અત્યારની વર્તમાન સ્થિતિની વાત કરું કે થોડા

વખત પહેલાં ખંભાતના બે શેઠ મુક્તરાજ શંકરભાઈ અને મુક્તરાજ બાલુભાઈ એ સત્સંગમાં ખૂબ સુવિખ્યાત છે. તેઓને બાપાશ્રીની ઓળખાણ જ્યારે થઈ, જ્યારે એમણે પુસ્તકો વાંચ્યા, ત્યારે એમ થયું કે અત્યારે ખરો સત્સંગ થયો અને સત્સંગ ઓળખાયો. સત્સંગ કોનું નામ? સત્ કહેતા ભગવાન અને તેમના અનાદિમુક્તો એનો વાસ્તવિક સંગ થઈ જાય તેનું નામ સત્સંગ. મૂર્તિ સાથે સીધું જોડાણ થાય એટલે ભગવાન અને ભક્ત વચ્ચે તદ્દન ઢૂંકડું થઈ જાય, જરા પણ અંતર રહે નહિ. ત્યારે અંતર કોને ન રહે? અનાદિમુક્તને અંતર રહેતું નથી. પરમ એકાંતિક મુક્તને અંતર રહે છે. એ વડવાનળ અગ્નિ જેવા છે. એકાંતિક ભક્ત એ વિજળીના અગ્નિ જેવા છે કે જેમને માયારૂપી ગમે એટલો વરસાદ પડે, ગમે એવા ઉત્તમ માયારૂપી રજોગુણથી ભરેલા પદાર્થો એમની પાસે પડે તો પણ એ નિર્લેપ રહે; કારણ કે એને ભગવાન સિવાય બીજી વાસના જ નથી રહી. ત્યારે આમ ચપટી વગાડે એટલી વારમાં મૂર્તિના સુખમાં મૂકી દે એવા અનાદિમુક્તનો જોગ કરવો.

આજકાલ આધ્યાત્મિક વાતો, ઉચ્ચ વાતો કરનારનો તોટો નથી. દુનિયાનો one third થી વધારે ભાગ આવો છે કે જે કેવળ વાતો જ કરતા હોય. ત્યારે ભગવાન ને ભગવાનના અનાદિમુક્તો બોલે છે થોડું ને કામ ઝાઝું કરે છે. એનું નામ ભાગવત સંત. બોલે નહિ, કામ કરે. ભગવાન સ્વામિનારાયણના વખતમાં યમ-નિયમ, ત્યાગ-વૈરાગ્ય અને ભગવાનની સ્મૃતિ અખંડ રાખનારા બિલકુલ

ભણેલા નહિ એવા સંત હતા. એનું મંડળ બનાવ્યું અને મહારાજે કહ્યું કે જાવ અમને ઓળખાવો. અરે! મહારાજ! અમને કંઈ બોલતા આવડતું નથી. અમને કંઈ ખબર પડતી નથી તો આ બધાને અમે જઈને વાતો કઈ રીતે કરશું? મહારાજ કહે કે તમે આ યમ-નિયમ-ધર્મ શીખ્યા એ તો ખબર છેને? અમારી સ્મૃતિ રાખો છો એ તો ખબર છેને? અને તમે આવા સંત કેવી રીતે બન્યા એ તમને ખબર છે? સંતો કહે કે મહારાજ! તમે બનાવ્યા. મહારાજ કહે કે તો એમ કહેજો. પછી તમારે બોલવું નહિ પડે. તમારું વર્તન વાતો કરશે. તમે જઈને ઊભા રહેજો. કાંઈ બોલશો નહિ. જુઓ કે વર્તનનો ચમત્કાર કેવો છે! પછી બધા સંતો જાય. તેમને જોઈ બધા પ્રભાવિત થાય કે અહાહા! આવા સંત! બોલે નહિ! લોકો કહે કે સ્વામી, તમારે કંઈ જોઈએ? કંઈ રસોઈ જોઈએ? સંતો કહે કે અરે! અમારે તો ભગવાન સિવાય કાંઈ જોતું નથી. અમને ભગવાન પ્રગટ મળ્યા છે, અમે એનું ભજન કરીએ છીએ અને તમને પણ એ જ કહેવા આવ્યા છીએ કે એમને ઓળખો. લોકો કહે કે તે ભગવાન કોણ કે તમને આવા સંત બનાવી દીધા? સંતો કહે કે અરે! ભગવાન સ્વામિનારાયણ. તેઓ કહે કે લોકો આવી વાતો કરતા હતા પણ અમે માનતા નહોતા પણ અમે પ્રત્યક્ષ જોઈએ છીએ કે જેના આવા સંત છે અને જેણે આવા સંત તમને બનાવ્યા, એ ખરેખર જ પ્રભુ હોવા જોઈએ. ત્યારે જુઓ, વર્તન વાતો વધુ કરે. વાણી એટલી વાતો નથી કરતી.

હવે આ એકાંતિક કરતાં પરમ એકાંતિક વિશેષ

છે. પરમ એકાંતિકની સ્થિતિ શું? કે સમુદ્રના કિનારે આપણે બેઠા હોઈએ, મન-વિચારો શાંત થઈ ગયા હોય, ખુશનુમા વાતાવરણ હોય અને સમુદ્ર ઉપરથી ઠંડી લહેર આપણા ઉપર પડે, આજુબાજુ બાગ-બગીચાની સુંદર હવા આવતી હોય તો કેવી મજા પડે? આનંદ પડેને? લોકો બાગ-બગીચામાં ફરવા જતા હોય છે અને સમુદ્ર જો નજીક હોય તો અહોહો! તો પરમ એકાંતિકની સ્થિતિ ભગવાન સ્વામિનારાયણની સન્મુખ રહીને સુખ ભોગવવાની છે. ભગવાન સ્વામિનારાયણની મૂર્તિમાંથી સુખની ધારાઓ નીકળે છે અને એ પરમ એકાંતિક મુક્તો ઉપર પડે છે. એ મુક્તોને પછી એ જ આહાર. જો અત્યારે આપણને આહાર કર્યા વગર ચાલતું હોય તો કોઈ કડાકૂટ કરે ખરું? ભૂખ જ નો લાગે તો સૌથી વધારે સારું, એના જેવું એકે ય નહિ. તો ત્યાં ભૂખ જ નથી લાગતી. ત્યાં માયિકભાવ નથી. ત્યાં તો નર્યો દિવ્ય ભાવ છે. અને પરમાત્માનું દિવ્ય સુખ ભોગવે છે. એ દિવ્ય વસ્તુ છે, એ કંઈ માયિક વસ્તુ નથી.

એક કોઠીમાં પાંચ મણ ઘઉં સમાતા હોય અને પછી બીજા પાંચ મણ સમાવવા હોય તો એ કોઠી સમાવી શકે ખરી? કેમ? એ પોલી ય ખરી. એમ પોલી હોય તો પણ વધુ ન સમાવી શકે. એમ માયિક વસ્તુઓ પોલી છે એના ગુણધર્મો જુદા છે. જ્યારે દિવ્ય વસ્તુના ગુણધર્મો માયિક વસ્તુથી તદ્દન જુદા છે. થોડુંક સમજણ માટે કહી શકાય કે વિદ્યુતશક્તિ, ઉષ્માશક્તિ, લોહચુંબકત્વશક્તિ, વીજશક્તિ, પ્રકાશશક્તિ આ બધી શક્તિઓ એકમેકમાં

રહે છે. પરંતુ એક ટેબલ હોય અને એની અંદર બીજું એક ટેબલ રહી શકે? બાજુમાં જ મૂકવું પડે. દિવ્ય વસ્તુમાં એવું નથી. આ કાર્યશક્તિઓ એકમેકમાં રહે છે છતાં એમ કહી શકીએ કે આટલી વીજળી છે, આટલી ઉષ્મા છે, આટલી ચુંબકત્વશક્તિ છે? એવું બને? નહિ. એ શક્તિ એકમેક. એ તો થોડી દિશ બતાવવાનું છે. દિવ્ય વસ્તુનું વર્ણન કરવું શક્ય નથી. એ તો સ્વાનુભવનો વિષય છે. દિવ્ય વસ્તુને માનવી હોય તો એનો અનુભવ કર્યે જ છૂટકો છે. અને જે પુસ્તકમાંથી મેળવ્યું હોય તે ભૂલવું પડશે. જો એ નહિ ભૂલીએ તો ભગવાનની મૂર્તિ નહિ સાંભરે. પરોક્ષમાં પણ રામકૃષ્ણ પરમહંસે વિવેકાનંદને કહ્યું કે તને બત્રીસ encyclopaediaમાંથી અગિયાર encyclopaedia મોઢે છે. આટલું બધું તે અજ્ઞાન ભર્યું છે. હવે તને હું કેવી રીતે ભગવાનના દર્શન કરાવું? ત્યારે કહે કે તમે ભગવાન જોયા છે? મેં જોયા હોય તો જ તને કહું ને? તારે જોવા હોય તો હું કહું એમ કરવું પડશે. તેમ મહારાજ અને મહારાજના અનાદિમુક્તો કહે તેમ કરીએ તો ભગવાનનું સુખ મળે. પણ આપણી વાત પકડી રાખીએ, આપણો ઠરાવ મૂકીએ નહિ તો કોઈ દિવસ વાત બને ખરી? એ જ વિવેકાનંદને કહ્યું કે તું બધું ભૂલી જા. એને ભૂલતાંય એક વરસથી વધુ સમય લાગ્યો! ત્યારે માંડ માંડ બધું ભૂલી રહ્યા. ખબર ન રહી કે શું encyclopaedia કે શું. ત્યારે એને એક આત્મસાક્ષાત્કારની ઝાંખી માત્ર કરાવી.

તો ભગવાન સ્વામિનારાયણે તો પાત્ર-અપાત્ર જોયા

વગર કહી દીધું કે જાવ મૂર્તિમાં રાખ્યા છે! અમે હાથ પકડ્યો એ પણ મૂર્તિમાં પ્રવેશશે. ત્યારે આ મહોત્સવમાં છેલ્લા જન્મના આશીર્વાદ કોણ આપે છે? ભગવાન સ્વામિનારાયણ આપે છે. એમ એ આશીર્વાદ આપીને એમના અનાદિમુક્ત અબજીબાપાશ્રીનો મહોત્સવ આપણી પાસે આપણા સર્વ દ્વારા ઉજવાવે છે. જે કોઈ આવ્યા હોય, આ હવા ઊડીને આગળ જઈને જેના ઉપર પડશે તે બધાનો સર્વોત્તમ ઉદ્ધાર થશે એમ ભગવાન સ્વામિનારાયણ કહે છે. ભગવાનથી શું અશક્ય? કોઈ શેઠને કરોડ રૂપિયા કોઈ ગરીબને આપી દેવામાં વાર લાગે? જરીયે ન લાગે. આ નાગજીભાઈ શેઠ બેઠા છે, નવીનભાઈ બેઠા છે, બીજા ધનાઢ્ય બેઠા છે. એમાંથી કોઈને ના પાડી શકે? ત્યારે ભગવાનની શક્તિ એવી છે.

મહારાજે આપણને સરળ આજ્ઞા આપી અને કહ્યું કે ભાઈ! પુરુષાર્થ કરવો પડેને એ તો જીવનનો એક ક્રમ છે. ફળ માત્ર બિલકુલ મહેનત કર્યા વગર મેળવી લેવું અને ખાવું એ તમને બરાબર લાગે છે? અરે! થોડુંક તો કરીએ. એ આપણે કરી ગયા. હવે આટલું કરવાથી જ મહારાજ તેડવા આવવાના આ હકીકત છે. અને એ વખતે તેડવા આવે પણ પાત્ર ન હોય પણ વરદાન આપી દીધું હોય પોતે જ ધણીએ કે હું તને મારા દિવ્ય સુખમાં રાખીશ, તો રાખવા પડેને? પોતાના દિવ્ય પ્રભાવથી એ સ્થૂળ દેહમાંથી છૂટા પડેલા ચૈતન્યના આવરણો એક દૃષ્ટિમાત્રે હટાવી દે છે. અને એ હટાવી અને એ નિરાકાર ચૈતન્યને સાકાર બનાવી પોતાની મૂર્તિમાં મૂકી દે છે. આ કોણ

કરી શકે? એક સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણ.

સ્વામિનારાયણ ભગવાન સિવાય બીજો કોઈ ભગવાન નથી એવું મને સ્વાનુભવથી લાગ્યું છે ને તમને પણ લાગ્યું હશે. જો એમ ના લાગ્યું હોય તો અહીં એકત્ર જ ન થયા હોય. અરે! અત્યારના આત્મદર્શનવાળા અરવિંદ ઘોષ અને રમણ મહર્ષિ જેવા કે જેને આત્મદર્શન થયું છે એ એના શિષ્યોને કહે છે કે તમને રામ અને કૃષ્ણના જો દિવ્ય દર્શન થાય તો ત્યાં અટકતા નહિ. Go forward- આગળ વધો. ભગવાન બુદ્ધને પણ નિર્વાણસ્થિતિ થઈ ત્યારે એણે દૃષ્ટિ કરીને જોયું કે હજી કંઈક આગળ છે તો એ મહાનિર્વાણને પામ્યા. મહાનિર્વાણમાં ગયા પછી પણ એને જણાયું. અને એમનો દેહ અદૃશ્ય થયો. હવે એ મહાનિર્વાણમાં રહીને આગળ વધે છે. ભગવાન સ્વામિનારાયણે કહ્યું કે રામ-કૃષ્ણાદિક અવતારો કરતાં બીજી ચાર ભૂમિકાઓ પર છે. ત્યારે એ કોણે બતાવ્યું? શ્રીજીમહારાજે બતાવ્યું. સર્વોપરી ઉપાસના કોને કહેવાય? ખરી ઉપાસના કોણ કરી શકે? જે ભગવાનને જેવા છે એવા જાણે તે. જેટલો મહિમા જાણે એટલી સામર્થી મળે એ તો હકીકત છે. આપણે જેટલી બુદ્ધિશક્તિથી કામ કરીએ એટલું વળતર મળે. બરાબર? તો ભગવાન સ્વામિનારાયણે પોતાની સાંસા-ગોટીલા કરવા જેવી આ સરળ આજ્ઞાઓ દીધી. યમ-નિયમ-ધર્મ તો કરવા જોઈએ નહિતર કેવી રીતે થઈ જાય? અને કહ્યું કે ઘાટ-સંકલ્પ કરીશ નહિ અને મારી મૂર્તિનું ધ્યાન ધરજે.

તો હવે આ મારો વિષય ધ્યાનની લટકનો છે તે

હવે આવે છે. મને ભગવાનને પામેલા અનાદિમુક્તે એ ધ્યાનની લટક બરાબર શીખવી છે. મહારાજે કહ્યું કે જગતને વિષેની વાસના ટાળવી એ અતિ કઠણ સાધન છે અને મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખવી એ તો કઠિનમાં કઠિન. સૌથી કઠિન છે. સંસારના બંધન થકી મુક્ત થઈને આ બધી વાસનાઓ દૂર કરીને ભગવાનને પામવું હોય તો એનો સર્વોત્તમ ઉપાય સ્વામિનારાયણ ભગવાને બતાવ્યો. કે જો ખરી શાંતિ, ખરું સુખ અને છતી દેહે તમારે એ સુખ ભોગવવું હોય- અંતે તો હું પૂરું કરી દેવાનો છું એ બિરૂદ છે મારું, પણ કોઈને એવી તાલાવેલી લાગે કે હું છતી દેહે જ ભગવાનના દર્શન કરી લઉં. ઇચ્છા ન રાખે અને પોતે કામ કરે. કારણ કે ઇચ્છા રાખે તો ભગવાન તો જાણે છેને કે ક્યારે એને દિવ્ય દર્શન આપવા- તો વાસના તોડવાનો એક જ માર્ગ મહારાજે બતાવ્યો. સર્વોત્તમ માર્ગ તે ધ્યાન. મહારાજે કહ્યું કે જે મારી મૂર્તિનું ધ્યાન કરે એના ઉપર હું કૃપા વરસાવું છું. પોતાને ઓળખે તો જ કૃપા વરસેને એના ઉપર? તો મહારાજે ધ્યાન કરવાનું કહ્યું.

સચ્ચિદાનંદ સ્વામીએ મહારાજને કહ્યું કે મહારાજ! મારા અંતરમાં શાંતિ નથી મળતી. શું કારણ? કારણ તો તમે સમજી શકો. મહારાજ કહે કે તમારા હૈયામાં મારી મૂર્તિ દેખાય છે? સ્વામી કહે કે ના પ્રભુ. મહારાજ કહે કે તો પછી શાંતિ કેવી રીતે થાય? સ્વામી કહે કે શાંતિનો ઉપાય બતાવો. મહારાજ કહે કે શાંતિનો ઉપાય ધ્યાન. ત્યારે મહારાજ પહેલાં શું કહે છે ખબર છે?

પોતાના અનાદિમુક્ત જ્યાં રહેતા હોય તે નિવાસસ્થાન અને આજુબાજુની વસ્તુ પણ દિવ્ય થાય. તો એવું સચ્ચિદાનંદ સ્વામીના મિષે સમજાવી દીધું. સ્વામી કહે કે મહારાજ! તો તમારું ધ્યાન કરું તમે કહો એ રીતનું. મહારાજ કહે કે ના, મારું ધ્યાન કરવાની હમણાં જરૂર નથી. હું કહું ત્યારે કરજો મારું ધ્યાન. સ્વામી કહે કે તો અત્યારે હું શું કરું? હું શેનું ધ્યાન કરું? મહારાજ કહે કે તમે અગતરાઈ જાવ. ત્યાં અમારા મુક્ત પર્વતભાઈ છે. ત્યાં જઈ અને તેમના ઘરના નળિયાનું ધ્યાન કરજો. પહેલાં નળિયાને નીરખજો એમના નિવાસસ્થાનના અને એ નીરખી અને હૈયામાં એનું ધ્યાન કરજો એટલે શાંતિ થઈ જશે. સચ્ચિદાનંદ સ્વામીએ આપણા લોકો કેવું દોઢ-ડહાપણ કરે છે એ બતાવવા માટે પોતે કહે છે. તેમણે પોતે દોઢ-ડહાપણ કર્યું. એ પોતે દોઢડાહ્યા નહોતા એ તો મહારાજના અનાદિમુક્ત હતા, પણ પોતાને મિષે સમજાવી રહ્યા છે. અને ભગવાન એમનો દાખલો આપી અને જીવોને સમજાવે છે. તો સચ્ચિદાનંદ સ્વામીએ મહારાજને એમ કહ્યું કે મહારાજ! તમારી મૂર્તિ સિવાય તમારા અનાદિમુક્તનું ધ્યાન કરવાનું કહ્યું હોત તો ય ઠીક હતું. નળિયાનું ધ્યાન એ તો જડ વસ્તુ. તમે કંઈ બીજું ધ્યાન બતાવો. મહારાજ કહે કે ભલે અમારી મૂર્તિનું ધ્યાન કરો. પછી સ્વામીએ કેટલાય કલાક મૂર્તિનું ધ્યાન કર્યું, પણ અંતરમાં મૂર્તિ દેખાય નહિ. વળી મહારાજને એમ પૂછ્યું કે મહારાજ! શાંતિ થતી નથી. તમારું સ્વરૂપ જોયામાં આવતું નથી. મહારાજ કહે કે મેં

તમને કહ્યું હતું કે ત્યાં જઈ નળિયાનું ધ્યાન કરો તો શાંતિ થાય ને અમારું સ્વરૂપ દેખાશે. તમે એ કર્યું નહિ તો એ કેવી રીતે થાય? મારું સ્વરૂપ જોવા માટે અંતરને નિર્મળ બનાવવું પડેને સ્વામી? તો એ અંતર નિર્મળ કોણ કરે? નિર્મળ વસ્તુ હોય તે કરે. પર્વતભાઈના નળિયા દિવ્ય અને નિર્મળ છે; ત્યાં જઈને ધ્યાન કરો. એ નળિયા અંતરના અશાંતિરૂપ આવરણને હટાવી મૂકશે. સ્વામી કહે કે અહોહો મહારાજ! ત્યારે તો હું એનો પ્રયોગ કરું.

અને સ્વામી તો એ જ વખતે ઉપડ્યા અગતરાઈ. ત્યારે પર્વતભાઈ સામા ચાલી આવે. તો પર્વતભાઈને જ પૂછ્યું કે આ ગામમાં પર્વતભાઈ ક્યાં રહે છે? પર્વતભાઈ કહે કે અરે! હું જ પર્વતભાઈ. કયા પર્વતભાઈ જોઈએ છે? સ્વામિનારાયણનાને? એક બીજા ય પર્વતભાઈ છે. સ્વામી કહે કે મારે તો સ્વામિનારાયણ ભગવાનના પર્વતભાઈ જોઈએ છે. પર્વતભાઈ કહે અરે! એ હું. સ્વામી કહે અરે! તમે? તો સ્વામી દંડવત્ કરવા માંડ્યા. પર્વતભાઈ કહે કે અરે! તમે તો ગુરુ છો, મને અપરાધમાં નાંખશો એમ કરી અને પર્વતભાઈએ દંડવત્ કર્યા સ્વામીને. અને હજી પણ સ્વામી ધ્યાન કરતા નથી હો! પછી પર્વતભાઈએ કહ્યું કે સ્વામી! ઘરે પધારો. ઘરે બેસાડ્યા. પર્વતભાઈ કહે કે મારા અહોભાગ્ય. આવા ગામડા ગામમાં આવા સંત ક્યાંથી પધારે? આપ મને મહારાજની વાતો કરો તો મને ખૂબ આનંદ આવશે, સ્વામી! આપનું આવવું - આપનું અહીં આગમન એ મારા માટે આશીર્વાદરૂપ નીવડશે અને તમને આનંદ થશે. સ્વામીને

મહારાજની વાતો કરવાનું ખૂબ સારું અંગ તે મહારાજની ખૂબ જ વાતો કરી જ્યાં સુધી રહ્યા ત્યાં સુધી અને નળિયાની વાત તો ભૂલી ગયા. વળી પાછા આવ્યા. મહારાજે પૂછ્યું કે સચ્ચિદાનંદ સ્વામી! હવે અમારી મૂર્તિ દેખાય છે? મહારાજ! હું તો નળિયાની વાત જ ભૂલી ગયો. મહારાજ કહે કે અરે! હીરો ઘોઘે જઈ આવ્યો! જાવ ફરીથી.

ફરીથી ઉપડ્યા અને જઈ પહેલાં પૃચ્છા કરી. પર્વતભાઈ એ વખતે લોટો લઈને બહાર જતા હતા એટલે ખ્યાલમાં નહિ આવ્યું. કોઈને કહ્યું કે પર્વતભાઈ ક્યાં? તો કહે આ જાય એ છે. લોટો લઈને એ. સ્વામીને એમ થયું કે શૌચ માટે એ જઈ રહ્યા છે તો હું અહીં જ બેસું. તો એ ભાગોળે બેઠા. પાછા આવે ત્યાં સુધી. આવ્યા. તો પર્વતભાઈ એકદમ દંડવત્ કરવા લાગ્યા અને બોલ્યા, અહોહો! મહારાજે ફરીથી મોકલ્યા? વાહ! વાહ! વાહ! એમ કરીને આંખમાં આંસુ આવવા લાગ્યા. સ્વામી કહે કે પર્વતભાઈ! તમે કહો છો એ બરાબર છે, પણ મારે મહારાજની આજ્ઞા પાળવી કે નહિ? પર્વતભાઈએ કહ્યું કે મહારાજે શું આજ્ઞા કરી? સ્વામી કહે કે મને અંતરમાં શાંતિ થતી નથી અને મહારાજનું સ્વરૂપ દેખાતું નથી તો મહારાજે કહ્યું કે અગતરાઈ જઈ અને પર્વતભાઈના નિવાસસ્થાનના નળિયાનું ધ્યાન કરશો એટલે શાંતિ થઈ જશે. તો હવે મારે તમને ઉપદેશ આપવો નથી, ભગવાનની વાતો કરવી નથી. મને તમારું નિવાસસ્થાન બતાવો. ત્યાં જઈ મને એ નળિયા બરાબર દેખાય, હું

નળિયા નીરખી શકું એવી રીતે ઊભો રાખો. પર્વતભાઈ કહે પણ આવું ન કરાય. મહારાજે તમને મારી કસોટી કરવા આવું કહ્યું હશે. સ્વામીએ કહ્યું તમે ગમે તેમ કહો. જો મારું વચન માનવાના હો, મને રાજી કરવો હોય તો મને એવી જગ્યાએ ઊભો રાખો કે હું આ નળિયા જોઈ શકું. તો ઊંચો એક ઓટલો હતો એના ઉપર ઊભા રહીને સ્વામીએ જોયું. તો જેમ જેમ નળિયા નીરખતા જાય એમ અંતરમાં શાંતિ થતી જાય! એમ બધા નળિયા એક પછી એક નીરખવા લાગ્યા. તો અંતરમાં સંપૂર્ણ શાંતિ છવાઈ ગઈ અને મહારાજની મૂર્તિનું દર્શન થવા લાગ્યું. વાહ! પર્વતભાઈ વાહ! ધન્ય છે તમને ને ધન્ય છે તમારા આ નળિયાને! મેં ભગવાન સ્વામિનારાયણનું વચન ન માન્યું તો આટલો હેરાન થયો. જો પહેલેથી જ માન્યું હોત તો આ તરખટ ન રહેત. એમ આપણે ભગવાનના વચનો બરાબર માનવા.

(એક હરિભક્તને મહારાજ ધ્યાન કરતાં શીખવે છે.)

મહારાજ કહે છે કે મારી મૂર્તિનું ધ્યાન કરવું. મહારાજ ધ્યાન કરવાનું શીખવે છે કે જો ભાઈ! આ હું સામે બેઠો છું અને તું મને નીરખે છે. નખશિખા બરાબર નીરખી લે. અને પછી આંખો મીંચીને જો, હું બરાબર દેખાઉં છું કે નહિ? એકીટશે એણે લગભગ પાંચ-દશ મિનિટ જોઈને મહારાજની મૂર્તિનું નિરીક્ષણ કર્યું, ખૂબ નિહાળી. અને નિહાળ્યા પછી આંખો મીંચી તો અંદર કાંઈ દેખાય જ નહિ. મૂર્તિ જ ન દેખાય. તો મહારાજ

કહે અમારી મૂર્તિ દેખાણી? તે કહે કે ના, મહારાજ નથી દેખાણી. મહારાજ કહે કે સારું. એમણે એમ કહ્યું કે જો ભાઈ, અનેક જન્મો થયા ત્યાં સુધી તમે બાહ્યવૃત્તિ કરી છે. ખાવું-પીવું, મજા કરવી અને દેહ પડે એટલે બીજો જન્મ ધરવો; એમ ભટકવાનું જ કામ કર્યું છે. તો એટલી બધી બાહ્યવૃત્તિ કાઢીને અમારી મૂર્તિનું સ્વરૂપ જોવું એ સહેલું નથી. ત્યારે એણે એમ કહ્યું કે મહારાજ! તમે તો શક્તિમાન છોને? હું તમારા શરણે આવ્યો અને તમે કહો એમ કરવું જોઈએ. મહારાજ કહે કે તો બરાબર. હું કહું એમ તો કરીશને? તે કહે કે હા. પછી મહારાજે પોતાની મૂર્તિનું સ્વરૂપ એને આપ્યું. હવે તું આ સ્વરૂપ રાખ. સવારે એ મૂર્તિ રાખી અને સામે નીરખ્યા કરવું. વળી આંખો મીંચી જોઈ લેવું. ન દેખાય તો મૂંઝાઈશ નહિ. કારણ કે તું ભગવાનનું સ્વરૂપ આંખો ઉઘાડીને તો ધ્યાન કરે છેને? આમ ધ્યાન કરવું એ ધ્યાન નથી? ધ્યાન જ છે. પણ સર્વોત્તમ સ્થિતિને પામવું હોય તો અંતર તરફ પ્રતિલોમ તો થવું પડેને?

નેપોલિયને આખું વિશ્વ જીતવાની તૈયારી ઘણી ખરી કરી નાખી. પણ મરતી વખતે એણે શું કહ્યું? કે મારું જીવન નિષ્ફળ ગયું. મેં બાહ્ય દુનિયા જીતી એ તો મામૂલી વસ્તુ છે. કોઈ પણ પ્રયત્ન કરે તો એ મેળવી શકે, પણ અંદરનું તો મેં કાંઈ ન મેળવ્યું. એમ કહી અને એણે દેહ છોડ્યો. જુઓ, ત્યારે એને અંદરની મહત્તા સમજાણી.

ભગવાને એને કહ્યું અને એણે લગભગ છ મહિના સુધી એમ કર્યું ત્યારે એને શાંતિ થઈ, પણ મહારાજની

મૂર્તિ ન દેખાય. ત્યારે મહારાજને કહ્યું કે મહારાજ! મને મૂર્તિ નથી દેખાતી હજી, શું કરવું? મહારાજ કહે કે તું મને કેવો સમજે છે? તે કહે કે ભગવાન! હું તો આપને સર્વોપરી ભગવાન સમજું છું. મહારાજે કહ્યું કે તો મારું સ્વરૂપ તને દેખાય એ મને ખબર પડે કે નહિ? મેં કહ્યું એમ તું કર્યા કર. હું અંતર્યામી ખરો કે નહિ? મહારાજ! તો કેમ પૂછે છે? કંટાળ્યા વગર તું ધ્યાન કર્યા કર. તો એણે સન્મુખ મૂર્તિનું ધ્યાન કર્યા કર્યું. તો આંખો મીંચી તો ભગવાન સ્વામિનારાયણ સન્મુખ દેખાણા! હા હો! જે બિલકુલ નહોતા દેખાતા. આંખ મીંચેને અંધકાર જ લાગે. અને હવે મહારાજની મૂર્તિ દેખાણી! વળી પાછી એ ઝાંખી થઈ જાય. એકદમ બંધ થઈ જાય દેખાતું. વળી આંખ ઉઘાડે અને મહારાજની મૂર્તિ નખશિખા દેખે. તો એક અંગ સરખું દેખાય, એક અંગ સરખું ન દેખાય આવું બધું થાય. તો એણે બ્રહ્માનંદ સ્વામી જેવા અનાદિમુક્તને પકડ્યા. સ્વામીને કહે કે મારે ધ્યાનમાં આવું થાય છે. શું કરવું? એક અંગ સરખું દેખાય, એક અંગ સરખું ન દેખાય, મહારાજની મૂર્તિ ઘડીકમાં સરખી દેખાય, ઘડીકમાં સરખી ન દેખાય, ઘડીકમાં કંઈ જુદું સ્વરૂપ દેખાઈ જાય. આ બધું શું થાય છે? બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું કે તને ધ્યાન કરતાં બરાબર નથી આવડતું. તે કહે કે સ્વામી! ત્યારે ધ્યાન કરતાં શીખવોને?

ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું કે જુઓ, તમે મૂર્તિને નિહાળો છો, પણ મહારાજનું ભાલ કેવું છે એ ખબર છે બરાબર? મને બોલી બતાવો. તે કહે કે ના સ્વામી! એ

તો ન આવડે. ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું કે તમે કેવી રીતે મહારાજનું સ્વરૂપ નીરખ્યું? ભાલ નીરખો, નેણ નીરખો, નાસિકા કેવી સરસ છે એ નીરખો; એમ દરેકે દરેક અંગ નીરખી અને અંતરમાં ઊતારીને જુઓ. ભલે સન્મુખ દેખાય તો સન્મુખ જુઓ, પણ જેવા તમે આંખ ઉઘાડીને મહારાજને દેખો છો એવું જ દેખાય ત્યારે જંપ ખાઓ. તે કહે કે સારું. પછી એણે પહેલાં મુખારવિંદ જોયું. એ મુખારવિંદને દૃઢ કરતાં છ માસ ઉપર વીતી ગયા. તો મુખારવિંદ સરસ દેખાવા લાગ્યું. તો બ્રહ્માનંદ સ્વામી કહે કે હવે સ્વરૂપ આ જ રીતે દૃઢ કર્યા કર. તો એમણે એ સ્વરૂપ દૃઢ કરી લીધું ધીરે ધીરે. બે વર્ષ કે ત્રણ વર્ષ જેટલો સમય વીતી ગયો તો ય એ ભગવાનના ભક્ત કંટાળ્યા નહિ. વચનામૃતમાં પણ કહ્યું છે કે ધ્યાન કરતાં જો મારી મૂર્તિ ન દેખાય અને એ પડી ન મૂકે એ ભક્તને હું વશ થઈ જાઉં છું. લખ્યું છેને? તો કંટાળવું તો ન જોઈએને? અંતે તો પૂરું જ કરી દેશે, પણ છતી દેહે મહારાજની મૂર્તિનો સાક્ષાત્કાર કરવા માટેનું જ આ ધ્યાન છે હો! બાકી યમ-નિયમ-ધર્મ પાળશો અને પાંચ વાર માનસીપૂજા - પાંચવાર તો બધા નહિ જ કરી શકતા હો અને એકાદ-બે એકવાર તો કરતા હશો, કદાચ સવારે કે સાંજે. પણ પાંચવાર માનસીપૂજા કરવી જોઈએ એવો મહારાજનો આદેશ છે. તો એણે મૂર્તિ દૃઢ તો કરી. આંખ મીંચે અને મૂર્તિ એવી સરસ દેખાય. ત્યારે હવે કહ્યું કે ભગવાનનું સ્વરૂપ તો દેખાય છે, પણ ભગવાનના સ્વરૂપનું સુખ તો આવતું નથી; અને બીજી વસ્તુ જમું છું

તો એનો સ્વાદ આવે છે, સારી વસ્તુ જુએ તો આંખ ડોલી ઊઠે છે. તો આ ભગવાનનું સ્વરૂપ જોઈને મને સુખ કેમ નથી આવતું? એ સારી વસ્તુ જમું છું તો મજા પડે છે. મૂર્તિ દેખાય તો છે, પણ સુખ નથી આવતું.

ત્યારે બ્રહ્માનંદ સ્વામી એને આગળ કહે છે કે ભાઈ! એ ભગવાનનું સ્વરૂપ જે સામે છે એ સ્વરૂપ ને તારી વચ્ચે એકતા ક્યાં છે? અંતર છે. ભગવાન અને ભક્ત કોઈ દિવસ એકબીજાથી જુદા નથી રહેતા. તો તું તો જુદો થયો. તું અહીં ને ભગવાન અહીં. તે કહે કે તો શું કરવું? બ્રહ્માનંદ સ્વામી કહે કે એમ કરવાનું કે એના ઢૂકડું થવાય એવું કરવું જોઈએ. ઢૂકડું જવું જોઈએ. તો એમણે પંચ વર્તમાનની એટલી બધી વાતો કરી ખૂબ. અત્યારે હું નહિ કરું. પણ પંચ વર્તમાન સ્થૂળ અને સૂક્ષ્મ સ્વરૂપમાં સમજીને પાળે તો મહારાજની મૂર્તિ આબેહૂબ દેખાય. ભગવાનને બોલાવવા પડે નહિ. આપોઆપ આગળ આવીને ઊભા રહે. પણ આ જે પંચ વર્તમાન છે એનું સ્થૂળ સ્વરૂપ જ આપણે પાળીએ છીએ. સૂક્ષ્મ સ્વરૂપનું અર્થઘટન સત્પુરુષ થકી સમજવું પડે. પંચ વર્તમાનમાં કંઈ જ કહેવાનું મહારાજે બાકી રાખ્યું નથી. એ સન્મુખનું ધ્યાન એને અનુલોમનું ધ્યાન કહે છે. એ ઢૂકડું નથી. એ ધ્યાનમાં ભગવાન અને ભક્ત વચ્ચે અંતર રહે છે. એ અંતર ઢૂંકડું કરવું છે. બ્રહ્માનંદ સ્વામી કહે કે તું એ મૂર્તિને ઢૂંકડી કરને? તે કહે કે ભગવાનને હું નજીક ધારું? બ્રહ્માનંદ સ્વામી કહે કે હા, હા. તો ધારતા ધારતા એને અડી ગઈ. તો તે કહે કે હવે ધ્યાન જ કેવી

રીતે કરું? મને કોઈ વસ્તુ અડી જ જાય તો હું ધ્યાન કેવી રીતે કરું? ભગવાન દૂર હોય તો ધ્યાન થાયને? ત્યારે બ્રહ્માનંદ સ્વામી કહે કે હું તને ઢૂંકડું થવાય, જરાય અંતર ન રહે એવું ધ્યાન શીખવું છું.

તો બ્રહ્માનંદ સ્વામી જેવા અનાદિમુક્ત એને પ્રતિલોમ ધ્યાન શીખવે છે. એ શું શીખવે છે? એ એને કહે છે કે તારો હાથ બતાવ જોઈએ. તો કહે કે આ રહ્યો સ્વામી. સ્વામી કહે કે તારું મુખ બતાવ જોઈએ. તો કહે કે આ રહ્યું. સ્વામી કહે કે અરે! તને તો બધી ખબર પડે છે દેહની. તો દેહની જ્યાં સુધી સ્મૃતિ રહે, ત્યાં સુધી મહારાજની સ્મૃતિ કેવી રીતે થાય? એની સાથે એકતા કેવી રીતે થાય? તું આંખો મીંચી જા. હવે તારો દેહ તને દેખાય છે? ના. તો પછી આંખો મીંચેલી જ રાખને. દેહ દેખાય જ નહિ. તે કહે કે જો હું આંખો મીંચેલી જ રાખું તો દેહ દેખાય જ નહિ. તો ધ્યાન થઈ શકે ખરું? બ્રહ્માનંદ સ્વામી કહે કે આંખો મીંચી જા પછી તું પલાંઠી વાળીને બેઠો છો એવોને એવો સામે જોવે એવી ધારણા આવડે ખરી? હા, સ્વામી. કર જોઈએ. તારો દેહ -આ તું કેમ બેઠો છે એ- દેખાયો? હા, સરસ દેખાયું. તું આટલો બધો દેહ સાથે જોડાયેલો છે, માટે તને દેહ તરત દેખાયો. ત્યારે મહારાજની મૂર્તિનું ધ્યાન કરવાનો તું હજી આરંભ જ કરે છે, જ્યારે દેહનું ધ્યાન તો તેં અનેક જન્મો સુધી કર્યું. એ સમજી લે. એ ભૂલવો છે. તો હવે એમ કર જોઈએ તારા દેહની જગ્યાએ- તારો દેહ તેં જોયોને એ જોઈ શકેને? હવે કંઈ દેખાય? કે' કાંઈ નો

દેખાય. તો જે મૂર્તિ છે એ માયિક દેહ ભૂલીને એ દેહની જગ્યાએ મૂર્તિને જોતો થઈ જા તો. વળી પાછા સ્વામી મૂર્તિ પોતાના ખોળામાં લઈને કહે છે કે આવી રીતે પ્રતિલોમપણે ધ્યાન કરી તો જો. પ્રતિલોમપણે એ જોવા માટે એને ખૂબ તકલીફ પડતી કે હું કઈ રીતે જોઉં? તો પ્રશ્ન ઊઠ્યો કે ભગવાનની મૂર્તિ અહીં આંખ પાસે આવી ગઈ, પણ એને જોવી કેવી રીતે? બ્રહ્માનંદ સ્વામી કહે કે એ આ આંખથી નથી જોવાની. ત્યારે કઈ આંખથી જોવાની? તો દિવ્ય ચક્ષુથી જોવાની છે.

તો સ્વામી કહે છે કે તને દિવ્ય ચક્ષુ હું આપીશ. ઉતાવળ ન કરીશ. હું તને રસ્તો બતાવું કે આ દેહમાં તું રહ્યો છે, તો દેહમાં રહીને તું બધું જુએ છેને? તારી આંખ નથી જોતી, પણ તારો ચૈતન્ય આ બધી વસ્તુ જુએ છે. સાંભળે છે ચૈતન્ય, જમે છે ચૈતન્ય. ચૈતન્ય નીકળી જાય તો શબ જમે ખરું? માટે દેહનું અસ્તિત્વ જ્યારે ભૂલી જવાય ત્યારે જ ભગવાનની ખરી સ્મૃતિ રહે. અને આપણે જમીએ ત્યારે ભગવાનને જમાડવું એમ કહીએ છીએને? ઠાકોર જમાડવા. તો ખરેખર ઠાકોર જમાડીએ છીએ? મહારાજ જો અહીં હોય તો આમ આમ જમવું? કઈ રીતે જમવું? અરે ભાઈ! એમ નહિ જમવાનું. મહારાજ જમે ને તું દર્શન કરે એવો થઈ જા. આ દેહ, પગ આમ હાલે એ તું જોવે છે શેમાં રહીને? દેહમાં રહીને. તો મહારાજની મૂર્તિના સ્વરૂપમાં તું ઊંડો ઊતરી જા એવી ધારણા કરને. અને એવી રીતે જો. તો કહે કે હા સ્વામી. હું પ્રયત્ન કરી જોઉં. તો એમને પ્રયત્ન કરતાં

કરતાં લટક હાથ આપોઆપ આવી ગઈ. તે અંદર રહી અને એ ચૈતન્યસત્તાએ ભગવાનનું સ્વરૂપ આમ જોયા કરે. હવે જમે ત્યારે મુશ્કેલી ઊભી થાય. તો જમે તો મહારાજ જમેને? તો એને દેહની સ્મૃતિ થઈ આવે કે આ તો હું જમું છું.

ત્યારે ભગવાનના અનાદિમુક્ત બ્રહ્માનંદ સ્વામી જેવા કહે છે કે જો દેહને ભૂલવો એ કેટલી અઘરી વાત છે! થોડી ધીરજ રાખો. એમ કરતાં કરતાં મારી મૂર્તિમાં રહીને જેટલું ઘડી-બે ઘડી, સવાર-સાંજ એવો અભ્યાસ કરો. તમને પ્રવૃત્તિ હોય તો થોડું થોડું કરો. સવારે ધ્યાન કરો થોડું આ રીતે. સાંજે કરો. પણ એમ પ્રતિલોમ ધ્યાનનો અભ્યાસ કરતાં કરતાં તે સહજ થઈ જાય છે. જુઓ સાઈકલ ચલાવવી હોય તો પહેલાં બેલેન્સ ગોઠવવામાં કેટલી મહેનત કરવી પડે? તરવું હોય તો એકબીજા હાથ આમ આમ હલાવે અને જ્યારે તરવાની રીત આવડી જાય પછી સહેલું થઈ જાય છેને? એમ ભગવાનના સ્વરૂપમાં રહીને ભગવાનના સ્વરૂપના દર્શન કરીએ ત્યારે એ સ્થિતિ સહજ થઈ જાય ભગવાનની કૃપાથી. પુરુષ-પ્રયત્ન પચાસ ટકા. મહારાજ ત્રણ વસ્તુ ગણાવે છેઃ પ્રારબ્ધ, પુરુષાર્થ અને કૃપા. હે મહારાજ! પુરુષાર્થનું અને પ્રારબ્ધનું શું કામ? અરે ભાઈ! પ્રારબ્ધ એટલા માટે કહું છું કે તું ભગવાનનું ભજન કરતો કરતો જો આવ્યો હો તો તારા એવા પ્રારબ્ધથી જલદી તને મહારાજના સ્વરૂપનું દર્શન થાય. તું જ્યાંથી અટક્યો હતો ત્યાંથી આગળ આવવાનું. પણ તેં બાહ્યવૃત્તિ કરી

અને અંતરવૃત્તિ કરી જ નથી અને આવ્યો છો માટે ટાઈમ લાગે. આ તો એકને એક બે જેવી વાત. અને અનંત જન્મો સુધી થાક્યા નહિ અને હવે એક જન્મ સુધી પ્રવૃત્તિ કરતાં કરતાં ભગવાનની મૂર્તિ ધારવામાં કંટાળો આવે? એ કઈ રીત? બધું કરો પણ ભગવાનની સ્મૃતિ સહિત કરો. ત્યારે એ મૂર્તિમાં પ્રવેશ કે સંબંધ કહેવાય. પણ એ હજી અનુસંધાન છે માટે એ પ્રવેશ હજી સાધનદશામાં છે. એ સહજ થઈ જવો જોઈએ. એ ક્યારે થાય? અભ્યાસથી બધી વસ્તુ સહજ થાય. તરવાની વસ્તુ જો સહજ થઈ જતી હોય તો આવડી મોટી સહજ વસ્તુ કરવા માટે થોડો અભ્યાસ તો કરવો પડેને?

એક ગ્રેજ્યુએટ થતાં અઢાર વર્ષ સુધી હેરાન થઈ જાય. નિશાળમાં, ઘરે, ગૃહકાર્ય કરે, પરીક્ષાઓ આપે, ત્રાસ થઈ જાય. તો ય એ ગધ્ધાવૈતરું કર્યા જ કરે. પણ ભગવાનના સ્વરૂપને પામવાનો સંકલ્પ થાય નહિ એનું કારણ શું? એને એવા સંત કે એવા ભાગવત સંત, એવા અનાદિમુક્ત મળ્યા નથી. તો ભગવાનના અનાદિમુક્તની શોધમાં નીકળવું જોઈએ. અને એ અનાદિમુક્તનો જોગ બાહ્ય રીતે અને આંતરિક રીતે કરીને એના થકી જ્ઞાન સમજવું પડે. એ સમજ્યા પછી એ સમજણ પ્રમાણે એ કહે એમ કરવું પડે અને અંતરવૃત્તિએ એ કહે એમ કરીએ એ અંતરવૃત્તિએ સમાગમ કહેવાય. એ કહે એમ કરીએ એ બાહ્ય સમાગમ કહેવાય. તો બાહ્ય સમાગમમાંથી અંતરસમાગમમાં જતા રહેવું જોઈએ. મહારાજની મૂર્તિમાં રહ્યા છીએ એવું અનુસંધાન રહે એ પ્રતિલોમ ધ્યાન.

એ વખતે એ યાદ રાખીએ કે ચૈતન્ય તો નિરાકાર અને તેજોમય છે. પણ એના પર આવરણ હોય છે. તો એ નિરાકાર ચૈતન્ય જ્યારે ધ્યાનમાંથી ભગવાનની મૂર્તિમાં પ્રવેશ કરે, ત્યારે એ નિરાકાર તેજોમય ચૈતન્ય સાકાર બની જાય છે. પણ એના ઉપર આવરણ છે. એ આવરણને લીધે એનું જે તેજ-ચૈતન્યતેજ છેને? એ ચૈતન્ય-પ્રકૃતિ એ ચૈતન્યનું તેજ અને શ્રીજીમહારાજની ચૈતન્ય-પ્રકૃતિ. એ વિલક્ષણ પ્રકૃતિ. ચૈતન્ય-પ્રકૃતિ એટલે તેજ. એ તેજ તેજમાં ભેદ છે. ટ્યુબલાઈટ હોય અને એક ઘાસલેટનો દીવો મૂકો તો એ ઘાસલેટના દીવાનો પ્રકાશ એમાં વિલીન થઈ જાય છે. કંઈ જતો નથી રહ્યો. ટ્યુબલાઈટ બંધ કરો એટલે તરત જ એનો પ્રકાશ જોવામાં આવે. એમ આપણો ચૈતન્ય- આત્મા જ્યારે આવરણથી રહિત થાય, ત્યારે એ તેજોમય બને છે. એને આ ભગવાનના અક્ષરધામરૂપ તેજની સાથે આપોઆપ જ એકતા થાય. ત્યારે પ્રતિલોમ ધ્યાનમાં ચૈતન્ય નિરાકાર સ્વરૂપે -જેમ દેહમાં નિરાકાર સ્વરૂપે રહ્યો છે એમ- એ ચૈતન્ય પ્રકૃતિથી એમાં રહી અને મહારાજનું સ્વરૂપ જોવે છે. એ જોતાં જોતાં મહારાજની કૃપાથી એ ચૈતન્ય ઉપરના આવરણ હટતા જાય છે. એ જેવા હટી જાય તે જ ક્ષણે મહારાજની ચૈતન્ય-પ્રકૃતિ એની ચૈતન્ય-પ્રકૃતિને દિવ્ય સાકાર બનાવી દે છે. અને દિવ્ય સાકાર બનતાની સાથે જ એ મૂર્તિની અંદર મહારાજની મૂર્તિને તો દિવ્ય સાકાર જુએ છે; અને પોતાને પણ જાણે છે કે દિવ્ય સાકાર મહારાજે મને બનાવી દીધો.

આવા અનંત દિવ્ય સાકાર સ્વરૂપો એટલે કે અનાદિમુક્તો એ મૂર્તિમાં રસબસ રહી અને સુખ લીધા કરે છે. એ સુખ લેવાની કળા અલૌકિક છે. કોઈને એમ કહીએ કે આ સાકર કેવી? તો કહે ખાધા જેવી. એનું વર્ણન થઈ શકે? ખાવી જ પડે. ત્યારે અનુભવથી ખબર પડે કે મૂર્તિની અંદર રહીને એ સુખ ભોગવવાની કળા કેવી અલૌકિક છે! કોઈકે કહ્યું કે માછલાં રમે એમ કિલ્લોલ કરે છે મહારાજના મુક્તો. તો માછલાંની જેમ કરે છે? ભાઈ! માછલું કેવું ત્યાં. માછલાંનું દૃષ્ટાંત તો અપૂર્ણ છે, માયિક છે. આ તો દિશ બતાવવા માટે આપ્યું છે. તો એ કિલ્લોલ શું? તો મહારાજની મૂર્તિની અંદરથી નવીન નવીન સુખ પ્રગટ થતું રહે છે. એની પાસે માછલી તો શું પણ કોઈ પણ પ્રાણી કરતાં પણ એને વધારે ને વધારે સુખનો આનંદ રહે છે. મુક્તોને તો આ સુખ એ જ આહાર. અનંત કાળ સુધી તૃપ્ત થતા નથી. હવે ત્યાં કઈ પ્રવૃત્તિ હોય કહો? ત્યાં કોઈ સેવા નહિ, ત્યાં કોઈ થાળ કરીને ધરાવવાનો નહિ.

ત્યારે અહીંયા આ બધું શું કામ કરવાનું? કે મહારાજ સાથે સંબંધ કરવા માટે બધું જરૂરી છે. કારણ કે ભગવાનને થાળ જમાડો તો ભગવાનની સ્મૃતિ રહે, ભગવાનની પૂજા કરીએ તો ભગવાનની સ્મૃતિ રહે, ભગવાનના પંચવર્તમાન આંખ સામે રહે તો સરસ જીવન જીવતાં આવડે. એમ ભગવાનના સ્વરૂપને સંભારવાને માટે પણ આ બધું જ કરવું પડે. આવા મહોત્સવોમાં આવવું પડે. એમાં પધારતા આવા સંત કે મહાન મુક્તોનો જોગ

પણ કરવો પડે. એમાં આપણે જે કાંઈ પ્રશ્નો ઊઠતા હોય એ કહેવા જોઈએ. પણ એ કહેવા ન આવે, તમે પૂછો તો જવાબ આપે. તો એ સમજણ દૃઢ કરવી જોઈએ.

તો ધ્યાન કરવાની રીતની અંદર પણ બીજા સાંગ, ઉપાંગ એવા બધા ધ્યાન છે એ અનુલોમ અને પ્રતિલોમની વચ્ચે છે. એને ઠેક દઈને પ્રતિલોમમાં જ ન જઈએ, એ સાંગ-ઉપાંગની માથાકૂટમાં પડીએ. સીધા અનુલોમમાંથી પ્રતિલોમમાં ઠેક દઈને જવાનું. જેમ એરોપ્લેન ઊડે તો ઊડ્યું એવું ભેગું વચમાં ક્યાંય અટકે જ નહિ ને સીધું જઈને મુકામ ભેગું થઈ જાય. એમ અનુલોમવૃત્તિમાંથી સીધા જ ઠેક દઈને ભગવાન સ્વામિનારાયણની મૂર્તિમાં ન જઈએ? દેહમાં શું કામ પડ્યા રહીએ નિરાકારરૂપે? દેહમાં નિરાકારરૂપે પડ્યા રહેવું એ કરતાં ભગવાનના સ્વરૂપમાં પડ્યા રહીએ તો? આપણો આ દેહ જ નથી, એને ભૂલી જઈએ તો? બરાબર? ત્યારે આ ટૂંકમાં કહ્યું. હજી ઘણું કહેવું હોય તો ય કહી શકાય. કારણ કે ધ્યાનના પ્રકાર પણ ઘણા. પણ નાના બાળકોને પણ ખબર પડી જાય એટલી સરળ આ વાતથી હું અટકું છું. આટલું કહી અને આપ સૌનો રાજીપો માગીને.

પણ એક વાત કહું કે અનાદિ મુક્તરાજ અબજીબાપાશ્રીએ મને આ વાત એમના મુક્તો દ્વારા સમજાવી. અને એ સંતો પણ જેમ અવતાર હોયને એ અવતારથી પણ ચડી જાય એટલી સામર્થીવાળા હતા એવું મને ખબર પડી. ભગવાન સ્વામિનારાયણના મુક્તાવતાર છે એ વાત બાપાશ્રીએ સમજાવી. અવતારો પ્રગટ થાય છે

મૂર્તિમાંથી અને મૂર્તિમાં લીન થાય છે. કયા અવતાર? અરે! ગુણાતીતાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામી કહે છે કે અન્ય અવતારોને તો મહારાજના દર્શન પણ નથી! કેવી રીતે થઈ શકે? ભગવાનના દર્શન કરવા હોય એ તો બગાસું ખાતા સાકરનો ગાંગડો મહારાજે આપણા મોઢામાં મૂકી દીધો એટલે આપણે ફાવી ગયા છીએ. એ અવતારોની ગણતરી આ મુક્તાવતાર પાસે શું છે? તે મુક્તાવતારના દર્શન કરવા -આ પર્વતભાઈના દર્શન કરવા- માટે અવતારો ને દેવો ફરે છે. ત્યારે યાદ રાખીએ કે ઉપાસના એનું નામ કે ત્યાં પછી હનુમાન-ચાલીસાનો પાઠ ન કરવો પડે. હનુમાનજી મોટા કે ભગવાન સ્વામિનારાયણ મોટા? (સભાઃ ભગવાન સ્વામિનારાયણ.) જો ભગવાન સ્વામિનારાયણ મોટા હોય તો બીજાના જપ કરવાની જરૂર ક્યાં? બીજાના જપ કરીએ તો ઉપાસનાનું ઠેકાણું કહેવાય? ન કહેવાય. ભલે બધા દેવોનો આદર કરીએ, અવતારોનો આદર કરીએ, પણ મહારાજ સિવાય કોઈમાં સારપ્ય મનાઈ જાય તો એ ભગવાનનું સ્વરૂપ હાથ આવે નહિ. થોડું ભગવાન લંબાવી દે પાછું. તો ભગવાનને લંબાવવા દેવા માટેની ફરજ આપણે ન પાડીએ એવી સરસ ઉપાસના કેળવીએ. અને એવી સરસ ઉપાસના અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રીએ પોતાના જીવનથી બતાવી. અણીશુદ્ધ વર્તન! ત્યાગીને પણ શરમાવું પડે! અને વર્તન અને વાણી બે ય એક એમનું. એમને જોઈને લોકો દંડવત કરવા મંડી પડતા! એવા એ દિવ્ય પ્રભાવશાળી હતા. અને એમનો એ દિવ્ય પ્રભાવ,

ચમત્કાર એ બધું ય અહીં વર્ણવું તો બીજો કલાક જોઈએ. એમ નથી કરતો, પણ બાપાશ્રીથી આટલું બધું પ્રભાવિત થયો એનાથી તેમાં મેં રસ લીધો છે અને એ રસ તદ્દન વૈજ્ઞાનિક રીતે લીધો છે એ સત્ય કહું છું. પાંચસો સાધુ અને પાંચસો પરમહંસની સાક્ષીએ કહું છું કે અબજીબાપાશ્રી મહારાજની મૂર્તિના સુખમાં હતા અને એ સુખમાં રહીને એમણે મોટી મોટી સંતમૂર્તિઓ ઊભી કરી દીધી. એમને જોઈને હૃદયમાં ટાઢક થઈ જતી. એમણે અનેકને ભગવાનની મૂર્તિનું ધ્યાન કરતાં કરી દીધા.

તો સ્વામિનારાયણ ભગવાને આ ઉત્સવ કેટલો સરસ રીતે ઉજવ્યો! This festival is going on very smoothly! સરળતાથી ચાલ્યો જાય છેને? બધાને આનંદ પડે છે કે નહિ? હૈયામાં પૂછી જુઓ. જો ન પડતો હોત તો આટલી મેદની હોત ખરી? ત્યારે ભગવાન સ્વામિનારાયણ પોતાના અનાદિમુક્ત ઉપર કેટલા રાજી હોય? 'સંત તે મારી મૂરતિ રે તેમાં ફેર નહિ એક રતી રે.' કેવું કહી દીધું? કે મારી સંતમૂર્તિને વિષે જો આત્મબુદ્ધિ કરશો તો ય મારા દિવ્ય સુખને પામશો. એ ભગવાનના પ્રગટ મુક્ત અથવા તો જે થઈ ગયેલા બ્રહ્માનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી જેવા મુક્તોને મનોમન યાદ કરીને, સ્મૃતિ કરીને પ્રાર્થના કરીએ તો આપણને આપોઆપ અંતરજ્ઞાન થાય. પણ ભગવાન કે ભગવાનના મુક્તોનો અંતરવૃત્તિએ કે બીજી રીતે જોગ કર્યા વગર પાર આવશે નહિ. આપ સૌ અહીં પધાર્યા.

આ બાપા તમને લાવ્યા. એ દિવ્ય આકર્ષણ એવું થયું કે તમને એમ થયું કે લાવો જઈ આવીએ. જાવું તો ખરું. કોઈને સગવડતા કરી દીધી, કોઈને કંઈ કરી દીધું. અને સૌને કહી દીધું કે આ મહોત્સવમાં આવશે એનો છેલ્લો જન્મ હું કરીશ એમ ભગવાન સ્વામિનારાયણ બોલે છે. એની સાક્ષી જ છેને? કે આટલી બધી મેદની અહીંયા આવી અને આ મહોત્સવ માણે છે. તો એ કોનો દિવ્ય પ્રભાવ? અનાદિ મુક્તરાજ અબજીબાપાનો. એ પ્રભાવમાં કોનો પ્રભાવ? ભગવાન સ્વામિનારાયણનો. અનંત અનાદિમુક્તો સેવકભાવે જે મૂર્તિના સુખમાં રહે છે એ સુખમાં ભગવાન સ્વામિનારાયણે આપણને રાખ્યા. અને મહારાજ ખરા ટાણે આવીને ઊભા રહેશે અને બધા આવરણો દૂર કરી અને અનાદિમુક્તની પંક્તિમાં રાખીને આપણને એ દિવ્ય સુખનો અનુભવ કરાવશે. આટલું કહી આ દિવ્ય સભાનો રાજીપો ઇચ્છી, આવા બ્રહ્મનિષ્ઠ સંતોનો પણ રાજીપો-આશીર્વાદ ઇચ્છી અને હું મારું વક્તવ્ય પૂરું કરું છું. અને ભગવાન સ્વામિનારાયણને પ્રાર્થના કરું છું કે આવી દિવ્ય સભા ચારે કોર નજરે પડે. આવા ભગવાનના આવા સંતો બ્રહ્માંડમાં હોય? ના હોય. એવી દૃષ્ટિએ એટલે કે પુરુષોત્તમની દૃષ્ટિએ જોઈએ તો જ આવો દિવ્ય ભાવ આવે. આ વાત કરી અને હું વિરમું છું. તમારો સમય વધારે લીધો, ક્ષમા કરજો. પણ તમારી આજ્ઞાથી લીધો છે હો! એટલે ગુનેગાર નથી. સહજાનંદ સ્વામી મહારાજની જય! બાપાશ્રીની જય!

## સારાંશ

મહારાજના સંકલ્પથી પધારેલા બાપાશ્રીએ ખરા અર્થમાં મહારાજ ઓળખાવ્યા. જીવને અનાદિમુક્તની સ્થિતિ સમજાવી એ સુખ પામવાના પાત્ર કર્યા. મહારાજે સોંપેલું કાર્ય એમણે સંપૂર્ણ કરી બતાવ્યું. એવા જબરજસ્ત અનાદિમુક્ત હોવાથી આપણને સૌને એમના મહોત્સવમાં ઘાટ-સંકલ્પ ટળી જ જાય એ સ્વાભાવિક વાત છે.

અનાદિમુક્ત એટલે અત્યારે સુખ ભોગવું છું પહેલા નહોતું એમ નહિ. અખંડ સુખ અનુભવું છું તેવો અનુભવ થવો તે અનાદિમુક્તની સ્થિતિ છે. પરચા-ચમત્કારથી ભગવાન કે મોટા અનાદિમુક્તનું માહાત્મ્ય જાણવાની ઇચ્છા ન કરવી. એવી રીતે આવેલી સમજણથી સાચા ભક્ત ન બનાય. ચિત્તમાં મૂર્તિ ચોંટી જાય ત્યારે ખરું માહાત્મ્ય સમજાય અને સાચા ભક્ત બનાય. અનાદિમુક્તની સ્થિતિ થવી એ જ માનવજીવનનું ધ્યેય છે. ત્યાં પહોંચ્યા પછી જ છૂટકો. ત્યાં સુધી ભટક્યા કરવાનું છે. ભગવાનના સંકલ્પથી પધારેલા અનાદિમુક્ત પાત્ર-કુપાત્ર જોયા વગર જન્મ સુધારી દઈ મૂર્તિમાં રાખે છે તેનું નામ કૃપાસાધ્ય. તેઓ કૃપાસાધ્ય બને ત્યારે કાંઈ કરવું ન પડે. આશીર્વાદ માત્રથી પાત્ર થઈ જવાય. અનાદિમુક્તની વાણીમાં ભલે લીંક ન દેખાય, પરંતુ એ અનુભવની વાણી હોવાથી જીવોના જીવન પરિવર્તન કરી દેનારી હોય છે. અનાદિમુક્તની સ્થિતિ અનાદિમુક્તનો જોગ થયો હોય તો જ બાળપણમાંથી સીધું વૃદ્ધાવસ્થામાં જઈ શકાય. મહોત્સવની ફળશ્રુતિ એ કે હૈયામાં મહારાજની

મૂર્તિ પધરાવી દેવાય.

એકાંતિક ભક્ત થઈએ પછી જ ભગવાન પાસે જઈ શકાય છે. ચપટી વગાડતા મૂર્તિના સુખમાં મૂકી દે એવા અનાદિમુક્તનો જોગ કરવો. અનાદિમુક્ત બોલે થોડું ને કામ વધુ કરે. તેઓ કહીને કરતાં કરીને બતાવે છે. વાણી કરતાં વર્તન વધુ વાતો કરે છે. એકાંતિક કરતાં પરમ એકાંતિકની સ્થિતિ અધિક છે. અને એ કરતાં અનાદિમુક્તની સ્થિતિ અતિ અધિક છે. માયિક વસ્તુના ગુણધર્મો દિવ્ય વસ્તુના ગુણધર્મોથી તદ્દન જુદા છે. દિવ્ય વસ્તુનું વર્ણન ન થઈ શકે એ સ્વાનુભવનો વિષય છે. મહારાજ અને મહારાજના અનાદિમુક્ત કહે તેમ કરીએ તો ભગવાનનું સુખ મળે.

મહોત્સવમાં અનાદિમુક્ત દ્વારા છેલ્લા જન્મના આશીર્વાદ મહારાજ જ આપે છે. બિલકુલ મહેનત વગર આશીર્વાદથી પાત્રતા આવે ખરી, પરંતુ થોડો પુરુષાર્થ આપણે કરીએ તો મહારાજ વધુ રાજી થાય. ભગવાનને જેવા છે તેવા જાણનારા જ ભગવાન કેવા છે તે કહી શકે છે. જેને છતી દેહે મહારાજના દિવ્ય દર્શન કરવા છે તેના માટે સરળ માર્ગ છે ધ્યાન કરવું. અનાદિમુક્ત રહેતા હોય તે નિવાસસ્થાન, આજુ બાજુની જગ્યા બધું જ દિવ્ય હોય છે તે પણ મનમાં શાંતિ લાવે છે. અંતર નિર્મળ બને છે. ધ્યાન કરતાં પહેલાં અંતરને નિર્મળ બનાવવું પડે. અનંત જન્મો સુધી બાહ્યવૃત્તિ કરી હોવાથી અંતર્વૃત્તિ આસાનીથી થતી નથી. ખુલ્લી આંખે જેવી મૂર્તિ સ્પષ્ટ દેખાય તેવી અંતરમાં દેખાવી જોઈએ. કંટાળ્યા

વગર ધીરજ રાખી પ્રયત્ન કર્યા જ કરવાના. સફળતા મેળવવા અનુભવી સંતનું માર્ગદર્શન, તેમના આશીર્વાદ, તેમની કૃપા અતિ આવશ્યક છે. ધ્યાનમાં શરૂઆતમાં મૂર્તિ સન્મુખ દેખાય, દૂર દેખાય તેણે પંચવર્તમાન સ્થૂળ-સૂક્ષ્મ અર્થમાં સમજી તેને પાળી મૂર્તિ વધુ નજીક લાવવી. ત્યાર બાદ મૂર્તિનું પ્રતિલોમ ધ્યાન કરવું. અને તેના માટે દેહ ભૂલવો પડે, દેહભાવ કાઢવો પડે. દેહમાં રહેલો ચૈતન્ય જ સર્વ ક્રિયા કરે છે. એ ચૈતન્યમાં મહારાજ પધરાવી દેવા અને પછી આપણે જોવું કે મહારાજ સર્વે ક્રિયા કરે છે. પ્રતિલોમ ધ્યાનનો અભ્યાસ કરતા તે સહજ બને છે. સહજ બનાવવા અનાદિમુક્તનો જોગ બાહ્યવૃત્તિએ તેમજ આંતરિક વૃત્તિએ કરવો જોઈએ.

નિરાકાર એવો આપણો ચૈતન્ય આવરણે રહિત થાય ત્યારે પ્રકાશે છે. અને આપોઆપ મહારાજના તેજ સાથે તેની એકતા થાય છે. અને મહારાજની કૃપાથી એ ચૈતન્ય સાકાર બને છે. અને મહારાજે તેને દિવ્ય સાકાર બનાવ્યો છે તેની જાણ પોતાને થાય છે. આ અનાદિમુક્તની સ્થિતિ છે. મૂર્તિમાં રહી મૂર્તિનું સુખ ભોગવવાની કળા અલૌકિક છે. એ અનુભવે જ ખબર પડે. મહારાજનું દિવ્ય સુખ હરપળે નવીન-નવીન હોય છે. અનંત કાળ સુધી મુક્તો એ સુખ લેતા તૃપ્ત થતા નથી. ત્યાં કોઈ સેવા નથી. કોઈ સાધન નથી. ભગવાનને થાળ જમાડવો-પૂજા કરવી તે બધા સાધનો ભગવાનની સ્મૃતિ રહે તે માટે અહીં કરવા જરૂરી છે.

ધ્યાન કરવાની રીતના ઘણા પ્રકાર છે, પણ એ

બધાને ઠેક દઈ સીધા પ્રતિલોમ ધ્યાનની લટક હાથ ધરવી. મહારાજના અનાદિમુક્ત અવતારોથી ચડી જાય તેવા સામર્થ્ય ધરાવનારા હોય છે. દેવો તેમના દર્શન કરવા આવે છે. આપણે ઉપાસના દૃઢ રાખવી. સ્વામિનારાયણ ભગવાન સિવાય બીજે ક્યાંય શ્રદ્ધા ન રાખવી. મહારાજે આશીર્વાદ આપ્યા છે તેથી તેમના અનાદિમુક્તમાં પણ હેત થશે તો પણ મહારાજને જ પામીશું. કારણ, અનાદિમુક્ત મહારાજમાં જોડે છે. પોતાનામાં નહિ.

મહોત્સવમાં અનાદિમુક્ત મામા દ્વારા મહારાજ-બાપાએ સૌને છેલ્લા જન્મના આશીર્વાદ આપ્યા.

# ૪

મહારાજ અને એમના મહાન અનાદિમુક્તો જ્યારે દયા રાખવાનું કહે તેનો અર્થ સમજવા જેવો છે. આપણે એમને કહીએ કે બાપા! અમારા ઉપર દયા રાખજો. મહારાજ અને એવા અનાદિમુક્તો જ્યારે એમ કહે કે દયા રાખજો ત્યારે એનો અર્થ એ કે શ્રીજીમહારાજના વચનોનું જેમ બાપાશ્રીએ પોતાના વર્તન દ્વારા - પોતાને તો કંઈ કરવાનું હતું જ નહિ છતાં - જે ધર્મ-નિયમેયુક્ત એવું અણીશુદ્ધ વર્તન બતાવ્યું તેવું સદાય રાખજો. તેવી અમારા ઉપર દયા રાખજો એમ કહેવા માગે છે કે જેથી અમારું ઝાંખું ન દેખાય. તો આપણે એમના વચન અદ્ધરથી ઝીલીને પંચવર્તમાનેયુક્ત વર્તી મહારાજની મૂર્તિમાં જોડાઈ અને બધું કામ કરીએ તેવી દયા આપણે ઝીલી લઈએ. દયા રાખવાનો અર્થ એ થાય. આપણે એમ કહેવું જોઈએ કે હે દિવ્યસ્વરૂપ મહારાજના મુક્ત! તમે અમારા ઉપર દયા રાખજો. એનો અર્થ એ છે કે અમે ખૂબ સાવધાન તો રહીશું, પણ અમારામાં અંતરપડદે રહીને અમારું સેવન કરજો કે જેથી ધર્મ-નિયમમાં કે શેમાં ય કોઈ વાંધો આવે નહિ અને મહારાજની મૂર્તિને ન ભૂલાય. આપણે એ દયા રાખવાનું કહેવાનું છે.

એમણે એમ કહ્યું કે અપરાધ કંઈ થઈ ગયો હોય, કોઈને કંઈ કહેવાઈ ગયું હોય તો ક્ષમા કરજો. એ આપણને એમના દ્વારા શીખવે છે કે જ્યાં સુધી છેવટની

સ્થિતિ પમાય નહિ, ત્યાં સુધી સંકલ્પ-વિકલ્પ પણ થઈ જાય. મનુષ્યભાવ પણ આવી જાય, કોઈને કંઈ કહેવાઈ જાય એવું બને અને પછી પશ્ચાત્તાપ થાય એવું પણ બને. એટલે એવું ન બને એવું દયા રાખવાના અર્થમાં પણ આવે છે. તો આપણે એમના એ શબ્દો અદ્ધરથી ઝીલી લઈએ. આપણે એમને પ્રાર્થના કરીએ કે એવી દયા અમારા ઉપર તમે કરજો. આપણા સ્વભાવ દેખાય, એમાં અમારામાં કંઈ કચાશ હોય તો દૂર થઈ જાય.

### સારાંશ

અનાદિમુક્ત જ્યારે આપણને એમ કહે કે દયા રાખજો. તો તેનો અર્થ એ છે કે તેઓ એમ કહે છે કે મહારાજની આજ્ઞા અનુસાર રહેજો. અમારા આશીર્વાદમાં વિશ્વાસ રાખજો. આપણે તેમના વચનો અદ્ધરથી ઝીલીએ તે દયા કરી કહેવાય. અમારાથી એમ રહેવાય, કોઈનો અપરાધ ન થાય, સંકલ્પ-વિકલ્પ ન થાય એવી અમારા પર દયા કરજો. એવી દયા રાખવાનું અનાદિમુક્તને આપણે કહેવાનું.

# ૫

પરમ કૃપાળુ શ્રીજીમહારાજ, બાપાશ્રી, સદ્‌ગુરુઓ તથા સ્વામિનારાયણ ભગવાનની, સંત હરિભક્તોની સભાને કોટાનકોટી વંદન કરું છું.

મહારાજ અને મહારાજના મુક્તના જે શબ્દો છે તેના શબ્દે-શબ્દ આગળ પહોંચીએ તો મહારાજ હાથ આવી જાય. પરમ કૃપાળુ બાપાએ તેમની વાતોમાં શ્રીજીમહારાજના તત્ત્વજ્ઞાનની બધી જ સ્પષ્ટતા કરી છે. મહારાજ અને મુક્ત પરમાર્થને અર્થે પૃથ્વી પર આવ્યા. પરમાર્થ એનું નામ કે જીવોનું આત્યંતિક કલ્યાણ. તે એટલી હદ સુધી કર્યું કે મહારાજના સમયમાં જીવો સર્વોપરી પરમાત્માને સમજવાની ગતિશક્તિ ધરાવતા નહોતા. એટલે સંતોએ કીર્તન, વાતો, વચનામૃતમાં માર્મિક રીતે એ સર્વોપરીતા અને મૂર્તિમાં રહેવાની વાતો કરી છે.

અહીંયા મહારાજની મૂર્તિ સાથે બાપાના સ્વરૂપનું સ્થાપન કર્યું તેનું કારણ એ છે કે બાપાશ્રીના જીવન ચરિત્રોને જો મનનપૂર્વક વાંચે તો મહારાજના સ્વરૂપમાં જોડાઈ જવાયા સિવાય રહેવાય નહિ. માત્ર પારાયણ નહિ. એ જીવનચરિત્રમાંના શબ્દે-શબ્દે મહારાજની મૂર્તિ સુધી પહોંચી જવાય. મહારાજના જીવનચરિત્રની સાથે સાથે લીલા ચરિત્રની સાથે-સાથે તેમના સંતોના જીવનનું અધ્યયન કરવું જોઈએ.

આ સભામાં બાળકોની સંખ્યા ઓછી છે. કેટલાક

પોતાના બાળકોને લાવ્યા છે. એ ઘણી સારી બાબત છે. બાળકો અત્યારથી જ જો સભામાં આવતાં થાય તો મોટાં થતાં મૂર્તિ કેટલી બધી દૃઢ થઈ જાય. બાળકોએ આપણી સાથે કેટલીક વાતો સાંભળી કે મહારાજની આજ્ઞાઓ પ્રમાણે અણિશુદ્ધ વર્તન કરવું તો તેમને મહારાજના સ્વરૂપનો આનંદ આવે. આપણા સ્વામિનારાયણ ભગવાનના તત્ત્વજ્ઞાનનો પાયો નિષ્કામ વર્તમાનની દૃઢતા પર રચાયેલો છે. મહારાજ કહે છે કે જો નિષ્કામ વર્તમાન બરાબર પરિપક્વ થાય તો તેને મૂર્તિ સિવાય બધેથી વૃત્તિ તૂટી જાય. આસક્તિ જતી રહે. છતે દેહે ભગવાનનો સાક્ષાત્કાર કરવો એ જરૂર અઘરો છે. કારણ કે પહેલા વચનામૃતમાં કહ્યું છે કે મારા સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખવી તે કઠિનમાં કઠિન છે. જો કઠિનમાં કઠિન સાધન હોય તો સાક્ષાત્કાર કરવા માટે મહારાજના અનાદિમુક્તનો સહારો જોઈએ. એ મુક્ત તો દિવ્ય છે. કોઈને એમ થાય કે અહીંયા બ્રહ્માનંદ સ્વામી કે મુક્તાનંદ સ્વામીની મૂર્તિ કેમ નથી પધરાવી? એનો ઉત્તર એ છે કે ટોરડા જાવ તો ત્યાં ગોપાળાનંદ સ્વામી બિરાજે છે. ખાણમાં અને મૂળીમાં બ્રહ્માનંદ સ્વામી બિરાજે છે. એનો અર્થ એ નથી કે ટોરડામાં બ્રહ્માનંદ સ્વામી નથી કે મૂળીમાં ગોપાળાનંદ સ્વામી નથી. આ બધા મુક્તોના નામો અવરભાવના છે. તમે મહારાજના સ્વરૂપમાં કિલ્લોલ કરતા કોઈ પણ મુક્તને બિરાજિત કરો તે એક જ છે. કારણ કે એક મુનિમાં અનેક મુનિના વૃંદ છે.

હવે એવો સમય આવી ગયો છે કે જો સમજણ

શક્તિ વિશાળ નહિ બનાવીએ અને સંકુચિત રાખીએ તો મહારાજની મૂર્તિ કેવી રીતે હાથ આવશે? દરેક વાતમાં સંકલ્પ થઈ જાય તો શ્રદ્ધામાં એટલી ખામી ગણાય. અનાદિમુક્તે દિવ્ય સ્વરૂપે દર્શન આપ્યા. બ્રહ્માનંદ સ્વામીને કે ગોપાળાનંદ સ્વામીને સ્થાપિત કરો તેમાં કોઈ ફરક નથી. બંને એક જ છે. કારણ કે તેમના દ્વારા શ્રીજીમહારાજનું કર્તાપણું છે. એવી સંકુચિતતા પોતામાં રહે છે કે જૂની માનીનતા રહે છે તે અજ્ઞાન છે તે કાઢવું જોઈએ.

પ્રણાલિકા તો બદલ્યા જ કરે. મહારાજે કેટલા પ્રકરણ બદલ્યા? ૧૧૪ પ્રકરણ બદલ્યા. જેમ-જેમ સંજોગો બદલાય તેમ- પ્રકરણ બદલાતાં રહે. સિદ્ધાંત તો તે જ રહે છે. મહારાજે કહ્યું અમારા અનાદિમુક્ત અમારા સંકલ્પ છે. અમારા પડછંદા છે. અનાદિમુક્ત દ્વારા બોલનારા કોણ? મહારાજ. મુક્ત દ્વારા મહારાજ બોલે છે. એ પડછંદા નહિ? તો આમાં સંકલ્પ કરવાની ક્યાં જરૂર છે? જો સંકલ્પ કરશો તો ભગવાન બાજુ પર રહી જશે. કેટલીક વાર જ્ઞાન કરતાં વાદ-વિવાદમાં પડી જાય. વાદ-વિવાદને લીધે છેડો હાથ આવે નહિ. કેટલા બધા વાદો ઊભા થયા છે. તેની ચર્ચા કર્યા કરીએ તો ભગવાન હાથ આવે નહિ. એનો વાદ લઈએ તો માથું ભમી જાય. બાપાશ્રીએ કહ્યું છે કે સર્વોપરી ભગવાનને જાણવા પડશે એ વાત ચોક્કસ છે. તો બીજી બધી વાત પડી મૂકો. જે ગામ જવું નહિ તેનો રસ્તો જોઈને શું કામ? જે વસ્તુ પામવી હોય તેમાં લક્ષ કેન્દ્રિત કરવું. તુલસીદાસજીએ

રામનું ભજન કર્યું કે નહિ? એ કક્ષાએ પતિવ્રતાપણું જાળવવું પડે. પતિવ્રતાની ટેક મુક્તોએ પણ રાખી છે. તો સર્વોપરી પરમાત્માના મુક્તોને વિશે શા માટે સંકલ્પો કરવા જોઈએ? સંકુચિતતા ને અજ્ઞાન એ બધું છોડીશું તો પાર આવશે. નહિતર જીવન ચાલશે ત્યાં સુધી એ ચાલ્યા જ કરશે. જ્યાં સુધી સંકલ્પ-વિકલ્પ થયા કરે, ત્યાં સુધી સમજવાનું છે તે બરોબર ન સમજાય. જો સમજ્યા નથી તો શું કરવું? મહારાજની મૂર્તિનું મનન કરવું. મહારાજનું ધ્યાન કરવું. બાપા કહે છે કે મહારાજનું ધ્યાન કરો, ધ્યાન કરો. હાલતાં-ચાલતાં જેટલું શક્ય હોય તેટલો મૂર્તિનો સંબંધ કરતાં રહેવું. આપણે કાર્ય કરીએ એ વખતે મૂર્તિમાંથી વૃત્તિ તૂટી જાય તો એ પ્રવૃત્તિ બની જાય. વૃત્તિ તૂટી જાય તો અંતરવૃત્તિ ન થાય. માટે દરેક કાર્ય કરતાં પહેલાં થોડીવાર મૂર્તિની સ્મૃતિ કરીને પછી તે કાર્ય એકાગ્રતાપૂર્વક કરવું તો કાર્ય સરસ થાય. નોકરી વગેરે એકાગ્રતા કરવાના કાર્યમાં એ કાર્યમાં જ વૃત્તિ એકાગ્ર કરવી, નહિતર કાર્ય બરોબર ન થાય પણ નાતાં-ધોતાં, ખાતાં-પીતાં એવે વખતે મૂર્તિ સંભારવી. એ વખતે મહારાજરૂપ વૃત્તિ કરી શકીએ કે નહિ? એમ કરીએ તો રસ્તો સહેલો થઈ જાય.

કેવળ બાહ્યવૃત્તિ નહિ, અંતરવૃત્તિથી ખુશી મળે છે. આંતર શું તો જો ભક્તિ બહારથી કરીએ એના કરતાં આંતરિક કરીએ તો આડંબર અને દંભ ન થાય. આપણાથી એટલું ન થાય? બીજા આપણી ભક્તિ કે અંગ વખાણે એમાં નુકસાન કોને? આપણને. એટલા માટે

ભક્તિ અંદર કરવી. મહારાજના સ્વરૂપમાં રહીને ભક્તિ કરીએ એ કોને ખબર પડે? બાપાશ્રીએ કહ્યું છે કે છ મહિનામાં સાક્ષાત્કાર થઈ જાય. બરોબર છે. એ કઈ રીતે થઈ શકે? આખું જીવન બાહ્યવૃત્તિમાં જાય, પણ કોઈ પ્રાપ્તિ ન થાય. પણ બાપાશ્રીએ કહ્યું છે તેમ છ મહિના અંતરવૃત્તિએ ધ્યાન કરે તો સાક્ષાત્કાર થાય.

'નિષ્કુળાનંદ સ્વામીએ મંદવાડ ગ્રહણ કર્યો તો કેટલાકે કહ્યું કે કેટલા પાપ કર્યાં હશે? એમ જીવો સંકલ્પ-વિકલ્પ કર્યા કરે છે, પણ મંદવાડની લીલા મહારાજ દેહમાં બીજાને સેવાનો લાભ આપવા દેખાડે છે. મુક્તને મહારાજના સુખ સિવાય બીજું જાણપણું જ નથી હોતું.'

અયોધ્યાપ્રસાદજી મહારાજને વીંછી કરડ્યો તો પણ વીંછીના ડંખની વેદના ન થઈ કારણ કે તેઓ મૂર્તિરૂપે વર્તતા હતા. મંદવાડ દેહમાં હોય છે, પણ ચૈતન્યમાં નથી. એનો અર્થ એ થયો કે ચૈતન્ય દેહથી જુદો છે. મૂર્તિરૂપ વર્તે તો કોઈ મંદવાડ ન રહે. બાપાશ્રીનું જીવન જુઓ. તેમનું જીવનચરિત્ર વાંચો તો મૂર્તિ-મૂર્તિ ને મૂર્તિની જ વાત કરી છે. મૂર્તિનું મનન થાય તો બધા રોગ મટી જાય.

ભગવાનના સ્વરૂપમાં અખંડ સ્થિતિ કરાવે એવા અનાદિમુક્તને સદાય સાષ્ટાંગ દંડવત્ નમસ્કાર છે. એવા મુક્ત દ્વારા પ્રતિલોમ ધ્યાનની લટક શીખી દરેક ક્રિયામાં મહારાજના સ્વરૂપનું ધ્યાન કર્યા કરવું. એમ કરતાં કરતાં મહારાજનું સ્વરૂપ તદાકાર થઈ જાય. આપણું આખું સ્વરૂપ જ બદલાઈ જાય. જેમ આંખ મીંચીને ઊભા રહીએ તો આપણું આખું સ્વરૂપ દેખાય છે. ભૂલાય છે? એમ

મહારાજનું સ્વરૂપ દેખાય. એમ કરતાં કરતાં મહારાજરૂપ થઈ દર્શન કરતાં પછી ક્યાં કશું બાકી રહ્યું? અનાદિમુક્તની, રસબસભાવની સ્થિતિ થઈ જાય.

મહારાજ અક્ષરધામમાં શું કરે છે એ કોઈ પ્રશ્ન છે? અક્ષરધામ એ કોઈ સ્થળ છે? આકાશમાં તારા છે એમ એ કોઈ સ્થાન છે? અક્ષરધામ તો અણુ અણુમાં સર્વત્ર છે. મહારાજના સુખમાં પહોંચીએ ત્યારે આવા કોઈ પ્રશ્નો જ રહેતા નથી. અવરભાવમાં જેમ આવવું-જવું છે, તેમ પરભાવમાં નથી. અવરભાવની દૃષ્ટિએ સમજીએ તો મહારાજ અન્વય અને વ્યતિરેક સ્વરૂપે ઘટ-ઘટમાં વ્યાપક છે. એમાંથી જ બધી શક્તિ ઉત્પન્ન થઈ છે. જગતની ઉત્પત્તિ-સ્થિતિ-પ્રલય પણ એ શક્તિ દ્વારા જ થાય છે.

મહારાજ અક્ષરધામમાં શું કરે છે એ પ્રશ્ન જ ક્યાં રહે છે? શું નથી કરતા એ કહો? અક્ષરધામમાં શું કરે છે એ પ્રશ્ન જ નથી ઊભો થતો. બધું જ કરે છે. મુક્તના સ્વરૂપોમાં રહીને બધું એ જ કરે છે. એ તો નિરંતર સતેજ અને સક્રિય છે. અને સક્રિય છતાં અકર્તા છે. આ બધું જ મૂર્તિનું સુખ મળે ત્યારે અનુભવાય છે. ત્યારે થાય છે કે મૂર્તિ જ બધું કરે છે.

## સારાંશ

મહારાજ અને તેમના મુક્તના શબ્દો સુધી પહોંચીએ તો મહારાજ હાથ આવી જાય. મહારાજના જીવન ચરિત્રો સાથે મુક્તના જીવનનું અધ્યયન પણ કરવું જરૂરી છે બાળકો નાનપણથી સત્સંગ કરતાં થાય તો મોટા થતાં

મૂર્તિ દૃઢ થઈ જાય. મહારાજના સુખમાં કિલ્લોલ કરતાં કોઈ પણ મુક્તની મૂર્તિ સ્થાપિત કરીએ તે એક જ કહેવાય. ગમે તેવા પ્રકરણો સંજોગો પ્રમાણે બદલાય સિદ્ધાંત એ જ રહે છે. અનાદિમુક્તમાં રહી મહારાજ બોલે છે. અનાદિમુક્ત મહારાજના પડછંદા છે. બીજી વાત પડતી મૂકી એક સર્વોપરી ભગવાનને ઓળખવા, તેમાં પતિવ્રતાની ટેક રાખવી. સંકલ્પ-વિકલ્પ ચાલે ત્યાં સુધી સાચી વસ્તુ સમજાય નહિ. દરેક કાર્ય કરતાં પહેલાં થોડીવાર મહારાજને સંભારી કાર્યની શરૂઆત કરવી એમ કરતાં અખંડ સ્મૃતિ રહે. બાહ્યાડંબર સિવાય અંતરવૃત્તિએ ભગવાન ભજવા. મંદવાડ દ્વારા બીજાને સેવાનો લાભ મળે માટે મહારાજના મુક્તો મંદવાડ ગ્રહણ કરે છે. અનાદિમુક્તનું જીવન ચરિત્ર વાંચવાથી મૂર્તિનું મનન થાય ને બધા રોગ મટી જાય.

અનાદિમુક્ત દ્વારા ધ્યાનની લટક શીખવી. સ્થિતિ થાય પછી મહારાજ શું કરે છે એવા કોઈ પ્રશ્નો રહેતા નથી. મહારાજ મુક્તના સ્વરૂપમાં રહી બધું કાર્ય કરે છે.

# ૬

પરમકૃપાળુ શ્રીજીમહારાજ, બાપાશ્રી, સદ્‌ગુરુશ્રીઓ તથા શ્રીહરિના પરમ લાડીલા પરમ પૂજ્ય સદ્‌ગુરુ સ્વામીશ્રી હરિજીવનદાસજી સ્વામી તથા શ્રીહરિને ધરી રહેલા મૂર્તિ સ્વરૂપ સંતો, પાર્ષદો તથા પ્રાતઃસ્મરણીય આ દિવ્ય સભાને કોટાન કોટી વંદન કરી આનંદ અનુભવું છું. જીતુભાઈએ એમ કહ્યું, સદા સ્મરણીય નારાયણભાઈ. સદા સ્મરણીય તો એક શ્રીજીમહારાજ જ છે. એના મુક્ત એની અંદર રસબસ છે. એ તો દેખાતા જ નથી. તો સદા સ્મરણ કરવા જેવું એક જ સ્વરૂપ એ સર્વોપરી શ્રીજીમહારાજ અને આ દિવ્ય સભા છે.

એક ભક્તે મહારાજને પૂછ્યું હતું કે, મહારાજ, મને આટલું બધું દુઃખ કેમ આપો છો? તો મહારાજ કહે, તમને ખૂબ સુખ આપવા માટે. મારા સુખમાં તમે રહી શકો, મારું સુખ જીરવી શકો તેવા પાત્ર કરવા માટે તમને દુઃખ આપું છું. તો દુઃખનું કારણ આ સુખ છે. મહારાજ કહે છે કે, થોડો વખત બૂમો પાડશે બીજું શું કરવાના છે? ભલે પાડે, પણ એ બૂમોને અંતે તો અલૌકિક સુખમાં રહેવાશેને? શા માટે દુઃખથી ડરી જવું? ભલે દુઃખ થાય. દુઃખ એ દુઃખ નથી. દુઃખ સુખ માટે છે. શ્રીજીમહારાજ દુઃખ આપે છે એ સુખ માટે જ આપે છે. તેથી એમ નહિ માનવાનું કે એવું તો મેં શું પાપ કર્યું છે કે મહારાજ મને આટલું બધું દુઃખ આપે છે? એટલે મહારાજ એમ કહે છે કે જ્યારથી તમે

મારા સાચા આશ્રિત થયા, ત્યારથી હું તમારો પ્રારબ્ધ બન્યો. દુઃખ છે એ આપનાર કોણ? કાળ-કર્મ-માયા? અરે ના... ના, હું પોતે છું. એ દુઃખ નથી આપતો એ તો એ દિવ્ય સુખમાં લઈ જવા માટેનો સેવક મોકલ્યો છે. તો એ સુખમાં લઈ જવા માટે સેવક મોકલ્યો એ ધન્યભાગ્ય કે શું બીજું? વિચાર કરો! કદીયે મંદવાડથી ડરીએ નહિ, મંદવાડથી મૂંઝાઈએ નહિ, મંદવાડને તો વધાવી લેવાનો. મંદવાડ તો સુખને માટે શ્રીજીમહારાજે મોકલ્યો છે. આ વાત બરાબર સમજવાની છે. શ્રીજીમહારાજે કહેલી. આ એક વાત મંદવાડની થઈ. એવી તો મોટા મુક્તોના મંદવાડની ઘણી વાતો છે.

બીજું હમણાં એક વાત લાભુભાઈએ કરી કે જીવ કૂતરા જેવો છે. કૂતરું શું કરે? તો ભસ-ભસ કરે એ ન ગમે. ભસેને એ કોઈને ન ગમે. એ ભસવું એટલે શું એ ખબર છે? મહારાજ કહે છે, ભસવું એટલે નિંદા-કુથલી કરવી. સાચું હોય એને ખોટું કહેવું. સાચું હોય ને ખોટું ક્યારે કહે ખબર છે? ઈર્ષા થાય ત્યારે. ઈર્ષા એ એક સ્વભાવને કારણે છે. એ સ્વભાવ શ્રીજીમહારાજ સામું જોઈએ તો તરત જતો રહે. તો ભસવાનું બંધ થઈ જાય. ભસવાનું બંધ થઈ જાય અને જીવ શિવ થઈ જાય. શિવ એટલે મુક્ત થઈ જાય. એટલે મહારાજ કહે છે કે મારી મૂર્તિ સિવાય મારા મૂર્તિના સંબંધ સિવાયની જે વાતો છે ને એ ભસવા જેવી છે. એટલે મૂર્તિ સિવાયની વાતો કરીએ તો ભસ્યા કહેવાઈએ. ત્યાં સુધી જીવની કક્ષા કહેવાય અને જેવું એ બધું બંધ થઈ જાય ત્યારે જીવમાંથી

મુક્ત થઈ જવાય. જીવ મટી જાય પછી શું રહ્યું? ત્યારે કૂતરા જેવો સ્વભાવ મહારાજે આ સભામાંથી તો ઉડાડી જ દીધો છે. છેદ જ ઉડાડી દીધો છે. રહેવા જ નથી દીધો. એટલે આ શ્રીજીમહારાજ અને બાપા ન્યાલકરણ મળ્યા એમ માનવાનું એમાં ભસવાનો સવાલ જ રહેવા દીધો નથી.

બીજી એક વાત એમ કરી કે ભગવાનના સુખ આગળ આ લોકના બધા સુખ નર્ક તુલ્ય છે. નર્ક શબ્દથી બધા ભડકી જાય છે. શ્રીજીમહારાજને પૂછયું કે મહારાજ, નર્ક તુલ્ય શબ્દ વપરાય? ત્યારે મહારાજ કહે, નર્ક શું કહેવાય એ તમને ખબર છે! તો કહે, મહારાજ નર્ક તો ગંદા આ જે મળ છેને એ મળ-પેશાબ એવી જે અશુદ્ધિઓરૂપી ગંદવાડને નર્ક કહેવાય. મહારાજ કહે ના... ના એ નર્ક તો ઠીક મારા ભઈ. પણ નર્ક કોને કહેવાય એ તમને ખબર છે? તો મહારાજ કહે, મેં જે નર્ક કહ્યું છે એ એમ છે કે, સર્વોપરી ભગવાનને ઓળખવામાં જે કચાશ છે એ નર્ક છે. આ બધા દેવો છે એ દેવ કક્ષાએ પહોંચ્યા છે. ત્યાં સર્વોપરી પરમ તત્ત્વ ઓળખવાનું બાકી છે. એ જે કચાશ છે એ નર્ક છે. એકલા મળ-મૂત્ર નર્ક નથી. આ વ્યાખ્યા સમજ્યા? તો કહે હા મહારાજ. હવે ખબર પડી કે નર્ક શું છે. તો નર્કનો અર્થ "અતિ ગૌણ" એમ છે. એક શ્રીજીમહારાજના સુખ આગળ શ્રીજીમહારાજની મૂર્તિથી જુદી જુદી જે ભૂમિકાઓ છે એ બધાના સુખ અતિ ગૌણ છે એમ કહેવાનો અર્થ છે. એમ કદીયે ન સમજીએ કે ભગવાનની

કલ્પનામાં આ નર્ક છે. (મળ-મૂત્ર આદિ મલિન તત્ત્વ નર્ક નથી.)

બીજી વાત એક જણે એમ પૂછયું કે, ભગવાને કહ્યું કે, આ બધા દેવોના સુખ શાહુકાર પાસે સડતાલાના રાંકા જેવા છે તો મહારાજે કેમ આવા શબ્દો વાપર્યા? મહારાજે કહ્યું કે જો એ શબ્દ પ્રચલિત છે. શાહુકાર હોય કે રાંક હોય એ બેમાં શું ફરક છે? અવરભાવની દૃષ્ટિએ ઘણો બધો ફરક છે. એટલે ભગવાનના સુખ આગળ અતિ ગૌણ છે. એમ એ સડતાલાના રાંકા શબ્દનો અર્થ છે. રાંકા કોને કહેવાય? જે ભગવાનના પરમ સુખથી વંચિત હોય તે બધાને રાંકા કહેવાય. તો રાંક તો મટવું જ જોઈએને. કોઈને સદાય રાંક થઈને રહેવું ગમે ખરું? રાંકમાંથી શાહુકાર બનવું ગમે. શાહુકાર બનવું એટલે મુક્ત બનવું. મહારાજના મુક્ત બને એ શાહુકાર. ત્યારે રાંક મટીને શાહુકાર બની જવા માટે મહારાજે આપણને આશીર્વાદ આપીને કૃપા કરી કે આજથી અમે તમને સૌને મુક્ત બનાવી દીધા. કેટલી બધી કૃપા! ભગવાનને પરમ કૃપાળુ, કૃપાસાધ્ય તેમાં કહીએ છીએ કે તેઓ જાત-કુજાત, પાત્ર-કુપાત્ર કાંઈ જોતા નથી. એમને તો દિવ્ય પ્રેમ, ખરેખરો પ્રેમ જોઈએ છે. ભાવ જોઈએ છે. એ ભાવ કેવો? શંકા રહિત કે જેમાં કદીયે અવિશ્વાસ કે અશ્રદ્ધા ન આવે એનું નામ વિશ્વાસ. વિશ્વાસીને શીશ. એનો અર્થ એ છે કે જેમને વિશ્વાસમાં કદી પણ ચલિત થવાતું નથી તે પરમપદને ઓળખે છે એમ કહેવાય. ત્યાં સુધી વિશ્વાસ પૂરો નથી એ એની નિશાની. એ આપણે આપણી રીતે

આંકી શકીશું. ત્યારે આ સડતાલાના રાંકા અને નર્કની સરસ વ્યાખ્યા શ્રીજીમહારાજે કરેલી એ આપણે સમજ્યા. બીજા લોકો જુદું સમજે છે કે આવું તો કોઈ દિવસ બોલાતું હશે? અરે! એમ જ બોલાય. સર્વોપરી ભગવાન તો એમ જ કહેને? બીજું શું કહે? પેલું નર્ક તો ઠીક છે હવે. સાફ-સૂફ કરો એટલે જતું રહે, પરંતુ આ કચાશ કાઢવી એ તો જન્માંતર સુધી ચાલે, દખલ કર્યા કરે. હેરાન કરે. એક જન્મ ધરો એટલે કેટલી ઉપાધી? એટલી ઉપાધી કંઈક ને કંઈક દુ:ખ ચાલ્યા જ કરે. આ આવે ને તે આવે. પછી મહારાજને પ્રાર્થના કરીને કહે, મહારાજ દયા કરીને હવે ટાળો આ બધું. એમ કહેવાનું મન થઈ જાય. એમ કહે ત્યારે એ ભગવાન તરફ જવાય.

એક ભક્ત હતા. (કંટાળ્યા તો નથી ને?) મહારાજના એક ભક્ત ખૂબ સુખી હતા. કોઈ જાતની કચાશ નહિ. શરીરે એકદમ સુખી, તો મહારાજની પધરામણી કરી. મહારાજ કહે ભક્ત કેમ છો? આનંદમાં છો ને? ભક્ત કહે ઓ...હો....હો... મહારાજ તમારી કૃપાનો પાર નથી. ત્યારે કહે શું? અરે, કે જુઓ તો ખરા! આ બધું જુઓ કોઈ જાતની કચાશ નથી. હીંડોળા-ખાટ, ખાવું-પીવું, છોકરા-છૈયા બધા ય ભગવદી. મહારાજ આટલી તમારી કૃપા! ત્યારે મહારાજ કહે બોલશો નહિ. એ મારી કૃપા ન કહેવાય. ભક્ત કહે કેમ મહારાજ? તો કહે આમાં તો આસક્તિ રહી જાય. મહારાજની મૂર્તિમાં ન અવાય. હું બધું લઈ લઉં ત્યારે આસક્તિ જાય. એ મારી કૃપા છે. ઓ હો

મહારાજ તો તો કેમ રહેવાય? અરે રહેવાય. મહારાજ કહે આ ગુણાતીતાનંદ સ્વામી છાશ અને રોટલો જમે છે. બાપાશ્રી કહેતા, અમે તો રાતડિયાનું શાક અને આ મઠની ખીચડી સિવાય કદી કોઈ દિવસ કાંઈ જમ્યા જ નથી અને જમતા નથી. તે એ કેમ જીવે છે? તો કહે મહારાજ, એ તો તમારા મુક્ત હતા. ત્યારે તમે નથી? મહારાજ, હું એટલો કાચો. છતાં તમે એમ કેમ કહો છો કે તમારી કૃપા બહુ છે? એટલે હસવા મંડ્યા. તો કહે મહારાજ, એમના જેવા કરજો. તો કહે સારું મહારાજ કહે સારું કરશું. તો પછી એ ભક્તની બંને આંખે કુદરતી શું થયું કે બંને આંખ ચાલી ગઈ. અંધ થઈ ગયા. પછી રોવા મંડ્યા. હવે દર્શન કેમ થાશે મહારાજની મૂર્તિના? તો કોઈએ મહારાજને કહ્યું કે ભક્તની આંખો જતી રહી. તમને દયા કરી દર્શન દેવા બોલાવે છે. મહારાજ કહે હું આવીને શું કરું? મારા દર્શન તો એને થવાના નથી. તો કહે ના... ના મહારાજ, તમે આવો. મહારાજ કહે સારું. પછી મહારાજ પધાર્યા અને કહે ભક્તરાજ, કેમ છો? અરે મહારાજ, છે તો બધું ય પણ કામનું કાંઈ નહિ. તો કહે વાત તો બરોબર છે કામનું કાંઈ નથી. એક હું જ કામનો છું. તો કહે પણ મહારાજ, તમારા દર્શન તો થતા નથી. મહારાજ કહે તમને કેટલા વર્ષ થયા? સાઈઠ વર્ષ થયા. મહારાજ કહે સાઈઠ વર્ષ સુધી અમારી મૂર્તિ ચૈતન્યમાં કેમ ન પધરાવી? તો કહે મહારાજ ખબર નહિ. મહારાજ કહે આંખોનું શું કામ છે? મહારાજ કહે મને આ આંખે જોયા

કર્યા અને અંદર મૂર્તિ તો ઊતારી નહિ. પછી રોવા મંડ્યા કહે મહારાજ હવે શું કરવું? મહારાજ કહે હવે કાંઈ નહિ તમે ભજન-સ્મરણ કર્યા કરો. હું ન દેખાઉં તો કાંઈ નહિ... હું તો તમને દેખું છું ને? આ દેહ પડી જશે ત્યારે અંતકાળે હવે તમે દેખશો. આ વખતે હવે નહિ દેખો. માટે ચિંતા ન કરશો અને મારું ભજન કર્યા કરો.

પછી એને ભાન થયું કે જેને હું કૃપા માનતો હતો એ ખરી કૃપા નથી. હવે જ ખરી કૃપા થઈ. હે ભગવાન તમે આ આંખો ન લઈ લીધી હોત તો મેં તમને ખરેખર જેવા છે એવા ન ઓળખ્યા હોત. તમારી ખરી કૃપા શું છે એ મને ખબર જ ન પડત. એમ કરી એ સ્મરણ કરતા રહ્યા. મહારાજ તેડવા આવ્યા ત્યારે દર્શન દઈને સુખમાં મૂકી દીધા. જુઓ ભગવાનની કૃપા! ત્યારે આમાંથી એક વાત સમજીએ કે ભલે આપણને સુખમાં રાખ્યા, પણ એ બધું આપણું નહિ માનવાનું. આપણે ભાડાના ઘરમાં રહીએ છીએ અવરભાવની દૃષ્ટિએ, પરંતુ હવે ભાડાનું ઘર તો ખાલી કરવું જ પડે ને? એના માલિક મહારાજને બનાવવા. એટલે મહારાજ કહે છે, મારા સુખમાં મારી મૂર્તિરૂપી નિવાસમાં આવો ત્યારે તમે ભાડૂત મટી ગયા. તો મહારાજે આપણને ભાડૂત મટાડી દીધા અને બાપા કહે છે અમે તમને મૂર્તિના સુખમાં રાખી દીધા છે.

કોઈકે બાપાને એમ પૂછ્યું કે બાપા, તમે એમ કેમ બોલ્યા કે અમે સુખમાં રાખી દીધા? મહારાજે સુખમાં રાખી દીધા કે તમે રાખી દીધા? એ સ્થિતિએ ન પહોંચ્યા હોય ત્યારે કોઈકને સંકલ્પ થાયને? ત્યારે કહે, તમને

સુખમાં મૂકી દીધા એમ કોણ બોલ્યું એ તમને ખબર છે? અમારામાં રહીને મહારાજ બોલ્યા. આ...હા...હા... બાપા હવે બરોબર. બાપા કહે, સારું થયું તેં પૂછયું નહિતર એ સંકલ્પ જીવને હેરાન કરી નાખે. કોઈ પણ સંકલ્પ કે કોઈ પણ શંકા રહે એ અંદર સંઘરી ન રાખવી. પૂછી લેવાનું. પૂછીએ તો શંકા દૂર થઈ જાય કે નહિ? જો અંદર ને અંદર રહે તો એમાંથી અશ્રદ્ધા થઈ ને અંતે ભગવાનને પણ ભૂલી જાય. એવું થાયને? મુક્ત વિશે અપરાધ થઈ જાય. મુક્તમાં રહીને મહારાજ તો એમ બોલી શકેને કે અમે મૂર્તિમાં મૂકી દીધા. એમને તો અધિકાર ખરોને? મુક્ત તો માધ્યમ છે. સર્વોપરી માધ્યમ છે. એ માધ્યમ વગર તેઓ કામ ન કરે એવી એમની રીતિ છે. મહારાજ કહે, અક્ષરધામમાં બેઠા-બેઠા અમે ન કરી શકીએ? કરી શકીએ. પરંતુ અમારી અનાદિની રીત નથી. અમે અમારા અનાદિમુક્તોને માધ્યમ બનાવીને જીવોને અમારા સુખમાં લઈ જઈએ છીએ એ અમારી અનાદિની રીત છે. મહારાજ કહે છે, એનો અર્થ એ નથી કે અમારા કરતાં મુક્તને વિશે અધિક હેત કરવું. મુક્તને વિશે હેત કરવું, પરંતુ એ બીજા નંબરે છે. અમારે વિશે આસક્તિ રાખવી. અમારા મુક્તને વિશે હેત રાખવું. જો હેત ન રાખો તો એ માધ્યમ એમના સુખમાં પહોંચાડવા માટે કામ કેવી રીતે કરે? તો સુખમાં પહોંચાડવા માટે, આપણને એ સુખમાં લઈ જવા માટે, એ કામ પૂર્ણ કરવા માટે એ માધ્યમનો મહિમા અને હેત રાખવાં જરૂરી છે. એ અનાદિમુક્તનું કાર્ય કયાં સુધી? મૂર્તિના સુખમાં પહોંચાડવા

સુધી. મૂર્તિના સુખમાં પહોંચે એટલે પતી ગયું. એમનું કાર્ય પૂરું થઈ ગયું. આ રીતે કેટલીકવાર મહારાજના મુક્ત બોલે એ સમજવું એ ઘાંટી છે. જ્યારે ન સમજાય ત્યારે એમને જ પૂછવું બીજાને પૂછવાથી ન સમજાય. બીજા તો કાંઈનું કાંઈ કહે. એને તો બુદ્ધિથી જવાબ આપવાનો હોય અને અનાદિમુક્તને અનુભવથી કહેવાનું હોય.

આ મેં બધું નજરે જોયું હોય તો હું કહી શકું ને કે આ ગુણાતીતાનંદ સ્વામી છે, આ મુક્તાનંદ સ્વામી, દેવાનંદ સ્વામી, આ શતાનંદ સ્વામી છે. આ ઈશ્વરચરણદાસજી સ્વામી છે. એમ અનુભવથી વાત કરવી એ અનાદિમુક્ત કરે છે અને બીજા ભગવદી ઉચ્ચ સાધનદશાવાળા મુક્તો બુદ્ધિથી, જ્ઞાનથી, વિચાર કરીને જવાબ આપે. એમાં કોઈકવાર ભૂલ પણ હોય. અનુભવીના શબ્દોમાં ભૂલ થવાનો કોઈ સંભવ નથી. કારણ કે પરમ કૃપાળુ સર્વોપરી ભગવાનની ઇચ્છા મુજબ જ એ બોલે છે. એમાં કેમ ભૂલ હોઈ શકે? તો બાપાશ્રીએ રહસ્યાર્થ કર્યું તો એમના જેવું કર્યું. એ તો ઉત્તમ જ હોયને. સર્વોપરી વાત સમજવી કાંઈ સહેલી છે? ભગવાનને ઓળખવા એ પીએચ.ડી. થવા જેવું છે, તો પીએચ.ડી. થવાને માટે, ભગવાનને ઓળખવા, માટે ઝીણી બુદ્ધિ જોઈએ. તો એ ઝીણી બુદ્ધિ અનાદિમુક્ત થકી મળે.

આ લોકમાં વૈજ્ઞાનિકની ઝીણી બુદ્ધિ કહેવાય. ભગવાનના શબ્દોમાં એ ઝીણી બુદ્ધિ ન કહેવાય. કારણ કે એ ભગવાનને ઓળખી શક્યા નહિ. કૃષ્ણમૂર્તિ કેવા હતા,

ખૂબ બુદ્ધિશાળી હતા. એને ઈન્ટેલિજન્ટ જાયન્ટ કહેતા. તો પણ જ્યાં સુધી પ્રભુ ખરેખર નહિ ઓળખાય, ત્યાં સુધી એ ઝીણી બુદ્ધિ કહેવાય નહિ. એ જાડી બુદ્ધિ કહેવાય. જે બુદ્ધિ પ્રભુ ઓળખાવે એ બુદ્ધિને હું ઝીણી બુદ્ધિ કહું છું. કારણ, જેણે ભગવાન ઓળખ્યા એની ઝીણી બુદ્ધિ જેણે ભગવાન ન ઓળખ્યા એની જાડી બુદ્ધિ. આ સાદામાં સાદી વાત, તો મહારાજની વાતો તો મહારાજના અનાદિમુક્ત થકી જ સમજાય. નહિ તો ગડમથલ ચાલ્યા જ કરે અને દુઃખ મટે નહિ. માટે જ્યારે કોઈ શંકા હોય તો શંકા અંદર સંઘરવી નહિ હો! એ બધું નર્ક તુલ્ય છે. આ શંકા, અવિશ્વાસ, ભસવું એ બધું નર્ક તુલ્ય છે. એ અંદરનો ગંદવાડ ન રાખવો, કાઢવો બહાર. અને એ કાઢવામાં જો મુશ્કેલી પડે તો મહારાજ અને મુક્ત તો બેઠા જ છે. ને ક્યાં જતા રહ્યા છે? જેને એ કાઢવું છે એને જરૂર ભગવાન મળે છે. મહારાજ જરૂર મદદ કરે છે. જે સર્વવ્યાપક છે એ આપણી સાથે છે. એને પામવાની આપણી ઇચ્છા જોઈએ. તો તરત કામ આવે. ત્યારે મહારાજની વાતો ખૂટે એવી નથી.

આપ સૌ દયા કરી ખૂબ રાજી રહેજો. આ દીનદાસ સેવક ઉપર તમે બધાએ દયા કરી અને આ દેહને રાખ્યો તો તમારા બધા યની પ્રસન્નતા મળે એ માટેનો જ આ દેહનો ખપ છે. આ દિવ્ય સભાનો રાજીપો અને પ્રસન્નતા એ જ આ દેહ રાખવાનું કારણ હોય તો કામનો. મહારાજ અને મુક્તનો રાજીપો જો દિવ્ય સભામાં ન મળે તો આ દેહ ધર્યાનું પ્રયોજન ખરું? ત્યારે આ દિવ્ય

સભાની પ્રસન્નતા અને રાજીપો માગું છું. આપના સૌના રાજીપાની અપેક્ષા રાખી વીરમું છું.

### સારાંશ

મહારાજ સુખ દેવા અને જીવને પાત્ર કરવા દુઃખ પ્રેરે છે. આ લોકની સુખસાહ્યબીમાં મહારાજની કૃપા ન સમજવી. દીધેલું બધું મહારાજનું છે તેમ માનવું, નહિ તો છકી જવાય. આ દેહ દ્વારા મુક્ત અને મહારાજનો રાજીપો મેળવી લેવો એ જ આ દેહનું પ્રયોજન છે.

કોઈની નિંદા-કુથલી કરવી નહિ. ભગવાનના સંબંધ સિવાયની વાતો જ્યાં સુધી ગમે ત્યાં સુધી જીવની કક્ષા કહેવાય.

મુક્તમાં રહી મહારાજ બોલે છે. આશીર્વાદ આપે છે. અનાદિમુક્ત મહારાજનું સર્વોપરી માધ્યમ છે. એ માધ્યમ દ્વારા મહારાજ જીવોને અક્ષરધામમાં લઈ જાય છે. એ એમની અનાદિની રીત છે. કોઈ વાતમાં શંકા જાય તો અનાદિમુક્તને પૂછવું અને શંકારહિત થઈ જવું. નહિ તો જીવનું બગડી જાય. જેઓ વિશ્વાસમાંથી કદી ચલિત થતા નથી એ પરમપદને ઓળખે છે. જે બુદ્ધિથી ભગવાન ઓળખાય એ ઝીણી બુદ્ધિ કહેવાય.

શ્રીજીમહારાજની મૂર્તિથી જુદી જુદી જે ભૂમિકાઓ છે એ મહારાજના સુખ આગળ નર્ક તુલ્ય એટલે અતિ ગૌણ છે.

# ૭

આવી દિવ્ય સભામાં સ્વામિનારાયણ ભગવાનના પ્રત્યક્ષપણાનો અનુભવ આપણને સૌને થાય છે. સ્વામિનારાયણ ભગવાને પોતાના મુક્ત વક્તાઓમાં રહીને ભારે-ભારે સરસ વાતો કરી. મૂળભૂત પાયાની વાતો થઈ. સમન્વય કરે એવી વાતો થઈ. બધા યની રજૂઆત, અભિગમ અલગ અલગ, છતાંય રજૂઆતમાં નાવીન્ય. આશીર્વાદમાં પણ નાવીન્ય. કીર્તનોમાં પણ નાવીન્ય. ભગવાન કહે છે, અમારી મૂર્તિમાંથી નવીન-નવીન સુખ નીકળે છે. એમ વાતો પણ નવીન-નવીન થઈ. મને ખૂબ આનંદ થયો.

(થોડી બીજી વાતો કર્યા પછી સંકલ્પ ન કરવા વિશે વાત કરે છે.)

સંકલ્પ શમાવે તે સંત અને ન થાય તે ભગવંત. એ ભગવંત કોને કહેવાય? મહારાજના અનાદિમુક્તને ભગવંત કહેવાય. એમને સંકલ્પ થવાનો કોઈ સંભવ જ નથી. સંત તો સ્વયંહરિ છે, પણ સંકલ્પ શમાવે એ સંત એમ કહ્યું. તેમાં ઓછીવત્તી પાત્રતા હોય. તો ભગવાનને શરણે ગયા હોય એ બધા યને સંત કહેવાય. એમને સંત તો કહેવા જ પડે, પણ એ સંતતાની પરાકાષ્ઠા એ ભગવંત સ્થિતિ છે. અનાદિમુક્તની સ્થિતિ છે. ભગવાન મનુષ્યરૂપે હતા ત્યારે બધું જાણવા છતાં ચિંતામાં મૂકી દેતા, કે હવે શું કરશું? બધું જાણતા હોય તો પણ.

ભગવાન તો બધું જાણે ને? ભગવાન શું ન જાણે? ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી જેવા મુક્તોથી શું અજાણ્યું હોય? પણ જો એ અજાણપણું ન રાખે તો બધાની મતિ ભમી જાય. જેવું સુખ આવે એવું ન આવે. માટે ભગવાન અને ભગવાનના મુક્તો પોતાની અજાણપણાની સ્થિતિ રાખે છે. એ આશીર્વાદ છે. એના જેવી કોઈ વાત સારી નથી. એ વાત સારી છે, માટે રાખી છે. રાખવી જ પડે. અને એવી સ્થિતિ રાખીને આપણને આગળ વધારે છે. નહિતર કોઈ શંકા કરે કે અજાણપણે સંકલ્પ પણ કરે. મુક્ત આપણને જ્ઞાન સમજવા માટેની બુદ્ધિ પ્રેરે છે. નહિતર જ્ઞાન કેવી રીતે થાય? પાત્ર કરવાને માટે એવું અજાણપણું રાખે છે જે આશીર્વાદ સમાન છે એટલે રાખે છે. બાકી તો બધી મૂળભૂત મહારાજની વાતો થઈ. એથી વિશેષ બીજી શી વાત કરવી? અમુક વાતની સ્પષ્ટતા કરાય જેથી સભામાં સમાસ થાય એમ બને. એ ખૂબ જરૂરી પણ છે. બીજી ઘણી બધી વાતો પણ થઈ.

સ્વામિનારાયણ ડિવાઈન મિશન તરફથી આ દિવ્યસભાનો આભાર માનું છું ને પ્રાર્થના કરું છું કે ચૈતન્યમાં નિરંતર આવો સુખમય બ્રહ્મયજ્ઞ-સત્સંગ ચાલ્યા જ કરે ને મહારાજની મૂર્તિમાં રહીને બધી ક્રિયા થાય એવા રૂડા આશીર્વાદની યાચના સાથે વિરમું છું.

એક પંડિતે સ. ગુ. ગોપાળાનંદ સ્વામીને પૂછ્યું કે ભગવાન સાકાર છે કે નિરાકાર? તો સ્વામીએ જવાબ આપ્યો કે ભગવાન નિરાકાર પણ છે ને સાકાર પણ છે.

પછી પેલા પંડિત કહે હું કાંઈ સમજ્યો નહિ. સ્વામી કહે તમે આટલા બધા શાસ્ત્રો ભણ્યા તો ય મારી વાણી પણ તમે સમજતા કેમ નથી? શું કારણ? મેં તમને એક જ વાક્યમાં જવાબ આપ્યો કે ભગવાન સાકાર છે અને નિરાકાર પણ છે. તો તે કહે અરે! બે ય કેવી રીતે બને? સ્વામી કહે એ બંને વાતની ત્યારે જ ખબર પડે કે જ્યારે ભગવાનના સ્વરૂપનો અનુભવ થાય. તમારી ઉંમર કેવડી મોટી થઈ! તમે હજુ દરરોજ, કાયમ શાસ્ત્રોનું મનન કરો છો. મારી વાત સાચી છે કે ખોટી તે કહો? તેમ છતાં ય તમને આ વસ્તુ સમજાઈ નથી. ત્યારે એ વાતો શું કામ આવશે? તમે કહો એ વાતો તમારી સાથે આવશે ખરી? તો કહે હવે શું કરવું? સ્વામી કહે હવે જાગ્યા ત્યાંથી સવાર. સાચી સમજણ કેળવો, કે ભગવાન દિવ્ય સ્વરૂપે સાકાર છે અને પોતાનામાંથી નીકળતી અન્વય દિવ્ય શક્તિ જે પ્રકાશરૂપ છે, જે અનંત બ્રહ્માંડોમાં વ્યાપક છે, બધા પ્રકાશથી જુદો પ્રકાશ છે. જેને કોઈ આવરણ નથી. ઘટ ઘટમાં સર્વત્ર વ્યાપક છે. એ મહારાજની અન્વય શક્તિ નિરાકાર છે. ભગવાન એ અન્વયશક્તિ દ્વારા નિરાકારરૂપે વર્તે છે. અને જીવના ચૈતન્યને એક મહાન, વરિષ્ઠ દિવ્ય સુખ આપવા માટે પોતે સાકાર સ્વરૂપે બિરાજે છે. એ તો જ્યારે અનુભવ થાય ત્યારે જ ખબર પડે ને? સાકર અને ગોળ બંનેના સ્વાદમાં ખૂબ ભેદ છે ને? ખરેખર બંને ગળ્યા છે, પણ બંનેનું ગળપણ અલગ-અલગ છે. તો ખબર ત્યારે જ પડે કે મોઢામાં સાકર લે અને પછી ગોળ લે એટલે ખબર પડે.

ત્યાં સુધી ન જ પડેને? આ અન્વય અને વ્યતિરેક સ્વરૂપની ત્યારે જ ખબર પડે કે જ્યારે ભગવાનના સુખનો અનુભવ થાય. દિશ બતાવાય, પણ જ્યાં સુધી એ સુખનો અનુભવ ન થાય, ત્યાં સુધી શંકા રહ્યા કરે. તો એ શંકાને ટાળવાને માટે અનુભવ કરવો પડે. એ ભગવાન વડે ભગવાન મળે. તો એ ભગવાનને વળગી રહેવાનું. એ પ્રયોગ શરૂ કરી દેવાનો.

એ ભગવાનના સ્વરૂપ સાથે લગની લગાડીએ. જેવી મીરાંબાઈએ શ્રીકૃષ્ણ ભગવાનને વિશે લગાડી હતી એવી. સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી મહાપ્રભુજી એક અને અદ્વિતીય છે, તેવો મારો પોતાનો અનુભવ છે. એટલે તે આધારે કહું કે એમ માનવામાં કાંઈ જ ખોટું નથી. એ સત્ય છે. પ્રયોગ કરવાથી ખબર પડી જાય. પણ એ પ્રયોગ તો કરવો પડેને? એક વિદ્યાર્થી અઢાર વર્ષ સુધી મહેનત કરે, રોજ છ કલાક શાળામાં જાય, છ-સાત જેટલા શિક્ષકો એને ટ્યૂશન આપે, ઘરે ગૃહકાર્ય કરે. અઢાર વર્ષ આ સાધના કરે ત્યારે શું પ્રાપ્ત થાય? પોતાનો નિર્વાહ થાય એવું કોઈ પણ સાધન મળી આવે. પછી પાછા સાવ બધું ભૂલી જાય. એક દાખલો પૂછે તો કહે ભાઈ, એ તો હું ભૂલી ગયો. ત્યારે કશું જ રહેતું નથી. તો આટલો બધો દાખડો કર્યો છતાં પ્રાપ્તિ કેટલી? થોડીક અને આ પ્રાપ્તિ કરવાને માટે થોડોક દાખડો તો કરવો પડેને? થોડા દાખડાથી પણ ભગવાન પ્રાપ્ત થઈ જાય છે. ભગવાન કહે છે, હું આટલો બધો સમય નહિ જવા દઉં. તું મારી સાથે પ્રેમથી વળગી રહે. જે બધી થોડી-ઘણી

અણસમજણ હોયને એ દોષો મોટા પુરુષ થકી ટાળવા જોઈએ. સમજણથી દોષો ટળી જાય. અને એ ભગવાન તરફ લગની લાગી જાય. એ થઈ જાય તો કરવાનું બધું થઈ ગયું. અને એ થઈ જાય પછી તો આપો-આપ બધા જ કામ થઈ જશે. કોઈ કામ બાકી નહિ રહે. જ્યારે આ સુખનો અનુભવ થાય ત્યારે બધું પૂરું. તો પાત્રતા કેળવવી. એ કેળવાતાં ભગવાન પોતાની કૃપા જરૂર વરસાવે છે. કૃપા વરસાવ્યા વગર રહે જ નહિ. નહિતર એ ભગવાન ન કહેવાય. ભગવાન તો કૃપાસાધ્ય છે. એનું કામ જ કૃપા વરસાવવાનું. એ શોધે છે કે કોઈ મારા તરફ આવે છે? પોતે શોધવા જાય એવા પ્રભુ કૃપાળુ, કેટલા કરૂણા સાગર કહેવાય? તેઓ આપણને શોધે છે. શોધી, સુધારી, સારા બનાવી અને પોતાનું સુખ ભોગવે એવા બનાવી દે છે. આમ કૃપા વરસાવવી એ પોતાના મુક્તનું અંગ છે. જો એમ ન હોય તો જીવને ભગવાન મેળવવાનું કામ કેવી રીતે ચાલે? સુખ કેવી રીતે મળે? એ મહાન કેવી રીતે બને? તો એમનું બ્રહ્મજ્ઞાન એ અન્વયશક્તિ. પેલું બ્રહ્મજ્ઞાન જુદું. બ્રહ્મજ્ઞાનમાં જે સમજણ છે એ અલગ-અલગ છે. બ્રહ્મ કહેતાં ભગવાનની દિવ્ય શક્તિ જે ઘટ-ઘટમાં વ્યાપેલી છે, જે અંતર્યામિ શક્તિ છે, જે પ્રારબ્ધ અને બધાનાં કર્મોની આપોઆપ નોંધ કરી નાંખે છે. એ પ્રભુની અન્વય શક્તિ કામ કરે છે. જીવ-જીવ પ્રત્યે જે જે કર્મો કરે એ કર્મ એના કારણ દેહ સાથે આપોઆપ જોડી દે છે. જેને વિધાતા શબ્દ વાપરીએ છીએ. તો આ કર્મો આપોઆપ વળગી જાય છે. એમાં જરાય મિથ્યા થતું

નથી. અનેક જન્મોના કર્મો આપણે અહીં આવ્યા ત્યારે આપણી સાથે જોડાયેલા છે. જ્યારે પ્રભુ મળે ત્યારે જેમ અગ્નિ તૃણને બાળી નાંખે છે, તેમ પ્રભુ જ્યારે કૃપાદૃષ્ટિ કરે ત્યારે કર્મો નાશ થઈ જાય. નહિ તો કર્મો કદી નાશ ન થાય. કર્મો તો પ્રભુની કૃપાથી જ નાશ થાય. ત્યારે કર્મબંધનો અને પ્રારબ્ધ નાશકર્તા એક સર્વોપરી મહાપ્રભુજી જ છે. જરૂર પ્રારબ્ધ દૂર થઈ જાય. ભલે શાસ્ત્રોમાં લખ્યું છે કે પ્રારબ્ધ તો ભોગવવા જ પડે. ન પણ ભોગવવા પડે. ભગવાન કહે છે કે મારી કૃપાને કોઈ શરત નથી. બહુધા એ વાત સાચી છે કે પ્રારબ્ધ ભોગવવા જ પડે, પણ જો ભગવાન ઓળખાઈ જાય તો પ્રારબ્ધનો અંત આવે. આવા સરળ ભગવાન ઓળખાણા તો એ ભગવાનને લાગી પડવાનું. એને અંતરમાં રાખીને બધું જ કામ કરવાનું. કામ સરસ કરવાનું. તેમ છતાં કામ સારું કર્યું એનું અનુસંધાન રાખી કામ કરવા છતાં જો પ્રભુ આપણી બધી વૃત્તિઓ ખેંચીને કામ ન કરવા દે તો સમજવું કે આપણા ભાગે જે કર્તવ્ય છે એ પૂરું થઈ ગયું. જ્યારે પ્રભુમાં જોડાઈ જાય, ત્યારે કશું જ કરવાની શક્તિ રહેતી નથી. કરવાનું પૂરું થઈ ગયું. એમ થાય ત્યારે વાત જુદી છે. ત્યાં સુધી ભગવાન સાથે જીવ જોડી અને પોતાનું કર્તવ્ય નિરાસક્ત રહીને કર્યા જ કરવું.

સહજાનંદ સ્વામી મહારાજની જય.

**સારાંશ**

મહારાજ અને મહારાજના મુક્ત અજાણપણાની

સ્થિતિ રાખે છે જો ન રાખે તો મતિ ભમી જાય. સંકલ્પ શમાવે તે સંત અને સંકલ્પ ન થાય તે ભગવંત કહેતાં અનાદિમુક્ત.

ફક્ત શાસ્ત્રો વાંચવાથી ભગવાન ઓળખાતા નથી. ચૈતન્યમાં મૂર્તિ પધરાવવાથી સુખ આવે છે. ભગવાનને પામવા પુરુષાર્થ કરવો પડે, પાત્રતા કેળવવી પડે. પાત્રતા કેળવાતા ભગવાન કૃપાવર્ષા કરે છે, કૃપાસાધ્ય બને છે. ભગવાન આપણને શોધી, સુધારી અને એમનું સુખ ભોગવીએ એવા પાત્ર બનાવે છે. એવી એમની કૃપા છે. પ્રભુ કૃપાદૃષ્ટિ કરે ત્યારે કર્મો નાશ થઈ જાય છે. ભગવાનની કૃપાને કોઈ શરત નથી. ભગવાન ઓળખાઈ જાય તો પ્રારબ્ધનો અંત આવે. જ્યાં સુધી વૃત્તિઓ ખેંચાઈને ભગવાનમાં જોડાઈ ન જાય, ત્યાં સુધી નિરાસક્ત રહી પોતાનું કર્તવ્ય કર્યા કરવું. શંકા-અણસમજણ અનુભવી સંત થકી સમજીને દૂર કરવી. અનુભવ થયે બધું જ્ઞાન થઈ જાય છે.

# ૮

ભગવાનના વચનો જે તમે આચરણમાં ઊતારો તે જ બોલો. આપણે જ્ઞાન ઘણું ભેગું કરીએ પણ જો આચરણમાં થોડું ઊતર્યું હોય, તો ઊતર્યું હોય એટલું જ બોલવું જોઈએ. એવો નિયમ છે. શા માટે? કે વર્તન અને વાણી એ બંનેનો સુમેળ હોવો જોઈએ. વર્તન વગરની વાત એ સામાના મન પર કોઈ અસર કરતી નથી. એના જીવને સ્પર્શ કરતી નથી. સૌથી અગત્યની વાત એ કે જો આપણું વર્તન અને વાણી એક હોય તો આપણી વાણી એના ચૈતન્યને સ્પર્શે છે. એના ચૈતન્યનું ઊર્ધ્વીકરણ કરી નાંખે છે. પણ જો આપણે એકત્ર કરેલું જ્ઞાન આચરણમાં ન ઊતર્યું હોય અને કલાકો સુધી પીરસીએ તો શ્રોતાજનોને સાંભળવું ગમે, પણ એના ચૈતન્યને-તેના આત્માને ઊર્ધ્વીકરણ કરવામાં કોઈ મદદ ન કરે.

ગોપાળાનંદ સ્વામીનો જે દિવ્ય પ્રભાવ હતો એ પણ ભગવાન સ્વામિનારાયણનો જ હતો; બ્રહ્માનંદ સ્વામી દ્વારા જે દિવ્ય પ્રભાવ પ્રસર્યો એ પણ ભગવાન સ્વામિનારાયણનો જ હતો. પર્વતભાઈમાં રહીને ભગવાને જે અજબ ચરિત્રો કર્યાં તે કોણે કર્યાં? મહારાજે જ કર્યા. ત્યારે ગોપાળાનંદ સ્વામીએ કર્યું હતું એમ કહીએ તો યે એ, પર્વતભાઈએ કર્યું હતું એમ કહીએ તો યે એ, બ્રહ્માનંદ સ્વામીએ કર્યું હતું એમ કહીએ તો યે એ. પરંતુ જેના સમાગમમાં આવીને આપણને ભગવાન ઓળખાયા

એ તો આપણને મુખ્ય રહ્યાને? આ તો મહારાજે પણ કહ્યું છે કે જેના થકી ભગવાન ઓળખાય એ મુખ્ય રહે. તો જે જે દરેક ઘરેઘર સોમચંદબાપા ફર્યા એ બધા મુકતોને એ મુખ્ય ન રહે? ગોપાળાનંદ સ્વામીએ જેમને સુખ આપ્યાં એમને ગોપાળાનંદ સ્વામી મુખ્ય રહ્યા. તો ગોપાળાનંદ સ્વામી અને મુક્તાનંદ સ્વામીમાં જે કાંઈ મહાન ચમત્કારો સર્જાયા એ ધણીના જ હતા. માટે એવો સંકલ્પ ન કરો, પણ એમ સમજો કે આ ભગવાન સ્વામિનારાયણનો જ દિવ્ય પ્રભાવ છે. એ સોમચંદબાપામાં રહીને કામ કોણે કર્યું અને શા માટે કર્યું? કે એ દિવ્ય સ્થિતિને- સર્વોચ્ચ સ્થિતિને - પામેલા મુક્ત હતા. ભગવાને એમને માધ્યમ બનાવ્યા. તો આ બધા અનાદિમુક્તોનો ત્યાં ભેદ નથી. સર્વે મહારાજનું સુખ ભોગવે છે અને બીજાને આપે છે. આ અનાદિમુક્તોની રીત. જેટલું સુખ અપાય એટલું આપે. ખરચ્યું ના ખૂટે એને ચોર ના લૂંટે! હું શું કામ ન આપું?

જે ભગવાનના આશ્રિત હોય, જે શરણે આવે એ અનાદિમુક્તની પંક્તિમાં બેસી જાય. શરણે આવ્યા ક્યારે કહેવાય? કે કોઈ સૈનિક સેનાપતિને શરણે આવે એટલે સેનાપતિનું કહ્યું જ કરવું પડે, બધાં હથિયાર હેઠાં મૂકવા પડે. ત્યારે ભગવાનના આશ્રિત ક્યારે કહેવાય? કે આપણા ઠરાવ બધા પડ્યા મૂકવાના અને ભગવાન કહે તેમ કરવાનું. મહારાજની વાણી અને મહારાજનું સ્વરૂપ એ અભેદ છે. એમાં ભેદ નથી. તો એ વાણી આપણને આત્મસાત્ થાય ત્યારે આપણને મહારાજની મૂર્તિનું સુખ

આવે. હવે આ દિવ્ય સ્થિતિ તરફ જવાનું બહુજન માટે શક્ય નથી. કારણ કે અનેક જન્મના એટલા બધા સંસ્કારો આપણા ચૈતન્ય -કારણ શરીર- સાથે આવરણરૂપે રહેલા છે કે મહારાજનું ધ્યાન કરીએ તો ય મહારાજની મૂર્તિ ન દેખાય. તો આપણું કલ્યાણ કેવી રીતે થઈ શકે? અનેક જન્મો થાય તો યે ન થાય એ દેખીતું છે. મહારાજના આ વચન એકેએક અંતરમાં -સોમચંદબાપાની જેમ ચૈતન્યમાં- ઊતારે તો એ દિવ્ય સ્થિતિને પમાય, એ પહેલાં ન પમાય. એ દિવ્ય સ્થિતિ પહેલાં જો મહારાજ કદાચ સુખ દેખાડે તો જીરવી ન શકાય અને એ સુખ મૂર્તિમાં પાછું જતું રહે.

તો એક પ્રશ્ન એમ થાય કે બહુજનનું શું? તો બહુજનનું કામ કૃપાસાધ્ય ભગવાન કરે છે. એક કરોડાધિપતિ આપણને પાંચ હજાર રૂપિયા કે દસ હજાર રૂપિયા આપી દે તો હું ના પાડી શકું? હું એને એમ ન કહું કે તમે કેમ એને આપ્યા. એમ કહી શકાય નહિ. એને મરજી છે આપવાની. તેમાં જ તો ભગવાન સ્વામિનારાયણે એમ કહ્યું કે તમે પ્રામાણિક રીતે મારા વચનોનું પાલન થાય એટલું કરો. બાકીનું હું પૂરું કરી દઈશ.

મહારાજ સ્વામિનારાયણ ભગવાનનો મહોત્સવ અને એમના અનાદિમુક્તોનો મહોત્સવ એમાં કોઈ ફરક નથી. શા માટે કે એ મહોત્સવ અંતે તો શ્રીહરિ પૂર્ણ પુરુષોત્તમ ભગવાનનો જ મહોત્સવ છે. અનાદિમુક્ત તો સુખમાં ગરકાવ થઈને રસબસ થઈને સુખ લીધા જ કરે છે. ત્યારે કરનારા કોણ? મહારાજ પોતે. પોતાના અનાદિમુક્તનો

બ્રહ્મયજ્ઞ કોણ કરે છે? પોતે. હવે જો પોતે જ કર્તા હોય તો આશીર્વાદ પણ એ જ આપે છેને કે તમને મૂર્તિમાં રાખ્યા! તો ગોપાળાનંદ સ્વામીનો બ્રહ્મયજ્ઞ કરો તો પણ એવા આશીર્વાદ મળે, પર્વતભાઈનો બ્રહ્મયજ્ઞ કરો તો પણ મહારાજ એવા આશીર્વાદ આપે. એટલે એમ નહિ સમજવાનું કે કોઈ એક મુક્તનું છે. એને અજ્ઞાન કહેવાય. એ અજ્ઞાન આપણે ટાળી દેવું જોઈએ. ગમે તે મુક્તનો પ્રસંગ કોઈ ઉજવે, પણ એ મહારાજનો જ છે એમ સમજવાનું. એમાં ફરક નથી. આપણા વંશ-વારસો બીજા અનાદિમુક્તો પ્રગટ થાય એના જોગ-સમાગમમાં આવે તો એ એનો મહિમા ગાય. પણ એનો મહિમા એટલે મહારાજનો મહિમા. અનાદિમુક્તનો મહિમા ને મહારાજનો મહિમા એમાં કંઈ ફરક ખરો? અનાદિમુક્તના ગુણગાનમાં મહારાજના ગુણગાન જ થાય છે. અરે ભાઈ! મુક્તની દૃષ્ટિ તો મહારાજ સમક્ષ છે. આ અનાદિમુક્તે કોઈ દિવસ પોતાનામાં જોડ્યા? મહારાજની મૂર્તિમાં જ સૌને જોડયા. પણ એ કામ કેમ કર્યું? તે સેવક હતા ભગવાન સ્વામિનારાયણના. ભગવાન તો અનંત મુક્તોના સ્વામી છે. અનંત સેવકરૂપ અનાદિમુક્તો એ મૂર્તિનું સુખ લે છે. અનંત અનાદિમુક્તને પોતાની હથેળીમાં ઉછાળે, અનંત અપાર અંતર સુધી મૂકે, પાછા લાવે એવી અનંત શક્તિ-સામર્થ્ય ધરાવનારા એ ભગવાન સ્વામિનારાયણ. પણ અનાદિમુક્તનો મહિમા ઓછો નહિ. સત્સંગ ઘણો કરીએ, પણ મહારાજના અનાદિમુક્ત મળ્યા વગર મહારાજની મૂર્તિરૂપી કામ ન થાય. આ હકીકત છે. ગમે તેટલાં

પ્રસન્નતાનાં સાધન કરો, પણ મહારાજ કે મહારાજના અનાદિમુક્ત મળ્યા વગર મહારાજની મૂર્તિરૂપી ફળશ્રુતિ થવી બહુ જ કઠણ.

મહારાજે એમ કહ્યું કે છતે દેહે મારા સુખને પામવું હોય તો પહેલાં એકાંતિક બનવું પડશે. પછી એકાંતિકમાંથી પરમ એકાંતિકમાં જવું પડશે અને પરમ એકાંતિક સ્થિતિમાંથી અનાદિમુક્તની સ્થિતિમાં જવું પડશે. અને ત્યારે તમે સર્વોચ્ચ દિવ્ય સ્થિતિ પ્રાપ્ત કરી ભગવાનનું સુખ પામ્યા એમ ગણો. ત્યારે એકાંતિક મુક્તની સ્થિતિ શું? કે ભગવાન સિવાય બીજે વાસના ન રહે અને પોતે બ્રહ્મરૂપે કરીને ભગવાનની ભક્તિ કરે. એ સ્થિતિ પ્રાપ્ત થાય તે એકાંતિક સ્થિતિ. તો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યેયુક્ત ભક્તિ તે કેવી રીતે કરવી? બ્રહ્મરૂપે કરવી. જેથી ભગવાન સિવાય બીજે વાસના ન રહે. આપણે બધા અંતરશત્રુની વાત કરીએ, ઘાટ-સંકલ્પની વાત કરીએ તો એ ઘાટ-સંકલ્પ શેના થાય છે? આપણને વાસના છે તેથી થાય છે. કામ, ક્રોધ એ શું કામ થાય છે? કોઈ પણ ચીજ પાછળ આપણી વાસના છે. રાગ-દ્વેષની પાછળ પણ વાસના જ રહેલી છે. રાગ કેમ થાય છે? આપણને કોઈ વસ્તુ ખૂબ ગમે છે. માટે રાગ પાછળ પણ વાસના છે. આપણે એવી ઇચ્છા કરીએ છીએ કે એ પોતાથી મોટો ન દેખાય. એ દ્વેષ. તો એ પણ ઇચ્છા થઈ કે નહિ? તો વાસના ન થઈ? પૂર્ણ પુરુષોત્તમમાં તો એકેય દોષ નથી અને નરી દિવ્યતા જ છે તો એ ભગવંતની સ્થિતિ પ્રાપ્ત કરવા માટે એકાંતિક

તો થવું પડે ને? કેટલું અઘરું! બહુ જ અઘરું.

નેપોલિયને એમ કહ્યું કે મેં આખા વિશ્વને જીતવાનો પ્રયત્ન કર્યો. જીતી પણ લીધું ઘણું બધું, પરંતુ મેં અંતર જોયું તો મને તો એમ થયું કે મેં કંઈ મેળવ્યું નથી. અંદરનું તો કંઈ મેં પ્રાપ્ત કર્યું નહિ. એને એમ થયું કે હું કરી શક્યો એ બધા કરી શકશે, પણ અંદરનું કરવા માટે મેં પ્રયત્ન ન કર્યો. એ વખતે એમને સંતના દર્શન આપોઆપ થયા. તેણે તે સંતને એમ કહ્યું કે મેં ન કરવાનું કર્યું ને કરવાનું ન કર્યું. બરાબર? ત્યારે કરવાનું એ છે કે આપણો ચૈતન્ય આ જન્મે મહારાજના સુખમાં પહોંચી જવો જોઈએ. ઉધારો શા માટે?

ભગવાન સ્વામિનારાયણ સર્વોપરી છે એ તો અનુભવથી ખબર પડે. જ્ઞાનથી સમજાવી શકાય છે, પણ ખરું તો ભગવાન સ્વામિનારાયણ સર્વોપરી છે એ તો અનુભવનો પ્રશ્ન છે. તો મારું કહેવું એમ છે કે આપણે એને ફરજ નહિ પાડવાની, પણ સમજાવી શકાય. તો જો એ પોતાના અવતારોની ઉપાસના મૂકી દે અને સર્વોપરી તત્ત્વમાં જોડાય, તો ઉપાસના-ભંગ ક્યાં રહ્યો? એ બધા અવતારો જેમાંથી પ્રગટ થાય છે ને જેમાં લીન થાય છે તેના શરણે જવામાં કયાં પતિવ્રતાની ભક્તિનો ભંગ થાય છે? ભંગ થતો નથી. જો તુલસીદાસજીની જેવી પતિવ્રતાની ભક્તિ કરવી હોય તો આપણે પતિવ્રતાની કેટલી હદે જવું-રહેવું જોઈએ?

ભગવાન સ્વામિનારાયણ સર્વોપરી મળ્યા પછી માતાજી કે ગરબાનો મહિમા સમજીએ કે હનુમાનજીના

મંત્ર-ચાલીસા ભણવા પડે? હનુમાનજી તો ભક્ત હતા. તો એમના ચાલીસા ભણવા કરતાં સ્વામિનારાયણ ભગવાનનું નામ ન લઈએ? ત્યાં શા માટે શ્રદ્ધા થાય? કારણ કે સમજણમાં ફરક છે, ખરી સમજણ મોટા મુક્ત થકી થઈ નથી. કોઈ જગ્યાએ સારપ્ય નહિ મનાવી જોઈએ. જો સારપ્ય મનાય તો સમજવું કે હજી આપણી સમજણ કાચી છે. આપણે આ સારપ્ય કાઢી નાખવી પડશે. અરે ભાઈ! કાઢતા તો એક સેકંડની વાર જ બસ. પોતાની સમજણ ને દૃષ્ટિબિંદુ બદલી નાખીએ એ ભેગું જ બધું ન બદલાઈ જાય? તો આપણે જ એવા મૂર્ખ થઈએ છીએ કે આપણી સમજણ જે શુદ્ધ નથી એ રહેવા દઈએ છીએ. ત્યારે એટલું જરૂર, આદર બધાનો કરીએ. ક્રિશ્ચિયનને એમ ન કહેવું કે તમે ભગવાન સ્વામિનારાયણના આશ્રિત થાવ. સ્વામિનારાયણ સર્વોપરી છે, આશ્રિત થાવ તે અમે ઇચ્છીએ, પણ ન થાવ તો આગ્રહ નથી. પણ જ્યારે તમને એમ લાગે કે એ ઈસુ ખ્રિસ્ત તો Son of God છે, He is not God. તો પરમાત્મા જે સર્વોપરી છે એ પરમાત્માને વળગવામાં વાંધો શું? વળગવું જ જોઈએ.

કોઈ એમ કહે કે ભગવાન સ્વામિનારાયણે એમ કેમ કહ્યું કે શ્રીકૃષ્ણ ભગવાનના ડાબા પડખે રાધિકાજી રહ્યાં છે, વક્ષસ્થળમાં લક્ષ્મીજી રહ્યાં છે એ ભગવાનનું હું ધ્યાન કરું છું એમ કેમ કહ્યું? એમ કેમ ન કહ્યું કે હું પૂર્ણ પુરુષોત્તમ ભગવાન છું, મારું ધ્યાન કરી અને બધા ય મુક્તોને મારા સ્વરૂપમાં રાખું છું? મેં કહ્યું એમ જ કહ્યું છે. કારણ કે ભગવાને નિર્માનીપણું બતાવ્યું છે. અને પોતે

મુક્ત તરીકે સેવકભાવે બોલ્યા છે. તો એનું નામ જ સર્વોપરી પરમાત્મા. એ સર્વોપરી સ્વામિનારાયણ ભગવાન પૃથ્વી ઉપર આવ્યા તે પહેલાં પૃથ્વી પરના લોકો તો શ્રીકૃષ્ણની ભક્તિથી રંગાઈ ગયેલા અને રામચંદ્રજીની ઉપાસનાથી રંગાઈ ગયેલા, ભગવાન શંકરની ઉપાસનાથી રંગાઈ ગયેલા. ચારેકોર એવું જ હતું. એમાં સર્વોપરી તત્ત્વને કેવી રીતે ઓળખે? એનો દાખલો આપું તમને. કે આઈન્સ્ટાઈને એમ કહ્યું કે સારું થયું કે મારી માએ મને એમ ન કહ્યું કે આ બિલાડી આડી ઊતરે તો આપણને નુકસાન કરે. નહિતર મારા મગજમાં એ પૂર્વગ્રહ જો પેસી ગયો હોત તો કાઢવો અઘરો પડત. કારણ કે subconscious mindમાં જે impression પડે એ પૂર્વગ્રહ જલદી હટતો નથી. તરત સાંભરે કે અત્યારે આ આડું ઊતર્યું. તો જો આઈન્સ્ટાઈન એમ કહેતો હોય તો વિચાર કરીએ કે જો આપણે પરાપૂર્વથી કોઈ સંસ્કાર આવ્યા હોય એ કાઢવા કેટલા અઘરા!

બાપાશ્રીના સાર્ધ-શતાબ્દી મહોત્સવ વખતે મહારાજે આશીર્વાદ આપ્યા કે અહીં જે ઉપસ્થિત થયા છે એ બધાને હું અક્ષરધામમાં લઈ જઈશ. બરાબર? તો મહારાજે પોતાનું બિરદ તો વાપરવું પડે ને? એટલે જ્યારે ધામમાં લઈ જાય ત્યારે પોતે આવરણ રાખી અને એને જે જે દેવ-દેવતાઓ જોયા હોય એ બધાને દેખાડે કે જો આ રાંક છે મારી પાસે. તું રાંકમાં લઈ મંડ્યો હતો. જો હવે હું એ આવરણ દૂર કરી નાખું છું. એમ આવરણ દૂર કરીને પોતાનું દિવ્ય દર્શન કરાવે. કેટલું બધું

કૃપાસાધ્યપણું! થયું કે નહિ? આવું કૃપાસાધ્યપણું ક્યારે વાપરે? કે આવા અનાદિમુક્તના મહોત્સવ હોય કે ભગવાન સ્વામિનારાયણનો પોતાનો મહોત્સવ હોય ત્યારે પ્રભુ આવું કૃપાસાધ્યપણું વાપરે છે. અને મને તો એમ લાગે છે કે મહારાજ પોતાના મહોત્સવ કરતાં પણ અનાદિમુક્તના મહોત્સવમાં વધુ કૃપાવર્ષા કરે છે. તથા એમ કહે છે કે મને તો સૌ પૂજશે, પણ મને પામવા માટે તો બધા ય સારી રીતે મારા અનાદિમુક્તનો મહિમા સમજશે ત્યારે હું એને દિવ્ય સુખમાં લઈ જઈશ! આટલો બધો રાજીપો!

આપણે ભગવાનને દરરોજ પ્રાર્થના કરીએ કે હે મહારાજ! એક ક્ષણભર પણ તમારી મૂર્તિ ભૂલાય નહિ, તમે અમને તમારા સ્વરૂપમાં રાખ્યા છે એની દૃઢતા કદીયે ઓછી ન થાય, તમે અનાદિમુક્તની પંકિતમાં બેસાડ્યા છે એ વિશ્વાસ કદીયે ડગે નહિ અને તમારી ઇચ્છા હોય ત્યારે તમે અમને દિવ્ય દર્શન આપીને સુખમાં મૂકજો, આજને આજ મૂકી દો એમ પણ કહેતા નથી, બધું તમને ખબર છે, તમને સોંપીએ છીએ. અમારો આખો ચૈતન્ય તમને સોંપ્યો છે, દયા કરીને તમે સંભાળી લેજો. અમને તમારા સુખમાં રાખજો એટલી જ પ્રાર્થના અને આપના સ્વરૂપ સિવાય કાંઈ ગમે નહિ એવી દયા કરજો. એવી પ્રાર્થના કરવી. આ દિવ્ય સભાનો ઘણો સમય લઈ લીધો. બધાનો રાજીપો અને આશીર્વાદની અપેક્ષા સાથે વિરમું છું.

સ્વામિનારાયણ ડિવાઇન મિશન એટલે આપણું બધાનું હું ડિવાઇન મિશનનો અર્થ સમજાવું. સ્વામિનારાયણ

ભગવાનનું ડિવાઇન મિશન કોને કહેવાય કે આત્યંતિક કલ્યાણનું એટલે કે આત્યંતિક મોક્ષનું સદાવ્રત ચલાવનાર મુક્તમંડળ એટલે સ્વામિનારાયણ ડિવાઇન મિશન. તો Are we not all Swaminarayan Divine Mission? We are all Swaminarayan Divine Mission. Don't understand that Swaminarayan Divine Mission is something different. આપણે બધા સ્વામિનારાયણ ડિવાઇન મિશન જ છીએ. આપણે આત્યંતિક મોક્ષનું સદાવ્રત નથી ચલાવતા? ચલાવીએ છીએ. બધાને મહારાજને ઓળખાવીએ છીએ.

## સારાંશ

જેટલું જ્ઞાન આપણે જીવનમાં ઉતાર્યું હોય તેટલું જ બોલવું. વાણી-વર્તન એક રાખવા, તો જ બોલ્યાની અસર સામેની વ્યક્તિના ચૈતન્ય પર પડે.

દરેક અનાદિમુક્તમાં રહીને મહારાજ કાર્ય કરે છે, પણ આપણને જે અનાદિમુક્ત મળ્યા તેનું મુખ્યપણું રાખવું જોઈએ. પોતાના બધા ઠરાવ પડતા મૂકી મહારાજ અને એમના અનાદિમુક્તને શરણે જઈએ તો અનાદિમુક્તની પંક્તિમાં બેસી જઈએ. મહારાજના એકે-એક વચનો ચૈતન્યમાં ઉતારીએ તો એ દિવ્ય સ્થિતિને પમાય.

ગમે તે મુક્તનો પ્રસંગ ઉજવીએ તે પ્રસંગ મહારાજનો જ કહેવાય. કારણ કે અનાદિમુક્તના ગુણગાનમાં મહારાજનો જ મહિમા ગવાય છે.

અનાદિમુક્ત મહારાજમાં જોડાવાની જ વાત કરે.

સાધન ગમે-તેટલા કરીએ, પણ મહારાજના અનાદિમુક્ત મળ્યા સિવાય પ્રાપ્તિ ન થાય. અનાદિમુક્ત સૌથી શ્રેષ્ઠ માધ્યમ છે. અનાદિમુક્તની આપણા પર કૃપા ઊતરે એ માટે પણ પુરુષાર્થ તો કરવો જ રહ્યો.

ભગવાનની સર્વોપરી ઉપાસના સમજવી અને બીજાને સમજાવવી. સર્વોપરી ભગવાન મળ્યા પછી બીજે શ્રદ્ધા ન રાખવી.

સાર્ધશતાબ્દી વખતે મહારાજે આશીર્વાદ આપ્યા કે અહીં ઉપસ્થિત સર્વેને હું ધામમાં લઈ જઈશ. કારણ કે તેમના મુક્તના ઉત્સવમાં મહારાજ વધુ કૃપા વરસાવે છે.

ભગવાનને એમ પ્રાર્થના કરવી કે તમારી મરજી થાય ત્યારે, પણ મારા ચૈતન્યને સંભાળી લેજો.

સ્વામિનારાયણ ડિવાઇન મિશન એટલે આત્યંતિક મોક્ષનું સદાવ્રત ચલાવનાર મુક્તમંડળ.

## ૯

શ્રીજીમહારાજે આ ભારત ભૂમિ ઉપર દર્શન આપીને સારાય વિશ્વને ન્યાલ કરી દીધું. પ્રભુએ અનેક લીલા કરી અદ્‌ભુત વન વિચરણ કર્યું. ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ એ ચારે દિશામાં પદયાત્રા કરીને વિચરણ કર્યું. એ વિચરણ અદ્‌ભુત અને અદ્વિતીય છે. સારાય ભારતમાં કેમ વિચરણ કર્યું? એટલા માટે કે ભૂમિને મહાપ્રસાદીની કરીને એ ભૂમિ દ્વારા પોતાના દિવ્ય સંકલ્પ ચારે દિશામાં પ્રસરાવ્યા. ભારત ભૂમિના ચારે ખૂણા ઉપર અવકાશમાં ઊંચે જઈને જો કોઈ દૃષ્ટિ કરે તો સા....રા ય વિશ્વના જે દેશો છે તે એકી સાથે જોઈ શકે. ભગવાને એવી દૃષ્ટિ કરી કે સા...રી ભૂમિને પ્રસાદીની બનાવી દીધી. એ પ્રસાદીની ભૂમિમાં કોઈ જીવને બાકી રાખ્યો નથી. બધામાં એ દૃષ્ટિ પડતાં બીજબળ તો વવાઈ ગયું, પણ જેવી ભૂમિ ફળદ્રુપ હોય તેવી રીતે એ બીજબળ ઊગે. બહુ સારી ફળદ્રુપ ભૂમિ હોય તો જલદી બીજબળ ઊગે અને જો ફળદ્રુપ વધારે ન હોય તો એ બીજબળ અંદર પડ્યું રહે. વખત આવ્યે સંતપુરુષો દ્વારા જ્યારે ભગવાન એ બીજબળને વધારે બળવત્તર બનાવે અને પોતાની દિવ્ય વાણી કે પોતાની કૃપા વરસાવે એ રૂપી જે દિવ્ય ખાતર એ ચૈતન્યમાં પડે ત્યારે પાછું એ બીજબળ વધવા માંડે.

ઉત્ક્રાંતિની ક્રિયા કરવા માટે શ્રીજીમહારાજે ત્રણ પ્રક્રિયાઓ ઊભી કરી દીધીઃ ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય.

આ ત્રણ સ્થિતિ દ્વારા ઉત્ક્રાંતિ કરતાં કરતાં જીવને છેક પ્રભુના સુખમાં પહોંચાડી દે છે. મૂર્તિમાં પહોંચી ગયા એટલે આત્યંતિક પ્રલય થઈ ચૂક્યો આ વાણી -આત્યંતિક કલ્યાણની વાણી અત્યાર સુધી કોઈ જગ્યાએ કોઈ શાસ્ત્રમાં લખી છે?

પરાત્પર પરબ્રહ્મ પરમાત્મા જ્યારે પૃથ્વી ઉપર પ્રગટ થાય ત્યારે પોતાનું સર્વ ઐશ્વર્ય-સામર્થ્ય સાથે જ હોય, એના મુકતો પણ સાથે હોય, પરંતુ ભગવાન એ બધું ઢાંકી રાખે છે. એટલે આપણને એ જે મનુષ્ય સ્વરૂપ છે એ સીમિત લાગે છે; પણ હકીકતમાં સીમિત નથી, જેવું છે એવું જ છે. આપણી દૃષ્ટિ દિવ્ય થતાંની સાથે જ ખબર પડે છે કે ખરેખર એ અપાર, અનંત એવું એ દિવ્ય સ્વરૂપ છે.

શ્રીજીમહારાજે આપણને બાપાશ્રી દ્વારા કેવા આશીર્વાદ આપી દીધા! એ કયા આશીર્વાદ? કૃપાના આશીર્વાદ. કૃપા તુલ્ય કોઈ જ વસ્તુ નથી. કૃપા એટલે કૃપા. ભગવાનના સ્વરૂપમાં પહોંચવા માટે આ કૃપાવર્ષા વગર કોઈ શક્યતા નથી. બધા જ સાધનોનો અંત ત્યારે જ આવે છે કે જ્યારે એ કૃપા મળે. જો એ કૃપા મળે તો એ સાધન પરિપૂર્ણ થયા કહેવાય. એ કૃપામાં આપણે સર્વ બેઠા છીએ.

એકવાર એકલા પ્રેમાનંદ સ્વામી જ બેઠા હતા. બીજું કોઈ નહિ. સામે મહારાજની મૂર્તિ હતી. સ્વામી ઘણો વખત સુધી એ મૂર્તિ સમક્ષ કીર્તન ગાતા હતા. કીર્તન કરતાં કરતાં નૃત્ય કરતા હતા. Divine play! એક જણ

બારીમાંથી જોતા હતા કે પ્રેમાનંદ સ્વામી શું કરે છે? આવું એકાદ કલાક સુધી જોયું. અને સ્વામીને પૂછયું કે સ્વામી! એકલા એકલા તમે શું કરો છો? તમને શું મઝા આવે છે? સ્વામી કહે કે હું ક્યાં એકલો છું? તમે એકલા છો. શ્રીજીમહારાજ ભેગા અનંત દિવ્ય મુકતો છે. જેને પ્રભુનો આ જાતનો મહિમા હોય, આટલી સમજણ હોય, તો એને કદીએ એકલાપણું લાગતું નથી. આપણે પણ કદીએ એકલવાયું ન લાગે એવી સ્થિતિ કરવી જોઈએ.

સ્વામિનારાયણ ભગવાન પરાત્પર પુરુષોત્તમ-નારાયણ એ બધામાં રહીને બોલે છે, ચાલે છે, કામ કરાવે છે; બધું જ એ કરે છે. એક જણે કહ્યું કે એ બધું જ જો ભગવાનની ઇચ્છાથી થતું હોય, તો આ પાપીઓ પાપકર્મ કરે છે એ પણ ભગવાનની ઇચ્છાથી થાય છે? આ પાપકર્મ કરે છે એ પણ મહારાજ! તમારી ઇચ્છા છે? તો મહારાજ કહે હા, મારી ઇચ્છા છે! હવે? આ કઈ જાતનું? એનો અર્થ એ બરાબર છે. કેમ બરાબર છે એ આપણે જાણીએ. કે જીવો કામકામથી શીખે, અનુભવથી શીખે એમ પાપકર્મો કરતાં કરતાં એ જીવોને પશ્ચાત્તાપ થાય છે. મહારાજ અન્વય સ્વરૂપે બધે જ વ્યાપક છે. કોઈ જીવ ઉપર એને અનાદર નથી. સરખી જ કૃપા વરસાવે છે, કૃપા ઝીલવાની ગતિ ઓછી-વત્તી હોય છે.

આ પાપકર્મો કરનારનો દાખલો આપું. જોબન પગી ચીભડાની જેમ માણસોને કાપી નાખતો હતો. ગામડાંઓમાં ખબર પડે કે જોબન આવ્યો તો ગાત્રો ઢીલાં થઈ જાય, કેટલાક તો મરી પણ જતા. એ જોબન પગી

પાપનો પર્વત નહિ? તો પાપકર્મો કરનાર ઉપર મહારાજે કૃપા કરીને? પાપકર્મો કરનાર ઉપર પણ એટલી જ કૃપા કરે છે. તેમને પશ્ચાત્તાપ પોતે કરાવે છે. એની ઇચ્છાથી બધું જ થાય છે. પાપકર્મ કરવું એ સારું નથી. ભગવાનના ભક્તો પાપકર્મ નથી કરતા એટલા માટે જ એમણે પ્રભુને ઓળખ્યા. અને જે પાપકર્મ કરે છે એણે પ્રભુને નથી ઓળખ્યા. તો તેનો શું વાંક? ભગવાન! તમારો વાંક? ના. જીવ, ઈશ્વર, માયા ને બ્રહ્મ-પરબ્રહ્મ અનાદિથી ચાલે છે. એ શું છે કે કેમ ચાલે છે કે ક્યાંથી જીવો આવ્યા, કેટલા પહોંચ્યા, કેટલા રહ્યા એ પ્રશ્ન જ નથી રહેતો. એનું નામ જ નેતિ નેતિ. આનું નામ જ અકળિત. પ્રભુને આપણે સાથે રાખી એના મુકતો પાસેથી સમજીએ કે સર્વ કંઈ છે એ ભગવાનની ઇચ્છાનુસાર થાય છે. ભગવાન એવું કરે છે કે પાપકર્મ કરતાં કરતાં એને એવો વિચાર આવી જાય છે કે આ હું શું કરું છું? એવું સમજે એ ભેગું જ એને જ્ઞાન થાય છે. એના પાપકર્મ ચાલ્યા જાય છે. જતાં કેટલી વાર? જોબન પગી કેટલી ઘડીમાં, કેટલી ક્ષણમાં મુકતદશાને પામ્યો? બધું જ હેઠું મૂકી દીધુંને? આ કંઈ થોડી વાત? ત્યારે, ચિંતા નહિ કરવાની. અત્યારે કળિયુગ ચાલે છે. પાપકર્મોને પોષણ નહિ કરવાનું. પાપકર્મો પ્રત્યે તિરસ્કાર કરવાનો; પણ પાપી પ્રત્યે તિરસ્કાર કરવાની મહારાજ ના પાડે છે. જો પાપી પ્રત્યે તિરસ્કાર મહારાજે કર્યો હોત, તો આ જોબન પગીનો કદીએ ઉદ્ધાર થયો ન હોત.

જો સારા ય સત્સંગ વિશે અથવા ક્યાંય પણ જો

કોઈ ચૈતન્યને વિશે મનુષ્યભાવ ન આવે તો એ જીતી ગયો. માટે મહારાજે કહ્યું કે દિવ્યભાવમાં વર્તવું. દિવ્યભાવમાં વર્તવું એટલે? કોઈના પ્રત્યે તિરસ્કાર ન થાય, વેરબુદ્ધિ ન થાય, ઈર્ષ્યા ન થાય, દ્વેષ ન થાય અને એકસરખો પ્રેમ રહે એનું નામ દિવ્યભાવ. અત્યારે જગતમાં એવું કહેવાય છે કે International understanding એટલે આંતરરાષ્ટ્રિય સમજણ એટલે કે વિશ્વબંધુત્વની ભાવના કેળવવી. એ બરાબર છે. અરે! એ વિશ્વબંધુત્વની ભાવના ઘરમાં-કુટુંબમાં છે ખરી? ભાઈઓ-ભાઈઓ વચ્ચે બને નહિ, સાસુ-વહુને બને નહિ. તો આ કંઈ વિશ્વબંધુત્વની ભાવના કહેવાય? પણ જો દિવ્યભાવ કેળવીએ તો વિશ્વબંધુત્વની ભાવના આપોઆપ કેળવાઈ જાય. પેલા પરભાવમાં કેટલી એકતા છે! ત્યાં કોઈપણ જાતનો ભેદભાવ, કોઈ પણ જાતની આવી અશુદ્ધિનું અસ્તિત્વ છે?

## સારાંશ

મહારાજે પગપાળા ચાલી સમગ્ર ભૂમિને પવિત્ર કરી. જેથી જીવો પાત્ર થાય. મહારાજ મનુષ્યરૂપે પ્રગટ થયા ત્યારે સામર્થ્ય તો હતું જ પણ ઢાંકીને વર્ત્યા. મહારાજ અને અનાદિમુક્તની કૃપા મળે ત્યારે બધા સાધનોનો અંત આવે. મહારાજ અને તેમના અનંત મુક્તો સદાય આપણી સાથે જ છે તેવો ભાવ કાયમ રાખવાથી એકલાપણું લાગતું નથી.

પાપીઓને જ્યારે પાપ કરતા પશ્ચાત્તાપ થાય ત્યારે

તેઓ પણ મહારાજ સન્મુખ થાય છે. પશ્ચાત્તાપ પણ મહારાજ કરાવે છે. સર્વ કાંઈ ભગવાનની ઇચ્છાથી જ થાય છે. પાપ પ્રત્યે તિરસ્કાર કરવો. પાપી પ્રત્યે નહિ. વિશ્વના કોઈ પણ ચૈતન્યને વિશે મનુષ્યભાવ લાવવો નહિ.

## ૧૦

અનાદિ મહામુક્તરાજ બાપાશ્રીનો સાર્ધ-શતાબ્દી મહોત્સવ જીવોના સર્વોત્તમ ઉદ્ધારને માટે મહારાજે પોતે આપણા સૌ દ્વારા ઉજવાવ્યો અને તે પ્રસંગે જે કોઈ સંતો, હરિભક્તો, ભાઈ-બહેનો અહીં પધાર્યા છે તે બધા યનો મહારાજ સ્વામિનારાયણ ભગવાન છેલ્લો જન્મ કરી, ખરી વેળાએ આવી અને ઊભા રહી પોતાની મૂર્તિના સુખમાં ઝીલાવશે. જય સ્વામિનારાયણ! બાપાશ્રીની જય! ભગવાન સ્વામિનારાયણની જય!

### સારાંશ

મહોત્સવમાં મહારાજ ઘણો રાજીપો જણાવે છે અને રાજી થઈ પોતાના અનાદિમુક્ત દ્વારા છેલ્લા જન્મના આશીર્વાદ બધા પર વરસાવે છે. એ આશીર્વાદમાં સંપૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ રાખવાથી કામ બની જાય છે.

# ૧૧

એક વાત યાદ રાખીએ કે મહારાજ કૃપાસાધ્ય છે. કૃપાસાધ્યનો અર્થ એ કે ભગવાન કોઈને કહે કે તમને મૂર્તિમાં રાખ્યા તો એ વચનમાં ફેરફાર ન થાય; ભલે પછી એનામાં અવગુણો ભર્યા હોય. પણ એકવાર એમ બોલે કે તને મૂર્તિમાં રાખી દીધો; એટલે પછી છોડે નહિ. વાત પતી જાય. ભલે એ પાપનો પર્વત હોય, પણ જો ભગવાન પાસે આવે ને જો ભગવાન રાજી થઈ જાય અને એકવાર કહે કે મેં તને મૂર્તિમાં રાખ્યો અને આ જ જન્મે મારા દિવ્ય સુખને પમાડી દઈશ, મારા સુખનો અનુભવ કરાવીશ તો એવું કરાવ્યા વગર છોડે નહિ. પણ કૃપાસાધ્ય ભગવાનનું વચન અદ્ધરથી ઝીલાય એવો વિશ્વાસ માત્ર જોઈએ; કોઈ સાધન કરવાની જરૂર નહિ.

કૃપાસાધ્યનો અર્થ જ એ કે સાધન કરવાની જરૂર જ ક્યાં છે? બરાબર છે. સાધન ક્યા કરવાના? પણ એવો વિશ્વાસ આવવો જોઈએને? બરોબર યાદ રાખીએ કે ભગવાન કૃપાસાધ્ય છે એ સમજવા માટે એવો વિશ્વાસ જોઈએ કે કોઈ પણ સંજોગો ઊભા થાય તો પણ એ વિશ્વાસ ડગે નહિ. જો એ ડગે અને સંજોગ પ્રમાણે જો સંકલ્પ થઈ જાય કે આમ કેમ? તો એનો અર્થ કે શંકા થઈ. Question પૂછયો કે ભગવાને આમ કેમ કર્યું? વાત પતી ગઈ. અદ્ધરથી ક્યાં ઝીલ્યું? માટે કૃપાસાધ્ય ભગવાનનું વચન જો અદ્ધરથી ઝીલે તો કશા સાધન ન

કરે તો પણ પામી જાય. પણ જો એવો વિશ્વાસ હોય તો આપોઆપ વર્તન સહજ બની જાય. આ એક ખૂબી છે. એટલું નક્કી સમજવું કે સાર્ધ-શતાબ્દી મહોત્સવ વખતે છેલ્લા જન્મના આશીર્વાદરૂપે મહારાજના મુક્તો બોલ્યા એ કંઈ બધા યને રાજી કરવા સારુ નથી બોલ્યા. બધાંયને બળ મળે એટલે નથી બોલ્યા. સાર્ધ-શતાબ્દી મહોત્સવ વખતે સર્વોપરી સ્વામિનારાયણ ભગવાને અને બાપાશ્રીએ આશીર્વાદ આપ્યા કે જાવ તમારો છેલ્લો જન્મ; તો એમાં સત્સંગી ન હોય એવા ય હતા. તો એનો પણ છેલ્લો જન્મ થઈ જાય. જો એમાં એને શંકા ન રહે તો થયા વગર રહે જ નહિ; આ જ જન્મે થઈ જાય.

એક વસ્તુ બરાબર પાકી કરવી, કે કૃપાસાધ્ય ભગવાનમાં વિશ્વાસ રાખવો કે મારો છેલ્લો જન્મ થઈ ગયો છે. જો એ વિશ્વાસ ડગે નહિ તો એ અદ્ધરથી ઝીલેલું વચન આપણા સમગ્ર ચૈતન્યનો ફેરફાર કરી નાખે છે. એમાં કોઈ શંકા નથી. અરે! આપણને ખૂબ મહારાજનું બળ હોય, મહારાજનું એકે એક વચન પાળતા હોઈએ અને અચાનક મોટો રોગ આપી દે તો? અને કોઈ આવીને કહે કે હું તારો રોગ હાલ મટાડી દઉં. એ વખતે આ ખ્યાલ રહેવો જોઈએ કે મને તો મૂર્તિમાં મૂક્યો. તો મૂર્તિમાં મૂક્યા પછી રોગ ક્યાં રહ્યો? એ રોગ તો સ્થૂળ દેહમાં રહ્યો. દેહ સળગી જાય એ ભેગો એ રોગે ય જવાનો જ છે. ચૈતન્યની અંદર કોઈ રોગ પ્રવેશતો નથી. જો ચૈતન્યમાં રોગ પ્રવેશે તો કોઈ દહાડો એ ચૈતન્ય ભગવાનને પામે જ નહિ. નિર્મળ થાય કેવી રીતે? ચૈતન્ય

ઉપર તો આ જે પાપકર્મો કર્યા હોય એના આવરણો છે. એ આવરણો હટી જાય તો? એ ચૈતન્ય તો જેવો છે એવો નિર્મળ જ છે. આપણને એમ કહી દે છે મહારાજ કે તમને અમે મૂર્તિમાં રાખીને અમારા દિવ્ય સુખનો અનુભવ કરાવશું, તો આ જન્મે કરાવી દે. આભ તૂટી પડે એટલું દુઃખ હોય તો પણ એમ જાણે કે હું તો સુખિયો જ છું, ભલે ગમે તેમ થાય. આવો અડગ નિશ્ચય કરીને જો એ વચન ઝીલે તો ભલે એ સાધન ન કરે તો પણ પામી જ જાય. પણ એ આવવું કઠણ છે ને? ત્યારે એ જ બરાબર સમજવાની ખૂબ જરૂર છે.

એક વાત યાદ રાખીએ કે આપણે મહારાજની મૂર્તિમાં રહ્યા પછી કદીયે એમ નહિ માનવાનું કે આપણને કોઈ વસ્તુ, આધિ-વ્યાધિ કે ઉપાધિનો સ્પર્શ થઈ શકે. જે કંઈ પણ  થાય તે દેહરૂપે ભલે દેખાય. એવું બળ કેળવીએ. સહન કરતાં શીખીએ. ભલે મુક્તને પ્રાર્થના કરો, પણ પેલો વિશ્વાસ ડગવો જોઈએ નહિ. એ વિશ્વાસમાં જો ફેરફાર થઈ જાય કે પ્રશ્ન ઉઠે એ જ વાત ખોટી છે અને છેલ્લા જન્મનું થયું એમાં પ્રશ્ન શું ઉઠાવાનો? ત્યાં પ્રશ્ન ય નથી ને જવાબ ક્યાં આપવાનો રહ્યો? મને તો એમ લાગે છે કે આ સભામાં બેઠેલા બધા જ મુક્તો મૂર્તિમાં રહ્યા છે.

મને છેલ્લા વર્તમાનની વાત સમજાવવાનું વૃંદાવન સ્વામીએ રાત્રે નવ વાગ્યેથી શરૂ કર્યું તે રાત્રિના ત્રણ વાગ્યા સુધી વાત કરી. એ વખતે હરિજીવનદાસજી સ્વામી છેને આપણા એ વૃંદાવન સ્વામીની સેવામાં હતા. વૃંદાવન

સ્વામીએ કહ્યું કે (ઈશ્વરચરણ) સ્વામીએ તમને એમ કહ્યું હતું ને કે છેલ્લાં વર્તમાન તમને (વૃંદાવન) સ્વામી સમજાવશે. તો તું પંચવર્તમાન સમજ્યો છો? મેં કહ્યું સ્વામી! પંચવર્તમાન તો બરાબર સમજું છું અને પાળું પણ છું બરાબર. એથી વધુ તમારે કંઈ મને સમજાવવાનું હોય એ સમજાવો. સ્વામી કહે કે અરે! તને થોડું (આ "થોડું" એટલે પૂજ્યશ્રી નારાયણભાઈ ભગવાનના સ્વરૂપના અપરોક્ષ અનુભવમાં અખંડ રહેતા તે!) છે તો ય કેટલી બધી ખુમારી છે! સ્વામી પગની ઘૂંટીએ આમ અડીને બતાવે કે તને જે અનુભવ છે તે હજી તો આટલું ય નથી. ત્યારે વિચાર કરો કે મહારાજની મૂર્તિ હું દેખતો'તો. નખથી શિખા પર્યંત. દસ વર્ષનો હતો ત્યારથી. તો ય સ્વામીએ કહ્યું કે આટલું (એટલે કે મહાસાગર સામે ખાબોચિયા જેટલું) છે! (પોતે પૂર્ણ મુક્ત હોવા છતાં અન્યોને દાસભાવ દેખાડવા પોતાના મિષે વાત કરી.)

આ દિવ્ય સ્થાનમાં દિવ્યસ્વરૂપ મહારાજના આવા અનાદિમહામુક્ત પ્રગટ થયા મહારાજની ઇચ્છાથી તો એ દિવ્યતા જતી રહે ખરી? દિવ્યતા કોઈ દિવસ ન જાય. પાકો રંગ જાય છે? તો દિવ્યતા કેવી રીતે જાય? આ સ્થાનમાં રહેનારા કે આવનારા એમની પાત્રતા પ્રમાણે બદલાય એટલા ખરા. કોઈવાર એવું પણ બને કે તેઓનું વર્તન આજ્ઞા વિરુદ્ધ હોય; એનો અર્થ એ નહિ કે આ સ્થાનની દિવ્યતા બદલાય. બે વસ્તુ તો અખંડ રહેવાની: એક શ્રીજીમહારાજ ને બાપાશ્રી અને આ દિવ્ય સ્થાનની

રજે રજ જે દિવ્ય થઈ તે દિવ્ય જ રહેવાની. આવનાર બદલાય કે ન બદલાય, પણ આ સ્થાન દિવ્ય રહેવાનું. બધાને અહીં આવવું પડશે અને આવવાના. બધા ય લોખંડ તો ખરા જ ને? અને સર્વશ્રેષ્ઠ લોહચૂંબક જો કોઈ હોય તો તે પરમ તત્ત્વ સર્વોપરી પરમાત્મા ખરા કે નહિ? તો કયો જીવ એ ધારે તો ન આકર્ષાય?

અક્ષરધામમાં મહારાજ દિવ્ય સ્વરૂપે છે ને એને ઢાંકીને મનુષ્યરૂપે આવ્યા ત્યારે આપણે ખમી શકયા. પાત્ર થાવ ત્યારે એ દિવ્ય સ્વરૂપ બહુ શીતળતાથી સહન થાય છે, નહિતર ન થાય. મનુષ્યરૂપે આવ્યા ત્યારે અધૂરા નહોતા, પણ ઐશ્વર્યને ઢાંકી રાખ્યું અને અક્ષરધામનું જે દિવ્ય સ્વરૂપ છે એ તો કોટી કામદેવ પણ હિસાબમાં નહિ એવું સુંદર છે. એવું સ્વરૂપ લઈને મનુષ્યરૂપે પ્રગટ ન થઈ શકે. કારણ કે અવરભાવની એક મર્યાદા હોય છે. અવરભાવની મર્યાદા ઓળંગીને પરભાવ સુધી પહોંચો એટલે એ દિવ્ય સ્વરૂપની ખબર પડે. પણ થોડી ઝાંખી કરાવે એટલે આપણને બળ આવે. એમ કલ્યાણસિંહજીને જે દર્શન કરાવ્યા એ પ્રતીતિ કરાવવા દિવ્ય ઝાંખી માત્ર કરાવી. મહારાજની મૂર્તિમાંથી જે પ્રકાશ નીકળે છે એ પ્રકાશ ઝીલી શકાય એવા પાત્ર હોય તો સુખ આવે તો મહારાજે એ શીતળ, શાંત, દિવ્ય પ્રકાશ કલ્યાણસિંહજીને બતાવ્યો કે જેથી એ સહન કરી શકે. એમને ખાતરી થઈ ગઈ કે વાત બરાબર છે. ત્યારે એ ઝાંખી થઈ ગઈ તો મૂર્તિરૂપ થયા. તો ભલે મહારાજ અત્યારે દિવ્ય દર્શન આપણને કરાવે કે ન કરાવે, પણ

અંતે તો કરાવશે એ ચોક્કસ. શું કામ અધીરા થવું?

અનુલોમ પ્રમાણે એવું ધ્યાન પાકું કરો કે મંદિરમાં જઈને મૂર્તિ જોવા જઈએ તો જ દર્શન થાય એમ નહિ. એવી જ મૂર્તિ આપણને અહીંયા દેખાવી જોઈએ એવી પાકી કરો. મંદિરમાં મહારાજની મૂર્તિ હોય એનો ફોટોગ્રાફ લઈ લેવો. એ મૂર્તિ સિદ્ધ કરવી. મંદિરમાં જાવું, સમાસ માટે પછી જવાનું રહે. પણ પાકું તો એવું કરવું કે મંદિર જઈએ તો જ શાંતિ થાય અને અહીંયા બેઠા ન થાય એમ ન થવું જોઈએ. આ સારીયે દિવ્ય સભા અને મહારાજ અખંડ ભેળા રાખીએ. એમાં ફેરફાર ન થવો જોઈએ. એટલે મૂર્તિ પાકી કર્યા પછી આ દેહ કેમ દેખાય છે એ વિચારવું. અંતરવૃત્તિ કરો તો પણ આ દેહ પાકો થઈ ગયો હોવાથી ખબર પડે કે આ મારો દેહ છે. બરોબર? પણ જો મૂર્તિ પાકી કરીને દેહભાવ ભૂલતાં જઈએ તો એ મૂર્તિ અનુલોમ પ્રમાણે પાકી થઈ. પછી આમ પ્રતિલોમ કરીને એમ ધારવું કે આ મહારાજ ઊભા છે. અને અંગોઅંગ મહારાજના જોવા-નીરખવા. અને એના માટે બ્રાહ્મમુહૂર્તમાં જ્યારે શાંત વાતાવરણ હોય ત્યારે મૂર્તિનું ધ્યાન કરવું. પણ જો મૂર્તિ બરાબર ન દેખાય ત્યાં સુધી આંખો ઉઘાડીને જોયા કરવી. એવી પાકી કરવી કે પછી એ મૂર્તિને નીરખવી જ ન પડે. પાકું થઈ જાયને? આપણને આ લોકનું જ્ઞાન થઈ જાય તો કેટલું દૃઢ થઈ જાય છે?

તો પ્રતિલોમ ધ્યાન એ દૃઢ થઈ ગયું પછી એટલું સરળ કે બે વૃત્તિ કરવાની ન રહીને? મહારાજની

મૂર્તિરૂપ થઈને કામ કરીએ તો મહારાજ જ કર્તા. આપણે આ હાથથી કામ કરીએ છીએ, બુદ્ધિથી વિચારીએ છીએ, આ આંખથી જોઈએ છીએ. પણ જોનારો કોણ? ચૈતન્ય. ચૈતન્ય ન હોય તો શબ જ થઈ જાય કે બીજું કંઈ? ત્યારે ચૈતન્ય બધું જ જોવે છે, અંદર રહીને જોવે છે. બહાર રહીને જોવે છે? ના. ત્યારે આપણે મૂર્તિમાં રસબસ છીએ. આપણો ચૈતન્ય હવે દેહમાં નથી. દેહમાંથી કાઢી નાખ્યો બાપાએ. દેહભાવ કાઢીને ચૈતન્યને મૂર્તિમાં રાખ્યો તો શું કામ દેહને સંભારવો? એ ક્રિયા થયા કરશે એની મેળાએ. પણ મૂર્તિરૂપ થઈને સ્મૃતિ એવી પાકી કરવી કે આમ દેખતા જ આપણને મહારાજ દેખાય. બોલ બોલ ના કરવું. જો બોલ બોલ કરીએ તો પછી બીજે પણ ધ્યાન જાય. ખરુંને? એટલે કહે છે કે મોટા મુક્તો દાસત્ત્વપણે મહારાજનું સુખ લે છે.

બાપાને કોઈકે પૂછયું કે તમે સમાધિ શું કામ કરો છો? બાપા કહે કે બીજા ઓળખી શકે કે આ મહારાજની મૂર્તિરૂપ વર્તે છે એટલા માટે. નહિતર કોઈ ઓળખે નહિ અને ઓળખે નહિ તો કલ્યાણ કેમ થાય? બાપાને ક્યાં પ્રસિદ્ધિની જરૂર હતી? પણ બીજા જીવોનું કલ્યાણ થાય એટલા માટે એમણે સમાધિ કરી. એટલા માટે તો ભગવાનને અને સંતને ઓળખવા એ જબરી ઘાંટી કહી. એ વિધિ સમજવો જોઈએ. આ બધી વાત મેં મુક્તો પાસેથી સાંભળેલી છે. બરોબર? તો બરાબર સમજી લો. તો ગમે એમ કરીને મૂર્તિરૂપ થઈને ધ્યાન કરતાં રહેવું.

બીજું એક કહું કે જ્યારે પંકિત પડેને ત્યારે ઘણા

શ્લોક નથી બોલતા? એક શ્લોક પૂરો કરે ને બીજો બોલે, બીજો કરે ને ત્રીજો બોલે. એ જે બોલાય છે એથી વાતાવરણ શુદ્ધ થઈ જાય. તો મારું એ કહેવું છે કે જમતાં પહેલાં જેટલું બોલવું હોય એટલું બોલી નાખવું એટલે એ જે ઉચ્ચારણ થાય એના લીધે આખું વાતાવરણ શુદ્ધ થાય. પછી જમવા માંડો એટલે બિલકુલ મૌન રાખવાનું. પછી નહિ બોલવાનું. જો બોલે તો ધ્યાન કેવી રીતે થાય? ધારો કે જનમંગલ બોલાય છે. તો જનમંગલ બોલતા જાય ને ધ્યાન કરીએ તો ધ્યાનમાં બે વૃત્તિ થાય. જનમંગલ બોલવાના; પછી જનમંગલ બંધ કરીને મૂર્તિનું ધ્યાન કરવું જોઈએ. પણ ધ્યાન કરતી વખતે શાંતિ જોઈએ. જમતાં જમતાં બોલ બોલ કરે અને અવાજ થાય તો મૂર્તિ ભૂલાઈ જાય. તો મહારાજ જ જમે છે એવું રાખવું જોઈએ. હાથે ય મહારાજનો દેખાવો જોઈએ. એમ કહે છે કે આપણે ગમે એટલું સ્વાદિષ્ટ ભોજન જમતા હોઈએ, પણ જો મૂર્તિરૂપ થઈને જમતા હોઈએ તો જમી રહ્યા પછી ખબર જ ન પડે કે શું જમ્યા ને શું નહિ. મહારાજને આપણે અન્નકોટ ધરાવીએ છીએ. ભગવાન ભોજન અંગીકાર કરે છે એને દિવ્ય કરીને. અને તેથી જ એ એટલું ને એટલું રહે છે. જો ખૂટવાડી દે તો આપણને ગર્વ આવી જાય. બીજાની ગરજ ન રહે.

## સારાંશ

ભગવાન અને તેમના અનાદિમુક્ત રાજી થઈ, કૃપાસાધ્ય બની એક વખત મૂર્તિમાં રાખ્યાના આશીર્વાદ

આપે, છેલ્લા જન્મના આશીર્વાદ આપે પછી જીવમાં ગમે તેટલા અવગુણો હોવા છતાં, કે તે સત્સંગી ન હોવા છતાં મહારાજ હાથ છોડતા નથી. જરૂર છે અતૂટ વિશ્વાસની. એ વચનોને અદ્ધરથી ઝીલવાની. નિઃસંશય માનવાની. એમ થાય તો વગર સાધને પ્રાપ્તિ થાય. છેલ્લા વર્તમાન એટલે અનાદિમુક્તની સ્થિતિ.

અનાદિમુક્ત જ્યાં પ્રગટ થયા, જ્યાં બિરાજ્યા તે સ્થાન સદાય દિવ્ય રહે છે. એની દિવ્યતા તેઓ આ લોકમાં પ્રગટ ન હોય ત્યારે પણ એવી ને એવી જ રહે છે. એ દિવ્ય સ્થાન લોહચૂંબકની જેમ બધા લોખંડ એટલે જીવોને આકર્ષે છે.

ધામની મૂર્તિ અતિશય દિવ્ય સુંદર રૂપ છે. પાત્ર જીવને અહીં તો ફક્ત એ સ્વરૂપની ઝાંખી માત્ર કરાવે છે. જેથી તેને બળ વધે. પાત્રતા ન હોય તો અંતે કૃપા કરી જરૂર એ દર્શન કરાવશે જ. પ્રતિલોમ ધ્યાન કરી દેહભાવ ભૂલી, મૂર્તિ બરાબર પાકી કરી લેવી. ખુલ્લી આંખે જેટલી સ્પષ્ટ દેખાય તેટલી જ બંધ આંખે પણ સ્પષ્ટ દેખાવી જોઈએ. દેહભાવ ભૂલી જવો અને સુખ કોઈને કહ્યા વગર દાસત્વભાવે લેવું. જમતી વખતે બોલ-બોલ ન કરવું. જમતાં પહેલાં મહારાજ સંભારી મૂર્તિ ધારી પછી એ સ્વરૂપ ધારતા-ધારતા જમવું એ સ્વરૂપમાંથી વૃત્તિ તોડવી નહિ.

# ૧૨

પરમ કૃપાળુ શ્રીજીમહારાજ, પરમ કૃપાળુ બાપાશ્રી, સદ્‌ગુરુ તથા અનાદિમુક્તની આ દિવ્ય સભાને કોટાનકોટી વંદન કરી ધન્યતા અનુભવું છું. માગસર સુદ ચોથ ખૂબ જ માંગલિક બની ગઈ છે. વચનામૃત જયંતી અને યોગાનુયોગ પરમ પૂજ્ય સોમચંદબાપાનું અંતર્ધાન થવા પણું, આ બંને યોગ ભેગા થયા. એ વિશેષતા છે. વચનામૃત શ્રીજીમહારાજના મુખમાંથી નીકળેલો દિવ્ય પ્રવાહ. અત્યારે એ જ સ્વરો સારાયે વિશ્વમાં હવામાં ગુંજન કરી રહ્યા છે. સમય આવશે ત્યારે વિજ્ઞાન દ્વારા એ સ્વરો વિશ્વના સર્વ મનુષ્યોને સાંભળવા મળશે. શ્રીજીમહારાજ મનુષ્યરૂપે હતા ત્યારે કેવો અવાજ હતો, એ સમય આવે જરૂર સાંભળવા મળશે. પરમ પૂજ્ય સોમચંદબાપાનો સ્વર તો અહીં આપણામાંના ઘણાના કર્ણમાં ગુંજન કરી રહ્યો છે. એ દિવ્ય ધ્વની ટેપરેકોર્ડર દ્વારા સાંભળી શકીએ છીએ. એ કેસેટમાં ઉતારવામાં પણ આવ્યો છે. એ આપણું સદ્‌ભાગ્ય છે. શ્રીજીમહારાજના સંકલ્પ સ્વરૂપ બાપાશ્રી પ્રગટ થયા તે વખતે શોધ તો થઈ હતી, પણ બહુ જ પ્રાથમિક અવસ્થામાં હતી. બાપાશ્રીનું સ્વરૂપ એવું અદ્‌ભુત હતું કે જે સંબંધમાં આવ્યા તે જાણી શકે. જેમ છે એમ જાણી શક્યા એ અહોભાગી બની ગયા, પરંતુ જ્યારે બાપાશ્રી અમદાવાદમાં પધાર્યા ત્યારે

અમદાવાદની અટારીએ-અટારીએ માણસો એમના દર્શન કરવા ઊમટ્યા હતા. બાપા રસ્તામાં ચાંદલા કરતા આવે. એકવાર કંકુ ખૂટી જતાં એક બાળકે કહ્યું. "બાપા, મને ચાંદલો કરો." એણે ધૂળ હાથમાં લઈ બાપાને કહ્યું. એ ધૂળમાં પોતાનો અંગૂઠો બોળી બાપાએ ચાંદલો કર્યો તો એ કંકુનો થઈ ગયો. ધૂળ અને કંકુ એક બની ગયું. કંકુ અને ધૂળનું અંતિમ બંધારણ તો એક જ છે. વિજ્ઞાનની દૃષ્ટિએ, પણ પ્રક્રિયામાં ફેર. એકનો રંગ લાલ બન્યો અને બીજાનો રંગ ધૂળ જેવો ભૂખરો બન્યો.

બાપાશ્રીના સંબંધમાં આપણા આજના સમારંભના મુખ્ય લક્ષ્ય બિંદુ પરમ પૂજ્ય દિવ્ય સ્વરૂપ સોમચંદબાપા, બાપાશ્રી સાથે જ આવેલા, પણ બધાની શિક્ષાને અર્થે સૌએ અલગ-અલગ રીતે, વિવિધતારૂપે જીવનનો પ્રારંભ કર્યો. શ્રીજીમહારાજ સાથે અને બાપાશ્રી સાથે જે દિવ્ય મુક્તો આવેલા એ દરેકના અંગ અલગ-અલગ હતાં. મનુષ્યે-મનુષ્યે સ્વભાવ અલગ-અલગ જોવા મળે છે. સ્વભાવ પણ અનંત થયા. તેમ આ મુક્તો પ્રગટ થયા, ત્યારે બધા યના અંગ અલગ-અલગ. જો અલગ-અલગ ન હોય તો જ્ઞાન વાસ્તવિક રીતે સમજાય નહિ. વાસ્તવિકરૂપે સમજવાને માટે વિવિધ અંગ ધારણ કરવાં પડે છે. નિષ્કુળાનંદ સ્વામીનું અંગ અલગ, ગોપાળાનંદ સ્વામીનું અલગ, બ્રહ્માનંદ સ્વામીનું અલગ, મુક્તાનંદ સ્વામીનું અલગ. દરેકના અંગની એક પુસ્તિકા બહાર પાડી હોત તો મને લાગે છે કે જાણવાનું કંઈ જ બાકી ન રહે. એમાં બધું જ આવી જાય. કેટલા બધા પુસ્તકો બહાર પડે છે

ક્યાં વાંચવા જાઓ? અને વાંચે કંઈ પાર આવે નહિ. ત્યારે આ ખરું તત્ત્વજ્ઞાન, ખરું જ્ઞાન મેળવવાને માટે મહાપુરુષોના અંગનો અભ્યાસ કરવો જોઈએ. એ અંગના અભ્યાસમાં એટલી બધી શક્તિ છે કે જીવનમાં, આપણા આચરણમાં ઊતરી જાય, ચૈતન્યનો પલટો થઈ જાય. ચૈતન્ય ઉપરના આવરણો હટી જાય, એવી એમાં તાકાત છે. એ અંગોનો અભ્યાસ કરો તો તરત જ ખ્યાલ આવશે કે આપણને અંતરમાં જે વિક્ષેપ થાય છે એ દૂર થઈ ગયેલો દેખાય છે.

નિષ્કુળાનંદ સ્વામીના વૈરાગ્યના અંગનો ઊંડાણથી જો વિચાર કરો તો જૈન ધર્મીઓ કે બીજા ધર્મીઓ વૈરાગ્ય કેળવવાના જે સાધનો કરે છે, જે કેટલું બધું તપ કરે છે એ કરવું ન પડે. કારણ કે એ એક અંગમાં જ એટલી શક્તિ છે કે આ બધા સાધનોનું કામ કરી નાંખે. આ હકીકત છે, પણ જેમ હીરાભાઈએ ગદ્‌ગદ થઈને ભાવ વ્યક્ત કર્યોને એવો ભાવ એ અંગનો વિચાર કરતાં થવો જોઈએ. એ મુક્ત બનવું જોઈએ. મુક્તસ્વરૂપ બનવું એટલે? મુક્તે જે દેહ ધારણ કર્યો, એ આકાર ધારણ કર્યો એ રૂપ નહિ, પણ સ્વરૂપ બધાથી વિરક્ત હતું, બધાથી મુક્ત હતું, એ સ્વરૂપરૂપ થવું જોઈએ. તો એ આવા મુક્તોના પ્રસંગો, મુક્તોના આવા અલૌકિક દિનોની ઉજવણી દ્વારા સરળતાથી થઈ શકે. જુઓ આ સભામાં કોઈને નિમંત્રણ પત્રિકા મોકલવામાં આવી છે? નથી મોકલવામાં આવી. કારણ કે આ કંઈ ઔપચારિક પ્રસંગ નથી. આ તો સૌનો પ્રસંગ છે. મહારાજ અને મુક્ત સૌના

છે. અમુકના છે એમ નથી. માટે સૌ આ પ્રસંગે આવે છે. આ દિન સોમચંદબાપા નિમિત્તે થયો, પરંતુ અનંત અનાદિમુક્ત એમાં તમે ગોપાળાનંદ સ્વામીનું નામ લો, કે બ્રહ્માનંદ સ્વામીનું નામ લો, કે નિષ્કુળાનંદ સ્વામીનું નામ લો, કે સદ્‌ગુરુ ઈશ્વરચરણદાસજી સ્વામીનું નામ લો બધું એકનું એક. મને તો એમ લાગે છે કે આ વચનામૃત જયંતીનો દિન સોમચંદબાપા નિમિત્તે અનંત અનાદિમુક્તોનો અંતર્ધાન દિન છે. અંતર્ધાન દિન અને જન્મદિનમાં કોઈ જ ફરક નથી. મૃત્યુ અને જન્મ સામાન્ય મનુષ્ય માટે અલગ-અલગ છે. સામાન્ય મનુષ્ય માટે જન્મવું અને મૃત્યુ થવું એ બે જુદી પ્રક્રિયાઓ છે. જ્યારે મુક્તો ગર્ભમાં આવતા પણ નથી. એ એક ખૂબી છે. એ એક કલ્પનાનો જ વિષય રહે છે, પણ એ સ્થિતિને પમાય ત્યારે જેમ પાણીમાં કમળ, એવી જ રીતે એમનું પ્રગટ થવું છે.

પર્વતભાઈને કેટલા બધા દીકરા! બાપાને પણ દીકરા! તો શું એમણે જગતનો વ્યવહાર કર્યો? નહિ. એમને તો સંકલ્પ માત્રે કામ થયું. નહિ કે આ લોકના મનુષ્યની જેમ. હવે આવી કલ્પના કેવી રીતે આવે? જે બાયોલોજી ભણ્યા હોય, વિજ્ઞાન ભણ્યા હોય, એમ કેમ થયું એની કલ્પના કરી શકે નહિ, પરંતુ અત્યારે વિજ્ઞાનની પણ એક શાખા 'બાયોલૉજીકલ થિયરી ઑફ નૉલેજ' નીકળી છે. એ બાયોલૉજીકલ થિયરીનો અભ્યાસ કરવો. એના માટે વિજ્ઞાનનું ખૂબ જ્ઞાન જોઈએ. એના ઉપરથી એમ નક્કી થાય છે કે દિવ્ય પુરુષો કોઈ પણ જાતના

સંબંધ કર્યા વગર આપોઆપ પ્રગટ થાય છે. ગમે તે રીતે They Can Come એને એની સાથે કોઈ લેવા-દેવા નથી.

શ્રીજીમહારાજ સાથે પાંચસો પરમહંસ આવ્યા. શું જરૂર હતી? મહારાજ મનુષ્યરૂપે દૃષ્ટિગોચર થાય ત્યારે બધા યના ચિત્ત પલટાઈ જાય. તો આટલા બધા મુક્તોને દૃશ્યમાન કરવાની જરૂર શી? દૃષ્ટિગોચર કરવાની? બરાબર છે. એનાથી કોઈ વસ્તુ અશક્ય નથી. કારણ કે એ All Mighty છે. સર્વશક્તિમાન છે, પણ એની અનાદિની રીત છે. Godને પણ પોતાની અલૌકિક રીત છે કે પોતાને ઓળખાવવાને માટે મનુષ્યો એ બાધિત છે. એની ભૌતિક આંખની સામે આવરણો છે. આવા એક હજાર કાગળના આવરણો હોય એ એક પછી એક ખસેડતા જાઓ, એક રહે ત્યાં સુધી તમે નહિ જોઈ શકો. હું આમ આડો રાખું તો તમારું મોઢું જોઈ ન શકું. એ છેલ્લું આવરણ હટે ત્યારે દેખાય. ત્યારે એમ થાય આ આવરણો હટતા હશે કે કેમ? અનંત કાળથી જન્મતા આવીએ છીએ, તો કેટલા બધા આવરણો થયા તો હોયને, કોઈ ભૂલો થઈ હોય, કોઈક ન કરવાના કામ પણ થઈ ગયા હોય. અને પ્રભુની એક દયા તો જુઓ કોઈ જ વસ્તુ યાદ ન આવે. નવો જન્મ લે એટલે ગયો જન્મ યાદ આવે છે? જો યાદ આવે તો ઠેકાણું ન રહે. ભગવાનની કળા એવી છે.

ભગવાનના દિવ્ય મુક્તોને કળવા એ ઘાંટી જબરી છે. એમની દૃષ્ટિ સામેથી આવરણો હટી ગયા. આથી મહારાજ જાણે એટલું એ જાણે છે. તેઓ જાણી શકે કે

આપણા મનમાં શું વિચાર ચાલે છે. એ જોઈ શકે છે. ઘટ-ઘટમાં વ્યાપક છે. જ્યાં જ્યાં મહારાજ ત્યાં ત્યાં પોતે છે. પોતાને એમ થાય છે. I am everywhere. હું બધી જગ્યાએ છું. કણે કણમાં હું છું. મહારાજ કણે કણમાં તો મુક્ત પણ કણે કણમાં એવો અનુભવ થાય છે. થોડા સમય પછી આપણા મનમાં શું વિચાર ઉદ્ભવશે એની પણ ખબર પડે છે. ત્યારે વિચાર કરો કે ડિવાઇન એટલે દિવ્યતાને પામ્યા પછી કેટલું બધું જ્ઞાન પ્રગટ થાય છે.

એ દિવ્યજ્ઞાન સોમચંદબાપાના અનુસંધાનમાં જણાવું. એકવાર અમે સ્ટેશને જતા હતા. તો અચાનક સુખડની સુગંધી આવવા માંડી. મેં પૂછયું કે આ સુખડની સુગંધ કયાંથી? અહીં તો કોઈ દુકાન એવી છે નહિ કે અત્તરની સુગંધ આવે. આ સુગંધ ક્યાંથી આવે છે? મેં એમને પૂછયું તમને સુગંધ આવે છે ખરી? તો એમણે એમ ન કહ્યું કે મને સુખડની સુગંધ આવે છે. એમણે એમ કહ્યું કે મૂર્તિમાંથી અનેક વિવિધ પ્રકારની નવીન-નવીન ખૂશ્બુ નીકળે છે. એમાંની આ એક છે.

એક વાત એવી છે કે આટલું બધું સર્વજ્ઞપણું! મહારાજ સર્વજ્ઞ તો અનાદિમુક્ત પણ સર્વજ્ઞ કહેવાય. છતાં પણ કેટલું ઢાંકીને વર્તે છે. આપણને એક લૌકિક વસ્તુ પણ જીરવવી કઠણ પડે છે. એક સારું સ્વપ્ન આવે તો પણ ચાર-પાંચ જણાને કહી દઈએ છીએ. તો આટલી બધી અગાધ શક્તિ, આટલું બધું સામર્થ્ય. એને ઝટ-ઝટ વાપરી નાંખવાની ઇચ્છા પણ ન થાય એ કંઈ થોડી વાત છે? એ પાત્રતાનો વિચાર કરીએ તો ક્યાં આપણે ને ક્યાં

એ! કીડી કુંજરનો મેળાપ. છતાં પણ એમ કહી દીધું કે તમારા ચૈતન્યને મુક્ત કરીને અમે મૂર્તિમાં રાખ્યો છે. કેટલી કૃપા કરી. કોણ કરી શકે? જે કરી શકે એ જ કરી શકે. બીજા નહિ કરી શકે. ગાંધીની દુકાને જાય ને કહે કે મારે હૃદયમાં કંઈક રોગ છે, તો તું જોઈ દેને, તો એ ન જોઈ શકે. એ એમ કહે કે હાર્ટ સ્પેશ્યાલિસ્ટને મળ મને ખબર ન પડે. એમ જાત-જાતની પ્રકૃત્તિવાળાને જ્યાં-ત્યાંથી જાળવવા ન પડે? એ તો મહારાજના અનાદિમુક્તનું કામ.

અહીંયા જે મુક્તોએ પોતાના અનુભવો રજૂ કર્યા તેમાંથી હું એક વસ્તુ સમજી શક્યો છું કે એમણે આપણા કેટલાક ગુણો જે આપણામાં હતા એ અંગે આપણને સભાન કરી દીધા. એનો એમણે ઉપયોગ કરી અને આપણને ભગવાનમાં જોડી દીધા અને ભલે બાધિત રહ્યા. આપણે સુખ નથી અનુભવતા. હજી આપણને કામ, ક્રોધ, લોભ, મોહ આદિ અંતઃશત્રુઓ અને દોષો ઓછા-વત્તે અંશે હેરાન કરે છે. તો મુક્ત કર્યા કેમ કહેવાય? મારા ચૈતન્યને મુક્ત કરીને મૂર્તિમાં રાખ્યો છે. જો મુક્ત કરી નાંખ્યો તો દોષ જેવું કાંઈ હોવું જ ન જોઈએને? એ કેમ છે? તો કેટલીક ફરિયાદો છે કે ભાઈ હેરાન-હેરાન થયા. આ દોષો થકી મહારાજ રક્ષા કરે એવું કરો.

હમણા એક ભાઈએ પ્રૉફેસર કે. એમ. ધોળકિયાનું શિખરણી છંદમાં કાવ્ય વાંચ્યું ને એમાં એમણે બહુ સારું તત્ત્વ સમજણપૂર્વક મૂક્યું છે, એનું મનન કરતાં કરતાં લક્ષ્યાર્થ થાય ત્યારે આગળ વધાય. મહારાજે કહ્યું, તમે પૂર્ણકામ થઈ ચૂકયા બરાબર છે? તો આપણે કહ્યું હા.

કેટલાકે એમ કહ્યું કે મહારાજ હા પડતી નથી તો એ પણ પૂર્વનો યોગ છે. હા પડી જવી એ પણ પૂર્વનો સંબંધ હોય એના લીધે શ્રદ્ધા આવે. એવી શ્રદ્ધા આવે કે ડગે પણ નહિ તો બહુ સરસ કહેવાય. એ તો રાખે જ છૂટકો. શ્રદ્ધાને ડગવા દેવી નહિ. Faith is a bridge to Akshardham. આપણી વચ્ચે અને અક્ષરધામ વચ્ચે શ્રદ્ધા એ પુલ છે. જેને અક્ષરધામમાં પહોંચવું હોય એને શ્રદ્ધા હોય તો મૂર્તિ સિવાય કોઈ જગ્યાએ પ્રતીતિ આવે જ નહિ. ગમે તેવા ચમત્કારો સર્જાય, અગમ-નિગમનું જાણતા હોય, અંતર્યામીપણે એ બધું કહી દે, એક જગ્યાએથી બીજી જગ્યાએ દેખાય, જાત-જાતના સ્વરૂપ ધારણ કરે, છતાં પણ બ્રહ્માનંદ સ્વામીનો છંદ છે એવા તો ઘણા શબ્દો છે. ઐશ્વર્ય હોવા છતાં પણ સબ માયા કા દાસ. એમ કહ્યું. (ત્યાર બાદ સભા ખંડમાં લોકોનો સમૂહ વધતા હરિભક્તો આગળ ખસવા લાગ્યા એટલે હસતા-હસતા મામા કહે છે.)

મઢી નાની ને બાવો મોટો. એટલે આ અનાદિમુક્તની સભામાં આ હૉલ નાનો જ પડેને. હું શું વાત કરતો હતો? જો આપણામાં ઉત્તરોત્તર શ્રદ્ધા ન વધે જો એ અંદર ઊતરીને વિચાર કરીએ તો ખામી હશે જ. કંઈક મુશ્કેલીમાં આવે ત્યારે કોઈક કહે કે આ ભાઈ તારી મુશ્કેલી ટાળી દેશે. મુશ્કેલીથી એવો કંટાળેને. ભગવાન એવી પરીક્ષા કરે કે મટાડે પણ નહિ. ગમે એટલી પ્રાર્થના કરે તો વધે અને એ વખતે સહન ન થતાં ગમે તેને શોધે. શોધે એટલે શ્રદ્ધા નથી એમ નક્કી થઈ ગયું. બીજે

પ્રતીતિ આવી જાય. નહિ આવવી જોઈએ. બીજું શું થવાનું હતું? દેહ પડી જવાનો. અરે આટલા બધા દેહ પડી ગયા તો ય કંટાળ્યા નહિ. કેટલા દેહ ધર્યા એનો પાર ખરો? તો ય થાકયા નથી તો આ એક દેહ પડી જાય એમાં થાકી જવાનું? અરે, મૂવો પડી જાય તો. અરે મહારાજની મૂર્તિ સિવાય ક્યાંય શ્રદ્ધા ન રાખવી.

એક ભક્ત બળવાન હતા. એને અંગ પાકું નહોતું. પણ એવા એક મુક્ત મળી ગયાને શી ખબર? કૃપા જેને કહીએ. એને લીધે એવું બળ આવી ગયું કે ડગે જ નહિ. પણ ક્રિયા બધી સરખી નહિ. મહારાજની આજ્ઞા પણ બરાબર પાળે નહિ. એટલે એમના શરીરમાં પચાસ જેટલા ભૂત પેસી ગયા. હવે વીતાડે બહુ. એ ખાય-પીએ એકદમ. ભૂત ન ખાય? ખાય. હવે સોમચંદબાપાએ જેમ કૃપાની વાત કરી એમ ભગવાનની કૃપા વરસે ત્યારે શું નથી થતું? એના ઉપર કૃપા વરસી એટલે શ્રદ્ધા ડગે નહિ. કોઈકે કહ્યું કે આ મુસલમાન તારા બધા ભૂત કાઢી નાંખશે, ચાલ મારી જોડે. ત્યારે કહે, આ તો પચાસ ભૂત છે ને બીજા પચાસ પ્રવેશ કરે તો પણ તારી જોડે ન આવું. ભલે રહ્યા અંદર શું નડે છે? એમ સમજશું કે જો આ શરીરમાં મળ, લોહી, હાડકાં શું નથી એ મને કહે? એ બધા ભેગા આ પણ વધારે. આ પણ એક જાતના મળ જ છે ને? એને એટલી બધી શ્રદ્ધા કે ડગી જ નહિ, કે સ્વામિનારાયણ સર્વ કર્તા-હર્તા છે. આવા ભલેને હજાર ભૂત મોકલે. મહારાજ એનું પણ ભેગું સારું કરશે. મારો દેહ પડશે ત્યારે ચૈતન્યનો મોક્ષ થશે. ત્યારે ભેગા એ પણ

મોક્ષદશાને પામશે. કેટલો બળવાન બોલો! શ્રદ્ધા! એ શ્રદ્ધાને લીધે એ બધા ભૂતોની સદ્‌ગતિ થઈ ગઈ. એનામાં જે બધા ભૂતો હતા એ બધાની સદ્‌ગતિ થઈ ગઈ. કોણે કરી? શ્રદ્ધા, કૃપા. સોમચંદબાપા જેવા દિવ્ય સંતની કૃપા થકી થઈ.

શ્રદ્ધા જરા પણ ડગવી જોઈએ નહિ. ક્યાંય પ્રતીતિ નહિ. અરે ભલેને ગમે તે થઈ જાય. આપણે કરોડપતિ હોઈએ અને એક દિવસ એવો આવે કે આપણી પાસે કશું જ ન હોય. અંગ ઢાંકવા માટે વસ્ત્રોની માથાકૂટ થતી હોય તો પણ શું? અરે વસ્ત્રને શું કરવા છે? મહારાજને દિવ્ય વસ્ત્રો છે. જો મૂર્તિ છે તેને પહેરાવેલા વસ્ત્રોની આરપાર જોઈ શકાતું નથી. બરાબર છે. આ વસ્ત્રો કાઢી નાંખો, ઉતારી નાંખો તો આ મૂર્તિ વસ્ત્રોને શોભાડે છે. વસ્ત્રો એને શોભાડતાં નથી. એમ મહારાજના દિવ્ય વસ્ત્રો છે. એ દિવ્ય વસ્ત્રો છતાં ય મહારાજનું આખું સ્વરૂપ જેમ છે એમ દેખાય. અંદર રહીને દેખાય.

બીજી એક વાત. સોમચંદબાપા સાથે વાર્તાલાપ થતો હતો. આ બધી જે વાત કરું છું એ બધી મોટા મુક્ત થકી સાંભળી છે. એ તમને કહું છું. જેથી મને પણ મનન થાય. એ સારુ તમને વાત કરું છું બરોબર? (આમ પૂજ્યશ્રી નારાયણભાઈ પૂર્ણ મુક્ત હોવા છતાં ઘણીવાર દાસભાવ દેખાડતા.) એમ આપણે કશાયથી ડરવું નહિ. આપણે તો અક્ષરધામના અધિપતિના પાટવી કુંવરો, અનાદિમુક્તો છીએ. મગજમાં ભય જેવી વસ્તુ રહેવી જોઈએ નહિ. નિર્ભય કર્યા. અભયપદ આપ્યું. અભય હાથ

નથી કહેતા? મહારાજે અભય હાથ મૂક્યો એનો અર્થ એ કે બધા ભયથી રહિત કરી નાંખ્યા. મૂળ અક્ષરકોટી સુધીના જે ભય છે એમાંથી મહારાજે મુક્ત કરી દીધા. પોતે આપણી એ વસ્તુ (ભય) લઈ લીધી. આપણને ભલે ખબર ન પડે. એની ચિંતા નહિ કરવાની. શ્રદ્ધા નહિ ડગાવવાની. એકજ વાત. ગમે તેવા દુ:ખનો સંબંધ થાય. આ જન્મે જ ભોગવી લેવું છે. દેહમાં ગમે-તેવો રોગ આવે, આ લોકની ગમે તેવી આપત્તિ આવે, અરે, આપત્તિ એ તો એક સ્વપ્ન માત્ર છે. સ્વપ્નમાં આવે પછી સ્વપ્ન જતું રહે એટલે કંઈ હોય? એવું જ આ છે. જુઓ જો સ્વપ્ન ન હોય તો ગયો જન્મ કેમ યાદ ન રહે? Every life is a dream. દરેક જન્મ છે એ તો સ્વપ્નવત જ છે. માટે સોમચંદબાપાએ આપણને આ શીખવી દીધું.

સૌએ પોત-પોતાના અનુભવની વાત કરી. એમ મેં આ બધાનો સાર કાઢ્યો તો મને એમ થયું કે આ...હા... હા... મઝા પડી ગઈ. આ સરસ વાતો સાંભળી મને અનંત આનંદ થયો. આવી સરસ વાતોથી હું ખૂબ રાજી થયો અને આપ સૌએ દર્શન આપ્યા એથી મને અતિ આનંદ થયો. તમે બધા મને પ્રાણ કરતાં વહાલા છો. એકે એક હરિભક્ત વહાલા છો. આવી વાત સાંભળીને એક હરિભક્તે મને પત્ર લખ્યો અને પાછા રૂબરૂ મળ્યા. ભાઈ, હું તો આવો, આમ-તેમ તો તમે મને મુલાકાત આપો તો સારું. મેં એમને તરત જ કહ્યું તમે અમારા મુકામે જરૂર દર્શને આવો. તો એ આવ્યા પછી કહે ભાઈ, મારા એવાં શું ગુના કે મને આવી બધી હેરાનગતિ થાય છે? એમાં

જ તમે મને મળતા નથી. મેં કહ્યું એમ નથી. તમે તો પ્રાણ કરતાં વહાલા છો, પણ મારી આ એક નહિ મળવાની કૂટેવ છે. વહાલા એવાને એવા, પરંતુ નહિ મળવાની એક જાતની શું ખબર એવી કૂટેવ કે કોઈને ન મળવું, પરંતુ વહાલા એવા જ. અંતર્વૃત્તિએ તરત જ મળું કોઈ પણ હરિભક્ત આવે ત્યારે મને એમ થાય કે આ તો મુક્તને મળવાનું ઓહો! બરોબર? એકેએકને મળું છું. એક પણ પત્ર આવે તો એક પણ પત્રનો જવાબ નથી આપી શકતો, પણ એ પત્રની નોંધ એ જ ક્ષણ લઈ લઉં છું. એમ નહિ સમજવાનું કે મને ખબર નહિ હોય. બધી જ ખબર હોય.

બધાને એક પ્રાર્થના કરું કે હું શા માટે નથી મળતો એ નહિ પૂછતા બરોબર? એ જણાવવાની ઇચ્છા કરતો નથી. કેમ નથી મળતો એ મહારાજની ઇચ્છા છે. મારે ઘણા કારણો હોયને? કેટલુંક કામ કરવાનું હોય એ કામ કોઈને ખબર ન પડે એવી રીતે કરવાનું ભગવાન કહેતા હોય. જો બધાને દેહે કરીને મળું તો એ કામ થાય નહિ. મહારાજ કહે કોઈને દેહે કરીને મળવાની જરૂર નથી. આ અજ્ઞાન શું? બરાબર. બધા મળેલા જ છે. હવે મળવાની કંઈ જરૂરિયાત નથી. તમે આંહીં પધારોને. જો આ દિવ્ય મૂર્તિ, મૂર્તિ વિશે થોડી બે મિનિટ વાત કરી લઉં. (એમ કહી મૂળી મંદિરના સભામંડપમાં આ ઘનશ્યામ મહારાજનું સ્વરૂપ પધરાવવાનું બંધ રહ્યું અને એ સ્વરૂપ અહીં લાવીને પધરાવ્યું તે સંબંધી થોડી વાત કર્યા પછી કહે છે.)

આ દર્શનીય સ્વરૂપ છે. દર્શનનું સુખ આપે છે. મહારાજે એમ કહ્યું છે કે મારી મૂર્તિની પ્રતિષ્ઠા જેમ બાહ્ય રીતે કરવામાં આવે છે એવી રીતે આપણા ચૈતન્યમાં પ્રતિષ્ઠા કરી દેવી. એ પ્રતિષ્ઠા અવિચળ રહે છે. મંદિરની પ્રતિષ્ઠા અવિચળ નથી. આ પ્રતિષ્ઠા અવિચળ રહે. મહારાજ એમ કહે છે કે આ મૂર્તિ પ્રત્યક્ષ માનીનેઅમારી ખૂબ સેવા કરો, નવધા ભક્તિ કરો, પણ એ બધું કરતાં કરતાં ચૈતન્યની અંદર અમારી પ્રતિષ્ઠા કરી દો. એ ન થાય ત્યાં સુધી આનંદ આવે નહિ. એટલે આ મૂર્તિની વાત કરી. આ મૂર્તિ અહીં રહી છે. તમને બધાને દર્શન થયા અને મને પણ દર્શન થયા. આઠ મહિના પછી ભગવાનની ઇચ્છાથી આ સ્વરૂપ અહીં પધરાવ્યું છે.

હવે બધા ય આ દિવ્ય સભા એવો સંકલ્પ કરો કે મહારાજ! આ તમારા દર્શનીય સ્વરૂપ દ્વારા એવી કૃપા વરસાવો કે જેમ પેલા હરિભક્તને પચાસ ભૂત ઘરી (ઘુસી) ગયા તો પણ એને કોઈ દિવસ સંકલ્પ ન થયો ને એ બધાનો ઉદ્ધાર કર્યો. ત્યારે એથી પણ ચડી જાય એવી અમારામાં અડગ શ્રદ્ધા આવે અને સોમચંદબાપા જેવા મુક્તને વિશે કોઈ દિવસ મનુષ્યભાવ આવે નહિ, દિવ્યભાવ જ દેખાય. અવરભાવ જેવું છે જ નહિ એના માટે, સમગ્ર પરભાવ જ. એ દેખાય ત્યારે અવરભાવ દેખાતો જ નથી. તો એ દિવ્ય સ્વરૂપને આ દિવસે કોટાનકોટી દંડવત્ તો ઓછા પડે. દંડવત્ સહિત ખૂબ ગદ્ગદ થઈને એમ પ્રાર્થના કરીએ કે આ દિવસે

આપણા ઉપર જે કૃપા વરસાવી છે તે કૃપા ઉત્તરોત્તર વધતી રહે, એનો અનુભવ થતો રહે. એવી આપણે શ્રીજીમહારાજ અને તેમની મૂર્તિમાં અખંડ રહેલા મહા અનાદિમુક્ત સોમચંદબાપા જેમની તિથિનો બ્રહ્મયજ્ઞ આજે આપણે કરી રહ્યા છીએ એમની આપણા ઉપર પ્રસન્નતા ઊતરે એવી પ્રાર્થના કરીએ.

**સારાંશ**

વાસ્તવિક રીતે જ્ઞાન સમજાય એ માટે દરેક મુક્તો પોતાના અંગ જુદા જુદા રાખે છે. મુક્તોના અંગોમાં એટલી બધી શક્તિ છે કે તેમના અભ્યાસથી ચૈતન્ય પલટાઈ જાય. ચૈતન્ય પરના આવરણો હટી જાય એવી એમાં તાકાત છે. મુક્તોના દિનોની ઉજવણી કરવાથી તેમના અંગ વિશેની વધુ જાણકારી પ્રાપ્ત થાય છે. અનાદિમુક્તના અંતર્ધાન તથા પ્રાગટ્યદિન બંને સરખા જ છે. માટે બંનેની ઉજવણી સરખી રીતે જ કરવી. તેઓ માટે જન્મવું અને મરણ પામવું એવું હોતું નથી. એ બધા આ લોકના શબ્દો છે. સામાન્ય જીવો માટે એક કલ્પનાનો જ વિષય છે. એ સ્થિતિને પમાય ત્યારે જ આ બધાથી વાકેફ થવાય. દિવ્યતાને પામ્યા પછી અગાધ જ્ઞાન પ્રગટ થાય છે. આવી સામર્થી, આવું સર્વજ્ઞપણું હોવા છતાંમુક્ત પોતાનું સામર્થ્ય ઢાંકીને વર્તે છે. જાત-જાતની પ્રકૃતિવાળાને જાળવવાનું અનાદિમુક્તનું જ કામ બીજાથી એ શક્ય નથી.

શ્રીજીમહારાજની અનાદિની રીત છે કે પોતાનું

જ્ઞાન પોતાના મુક્તો દ્વારા જ આપણા સુધી પહોંચાડે છે. મહારાજ જાણે એટલું એમના અનાદિમુક્ત જાણે. મહારાજ કરે એટલું એના અનાદિમુક્ત કરી શકે.

અક્ષરધામમાં પહોંચવા શ્રદ્ધા અતિ આવશ્યક છે. ભગવાન કસોટી કરે છતાં એ શ્રદ્ધા ડગવી જોઈએ નહિ. એવી અડગ શ્રદ્ધા હોય ત્યારે મહારાજ રાજી થાય ને પાત્રતા આવે.

ચૈતન્યમાં મૂર્તિ પધરાવી દેવી. એ એક જ અવિચળ રહે છે.

## ૧૩

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ, પરમ કૃપાળુ બાપાશ્રી, સદ્‌ગુરુવર્ય મોટા સ્વામી હરિજીવનદાસજી, અન્ય સંતમંડળ અને અત્રે ઉપસ્થિત સર્વે આદરણીય હરિભક્તોની આ દિવ્ય સભાને હૃદયપૂર્વક કોટાનકોટી દંડવત્ કરું છું.

આ દિવ્ય સભા એના નામ મુજબ દિવ્ય જ છે. દિવ્ય સભામાં તો સત્ય જ હોય ને? જે સભામાં સત્ય ઉચ્ચારવાની ના પાડવામાં આવે એ સભા દિવ્ય કેમ કહેવાય? દિવ્ય એટલે જ સંપૂર્ણ સત્ય. સત્ય એ દિવ્યતાનું અંગ છે. કોઈ એમ કહે, કે હું બાપાશ્રીના હેતવાળો નથી તો એનો અર્થ એ કે એ સ્વામિનારાયણ ભગવાનનો જ નથી. શા માટે? કારણ કે બાપાશ્રીનું વર્તન અણીશુદ્ધ વર્તન હતું. શ્રીજીમહારાજની આજ્ઞા મુજબનું. વળી વર્તનનો દોર કાયમ એક સરખો જ હતો. ત્યાર પછી ભગવાન સ્વામિનારાયણની સર્વોપરી મૂર્તિની સારપ સિવાય ક્યાંય સારપ ન મનાય એનું નામ સર્વોપરી ઉપાસના. ત્યારે આજ્ઞા અને ઉપાસનાની તો બધી જ સભાઓમાં વાત થતી જ હોય છે, પણ શું આજ્ઞા અને શું ઉપાસના? એ સમજ્યા વગર આજ્ઞા અને ઉપાસનાની વાતો કરવી! એ શીખવું પડે. ત્યારે જો બાપાશ્રીના હેતવાળો નથી એમ કહે તો એનું અણીશુદ્ધ વર્તન નથી. બાપાશ્રીના હેતવાળો નથી એમ કહે તો એને ઉપાસનાનું

ઠેકાણું નથી. તો પછી સ્વામિનારાયણનો આશ્રિત કેવી રીતે? તો દરેકે સાચા આજ્ઞા અને ઉપાસના પાલક થવું હશે તો બાપાશ્રીને જેમ છે એમ મહા અનાદિ મુક્તરાજ તરીકે ઓળખવા પડશે જે સત્ય બોલતા ગભરાય છે એ પણ સત્યનિષ્ઠાની ખામી છે. સત્યને બીવાની ક્યાં જરૂર છે?

ન્યાય કોર્ટમાં અસત્ય બોલે ત્યારે ગભરામણ થાય. તે વખતે સોગંધવિધિ લેવામાં આવે છે કે હું હંમેશાં સત્યનું પાલન કરીશ. કોઈએ એવી સોગંધ વિધિ નથી કરી કે હું અસત્યનું પાલન કરીશ. અરે ભાઈ, અસત્ય તો પશુજીવનમાં પણ જોવા મળતું નથી. એટલું એ બેડોળ અને પાપરૂપ છે. સત્યની વાત દબાવવાની જરૂર કયાં? સત્યની વાત દબાવે એ મૂર્ખ છે. ગમે તેવી સભા હોય, પણ આપણી વાત જો સત્ય હોય તો સત્ય કહેવી જોઈએ. શા માટે ગભરાવું? આપણને જવાબ આપતાં આવડવું જોઈએ. એવો જવાબ હોવો જોઈએ કે જેનો બીજો કોઈ ઉત્તર જ ન હોય.

અમેરિકામાં લૉસ ઍન્જલસમાં એક સભા થઈ હતી. અમે ત્રણ મુક્તો હતા. રામકૃષ્ણભાઈ. હીરાભાઈ અને હું. પછી વાત એમ હતી કે ત્યાં બધા પક્ષોની ભેળી સભા હતી. એ સભામાં રામકૃષ્ણભાઈએ વચનામૃતની ખૂબ સારી વાત કરી હતી. મેં તેમની ઓળખાણ આપી હતી. પછી એક સદ્ગૃહસ્થ ધનાઢ્ય વેપારી હતા. એમણે પૂછયું, કે આમની ઓળખ તો આપો. તો એમણે મારી ઓળખાણ આપી. ત્યારે કહે, અમારે એમની જરૂર છે.

અમારે એમની વાત સાંભળવી છે. મેં કહ્યું કે ભાઈ, મારી વાત સાંભળવી હોય તો વાણી સ્વાતંત્ર્યની છૂટ છેને? જો આજ્ઞા હોય તો જ બોલું નહિ તો બોલવાની ક્યાં જરૂર છે? વાણી તો ઘીની માફક વાપરવી જોઈએ. એ કાંઈ જેમ-તેમ પાણીની જેમ ઊડાડી દેવાની નથી હોતી. પછી કહે, હા વાણી સ્વતંત્ર્ય છે. ખુશીથી વાત કરો. મેં કહ્યું જુઓ હું તો શ્રીજીમહારાજની મૂર્તિની વાતો કરવાનો છું અને કચ્છમાં અનાદિમહામુક્ત અબજીબાપાશ્રી પ્રગટ થયા એનું નામ તમને ખબર છે? તો કહે હા. બધા જાણીએ છીએ. મેં કહ્યું બહુ સરસ. એમણે કરેલી વાત આજે હું તમને કરવાનો છું અને તમે મને છૂટ આપી છે બોલો કરું? તો કહે, હા ખુશીથી કરો. મેં અર્ધો કલાક ઉપર મૂર્તિની, અનાદિમુક્તની સ્થિતિની વાત કરી. બાપાશ્રી કોણ હતા અને કેવા હતા એની પણ વાત કરી. અને બાપાશ્રીએ શ્રીજીમહારાજની સત્ય વાત, સત્ય રહસ્ય આપણે કેવી રીતે જાણતા નથી એ સમજાવ્યું. એ વાત કરી અને મેં એમને કહેલું કે તમારે વાણી સ્વાતંત્ર્યની છૂટ છે. જે તમે મને આપી છે. હું જે વાત કરું એમાં તમારે ગમે-તેટલા પ્રશ્નો પૂછવા હોય તો છૂટ છે. બધા ખુશ થઈ ગયા. અર્ધી કલાક વાત કર્યા પછી એમને એમ થયું કે આમને શું પૂછવું? કારણ કે વાત એવી હતી કે જેના બે ઉત્તર કરવા મુશ્કેલ પડે. ત્યારે એમણે કહ્યું કે આવી વાત પહેલીવાર સાંભળી. અમે ખૂબ ખુશ થયા અને શ્રીજીમહારાજની મૂર્તિનું જતન એમાં અષ્ટાંગ યોગ પણ આવી જાય. એ વાત અને

અબજીબાપાશ્રીએ આવી ઉત્તમ વાતો કરી એનાથી અમે અજાણ રહ્યા એનો અમને અફસોસ છે. બોલો. જ્યારે સત્ય વસ્તુ સમજાય ત્યારે કોઈ મનાઈ કરતું નથી.

અહીંયા કૃષ્ણજીવનદાસજી સ્વામીએ બાપાશ્રીની રહસ્યની ખૂબ સરસ વાતો કરી. મારે એના ઉપર જો વાત કરવી હોય તો એક કલાક જોઈએ. કારણ કે એમાં એમણે ઘણી બધી વાતો સદ્‌ગુરુઓની સમાવી લીધી છે. ત્યારે એક વાત યાદ રાખીએ કે આપણે ગમે ત્યાં જઈએ આપણી વાત એવી રીતે રજૂ કરીએ કે એનો ઉત્તર જ ન આપી શકે. મને યાદ નથી કે કોઈ સભામાં મેં મહારાજની મૂર્તિની કે બાપાશ્રીએ સમજાવેલી વાત કરી ન હોય. મહારાજ પોતે કહે છે કે અમારા અનાદિમુક્ત બાપાશ્રી તમને મળ્યા તો એની વાતો કેમ કરતા નથી? જો એ વાત કરતા ગભરામણ થતી હોય તો એ નબળાઈ દૂર કરવી પડે કે નહિ? કરવી જોઈએને? ગભરાઈને નહિ. સત્ય બોલવામાં ક્યાં ગભરાવાનું? અસત્ય બોલવામાં ગભરાવાનું. સર્વોપરી ભગવાનનું સ્વરૂપ સમજાવવું એ તો ઉત્તમ બાબત છે. એક વસ્તુ કરતાં બીજી વસ્તુ શ્રેષ્ઠ હોય તો એ શ્રેષ્ઠ વસ્તુની સમજ નહિ આપવી જોઈએ? એ શ્રેષ્ઠ વસ્તુ ગ્રહણ નહિ કરવી જોઈએ? કરવી જ જોઈએ. “હરિનો મારગ છે શૂરાનો નહિ કાયરનું કામ.” આ હરિનો મારગ તે હરિને સાચા સ્વરૂપમાં ઓળખી, અબજીબાપાશ્રીએ સ્વામિનારાયણ ભગવાનને સાચા સ્વરૂપમાં ઓળખાવ્યા એનું નામ હરિનો મારગ. “હરિનો મારગ છે શૂરાનો નહિ કાયરનું કામ.”

એ શૂરો. એ અબજીબાપાએ આપણને શૂરવીર ભક્ત બનાવી દીધા અને આપણે આ સત્સંગમાં રહીને બધાને આ વાતો કરવી છે. દૂર ભાગીને નથી કરવી. દૂર શા માટે ભાગીએ? આપણું ઘર છોડીને ભાગી જવા માટે કોઈને કહેવાનો અધિકાર છે કે કહે ઘર છોડીને જાઓ બોલો? આપણે જે ઘરમાં રહેતા હોઈએ એ ઘરમાંથી કોઈ એમ કહે કે ભાગી જાઓ? તો સત્સંગરૂપી બગીચો એ આપણું નિવાસસ્થાન- ઘર એને છોડી જવાનું કહેવાની કોઈની હિંમત છે? અને જો કહે તો એને કાયદા-કાનૂનની કે કોઈ જાતના જ્ઞાનની ખબર જ નથી. જો ભારતનું બંધારણ વાણી સ્વાતંત્ર્ય, વિચાર સ્વાતંત્ર્ય જો આપતું હોય અને આપણને વાણી સ્વાતંત્ર્ય જીરવવાની શક્તિ ન હોય તો ભારતની બહાર જતું રહેવું જોઈએ. કારણ કે ભારતનું બંધારણ એમ કહે છે કે વાણી સ્વાતંત્ર્યતા હોવી જોઈએ. ભાઈ તમે તમારી વાત કરો. સત્સંગ સભા અને ચર્ચા સભામાં ફેર હોય. અત્યારે સત્સંગ સભા થોડી ચર્ચા સભામાં ફેરવાઈ કારણ કે થોડા પ્રસંગો ઊભા થયા તેની નોંધ લેવી જરૂરી હતી.

હંમેશાં યાદ રાખીએ કે આપણે સમજાવવું પડશે. એ વાત પ્રસ્થાપિત કરવી પડશે. કરવી પડશે ને? એમાં જો એં... એં.... એં... એમ કરીશું તો નહિ ચાલે બાપાશ્રીના હેતવાળા સંતોને પ્રથમ સ્થાન મળવું જોઈએ. શા માટે નહિ? તમે એને બાપાશ્રીના હેતવાળા કહો છો તો આજ્ઞા ઉપાસનાથી બદ્ધ છે. વચનબદ્ધ છે. તે અબજીબાપાશ્રી સ્વામિનારાયણ ભગવાનના સત્યસ્વરૂપ

અનાદિ મહામુક્તરાજ હતા. એમાં કોઈને શંકા થઈ શકે એમ નથી. કોઈ કહી શકે એમ નથી. કોઈ જીવ પ્રાણી માત્ર કે બુદ્ધિ જન્ય માણસની તાકાત નથી કે એમ કહી શકે કે સત્ય સ્વરૂપ અનાદિ મહામુક્તરાજ નહોતા. જો એમ કહેવાની હિંમત હોય તો મારી પાસે આવી શકે છે. કારણ કે હું અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રીનો શિષ્ય છું કે જેના થકી મને ભગવાન સ્વામિનારાયણ ઓળખાયા. તો ભગવાન ઓળખાવે એ કોણ? તો એવા મહામુક્તરાજનું નામ લેતાં જો પેટમાં દુઃખતું હોય તો દુઃખવા દો. જેથી બગાડ નીકળી જાય. બગાડ તો કાઢવો જોઈએ ને? રેચ લઈને પણ કાઢવો પડે. નહિતર તો હેરાન કરી મૂકે જો મળ ન કાઢે તો. ત્યારે યાદ રાખીએ કે સત્ય વસ્તુમાં કોઈ દિવસ મૂંઝાઈએ નહિ. કદાચ સત્યનું કોઈ અપમાન કરે તો એ એનું અપમાન છે. સત્યનું અપમાન નહિ, પણ તમારું પોતાનું જ અપમાન છે. એમાં મારે શા માટે અફસોસ કરવો જોઈએ. કારણ કે તમારું જ અપમાન છે.

એ એક વાત પૂરી કરી. હવે આપણે સત્સંગમાં રહીને શ્રીજીમહારાજની મૂર્તિ મેળવવી. બાપાશ્રીએ શું આપ્યું? શ્રીજીમહારાજની મૂર્તિમાં રહેવાના આશીર્વાદ આપ્યા. બાપાશ્રીએ મહારાજની મૂર્તિ બતાવી. આટલું કામ કર્યું. ત્યારે એમનું નામ બોલીને આપણને ગૌરવ થવું જોઈએ બરાબર? જરાય ગભરાવાની જરૂર નથી. ભગવાન સ્વામિનારાયણે તો સત્યની સ્થાપના કરી છે. એની ક્યાં ફીકર છે. અસત્ય ચાલ્યું જશે, પણ એક વાત

યાદ રાખવી કે આપણો દાસત્વભાવ અને વિનય જાળવીને સિદ્ધાંતની વાત મક્કમ રીતે કહેવી. એમાં દિવ્ય ખુમારી જોઈએ. એમાં અહ્‌મભાવ કે પોતાપણું જોઈએ નહિ, પણ મક્કમતા હોવી જોઈએ. સિદ્ધાંતની વાત કરતાં ડરીએ તો સહજાનંદી સિંહ કહેવાઈએ? કદી નહિ. ત્યારે સહજાનંદી સિંહ થવું હશે તો ભગવાન સ્વામિનારાયણ અને એમના અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રી જેવા મહામુક્તોએ જે વાતો કરી હોય એ દરેકને કહીને એ સાધુરૂપ થઈ જાય એવું કરવું પડેને? ત્યારે સાધુ તો ત્યારે જ થવાય જ્યારે મહારાજની મૂર્તિ સ્થપાઈ જાય.

જીતુભાઈએ મૂર્તિની વાત કરીને કે એકડો-બગડો તો બ્રહ્મ થયે નહિ ચાલે. બ્રહ્મરૂપ તો થવું પડેને? એ બ્રહ્મરૂપ થઈને ભગવાનની ભક્તિ કરવી અને ભગવાનને ઓળખવા. એ વાત આજે થઈ. આજે તો ઘણી સારી વાતો થઈ. કોઈએ કહ્યું કે આજે તો કાળ-ઝાળ જેવી ગરમી છે ભાઈ! મેં કહ્યું, ભાઈ, ગરમી ભલે એવી હોય, શીતળ શાંત છે તેજની ઉપમા નવ દેવાય. શ્રીજીમહારાજની મૂર્તિની આ દિવ્ય સભા છે. ત્યાં તો શીતળતા જ હોય ને! ત્યાં વળી ગરમી કેવી? જુઓ ગરમી છે છતાં કોઈએ ગરમીને ગણી? આખી સભા અહીંયા શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ ભોગવે છે. આજે ઘણો સમય થયો થોડી સ્પષ્ટતા પણ થઈ.

જય સ્વામિનારાયણ

## સારાંશ

આપણે સૌએ સાચા આજ્ઞા અને ઉપાસનાના પાલક થવું. એવું થવા અનાદિ મુક્તરાજ બાપાશ્રીને ઓળખવા પડે, જાણવા પડે.

દિવ્ય એટલે સંપૂર્ણ સત્ય. સત્ય કહેવામાં ગભરાવું નહિ પણ એને વ્યવસ્થિત રીતે સમજાવતાં આવડવું જોઈએ. બાપાશ્રીએ સમજાવેલ સંપૂર્ણ સત્યજ્ઞાન એવી રીતે સમજાવવું કે તેના બે ઉત્તર હોઈ શકે જ નહિ. સત્સંગમાં રહીને સત્ય વાત કહેવી, કે અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રી સ્વામિનારાયણ ભગવાનના સત્ય સ્વરૂપ અનાદિમુક્ત હતા. સત્ય બોલવામાં દાસત્વભાવ અને વિનય ચાલ્યા જવા ન જોઈએ. દિવ્ય ખુમારી રાખવી. અહંકાર નહિ, પણ મક્કમતા રાખી વાત કહેવી.

# ૧૪

આજે આપણે અહીંયા આપણા સર્વોપરી ગુરુ પરમાત્મા ભગવાન સ્વામિનારાયણની ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવા એકત્ર થયા છીએ. મહારાજના અનાદિમુક્તો એવા ગુરુ છે કે જે સર્વોપરી ગુરુ ભગવાન પાસે આપણને પહોંચાડી અને મૂર્તિમાં વિલીન થઈ જાય. એ સર્વોપરી ગુરુ એ સુખદાતા છે અને એ અનાદિમુક્તો સુખભોક્તા છે. એ સુખદાતા પ્રભુના હાથમાં આપણને એ અનાદિમુક્તો સોંપી દે છે. ભગવાન આપણો હાથ પકડી લે છે. કદી છોડતા નથી. એ પ્રભુને પામવાનો આજ ગુરુપૂર્ણિમાનો દિવસ ગણાય છે. આપણે તો જ્યારથી મહારાજના આશીર્વાદ મળ્યા, જ્યારથી મહારાજ જેમ છે તેમ ઓળખાયા ત્યારથી સદાય ગુરુપૂર્ણિમા છે. સર્વોપરી ભગવાન સ્વામિનારાયણ એ સર્વોપરી ગુરુ છે. એ પૂર્ણતામાં એટલે કે એના દિવ્ય સુખમાં રહી અખંડ અનુસંધાન રાખીએ એ જ ગુરુપૂર્ણિમા. ગુરુપૂર્ણિમાનો ધ્યેય એ એક જ. આજનો દિવસ જ ગુરુપૂર્ણિમા બની રહે એ પૂરતું છે? નહિ. ગુરુપૂર્ણિમા સદાય રહેવી જોઈએ. પૂર્ણમાં પૂર્ણ થઈને રહેવું, અનાદિમુક્ત, સેવક થઈને રહેવું એ જ ગુરુપૂર્ણિમાનો અંતિમ ધ્યેય છે. એ ભગવાન ગુરુ છે, એ પરમાત્મા ગુરુ છે. આપણે ગુરુ નથી. અવરભાવમાં જ્ઞાન આપે તે ગુરુ ગણાય; પણ એ ગુરુ પણ શિષ્ય જ છે, અંતે સેવક જ છે. તે સેવકનું કાર્ય એ છે કે પોતે જે સુખમાં

પહોંચ્યા હોય એ સુખમાં બીજાને પહોંચાડી દેવા. તે આ કાર્ય ભગવાનના સંકલ્પથી જ કરે છે. મહારાજ હંમેશાં મુખ્ય રહેવા જોઈએ. આધ્યાત્મિક ગુરુ એ કેવળ પ્રેરણારૂપ છે.

આપણે મહારાજનું ધ્યાન કરતાં પહેલાં એમના અનાદિ મહામુક્તોની સ્મૃતિ સહેજવાર કરવી. અને બળ મેળવીએ અને પ્રાર્થના કરીએ કે જે સુખમાં આપ રહો છો તે સુખમાં રહીને અમને સુખ અનુભવાય તથા મહારાજની મૂર્તિનું નખશિખા સરસ દર્શન સદાય રહ્યા કરે એવી તમે દયા કરજો. એવી અંતરની પ્રાર્થના કરવી. પ્રાર્થના પ્રાર્થનામાં પણ ફરક છે. આ લોકનું સુખ - ભલે તે શુભ હોય ગમે તેટલું છતાં પણ એની પ્રાર્થના એ સકામ છે અને ભગવાનના સુખમાં રહીને મહારાજની મૂર્તિનો સંબંધ રાખવાની પ્રાર્થના તે નિષ્કામ પ્રાર્થના છે. એવી પ્રાર્થના પણ નિરંતર કરવી પડે. તે પ્રાર્થના ક્યાં સુધી કરવી જોઈએ? જ્યાં સુધી આપણે એ મૂર્તિમાં મૂર્તિમય થઈ જઈએ, આપણે મટી જઈએ ત્યાં સુધી કરવી જોઈએ.

આપણો આ સ્થૂળ દેહ તે આપણે નથી. આપણે તો મહારાજના સુખમાં રહેલા અનાદિમુક્ત છીએ. એની હા પડવી જોઈએ. ભલે અત્યારે આપણને આપણી પાત્રતા ઓછી લાગતી હોય, પણ એથી કંઈ મૂંઝાવાની જરૂર નથી. એવા ભગવાન મળ્યા છે કે કોઈ કસર રહેવા દે એવા નથી. મહારાજે આપણો આ છેલ્લો જન્મ કર્યો છે તે હકીકત છે. કોઈને એમ થાય કે અહોહો! છેલ્લો જન્મ! હા, છેલ્લો જન્મ. કરનારે કર્યો છે. જેના હાથમાં છે એ

તો કરી શકે કે નહિ? આપણા ખિસ્સામાં સો રૂપિયા હોય તો આપણે કોઈને આપવા હોય તો આપી શકીએ કે નહિ? તો જો પ્રભુને પોતાના સુખમાં રાખવા હોય, તો તેને કોણ ના પાડી શકે? અરે! પશુ-પક્ષીઓ જેવી અધમ યોનિમાં રહેલા જીવોને પણ મુક્તાનંદ સ્વામી જેવાએ ભગવાનના સુખમાં પહોંચાડી દીધા. એ પરમાત્મા આપણને મળ્યા છે. જેવી તેવી વસ્તુ નથી મળી. આથી આપણે આ વાતનું ધ્યાન રાખીને આપણે પોતે આ સ્થૂળ દેહ નથી એમ થઈ જવાનું. એટલે મહારાજ સર્વકર્તા રહ્યા કે નહિ? જરા પણ આપણે કંઈ કરીએ છીએ એમ માનવું નહિ. આપણે કંઈ કરતા જ નથી; છતાં કરીએ છીએ એવું દેખાય છે.

આપણે બધા આશીર્વાદથી-કૃપાથી થયેલા અનાદિમુક્ત છીએ. એવા આશીર્વાદ કેમ ભૂલાય? એ આશીર્વાદમાં રહી અને અખંડ આનંદમાં રહીએ એ જ કરવાનું. કદી પણ દુઃખનું ગાણું ગાવું નહિ. મહારાજ કહે છે કે હું કોઈ પણ દુઃખ આપતો જ નથી. મારી ઝોળીમાં તો સુખ જ ભર્યું છે; એમાં બીજું કાંઈ છે જ નહિ. જો એમની ઝોળીમાં સુખ હોય તો તે સુખમાં આપણને રાખ્યા તો આપણું દુઃખ કોઈ રહ્યું ખરું? કદીએ ન માનવું કે હવે આપણને દુઃખ છે. અરે! દુઃખ ક્યાં? મહારાજની મૂર્તિના સુખમાં રહીને મઝા કરો.

વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોય, કે આપણે ધંધો કરતાં હોઈએ તો આપણને એમ થાય કે સ્મૃતિ રાખીશું તો ધંધો સરખો નહિ થાય, કામ બગડી જશે. એ હકીકત

છે. મૂર્તિમાં સ્મૃતિ અખંડ જોડાઈ રહે તો પ્રવૃત્તિ સરખી ન થાય ત્યારે શો ઉપાય કરવો? ઘણા સર્વિસ કરતા હોય ને જો મૂર્તિરૂપ થઈ જાય તો વૃત્તિઓ બધી મૂર્તિમાં ખેંચાઈ જાય. તો બધું કાર્ય પડ્યું રહે અને જેની નોકરી કરતા હોઈએ એ તો ચર્મચક્ષુથી આપણને દેખેને? તો એને તો એમ થાય કે આ બરાબર કામ નથી કરતા. કાં તો એમ થાય કે આમનું કંઈ મગજનું ઠેકાણું નથી. એવું થાય. એટલે મહારાજ એવી આપણી સ્થિતિને રૂંધી રાખે છે કે જેથી આપણે બધી પ્રવૃત્તિ કરી શકીએ.

એક વાત કહી દઉં કે આપણે કદીએ મહારાજને ભૂલતા નથી. ભૂલીએ છીએ એવું લાગે છે તે ભ્રમણા છે. મૂર્તિમાં આપણને રાખ્યા, આપણી ભેળા એ રહે અને કહે કે હું અખંડ તમારા ભેળો છું; પછી ભૂલવાની વાત ક્યાં રહી? આપણે આખો દિવસ જમણો હાથ, ડાબો હાથ એમ સંભાર્યા કરીએ છીએ કે છે કે નહિ? એમ સંભારવાનું ક્યાં રહે? એ આપણા ભેળા થઈ ગયા. આપણે ધ્યાન જરૂર રાખીએ કે આપણી નોકરીનું કામ, પ્રવૃત્તિનું કામ કરતાં પહેલાં પાંચ સેકન્ડ ભગવાનની સ્મૃતિ કરીને શરૂ કરવું. એનાથી મહારાજ રાજી થાય અને ભેળા રહે. પછી જે જે કામ કરો એ મહારાજ કરે છે. આપણને એમ લાગે છે કે આપણે કરીએ છીએ. એ આપણે ભૂલી જવું. તો મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખવી એ કઠિનમાં કઠિન સાધન મહારાજે સહેલું કરી દીધું કે નહિ? જમતી વખતે પણ સ્મૃતિ કરીને જમવું. કોઈ પણ પ્રવૃત્તિ કે કાર્ય કરતાં પહેલાં બેથી ત્રણ સેકન્ડ ભગવાનની

સ્મૃતિ કરવાની. આ એક નિયમ રાખવો કે કોઈ પણ પ્રવૃત્તિમાં મહારાજની મૂર્તિનું ધ્યાન બે કે ત્રણ સેકન્ડ કરવું. આનાથી તે મૂર્તિ કેવી પાકી થઈ જાય તે વિચારજો. જો આટલું જ કરીએ તો મૂર્તિમાં અખંડ વૃત્તિ જ રહી. અરે! નિદ્રા જેવું પણ ના રહે. નિદ્રા પણ યોગનિદ્રા થઈ જાય. દેહ આરામ કરે ને ચૈતન્ય મૂર્તિના સુખમાં રમે! અગમ નિગમ તે સુગમ કરી દીધું!

તો એવી દિવ્ય ખુમારી રાખવી. આ લોકની ખુમારીમાં અહમ્ છે. દિવ્ય ખુમારીમાં પ્રભુ જ છે. એમાં તો પ્રભુની જ મસ્તી છે અને હું અનાદિમુક્ત એવો સેવક થઈને મૂર્તિમાં રહીને સુખ ભોગવું છું એય અહમ્ અને દેહભાવમાં રહીને જીવનો અહમ્ છે એ એક મર્યાદિત અહમ્ છે અને તે માયામાં અહમ્-મમત્વ કરાવનારો છે. ત્યારે દિવ્ય ખુમારી "હું મહારાજનો મુક્ત છું, મહારાજે મને દિવ્ય કરીને મૂર્તિમાં રાખ્યો છે" એમાં અહમ્ નથી. એ દિવ્ય અહમ્ એટલે કે Divine ego છે. જીવનો જે અહમ્ છે એ Limited ego છે. એ Limited egoથી પર થઈ Divine ego રૂપ થઈ જવાનું છે. એ Divine ego શું? પુરુષોત્તમરૂપ થઈ જવાનું. ત્યારે એ સુખમાં આપણે રહીને બધું કરવાનું. એ સુખમાં આપણને રાખ્યા છે.

આજે ગુરુપૂર્ણિમાનો આનંદ. દરેક ઉત્સવ-સમૈયા અખંડ ચાલ્યા જ કરે છે. જેવા અવરભાવમાં ચાલે છેને? એવા દિવ્યરૂપે અલૌકિક રીતે પરભાવમાં પણ ચાલે છે. એ ઉત્સવ-સમૈયાની રીત અલૌકિક છે. સમય આવશે ત્યારે મહારાજ આપણને એ દેખાડશે અને જો શ્રદ્ધા અને

વિશ્વાસ અડગ હશે તો એ દિવ્ય સુખ મળશે જ.

એક છોકરો કોસ વડે કૂવામાંથી પાણી કાઢતો હતો. બ્રહ્માનંદ સ્વામી અને એવા દિવ્યસ્વરૂપ મુક્ત ત્યાંથી નીકળ્યા. સંતોને અને પોતાને જળપાન મહારાજને કરાવવું હતું. તે છોકરાને કહે કે થોડું પાણી જોઈએ છે, પણ કોસનું પાણી ન જોઈએ તો છોકરો કહે કે આ ઘડામાંથી કાઢી આપું? તો બ્રહ્માનંદ સ્વામી કહે કે આ સંતો છે તેને તું ઘડો આપ એ માંજીને પાણી કાઢશે. તું દોરડું આપ, મદદ કર. પછી સંતોએ ઘડાને માંજી કરીને સાફ કરીને પાણી કાઢ્યું. સાફ કરીને પાણી ગાળીને પીધું. પેલો છોકરો રાજી થયો અને કહે કે હું તો પામર જીવ છું, મારા ઉપર દયા રાખજો. તો બ્રહ્માનંદ સ્વામી કહે કે આ ફાંદ સંભારજે એટલે હું તને અંત સમયે તેડવા આવીશ અને ભગવાનના સુખને પમાડીશ. તો છોકરો કહે કે તમારી ફાંદ સાંભરે ખરી? હું તો પામર છું. તો બ્રહ્માનંદ સ્વામી કહે કે તું આજથી પામર મટી ગયો એમ જાણ. છોકરો કહે કે એ વખતે ફાંદ ન સાંભરે. બ્રહ્માનંદ સ્વામી કહે કે કાંઈ નહિ, હું સંભારી આપીશ. છોકરો કહે કે તો ભલે. તો અંત સમયે બ્રહ્માનંદ સ્વામી મહારાજને લઈને તેડવા આવ્યા અને પોતાની ફાંદ ઉઘાડી કરી અને છોકરાને યાદી આપી. છોકરો કહે કે અહોહોહો! આવ્યા આવ્યા! કહેતા ભેગો જ ચૈતન્યને મુક્ત કરીને એને સુખમાં મૂકી દીધો! વિચાર કરો! એક આટલી નાની સરખી સેવા આપી. શું કામ એવું થયું? કે તેણે નિષ્કામભાવે એટલી સેવા કરી.

મહારાજ કહે છે કે કોઈ ભક્તને જો પોતાપણું બિલકુલ ન હોય અને હું સાથે છું અને હું જ કામ કરું છું. જો એમ રહે અને બધો યશ મને આપે તો હું એને ન્યાલ કરી નાંખુ છું. તો આપણે પણ એવું કરવું કે હે મહારાજ! આ બધો યશ તમને; મારામાં કાંઈ નથી. એ વાત તો બરાબર છેને? શું આપણું પોતાનું કહો? એ મળ્યા એ આપણી પાસે રહે તે આપણી મૂડી. એ અબજો રૂપિયા ખર્ચતાં ય ક્યાંય મળે? ત્યારે આપણે એ મૂડીના પીરસનારા-નિઃસ્વાર્થ પીરસનાર થવું. મહારાજ મારા દ્વારા પોતાનું જ્ઞાન બીજા જીવોને આપે છે એમ ધારવું. એવું કરીએ તો બીજા જીવને બીજબળ થાય કે નહિ? ધારો કે આપણે અત્યારે કંઈ ને કંઈ નોકરી કે કોઈક પ્રવૃત્તિ કરીએ ત્યાં આપણા સંબંધમાં બીજા નવા માણસો આવવાના. આપણે ભગવાનને સાથે રાખી રહ્યા છીએ. તો એ ભગવાનની દૃષ્ટિ એના ઉપર નહિ પડે? ચોક્કસ પડે. ત્યારે એ ભગવાન આપણા દ્વારા આપણી સાથે રહીને તે પોતે બીજાના કલ્યાણ કરી નાંખે. તો આપણે આ જોગમાં આવી ગયા તો આપણો લાભ ભગવાન બીજાને આપે છે તે આપણા અહોભાગ્ય નહિ? એને જ કર્તા રાખવાના.

"સહજાનંદ ગુરુ ભજે સદા" એવું લખ્યું છેને? સહજાનંદરૂપી ગુરુ. એમની ઉપાસના કરવાની. અનાદિમુક્ત ગુરુ ખરા, પણ એ ઉપાસ્ય ગુરુ નથી. ઉપાસ્ય ગુરુ તો શ્રીજીમહારાજ એક જ. અદ્વિતીય. એના જેવો કોઈ નહિ. એવા એક ભગવાન સ્વામિનારાયણ. અનાદિમુક્તો આપણને એ સુખમાં લઈ જનારા છે, માટે

એ આપણા ગુરુ. જે દિવ્ય સુખને પમાડે એ સાચા સાધુ. એવા અનાદિમુક્તો, એવા સદ્‌ગુરુઓ, એવા અનાદિમહામુક્તો આપણને મળ્યા. હવે શું જોઈએ? અખંડ હવે એટલું જ કરવાનું રહ્યું કે આનંદથી કામ કરી અને આ જીવનયાત્રા પૂરી કરી નાંખવાની. તે જીવનયાત્રા કેવી બનાવવી? મૂર્તિના સુખના સંબંધવાળી. એમાં રહીને આનંદ જ કરવાનો.

દુ:ખ શું? દુ:ખ આપનારેય એ છે અને એ દુ:ખ કાઢી નાંખનાર- અદૃશ્ય કરનાર પણ એ જ છે. આપણને દુ:ખ જો કંઈક દેખાય તો એ કોણ દેખાડે છે? મહારાજ. જો ભગવાન ભેળા હોય તો બીજા કોઈની તાકાત ખરી આપણને દુ:ખ આપવાની? કદીએ નહિ. આપણે એક જ કામ કે દિવ્ય ભાવ રાખવો, એનો અર્થ વિશાળ અર્થમાં: આપણા ભેળા ભગવાન.

દરેક જીવનો ચૈતન્ય એ નિર્મળ જ છે. એના ઉપર આવરણો વળગેલાં છે માટે દરેક ચૈતન્ય જીવ કહેવાય. કોઈ પણ અશુદ્ધિ ચૈતન્યની અંદર પ્રવેશ કરતી નથી. આ ચૈતન્યનો મહાન ગુણ ભગવાને આપ્યો છે તો કામ એટલું જ રહ્યું કે એ આવરણો હટાવી દેવાના. જો કોઈ પણ જીવના આવરણો હટી જાય પછી એ દેવતા થઈ ગયો કે નહિ? એટલે ભગવાનની કૃપા વરસે એટલે અનાદિમુક્ત થઈ જાય. ભગવાન બધાને આ સ્થિતિ પમાડવા માગે છે; કોઈ એકને નહિ. ભગવાન સર્વોપરી પરમાત્મા એમ ઇચ્છે કે વહેલામાં વહેલા જીવોને પોતાના સુખમાં લઈ જવા. કેટલા દયાળુ!

ભગવાનને કંઈ જોઈએ? કશું જોઈતું નથી. આપણે સેવા કરીએ કોઈવાર તો એ પૈસા કોના? એના. એની લીલા તો જુઓ! એના એ આપે અને એમ કહે કે તું એમાંથી પાંચ રૂપિયા મને અર્પણ કરજે. હવે એ પાંચ રૂપિયા અર્પણ કરીએ એ વીસમો ભાગ. તે સેવારૂપ ગણીને અંગીકાર કરીને એના બદલામાં સુખ આપે. એના ને એના પૈસા એને ને એને અર્પણ કરવાના! ત્યારે મહારાજ એમ કહે છે કે જેના ઉપર મારી કે મારા મુક્તની મારા દ્વારા દૃષ્ટિ પડી નથી તેવો જે જીવ છે તે અર્પણ કરી શકતો નથી. વીસમો ભાગ કાઢી શકતો નથી. એટલે ભગવાન કહે છે કે મારી ને મારી વસ્તુ મને અર્પણ કરતો નથી. માટે આપણે અર્પણ કરવી જોઈએ. એમનું ને એમનું છે. ત્યારે કદીયે એમ ન માનવું કે આપણે આપણી વસ્તુ ભગવાનને અર્પણ કરીએ છીએ. આપણી પાસે છે શું અર્પણ કરવાનું? એના એ આપે છે. સમૃદ્ધિ પણ એ આપે છે. એ સમૃદ્ધિમાંથી થોડું એને અર્પણ કરીએને તો કરુણાસાગર ભગવાન રાજી રાજી થઈ જાય અને એ સુખમાં આપણને રાખે. આટલી સમજણ કેળવવી જોઈએ.

ગમે તેટલા પુસ્તકો વાંચીએ અને દિવસ આખો સદ્‌વાંચન કરીએ, પરંતુ આ વસ્તુ તો શાસ્ત્રનો સારનો સાર છે. છેલ્લી ઘડીએ પુસ્તકો ક્યાં ખોળવા જઈશું? કેટલાં વાંચ્યા હોય? વિવેકાનંદજીએ આખી દુનિયાનું પોણું સાહિત્ય વાંચી નાંખ્યું હતું. અગિયાર encyclopaediaના અક્ષરે અક્ષર મોઢે! શું કરવાનું? એને કરવાના શું? એ તો

કેવળ અજ્ઞાન. એના ગુરુએ જ એને કહ્યું કે જો તારે ભગવાનને પામવું હોય, તો તેં વરસો સુધી એકઠું કરેલું જે આ અજ્ઞાન છે તેને તારે ટાળવું પડશે અને તે ટળશે પછી સાચું જ્ઞાન પ્રાપ્ત થશે.

મહારાજ એમ કહે છે કે ભગવાન સિવાય બધું ય અજ્ઞાન. એનાથી ઓરું બધું જ અજ્ઞાન. કેવડી મોટી વાત! એમ ભગવાનથી ઓરા અવતારો ખરા કે નહિ? તે ભગવાન એમ કહે છે કે મને પામે નહિ ત્યાં સુધી એ બધું જ અજ્ઞાન. અવતારો પામવા જો પ્રીતિ રહે તો એ અજ્ઞાન. કારણ કે આ અવતારોમાં આવિર્ભાવ કોનો? મારો. અવતારોનો આદર કરો, કારણ કે એ મારું ભજન કરીને એ અવતારસ્થિતિને પામ્યા છે. મારા આવિર્ભાવને લીધે જ અવતારોએ બધું કાર્ય અત્યાર સુધી કર્યું છે. એ મેં કર્યું છે એમ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન કહે છે. ભગવાને કહ્યું કે મારાથી ઓરું એ બધું અનાત્મા. હું આત્મા સર્વનો. ત્યારે આવું સરસ જ્ઞાન થોડા શબ્દોમાં આપણને આપી દીધું! વધારે વાંચવાનું કે અન્ય કોઈને સંભારવાની કોઈ જરૂરિયાત નથી. કેવળ મૂર્તિની સ્મૃતિ રાખીને કામ કરવું. મારી દરેક ક્રિયા સ્વામિનારાયણ ભગવાન કરે છે મારી સાથે રહીને એવું રાખો અને એનું એને અર્પણ કરવું.

કોઈ દિવસ કર્તાપણું માનવું નહિ. આપણું કર્તાપણું નહિ માનવું. એ પાઠ બરાબર પાકો કરી દરેક ક્રિયા કરતાં પહેલાં થોડી મહારાજની સ્મૃતિ કરીને કરવી. પછી તે ક્રિયા કરે છે કોણ? મહારાજ. આપણે નથી કરતા. એ વખતે જરાકે ય એમ સંકલ્પ થઈ જાય કે હું કરું છું તો

એ અજ્ઞાન પેઠું. એ અજ્ઞાન આવવા ના દેવું. મહારાજ જ કરે છે. આપણે એમના આશ્રિત થયા. એમણે કહ્યું કે હું તમારી સાથે છું. જેમ કે એક સારો સદ્‌ગૃહસ્થ કરોડપતિ હોય તે કહે તો ય બધાને આવવું પડે છે. તો આ તો અનંત બ્રહ્માંડોનું નિયમન કરે છે, જાળવણી કરે છે તો એની રક્ષા વિશેષ કાર્યક્ષમ કે નહિ? બીજા તો અવરભાવના નિમેલા છે.

પ્રહલાદજીએ ભગવાનને કહ્યું કે ભગવાન! બધા એમ કહે છે કે ભગવાને તારું રક્ષણ કર્યું. મહારાજ! હું માનતો નથી. તમે મને ઉગાર્યો. દરેક બાબતમાં તમે રક્ષણ કર્યું, પણ કોનું રક્ષણ કર્યું? દેહનું. મારા જીવનું રક્ષણ કરો ત્યારે સાચી રક્ષા માનીશ. તો ભગવાન કહે એના માટે તપ કરવું પડશે. તો કહે ભગવાન! તપમાં હું સમજતો નથી. તપ તો ઘણા પ્રકારના છે. તો કહે તારે ગંગાના કિનારે ઊભા રહીને અને મારી મૂર્તિનું અખંડ સ્મરણ કરવું એ તપ. પ્રહલાદ કહે કે હવે બરાબર સમજ્યો. અત્યાર સુધી હું એમ સમજ્યો હતો કે ભૂખે રહેવું, ઉપવાસ કરવા એવું બધું દેહદમન કરવું એ તપ છે એવું માનતો હતો પણ હવે મને ખબર પડી.

પછી એણે ગંગાના કિનારે પ્રભુરૂપ થઈને સ્તુતિ કરવા માંડી. ત્યારે એને ભગવાનના દિવ્ય દર્શન થયા. ત્યાં સુધી ભક્તિ ખૂબ કરતા હતા. માગી માગીને પણ માગ્યું કેવું! ત્યારે આફુડી ભગવાને પોતે જ રક્ષા કરી. પોતે યોગ્ય સમયે યથા સમયે આવીને ઊભા રહીને દિવ્ય દર્શન કરાવ્યા. એટલે જો શ્રદ્ધા રહી જાય, ભગવાન મળે

ત્યાં સુધી એ શ્રદ્ધાને ન મૂકે તો પછી મહારાજ છેલ્લી ઘડીએ એને દર્શન આપે. દર્શન આપે એટલે એના આવરણો હટી જાય. દર્શન ક્યારે થાય? આવરણો હટી જાય ત્યારે દર્શન થાય. આવરણો હટાવે એ ભેગા દર્શન થાય ને એ ભેગી બધી વાસનાઓ ભૂંસાઈ જાય. નિર્મળ ચિત્ત થઈ જાય. કંઈ યાદ જ ન રહે, પછી ક્યાં રહ્યું?

## સારાંશ

આપણા સૌના સર્વોપરી ગુરુ ભગવાન સ્વામિનારાયણ છે. તેમના અનાદિમુક્ત આપણને પાત્ર કરી એ સર્વોપરી ગુરુને આપણી સોંપણી કરી પોતે વિલીન થઈ જાય છે. ભગવાનના અનાદિમુક્ત થઈ રહેવું તે ગુરુપૂર્ણિમાનો અંતિમ ધ્યેય છે.

ધ્યાન કરતા પહેલા અનાદિમુક્તને સંભારી તેમને પ્રાર્થના કરવી કે, તમે જે સુખમાં છો તેવું અમને પ્રાપ્ત થાય એવી પ્રાર્થના. આવી પ્રાર્થના મૂર્તિમય થઈ જઈએ ત્યાં સુધી કરવી. શ્રીજીમહારાજે આપણો છેલ્લો જન્મ કરી દીધો છે અને આપણે અનાદિમુક્ત છીએ એ વાત હંમેશાં યાદ રાખવી. અત્યારે પાત્રતા ન જણાતી હોય, પણ ભગવાન પાત્ર કરી દેશે જ. સર્વ કર્તા-હર્તા મહારાજને જાણવા. આપણે ભગવાનની કૃપાથી અનાદિમુક્ત થયા. ભગવાન પાસે સુખ જ છે એટલે આપણે આપણા દુઃખનું ગાણું ગાવું નહિ. તેઓ આપણને સુખ જ આપશે.

મહારાજે કહ્યું હું ભેળો છું પછી એમને ભૂલી શકાય નહિ, તેઓ ભેળા જ હોય. વારંવાર યાદ કરવાની જરૂર

રહેતી નથી. દરેક ક્રિયા કરતા પહેલા બે-ત્રણ સેકન્ડ મહારાજને સંભારવાથી ધીમે ધીમે મૂર્તિ પાકી થઈ જાય. હું અનાદિમુક્ત છું. મહારાજનો સેવક છું. તે વાતની દિવ્ય ખુમારી રાખવી. શ્રદ્ધા અને વિશ્વાસ અડગ રાખવાથી દિવ્ય સુખ મળે જ છે.

આપણું જે કાંઈ પણ છે બધું યશ-પદ-ધન બધું જ એમનું છે એવો ભાવ રહે તો ભગવાન રાજી થાય. સદાય આપણી ભેળા રહે તેથી એનો લાભ બીજા જીવોને પણ મળે.

અનાદિમુક્ત આપણને ભગવાન સુધી લઈ જાય છે તેથી તેઓ આપણા ગુરુ, પણ ઉપાસ્ય સ્વરૂપ તો એક સ્વામિનારાયણ ભગવાન જ. અનાદિમુક્ત નહિ. આપણા ભેળા ભગવાન એ વાત હંમેશાં યાદ રાખવી. ચૈતન્ય નિર્મળ છે, ફક્ત તેના ઉપર આવરણો છે જે આપણે હટાવવાના છે.

ભગવાનના જ આપેલા પૈસામાંથી ધર્માદા નિમિત્તે વીસમો ભાગ ભગવાનને પાછો આપીએ, છતાં તેઓ રાજી થઈ આપણને અનાદિમુક્તની પંક્તિમાં બેસાડી દે છે.

અંતકાળે પુસ્તકોનું જ્ઞાન કામમાં નથી આવતું. મોટા ગુરુના વચનો જ કામ લાગે છે. ભગવાન સિવાય બીજા કોઈ અવતારોને સંભારવા નહિ. ક્યારેય કર્તાપણું માનવું નહિ. એક મહારાજને જ કર્તા રાખવા. અંતસમય સુધી ભગવાનમાં શ્રદ્ધા રાખવી. તો ભગવાન રક્ષા કરી અંતે પણ આવીને તેડી જાય છે.

# ૧૫

જેમ આરસીમાં આપણું પ્રતિબિંબ દેખાય એમ ભગવાનના અનાદિમુકતોને દરેકે દરેકનું અંતર જો જાણવાને ઇચ્છે તો એવું ને એવું દેખાય. આપણે આ ઘડીએ જે વિચારવાના છીએ અને બીજી ઘડીએ જે વિચારવાના છીએ એય એના જાણ્યામાં ભગવાનના પ્રતાપે આવે છે.

પરંતુ ભગવાનના મુકતો કોઈ દિવસ અંતર્યામીપણું ઇચ્છતા જ નથી. મુકતો તો મહારાજને એમ કહે છે કે હે મહાપ્રભુ! આપ તો કૃપાસાગર, દયાસાગર છો. દયા કરીને તમારું અંતર્યામીપણું ન આપશો. અંતર્યામીપણું મહારાજની મૂર્તિના સુખમાં વિક્ષેપ કરે છે. જો મહારાજ નિરાવરણ દૃષ્ટિ આપી દે તો બધું જોયા જ કરે મૂર્તિ સિવાય. બધા લોક દેખાવા માંડે. એ તો ધાંધલ ધમાલ થઈ એને. જુદા જુદા ધામો અને ન જોવાનું હોય એય દેખાય. નિરાવરણ કોને કહે? કોઈનું અંતર સરખું ન હોય એવુંય દેખાય. તો આવું બધું જ જો દેખાય તો શી દશા થાય? એટલે મહારાજ પાસે કોઈ દિવસ અંતર્યામીપણું માગવું નહિ.

મૂર્તિમાં રહીને માનસી પૂજા કેમ થાય? મહારાજને નવડાવવા, ધોવડાવવા, થાળ જમાડવો આ બધું મૂર્તિમાં રહીને કેવી રીતે થઈ શકે? એનો ઉત્તર એમ છે કે આપણો ચૈતન્ય બહાર રહીને ક્રિયા કરે છે? ના. એ તો

આપણા દેહમાં રહીને ક્રિયા કરે છે. તો આપણે જ્યારે મહારાજની મૂર્તિનું ધ્યાન કરીએ, ત્યારે દેહમાં નથી એ ભાવ ખૂબ દૃઢ કરવો પહેલાં. એકદમ ધ્યાન કરવા નહિ લાગી જવાનું. એવો ભાવ દૃઢ કરવો કે આપણી જાતને થોડીવાર ભૂલી જઈએ. કે હું પુરુષોત્તમરૂપ છું, મારું સ્વરૂપ સ્વામિનારાયણ ભગવાન જેવું જ છે, પણ હું સેવક છું. એ સ્વરૂપની ભાવના કરીને જેમ દેહમાં જીવ રહે છે, તેમ આપણે મૂર્તિની અંદર રહીને મહારાજને બધી ક્રિયા કરાવી શકીએ. ક્રિયા જરૂરી ખરી? હા, જરૂરી ખરી. શરૂઆતમાં મૂર્તિને દૃઢ કરવાને માટે, દેહથી અલગ પડવા માટે માનસીપૂજા સિવાય બીજો કોઈ સારો વિકલ્પ નથી. પાંચવારની માનસીપૂજા કરવી જ. એ માનસીપૂજા કરતાં કરતાં મહારાજની મૂર્તિમાં વૃત્તિ ખેંચાતી જાય છે. જેમ તરવાની કળા શીખીએ, સાયકલ શીખીએ ત્યારે શરૂઆતમાં કેવું થાય છે? પણ એકવાર સાયકલ આવડી જાય કે મોટર-સાયકલ આવડી જાય પછી કંઈ ધ્યાન રાખવું પડતું નથી. એમ માનસીપૂજા કરતાં કરતાં એ મૂર્તિમાં સળંગ સ્થિરતા આવી જાય ત્યાર પછી એ મૂર્તિ દેખાવા લાગે અને પછી જે ક્રિયારૂપ માનસીપૂજા છે એ બંધ થતી જાય. પછી ભગવાનના અનાદિમુક્તો આમ બેસીને ધ્યાન કરે એ બીજાને શીખવવા માટે. મૂર્તિમાં સળંગ સ્થિરતા આવી જાય પછી કોઈ ક્રિયા કરવાની રહેતી નથી. પૂજા, પાઠ, ભગવાનને જમાડવા એવી બધી ક્રિયા સમાપ્ત થઈ જાય છે.

પણ એ કેવી રીતે થાય? તો માનસીપૂજા કરતાં

કરતાં. એ માનસીપૂજા મહારાજની મૂર્તિમાં રહીને કરવાની. બહાર કરીએ તો મહારાજે ય દેખાય ને કોઈકવાર બીજો વિચાર પણ આવે. પણ જો આ પ્રયોગ કરીએ ત્યારે પહેલાં દેહથી ભૂલવાનું. હું દેહથી અલગ છું હું દેહમાં નથી ને આ દેહ મારો નથી. મને તો મહારાજની મૂર્તિમાં મુક્ત કરીને રાખ્યો છે. આમાં બે અર્થ રહેલા છેઃ એક શ્રીજીમહારાજનું વ્યક્તિત્વ અને બીજું ચૈતન્ય કેવો બનાવ્યો એ વ્યક્તિત્વ. મુક્ત કરીને મૂર્તિમાં રાખ્યો એનું આપણને મનન થાય. મહારાજે એવા આશીર્વાદ આપ્યા છે કે મારો ચૈતન્ય મુક્ત થઈ ગયો અને મૂર્તિમાં છે. તે ભાવના કરવી. તે ભાવના કરતાં કરતાં થોડીવાર દૃઢ થાય એટલે માનસીપૂજા શરૂ કરવી. પછી મહારાજને નવડાવો, ધોવડાવો, જે કરવું હોય એ અંદર રહીને કરો. આ ક્રિયાઓ આપણે અંદર રહીને કરીએ છીએ એવો ય ભાવ થાય. અને બીજો ભાવ એ થાય કે મહારાજ બધી ક્રિયા કરે છે ને આપણે નિહાળીએ છીએ, દર્શન કરીએ છીએ. એમ બે વસ્તુ ચાલે. એમ કરતાં કરતાં સળંગ મૂર્તિ દૃઢ થઈ જાય. પછી આખો ચૈતન્ય છે એ નેત્ર તરીકે કામ કરે. રોમે રોમ નેત્ર, રોમે રોમ કર્ણ, રોમે રોમ નાસિકા. આનું નામ અલૌકિકતા. જે અનુભવ્યે જ ખબર પડે. તે આમ વિચારથી થોડોક ખ્યાલ આવે, પણ કઈ રીતે એ દેહભાવ જુદો થઈ અને મહારાજ સાથે જોડાઈને કિલ્લોલ કરે છે એ તો અનુભવ્યે જ ખબર પડે.

બાપા એમ કહે છે કે જેમ ઘડામાં ઘી થીજી જાય

એમ મુક્તો મૂર્તિના સુખમાં થીજી જાય. બીજીવાર એમ કહે છે કે માછલા જેમ રમે અને કિલ્લોલ કરે એમ મૂર્તિમાં મુક્ત કિલ્લોલ કરે છે. મૂર્તિમાંથી નવા નવા સુખની ધારા છૂટે છે અને અનંત મુકતો ભેળા રહી એ સુખ ભોગવે છે અને કોણ કેટલું સુખ ભોગવે છે એ પણ કેટલીકવાર એમની ઇચ્છાથી ખબર પડે છે. પણ ત્યાં કોઈ ઈર્ષ્યા-દ્વેષ થતાં નથી. બધાને સરખું સુખ. અનુભવ સરખો અને સુખ ભોગવવાની ગતિ અલગ અલગ. અને એનો અંત ન આવે. જો અંત આવી જાય તો એ અપાર ક્યાંથી? માટે એ તો અનાદિકાળ સુધી આપણે સુખ ભોગવ્યા જ કરીએ એવું લાગે. હવે એ સુખમાં આપણને રાખી દીધા.

## સારાંશ

અનાદિમુક્ત ધારે તો બધું જોવા સમર્થ છે. ભૂત-વર્તમાન-ભવિષ્ય બધું જ. સાધનદશાવાળાએ મહારાજ પાસે અંતર્યામીપણું ન માંગવું. મૂર્તિ દૃઢ કરવા, દેહથી અલગ પડવા માનસીપૂજાની આવશ્યકતા છે. માનસીપૂજા કરતા પહેલા દેહભાવરહિત થવું પછી પૂજા કરવી. મૂર્તિમાં સળંગવૃત્તિ રહે પછી ક્રિયારૂપ સાધનોની આવશ્યકતા રહેતી નથી.

અનાદિમુક્ત અનંતકાળ સુધી મહારાજનું સુખ ભોગવે છે તેનો પાર પામતા નથી. મહારાજની ઇચ્છાથી કોણ કેટલું સુખ ભોગવે છે તે પણ તેમને ખ્યાલ આવે છે.

## ૧૬

આપણા ઉપર પ્રસન્નતા અને કૃપાવર્ષા થઈ રહી છે. આવા ભાગ્ય ક્યાંથી મળે? એવી આ દિવ્ય સભા. સ્વામિનારાયણ ભગવાન કહે છે કે અમારા અનાદિમુક્તો દ્વારા અમે જે આશીર્વાદ વરસાવીએ છીએ તે આશીર્વાદ-વર્ષામાં એકવાર તો જરૂર બધાએ આવી જવું. ન આવ્યા હોય એને પણ એકવાર લઈ આવવા સમજાવીને. કારણ કે એ આશીર્વાદ એ સામાન્ય વડીલે આપેલા આશીર્વાદ નથી. એ તો ભગવાન સ્વામિનારાયણે એ અનાદિમુક્ત દ્વારા આપેલા અને મહારાજની મૂર્તિને પમાડે ત્યાં સુધી જંપે નહિ એવા એ આશીર્વાદ છે. એ આશીર્વાદ એ અજબ દિવ્ય શક્તિ છે. એ શ્રીજીમહારાજના આશીર્વાદરૂપ દિવ્ય શક્તિ જો એક જ વાર કોઈને સ્પર્શે એટલે કે એ કૃપાવર્ષામાં એક જ વાર જો કોઈ આવી જાય, તો એ આશીર્વાદ ધીમે ધીમે એના આખા જીવનનું પરિવર્તન લાવે છે. ભગવાનના સન્મુખ ઊભો રહે એવા સંજોગો ઊભા કરે છે, જરૂર પડે તો શારીરિક શિક્ષા પણ કરે અને જરૂરી પાત્રતા આવે તો એ શિક્ષા પાછી પણ ખેંચી લે છે. એટલે એ આશીર્વાદ આ બધું જ કામ કરે છે અને ઠેઠ મૂર્તિના સુખને પમાડી દે ત્યારે એનો વિરામ થાય. આ સત્ય હકીકત છે. નહિતર તો બધી વાતો કેટલી અઘરી! ભગવાનને પામવા એ કેટલું અઘરું છે એ વાતની યાદ આપું છું. રાફડા વળી જાય તો પણ ભગવાનની પ્રાપ્તિ

થતી નથી. ત્યારે એકવાર કૃપાવર્ષામાં આવી જવામાં પૈસા આપવા પડે છે? શું જોર પડે છે? અરે! ઊલટું મળે છે. ગુમાવવાનું તો કાંઈ છે જ નહિ. તો જ્યાં ગુમાવવાનું જ નથી, જ્યાં અવિચળ પ્રાપ્તિ મળે છે, ત્યાં શા માટે ન જવું? ત્યારે એવી આ દિવ્ય સભામાં ભગવાન સ્વામિનારાયણ કૃપાવર્ષા કરતા હોય એમાં શા માટે ન આવી જવું? આ એક વાત.

મોરારજીભાઈ દેસાઈને કોઈએ પૂછયું કે આપણે જીવન કેવી રીતે જીવવું જોઈએ? તો એમણે કહ્યું કે ભારતીય સંસ્કૃતિ પ્રમાણે જીવવું જોઈએ. વાત તો બરોબર છે. પણ જેવો ભગવાન સ્વામિનારાયણે ભારતીય સંસ્કૃતિનો અર્થ કર્યો છે એ સમજતા થોડો વધુ સમય લાગશે. ભારતીય સંસ્કૃતિ એટલે સામાન્ય રીતે એમ સમજવામાં આવે છે કે મહાભારત, રામાયણ, વેદ અને અવતારો તેમણે જે પ્રમાણે કહ્યું તે પ્રમાણે જીવવું. એ વાત બરાબર છે. પરંતુ તે પ્રમાણે જીવવા માટે ઘણા બધા સાધન કરવા પડે. ત્યારે ભગવાન સ્વામિનારાયણે ભારતીય સંસ્કૃતિનો અર્થ એ કર્યો કે ભારતમાં પૂર્ણ પુરુષોત્તમ સર્વોપરી પરમાત્મા પ્રગટ થાય છે ત્યારથી ભારતીય સંસ્કૃતિ શરૂ થાય છે. એ ભારતીય સંસ્કૃતિ શું કે ભગવાનના સ્વરૂપમાં જોડાવારૂપ સેવા કરતા આવડે તે પરાકાષ્ઠારૂપ ભારતીય સંસ્કૃતિ. જેને આ સંસ્કૃતિ સમજાય તેને સાચું જીવન જીવતાં આવડ્યું કહેવાય. તો આખા વિશ્વના મનુષ્યોએ ભગવાન સ્વામિનારાયણે ભારતીય સંસ્કૃતિની કરેલી આ વ્યાખ્યા પ્રમાણે જીવવું જોઈએ.

મહારાજની ભારતીય સંસ્કૃતિ એમની શિક્ષાપત્રી અને વચનામૃત આ બેમાં સમાઈ જાય. આ બે સમજવા માટે મહાન તત્ત્વચિંતક કૃષ્ણમૂર્તિના એક હજાર માથા ભેગા થાય તો ય સમજાય એવું નથી. એટલી બધી ગહન વાત એ બેમાં છે. સરળમાં સરળ અને કઠિનમાં કઠિન. ત્યારે આવું કઠિન આદર્શ તત્ત્વજ્ઞાન શ્રીજીમહારાજે બાપાશ્રી દ્વારા બહુ સરળ ભાષામાં સમજાવી દીધું. ગોપાળાનંદ સ્વામીએ પણ સમજાવ્યું છે.

બાળક જ્યાં સુધી એકડો બરાબર વ્યવસ્થિત રીતે લખતો ન થાય, ત્યાં સુધી એણે એકડો ઘૂંટવો જોઈએ. જો એ ન ઘૂંટે તો એકડો માલ વગરનો લાગે. માટે જ્યાં સુધી મહારાજની મૂર્તિના સુખે સુખિયા છતી દેહે ન થવાય, ત્યાં સુધી એકડો પાકો કરવો જોઈએ. એટલે કે એકડો અંત સુધી પાકો કરવો જોઈએ. અને અંતે એમાં કચાશ રહેશે તો કૃપાસાધ્ય ભગવાન પોતાના પ્રભાવથી પૂરું કરી દેશે. મહારાજ તો દૃષ્ટિમાત્રે આવરણ દૂર કરી અને ચૈતન્યને દિવ્ય સાકારસ્વરૂપ બનાવી પોતાની મૂર્તિમાં રસબસ કરી દે છે. આટલી બધી કૃપાસાધ્ય શક્તિ સર્વોપરી મહાપ્રભુમાં જ હોય. આવા પ્રભુ કૃપાસાધ્ય બની આ પૃથ્વી ઉપર પ્રગટ થયા.

મહારાજના સમયમાં મહારાજે દરેક સંતને એક નિયમ આપેલું કે પાંચ જણને વર્તમાન ધરાવવા. કદાચ પાંચ જણા વર્તમાન ધરાવવા તૈયાર થાય એવા ન મળે તો છેવટે વનસ્પતિને પણ વર્તમાન ધરાવવા કારણ કે જે ચૈતન્યો ભગવાનને બરાબર ભજી શક્યા નહિ તે

ચૈતન્યોએ વનસ્પતિનો જન્મ લીધો. એટલે અમારા સંતોએ એમને પણ વર્તમાન ધરાવવા. જો પાંચ જણ ન મળે તો જ. એ શરત કરી. ત્યારે મહાપ્રભુએ સમજાવેલી આ ભારતીય સંસ્કૃતિ આપણે સૌને સમજાવવી. એ ખરો ધર્મ નહિ? ખરેખરી સેવા એ. એ સેવા કરીએ તો મહારાજ આપણને ઈનામ આપે. ઈનામ શું? પોતાની મૂર્તિનું સુખ. જે આ કામ કરે એના ઉપર મહારાજ બહુ રાજી થાય. મહારાજની મૂર્તિમાં રહેવાની વાત રસ પડે એવી રીતે કહેતા આપણે જો શીખી જઈએ તો મહારાજ બહુ રાજી થાય. એક જીવનો ઉદ્ધાર થાય તો એક બ્રહ્માંડ ઉગાર્યાનું ફળ મળે. તો વિચાર કરો કે જીવને ઉગારવા માટે જ ભગવાનનો દેહ હતો કે નહિ? ભગવાન પ્રગટ શા માટે થાય? પોતાના ભક્તો જે હતા એને લાડ લડાવવા. અને મૂર્તિના સુખમાં છે એને તો સદાય લાડ લડાવે જ છે. એમાં તો કોઈ સવાલ જ નથી. ત્યારે જીવનો ઉદ્ધાર કરવો એ મુખ્ય વસ્તુ છે. તો આપણો તો ઉદ્ધાર ભગવાને કરી દીધો. તો બીજાનો ઉદ્ધાર થાય એવો પરોપકાર કરવામાં કંઈ વાંધો ખરો? તો શા માટે ભૂલીએ? કદી પણ નહિ ભૂલવું જોઈએ.

પણ એટલી વાત કે આપણે મહારાજની વાત સમજાવતી વખતે પોતાપણું આવવા દેવું નહિ. હું વાત કરું છું એમ નહિ, પરંતુ એમ સમજવું કે મહારાજ મારામાં રહીને બધું યાદ કરાવીને બોલે છે અને પોતે આશીર્વાદ આપે છે. આપણને ઘણીવાર એમ થાય કે હું યાદ કરીને બોલું છું. ના, ના એવું નથી. આ દિવ્ય સભામાં તો યાદ

કરીને બોલો તો ય એ યાદ કરાવનાર મહાપ્રભુ જ છે. એટલે એની વાણી જ આપણા દ્વારા નીકળે છે. માટે પોતાપણું લાવ્યા સિવાય મહારાજની વાતો કરવી એ પણ પાંચ જણને વર્તમાન ધરાવ્યા બરાબર છે. પણ પોતાપણું નહિ આવવા દેવું જોઈએ. હું કહું છું, મારામાં આટલી શક્તિ આવી છે એ વાત કદીયે સ્ફૂરવી જોઈએ નહિ. મહારાજ કહે છે કે જ્યારે પોતાપણું નિર્મૂળ થઈ જાય ત્યારે સાચું દાસત્ત્વ આવ્યું કહેવાય. તે દાસત્ત્વના મહારાજે વખાણ કર્યા છે.

## સારાંશ

અનાદિમુક્ત દ્વારા ભગવાન આશીર્વાદ વરસાવતા હોવાથી તેઓની સભામાં દરેકે આવવું. એકવાર આશીર્વાદમાં આવ્યા પછી, જ્યાં સુધી જીવ પાત્ર ન થાય, ત્યાં સુધી અનાદિમુક્ત તેને છોડતા નથી. પોતાની કૃપાવર્ષા દ્વારા ભગવાનને પામવાનું તેઓ સહેલું બનાવી દે છે.

પૂર્ણ પુરુષોત્તમ પ્રગટ થાય ત્યારથી સાચા અર્થમાં ભારતીય સંસ્કૃતિ શરૂ થઈ કહેવાય. ભગવાનના સ્વરૂપમાં જોડાવારૂપ સેવા કરતાં આવડે એ પરાકાષ્ઠારૂપ ભારતીય સંસ્કૃતિ છે.

ભગવાનનું તત્ત્વજ્ઞાન સરળમાં સરળ, છતાં કઠિનમાં કઠિન છે. જે બાપાશ્રીએ સાવ સાદી ભાષામાં સમજાવ્યું.

જીવનના અંત સુધી પાત્રતા કેળવવાના પ્રયત્નો કર્યા કરવા અને બીજાને મહારાજનું સર્વોપરી તત્ત્વજ્ઞાન

સમજાવવું, પણ પોતાપણું લાવ્યા વગર દાસભાવે. તો મહારાજ પોતાની મૂર્તિના સુખરૂપી ઈનામ આપે.

# ૧૭

પરમકૃપાળુ શ્રીજીમહારાજ અને તેમના અનાદિમુક્તની આ દિવ્ય સભાને કોટાન કોટી દંડવત પ્રણામ કરી અને ધન્યતા અનુભવું છું.

સત્સંગમાં મહારાજના કેટલાક મુક્ત અદૃશ્ય થઈ મૂર્તિના સુખમાં પહોંચી જાય છે. કેટલાક મુક્તો અવરભાવમાં ભગવાનના ભક્તોને ત્યાં જન્મ ધરે છે. કેટલાક મુક્તો અંત સમો બતાવે છે. એમ ભગવાનની ઇચ્છાથી આ કલ્યાણકારી કાર્ય ચાલ્યા કરે છે. શરૂઆતમાં આપણે ભગવાનના બે ભક્તો અદૃશ્ય થઈ મૂર્તિના સુખમાં પહોંચી ગયા તેમને માટે પ્રાર્થના કરવાની, જેથી ભગવાનના મુક્તો જે અદૃશ્ય થઈ ગયા છે તેમને શ્રીજીમહારાજ અવનવા સુખ ભોગવાવે અને જે મુક્તો અંતસમો બતાવે છે એ મુક્તોને દેહમાંથી મુક્ત કરીને ભગવાન પોતાના સુખમાં ખેંચી લે અને પોતાના સુખે સુખિયા કરે એવી પ્રાર્થના કરીએ અને ત્યાર પછી આપણે આપણું કામ આગળ શરૂ કરીએ. બે મિનિટ મૌન રાખી ભગવાનના ભક્તો માટે આ પ્રાર્થના કરીએ.

આ પ્રાર્થનાથી મહારાજ અને મુક્ત ખૂબ રાજી થયા. જે ભગવાનના મુક્ત માટે પ્રાર્થના કરી એ પણ ખૂબ રાજી થયા. એમનો રાજીપો મળ્યો. ભગવાનની ઇચ્છાથી એમની કૃપા મળી. જ્યારે જ્યારે ભગવાનના ભક્તો આ લોકમાંથી અદૃશ્ય થાય ત્યારે આ લોકમાં ખોટ પડે છે,

પરંતુ એ પણ ભગવાનની ઇચ્છાથી થયા કરે છે. જ્યારે ભગવાનના ભક્તનું આ લોકમાં કાર્ય પૂરું થઈ જાય, ત્યારે આ દેહનો ત્યાગ કરી મહારાજના સુખમાં પહોંચી જાય છે. કારણ કે ભગવાનના ભક્તો એમ જાણે છે કે આપણું રહેવાનું દિવ્ય સ્થાન એ ભગવાનનું દિવ્ય સ્વરૂપ છે. એટલે આપણને તો એ દિવ્ય સ્થાનમાં પહોંચી જવા ઉતાવળ તો હોય, પરંતુ કેટલુંક કામ કરવા માટે આ લોકમાં જરૂર હોય ત્યાં સુધી આપણને રાખે છે. ધામમાંથી આવેલા મુક્તો પણ આ લોકમાં રહી અને મોક્ષનું કાર્ય, આત્યંતિક મોક્ષનું કાર્ય કરી ગયા ને કરે છે. એ સદાવ્રત ચાલુ જ છે. અત્યારે પણ આપણી સભામાં એવા મહામુક્તો સારી એવી સંખ્યામાં બિરાજે છે અને એમના થકી આ જગતમાં ઘણા જીવોનું કામ થાય છે. આ સદાવ્રત જ્યાં સુધી પૃથ્વી ચાલશે, ત્યાં સુધી ચાલ્યા કરશે.

બ્રહ્માનંદ સ્વામીએ આપણને મૃત્યુ ઉપર વિજય શીખવી દીધો. એમણે કહ્યું કે, મહારાજે આપણો મૃત્યુનો ભય મટાડી દીધો. અભય વરદાન આપી દીધું. બ્રહ્માનંદ સ્વામીએ એક સાખી લખી છે કે, “મરના-મરના સહુ કહે મરી ન જાણે કોઈ, મરના તો ઐસા મરના ફિર જનમ ન હોય.” બ્રહ્માનંદ સ્વામી આ પંક્તિમાં એમ કહે છે કે, અનંત જીવો દેહ મૂકીને મરે છે અને લોકો પણ મરવા-મરવાની મૃત્યુની વાતો કરે છે, પણ કોઈ મરી જાણતું નથી. ત્યારે મરી જાણવું તે એનું નામ. બ્રહ્માંનંદ સ્વામી કહે છે, મરના તો ઐસા મરના ફિર જનમ ન હોય. ત્યારે ફિર જનમ ન હોય એમ કરવા માટે ભગવાન

સ્વામિનારાયણ પ્રગટ થયા. ત્યાર પછી તેમના સંકલ્પથી તેમના અનાદિ મહામુક્તરાજ બાપાશ્રી પ્રગટ થયા. અનંત અનાદિમુક્તો પણ તેમની સાથે આવ્યા. તેમણે સર્વોપરી ભગવાનનું સુખ પમાડવાને માટે રાત-દિવસ, ભૂખ-તરસ, ટાઢ-તડકો જોયા સિવાય એટલું બધું કામ કર્યું કે અનંત જીવોને એ દુ:ખમાંથી મુક્ત કરી ભગવાનના સુખમાં પહોંચાડી દીધા.

જ્યારે ભગવાનના મુક્ત પ્રગટ થાય, ત્યારે બીજી યોનીઓમાં ગયેલા જીવો પણ પરબારા મૂર્તિના સુખમાં પહોંચી જાય છે. એ અન્યથાકર્તાપણું ભગવાનનું. પ્રગટપણાનો એ મોટો લાભ છે. ભગવાન મુક્તને પ્રગટ એટલા માટે કરે છે કે અનંત જીવોને સુખમાં લઈ જવા છે. બ્રહ્માનંદ સ્વામીએ જે માનવજીવનનું લક્ષ્યબિંદુ બતાવ્યું એ બાપાશ્રીએ ખૂબ જ કૃપાસાધ્ય બની પાત્ર-અપાત્ર જોયા સિવાય સીધા મૂર્તિમાં જ રાખી દીધા. ચૈતન્યને મુક્ત કરીને મૂર્તિમાં રાખ્યો. કારણ કે મૂર્તિમાં રાખવો હોય તો બધા જ આવરણોથી મુક્ત કરવો પડે, પછી જ એ મહારાજના સુખમાં રહી શકે. એવું અનુભવાતું નથી એટલા માટે મહારાજ એમ કહે છે કે અમે તમને બાધિતાનુવૃત્તિ રાખી છે. કારણ કે એ સુખમાં રહેવા માટે તમને જે પાત્રતા જોઈએ એ નથી. છતાં અમારા આશીર્વાદે કરીને અંતે અમારા સુખનો અનુભવ કરશો. અથવા અમારી કૃપા થશે તો છતે દેહે પણ એ સુખનો અનુભવ થશે, પણ એ સુખમાં પહોંચતાં પહેલાં અમારા જે આશીર્વાદ કે તમને મૂર્તિમાં રાખ્યા એ તમને અમારું

સ્વરૂપ જીરવવાને માટે ધીરે-ધીરે-ધીરે-ધીરે પાત્ર કરશે. એ પાત્રતા કેળવવા માટે જે યોગ્યતા જોઈએ એ પણ અમે જ કરીશું. પોતે એમ પણ કહે છે કે પાત્ર તો જાતે જ થવું પડે. એમ તો કહેવું પડે.

કૃપાસાધ્યનો અર્થ તો એવો થયો કે હવે કાંઈ પણ કરવાનું રહ્યું નથી, એનું નામ કૃપાસાધ્ય. ભગવાન એકવાર કહી દે કે અમે મૂર્તિમાં રાખ્યો અને જો એને નિર્વિકલ્પ વિશ્વાસ આવી જાય તો વગર સાધને કામ પતી ગયા વગર રહે નહિ, પણ એમ થતું નથી. સંકલ્પ-વિકલ્પ ચાલે છે, તેથી તકલીફ ઊભી થાય છે. મહારાજે જેને આશીર્વાદ આપ્યા, પછી એની સાથે રહીને પુરુષાર્થ પણ કરાવે, પુરુષાર્થની સાથે - સાથે એને પાત્ર પણ કરે, એને નિર્મળ બનાવે, પંચવર્તમાને યુક્ત બનાવે, મહારાજની આજ્ઞાઓ સહેજે પાળી શકે એવો તૈયાર કરે. આ બધું કામ પોતે જ કરે છે. એટલે મહારાજના ને અનાદિમુક્તના જેને આવા અભય આશીર્વાદ મળ્યા હોય તે સૌ પાત્ર બનીને મહારાજના સુખભોક્તા થયા વગર રહેશે નહિ. એટલું તો આપણે અવશ્ય કરીએ. કોઈ પણ વસ્તુ કરવી હોય તો મહેનત પડે. કોઈ પણ વસ્તુ જોઈએ તો ધનનો ઉપયોગ કરવો પડે, પરંતુ એક ભગવાનના નામનું રટણ અને ભગવાનનું નામ લેવામાં કોઈ પૈસાનું ખર્ચ કરવું પડે નહિ કે હાથ-પગ કે કાંઈ હલાવવું પડે નહિ. માત્ર જે આશીર્વાદ મળ્યા એમાં વિશ્વાસ રાખી, તેમના પંચવર્તમાન જે સાવ સરળ છે, અઘરા લાગે છે તેનું કારણ એ છે કે અનંત જન્મથી ચૈતન્યે પોતાનો

સ્વભાવ કૃત્રિમ બનાવી દીધો છે. ચૈતન્યનો સ્વભાવ તો એવો છે કે ભગવાનના કલ્યાણકારી ગુણે યુક્ત વર્તવું. પંચવર્તમાન પાળવામાં કંઈ અનુસંધાન ન રાખવું પડે. એ તો સહેજે પળાય. અને પંચવર્તમાન વિગતે સમજીએ તો આપણને એમ લાગે કે એનું પાલન કરવું જરાય અઘરું નથી. માત્ર મનને કેળવવું પડે. અને મનને કેળવવાને માટે તો ભગવાન સ્વામિનારાયણ આપણી સમક્ષ સહાયમાં છે જ. જેની સહાયમાં ભગવાન હોય એના માટે શું અઘરું?

મહારાજે, મોટા સિદ્ધ અનાદિમુક્તે અને બાપાશ્રીએ તો એના માટે એમ કહ્યું છે કે તન અને મનની તમામ પ્રકારની બીમારીનું ઔષધ ભગવાનની મૂર્તિ અને ભગવાનના નામનું રટણ છે. બાપાશ્રી તો એમ કહે છે કે મૂર્તિ આવે તો રોગ પણ ભાગી જાય. કોઈ રોગ થાય નહિ. બાપાશ્રી તો એમ કહે છે કે પ્લેગ કે તાવ કે માથું પણ દુઃખે નહિ. કાંઈ આવે નહિ. ત્યારે આ બધી બીમારીઓ ભગવાનના ભક્તને દેખાય છે, તેનું શું કારણ? એનું કારણ એ પણ હોઈ શકે કે પાત્રતા કેળવવા માટે ભગવાનની ઇચ્છાથી આવે. બાપા કહે કે આજ્ઞા લોપે તો દુઃખ આવે. આજ્ઞા લોપ ન થાય એટલે દુઃખ આપે છે. એ દુઃખ એ દુઃખ નથી, એ સુખ છે. મને એમ લાગે છે કે ભગવાનના ભક્તને કોઈ બીમારી આવવાનો અવકાશ નથી, છતાં આવે છે એનું કારણ આપણા સુખને માટે. આપણને પાત્ર બનાવવા માટે. બીજું કારણ એ છે કે અનંત જન્મના પાપ કર્મો ભર્યાં હોય એ ભગવાન પોતે

પ્રારબ્ધરૂપી શૂળીનું દુઃખ કાંટે કાઢે એવી રીતે થોડુંક દેખાડીને એ માફ કરે છે. એટલા માટે દેખાડે છે કે આ બુદ્ધિવાળાને જ્યારે ભગવાનની અનાદિમુક્તની સ્થિતિ થાય, ત્યારે એનો વિરોધાભાસ નષ્ટ થઈ જાય. એક બાજુ મહારાજ કહે છે કે મૂર્તિમાં રાખ્યા, મુક્ત કરી દીધો. હવે દુઃખ ક્યાં રહ્યું? દુઃખ રહ્યું જ નથી. જે દુઃખ દેખાય છે એ તો દેહને દેખાય છે. તો આપણી બીમારી તો રહી નથી. કારણ કે આપણે ભગવાનનું ભજન કરીએ છીએ. મહારાજે મૂર્તિમાં રાખ્યા છે. એમનો વિશ્વાસ છે અને એ વિશ્વાસે સહિત એનું અનુસંધાન રાખીએ છીએ. એટલે આપણને બીમારી આવવાનો અવકાશ નથી. છતાં આપણને દેહમાં બીમારી દેખાય તો એ આપણી બીમારી નથી. આ વાત એટલી જ બરાબર છે કે જ્યારે ભગવાનના સ્વરૂપમાં રોમે-રોમ રસબસ એક્તા થાય, ત્યારે આ દેહ સાથે કોઈ સંબંધ રહેતો નથી. એનો અર્થ એ કે દેહથી જુદા થઈ ગયા. વાસ્તવિકરૂપે એ બાધિતાનુવૃત્તિ ટળી ગઈ. મહારાજની સાથે એકતા થવાથી બાધિતાનુવૃત્તિ દૂર થઈ અને ભગવાનના સુખનો અનુભવ થવા માંડે. આ સ્થિતિમાં મહારાજ પોતે કામ કરે છે. મુકતને સુખ સિવાય જાણપણું નથી, છતાં પણ એમ કહીએ કે મહારાજ ને મહારાજના મુક્તો, જેટલું મહારાજ જાણે એટલું જ મુક્ત જાણે. એ સ્થિતિમાં કેવી રીતે સુખ ભોગવાય અને કેવી રીતે જાણપણું રહે એ વાત તો અનુભવથી જ ખબર પડે છે. અને આટલી કક્ષાએ એની કક્ષા સુધીનું જ સમજાવી શકાય. એ એટલું પૂરતું છે.

બાપાશ્રીએ જનનો મોક્ષ કર્યો. એ કેટલો પાપી જીવ હતો છતાં પણ. એ યોનીમાંથી સીધો પોતાના દર્શન થાય, ત્યાં મૂકી દીધો. એ કેવી દયા કહેવાય? મહારાજ ને મુક્ત ધારે તો બીજી યોનીમાંથી પરબારા મહારાજના સુખમાં લઈ જાય છે. ફરી આવવું પણ ન પડે.

મહારાજ પ્રગટ હતા ત્યારે પણ સર્વોપરીતા સમજવી અઘરી હતી. એ સમજવી અઘરી તો પડેને? જીવોની કક્ષા ન હોય અને સર્વોપરીતા સમજવી એ એટલું બધું દુર્લભ છે, એટલું બધું કલ્પનાતીત છે કે જ્યારે પાત્રતા આવે, ત્યારે જ આ વાત સમજાય. આપણે પૂર્વે પુણ્ય કર્યા હશે ત્યારે આ સર્વોપરીતા સમજાય છે. સાર્ધ શતાબ્દીએ અનાદિમુક્ત બાપાશ્રીની ઉજવણી કરવી એના જેવો કોઈ આનંદ, એના જેવું કોઈ મહાપર્વ નથી. આ લોકમાં મનુષ્યો પોતાનો જન્મદિન ઉજવે છે. કેટલી બધી ધમાલ મચાવે છે. કેટલો બધો ખર્ચ કરે છે? કેટલાક લગ્નની જયંતી પણ ઉજવે છે. પણ અનાદિમુક્તની જયંતી ઉજવવી એટલે મહારાજની મૂર્તિના સુખમાં રહેવા જેટલા પાત્ર બની જવું. એ પણ મહારાજની કૃપાથી. અને એ આશીર્વાદ ઝીલવા માટે તૈયાર રહેવું. સારામાં સારી કોઈ વાત જો આપણે ઝીલવાની હોય તો તે આ અભય આશીર્વાદ છે. ભગવાન અને ભગવાનના મુક્તો ગયા નથી, પણ એવાને એવા પ્રત્યક્ષ છે. અને એવું જ કામ કરે છે.

આપણે બીજા જે જે સંપર્કમાં આવે એને ગળે ઊતરે એવી રીતે આ વાત જો કરાય કે ભગવાન સ્વામિનારાયણ

સર્વોપરી છે, કઈ રીતે છે એ વાતને જો સમજાવી શકીએ અને મહારાજની મૂર્તિરૂપ બનવા માટે ભગવાનની એકતા કરવાને માટેની જે અલૌકિક લટક છે એ પણ જો એને સમજાવી શકીએ. અને ભગવાનને જેમ છે તેમ ઓળખે એવું જો આપણે એક જીવને સમજાવીએ તો પણ મહારાજ એક-એક બ્રહ્માંડ ઊગાર્યા જેટલું ફળ આપે. તો અત્યારે સાર્ધ શતાબ્દી નિમિત્તે બાપાશ્રીએ આપણને સોંપેલું કાર્ય કરવું જોઈએ. આપણે બહુ જનના સમાસ માટે ભલે મહોત્સવ ઉજવીએ. પણ ખરું આ કામ છે કે જણ-જણ પ્રત્યે આ સંદેશો પહોંચે એવું કરવું. પ્રવૃત્તિમાં રહેતા હોઈએ. વ્યવહારમાં મથતા હોઈએ છતાં પણ કોઈ પ્રસંગ ઊભો કરીને પણ આ વાત તરફ જીવોનું ધ્યાન દોરવું. થોડો સમય લેવો. જીવન પર્યંત આ કામ કરવાનું. બાપાએ અને મહારાજે જીવન પર્યંત આ જ કર્યું. તો આપણે પણ એ કરીએ.

મોટા મોટાએ એમ કહ્યું છે કે મૂર્તિ આવી તો સર્વસ્વ આવ્યું. તો કોઈ એમ કહે કે મૂર્તિ આવે તો સર્વસ્વ આવ્યું તો મૂર્તિનું જ રટણ કર્યા કરીએ તો? તો સારું ત્યારે, પણ એમ કરનારાની સંખ્યા જ ઓછી હોય. જો બધા જ એવું કરવા માંડે તો બહુ સારું. આત્યંતિક પ્રલય થઈ જાય શું ખોટું? પણ આ જગતની કળ જ એવી છે કે એવું નથી થતું. એટલે એવી ચિંતા થતી હોય તો તે કરવાની જરૂર નથી. એકે ય રીતે ચિંતા કરવા જેવું નથી. જો બધા જ ભગવાન-ભગવાન કરી અને મૂર્તિનું સુખ અનુભવવા માંડે તો ભલે એવું થઈ જાય. આત્યંતિક પ્રલય

થઈ જશે ભલે થાય. સારું ઊલટું. પ્રલય થાય અને એવો દિવસ આવે એ તો આ જગતનું અહોભાગ્ય કહેવાય. સર્વમનુષ્યો સુખમાં પહોંચી જાય.

પાત્રતાના અભાવે એવું નથી બનતું. ક્રમે - ક્રમે પાત્રતા આવતી જાય, તેમ જીવો એ સુખને પામતા જાય. ભગવાન અને ભગવાનના મુક્તો પ્રગટ થયા અને આશીર્વાદ આપતા ગયા કે, અમારું આ સદાવ્રત અમે મનુષ્ય દેહ અદૃશ્ય કરીશું તો પણ ચાલુ રહેશે. એ દિવ્ય સ્વરૂપે કૃપાવર્ષા કર્યા જ કરે છે. સત્સંગ ખૂબ વધતો જ જાય છે. સંખ્યા વધતી જ જાય છે. સાથે - સાથે ગુણવત્તા પણ પ્રમાણમાં વધે છે. સંખ્યા ઓછી છે એટલે બહુ દેખાતી નથી, પણ ધીમે-ધીમે સારું થશે. અને એનું પ્રમાણ થોડા વધારે પ્રમાણમાં દેખાશે. ત્યારે ખબર પડશે કે સંખ્યા સાથે ગુણવત્તા પણ મહારાજે વધારી છે. જો ભગવાન સત્સંગ વધારશે તો ગુણવત્તા નહિ વધારે? જરૂર વધારશે. જેણે ભગવાન સ્વામિનારાયણ ઓળખ્યા તેનામાં કોઈ કસર હશે તો પણ મહારાજ કોઈ ને કોઈ પ્રકારે ટાળશે. સત્સંગમાં રહીને સરખું નહિ જણાતું હોય તો પણ એવા સંજોગો ઊભા થશે કે જેથી ધીરે - ધીરે સારો ય સત્સંગ જેવો ભગવાન સ્વામિનારાયણ બિરાજમાન હતા અને એમના સંપર્કમાં આવ્યા એમને જેવો સત્સંગ ઉજળો દેખાતો હતો, એવો જ સત્સંગ આપણા સૌને લાગ્યા વગર નહિ રહે. એટલે જ મહારાજ ને બાપા કહે છે કે સારા ય સત્સંગ વિશે દિવ્યભાવ લાવવો. મનુષ્યભાવ લાવીને કોઈને અવળું થાય તેવો સંકલ્પ કરવો નહિ.

ભગવાનના આજ્ઞાલોપ સામે પ્રહારો કરીએ એ વ્યાજબી છે, પણ આજ્ઞા લોપનાર સામે કરુણા વરસાવવી, કૃપા વરસાવવી કે જેથી એમાંથી એ મુક્ત થાય. અને મુક્ત થાય એટલે તો સંત બની ગયો. ત્યારે બધા મોડા-વહેલા, આજ નહિ તો કાલ દરેકને સંત બન્યે જ છૂટકો છે. આ જન્મે નહિ તો આવતા જન્મે. જેટલું વહેલું બને એટલું વધારે સારું. આપણે મહારાજને પ્રાર્થના કરીએ કે હે મહારાજ! તમે અમને જેવા આશીર્વાદ આપ્યા. અમને જેવા સુખિયા કર્યા, અમને અભય બનાવ્યા, અને મૂર્તિમાં રાખવાનો જે વર આપ્યો એવો વર દિવ્યસ્વરૂપે તમે દરેકને આપો. કારણ કે આપ તો ઘટ-ઘટમાં વ્યતિરેક અને અન્વય બંને સ્વરૂપે વ્યાપક છો. આપ તો અનેક રૂપે, અનંતરૂપે થઈને જીવોને પોતાના સુખમાં લઈ જવા સમર્થ છો તો આપ એ સામર્થ્યનો ઉપયોગ કરી બધા યને એ સુખનો અનુભવ કરાવો. એવી એમના ચરણોમાં પ્રાર્થના કરીએ.

મૂર્તિનું અનુસંધાન જે તૂટક-તૂટક છે એ અતૂટ થઈ જાય એવી આપણે શરૂઆત કરીએ. અને સમૈયા દરમ્યાન આપણને મૂર્તિ સિવાય કંઈ દેખાય જ નહિ એવી પાત્રતા કેળવીએ તો જુઓ કે સાક્ષાત્કાર ક્યાં દૂર છે? સાક્ષાત્કાર તો એક પળથી પણ એક ક્ષણ કરતાં પણ ઓછા સમયમાં થાય છે. બીજી બધી વસ્તુને વાર લાગે, પણ સાક્ષાત્કાર થતાં વાર લાગતી નથી. મહારાજનો સંકલ્પ થાય એ ભેગું જ એ મૂર્તિનું સુખ આવવા લાગે છે. બીજામાં તો એક શબ્દ બોલીએ એટલામાં એક સંકલ્પ થાય, પણ અહીં તો

વાર જ લાગતી નથી.

સૌથી મોટામાં મોટી જો કોઈ ઉજવણી હોય તો મહારાજ અને મહારાજના અનાદિમુક્તની ઉજવણી છે. અનાદિમુક્તના પ્રાગટ્યદિનની ઉજવણી એટલે શ્રીજીમહારાજના પ્રાગટ્ય દિનની બંને ઉત્સવ એક જ છે. અવરભાવની દૃષ્ટિએ એમ અલગ દેખાય છે. સ્વામિનારાયણ ભગવાનનો પ્રાગટ્ય દિન અને મુક્તનો પ્રાગટ્ય દિન એ અલગ વસ્તુ નથી. અવરભાવની દૃષ્ટિએ સમાસને અર્થે એવું જણાય છે કે આ મહારાજનો પ્રાગટ્ય દિન ને આ મુક્તનો પ્રાગટ્ય દિન. આપણે મહારાજને પ્રાર્થના કરીએ કે આપણને બધા યને અને વિશ્વના સર્વે મનુષ્યને મૂર્તિના સુખના આશીર્વાદ મળે. ભલે પાત્રતા હોય કે ન હોય દરેક જણને, દરેક પ્રજાને આશીર્વાદ મળે. ભગવાનનો સંકલ્પ તો ક્યાં ન પહોંચે? અનંત બ્રહ્માંડમાં જો ફરતો હોય તો આખા વિશ્વમાં ખૂણે-ખૂણે પહોંચવામાં ક્યાં તકલીફ રહે? જરૂર પહોંચી જાય. માત્ર જો ખામી હોય તો આપણા વિશ્વાસની. વિશ્વાસની ખામી એટલા માટે રહે છે કે સ્થિતિ થઈ નથી. જ્યારે એસ્થિતિ થાય, ત્યારે આપણને નજરે દેખાય છે, કે ભગવાનના સંકલ્પ શું કામ કરે છે? એ બધું અગાધ જ્ઞાન એ વખતે બધું સમજાઈ જાય. જ્ઞાનનો અંત ત્યારે જ આવે, જ્યારે સ્થિતિ થાય. ત્યાં સુધી જ્ઞાન સમજીને આગળ વધ્યા કરવું પડે.

હું જે વાતો કરતો હતો તેમાં મૂર્તિ સિવાય બીજું કંઈ હોય તો કહો? એક રહસ્યાર્થના વચનામૃતમાં દરેક

પ્રશ્નોના ઉત્તરમાં મૂર્તિનું મુખ્યપણું આવે છે, પછી બાપાશ્રીની વાતો તો મૂર્તિ - મૂર્તિ અને મૂર્તિની જ વાતો. બાપાશ્રીની વાતો સારાય જગત માટે ઉપયોગી છે. શ્રીજીમહારાજ એમ સંકલ્પ કરે છે કે અમારા અનાદિમુક્ત અમારી મૂર્તિને જ ઓળખાવશે. અને જગતને ભૂલીને મૂર્તિને પામવાની વાત જ કરે છે. જ્યારે બીજા શાસ્ત્રો જગતને સુધારવા માટેની જ નકરી વાતો કરતા હોય છે. પાત્રતા કેળવવા માટે એટલા બધા ગ્રંથો લખાયા છે કે માણસ મૂંઝાઈને મરી જાય. ત્યારે આ તમે એકાદ પાઠ વાંચો ત્યાં મૂર્તિરૂપ થઈ જાઓ. ત્યારે મહારાજે એવું નક્કી કર્યું કે જેટલું બધા જીવોને પોતાનું જ્ઞાન પહોંચે એટલા માટે પોતે કેટલીય બાબતો કહી. જે ગણી ગણાય નહિ એટલી બધી છે. એટલે બાપાશ્રી દ્વારા મહારાજને એક કામ જબરજસ્ત કરવું હતું. તો એ બધા કામ કોના દ્વારા કરે? મુક્ત દ્વારા જ કરેને? પોતે તો કર્યું હતું, પણ એને વિસ્તારવું હતું. શ્રીજીમહારાજે તત્ત્વજ્ઞાનની કોઈ વાત બાકી રાખી નથી આ સ્પષ્ટ છે. તો એમના અનાદિમુક્તે શું કર્યું? અધૂરું કામ પૂરું નહિ. અધૂરું કામ હતું જ નહિ કે પૂર્ણ કર્યું, પણ એને વધારે સ્પષ્ટ રીતે સમજાવીને ઘંટ વગાડ્યો. કે ભાઈ, આ લ્યો, આ લ્યો. જેમ પેલી ગોપીઓએ કહ્યું ને? કૃષ્ણ લો, કૃષ્ણ લો. તો બાપાએ કહ્યું મૂર્તિ લો, મૂર્તિ લો. કોઈ લો, કોઈ લો. ત્યારે બાપાશ્રીની વાતો એ મહારાજે કરી છે. એ વાતો વાંચીએ તો ખબર પડે. એમાં મહારાજ સિવાય કાંઈ મને દેખાતું નથી.

તમને ખબર છે? હું સર્વેનો અંતર્યામી (અવલબાઈની જેમ) એમ ક્યારે બોલી શકાય? એવી સ્થિતિ થઈ જાય અને મહારાજ બોલે છે. અને મહારાજ બોલે ત્યારે એમ ન બોલે કે અમે બધાને સુખમાં લઈ જઈશું? મને કોઈએ એમ પ્રશ્ન કર્યો કે, બાપાએ એમ લખ્યું છે કે આ બધાને મહારાજની મૂર્તિના સુખમાં લઈ જશું. મહારાજ સુખમાં લઈ જાય એવી મહારાજને પ્રાર્થના કરીશું એમ ન બોલ્યા. પોતે કેમ અહમ્ રાખ્યો? ભાઈ, એમ નથી. જ્યારે એ સ્થિતિ ન થઈ હોય ત્યારે એમ કહેવું પડે. જ્યારે સ્થિતિ થઈ હોય ત્યારે એમ બોલે. કોણ બોલે છે? મહારાજ બોલે છે, કે આ જગનમાં જે આવશે અને પ્રસાદી જમશે એ બધાને મૂર્તિરૂપ બનાવીને મૂર્તિના સુખમાં લઈ જઈશું. એ દરેક વખતે કાંઈ એમ બોલે છે કે મહારાજ લઈ જશે? અરે બોલનારા મહારાજ પોતે હતા. અને તમે પણ એવી સ્થિતિ કરો પછી શું બોલો છો આ સભામાં? છતી દેહે અનાદિમુક્તની સ્થિતિ થઈ ગયા પછી કહે, ભાઈ, તમે પહેલા આમ બોલતા હતા અને હવે આવું કેમ બોલવા માંડ્યા? અરે ભાઈ, મહારાજ બોલે છે હું શું કરું? માટે નિર્વિકલ્પ બનવું. જ્ઞાન સમજતાં શીખવું, નહિતર અવળું પડે. અને આ સ્થિતિ થાય પછી કોઈ દિવસ અવળું પડે જ નહિ. બધું સવળું જ થાય.

## સાંરાશ

અનાદિમુક્ત પૃથ્વી ઉપર આવી આત્યંતિક મોક્ષનું કાર્ય કરે છે. આ સદાવ્રત સદાય ચાલુ રહેશે. પાત્રતા ન

હોવાથી મૂર્તિમાં રાખ્યાના આશીર્વાદ અનુભવાતા નથી. અંતે મહારાજ અને મુક્તની કૃપાથી અનુભવાશે. આશીર્વાદ જીવને પાત્ર કરે છે. આશીર્વાદમાં નિર્વિકલ્પ વિશ્વાસ રાખવો તો વગર સાધને કામ પાર પડે. દેહના દુઃખ કે બીજા જે કાંઈ પણ દુઃખ આવે છે તે પાત્રતા કેળવવા ભગવાન આપે છે. અનંત જન્મના પ્રારબ્ધ શૂળીનું દુઃખ કાંટે કરી કાઢી નાંખે છે. મહારાજ અને મુક્ત ધારે તે કરી શકે છે. બીજી યોનીમાંથી સીધા જીવને ધામમાં પણ મૂકે છે. અનાદિમુક્ત મૂર્તિને પામવાની જ વાત કરે છે. બીજા શાસ્ત્રો જગતને સુધારવાની વાતો કર્યા કરે છે.

બાપાશ્રીએ મહારાજના તત્ત્વજ્ઞાનને વધુ સ્પષ્ટ રીતે સમાજ સમક્ષ મૂક્યું. અનાદિની સ્થિતિ થયા પછી તેમનામાં રહી મહારાજ બોલે છે. એ જ્ઞાન સમજતાં શીખવું, નહિ તો અવળું પડી જાય. મહારાજ અને મુક્તનો પ્રાગટ્ય દિન અવરભાવની દૃષ્ટિએ અલગ દેખાય છે, પણ છે નહિ. અનાદિમુક્તની જયંતી ઉજવવી એટલે મૂર્તિના સુખમાં રહેવા જેટલા પાત્ર બની જવું.

એક જીવને સર્વોપરીતા સમજાવી શકીએ તો બ્રહ્માંડ ઉગાર્યા જેટલું ફળ મળે. સમય જશે તેમ સત્સંગ વધશે. પાત્રતા પણ વધશે અને કોઈનામાં કસર હશે તો ભગવાન તેપણ દૂર કરશે. મૂર્તિમાં રાખવાના આશીર્વાદ મહારાજ બધાને આપે તેવી મહારાજને પ્રાર્થના કરવી.

મૂર્તિનું અનુસંધાન તૂટક - તૂટકમાંથી અતૂટ થાય તો

સાક્ષાત્કાર થવો દૂર નથી. સાક્ષાત્કાર એક પળથી પણ ઓછા સમયમાં થઈ જાય છે.

# ૧૮

અક્ષરધામમાં નામો જેવી કોઈ સંજ્ઞા જ નથી. ત્યાં તો બધા મુક્તોને મુક્ત સંજ્ઞા જ છે. ત્યાં સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી, સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી, સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી એવા કોઈ નામો નથી, માત્ર મુક્ત સંજ્ઞા છે. અવરભાવમાં સમાસ માટે ભગવાને નામ આપ્યા કે જેથી એ નામને લીધે એમનો જોગ કરીને એ ભગવાન સ્વામિનારાયણને ઓળખે. ભગવાનનો મુખ્ય હેતુ એ જ છે. એમના મુક્તોનો પણ ભગવાનને લઈને એ જ હેતુ છે કે દરેકે દરેક જીવ ભગવાનના સુખમાં પહોંચી જાય. એને મન કોઈ મારું-તારું, વહાલું-દવલું એવું કોઈ છે જ નહિ. બધા ય વહાલા છે.

દિવ્ય સુખને પમાડે તે ઉત્સવ કૃપા-અમૃતોત્સવ. એ ઉત્સવ ક્યારે દિવ્ય આનંદને પમાડે? કે જ્યારે એના ઉપર ભગવાન સ્વામિનારાયણની કૃપાવર્ષા થાય. ભગવાન એ કૃપાવર્ષા ક્યારે કરે? આવી દિવ્ય સભા એમના દિવ્ય સાન્નિધ્યમાં પોતાના સંકલ્પથી એકત્રિત કરે ત્યારે એ કૃપાવર્ષા થાય. કૃપાવર્ષા તો સમગ્ર વિશ્વ ઉપર વરસી રહી છે. ભગવાન સ્વામિનારાયણ એ કૃપાસાગર છે, એમાંથી તો કૃપા વરસ્યા જ કરે છે, પણ લોકોને એનો અનુભવ-એનો સ્પર્શ થતો નથી. શા માટે? એ પાત્ર નથી. ત્યારે આવી દિવ્ય સભામાં એ કૃપાવર્ષાનો આપણને અનુભવ થાય છે- સીધી રીતે કે આડકતરી રીતે. એ માટે

ભગવાન સ્વામિનારાયણ કંઈ ને કંઈ નિમિત્ત ઊભું કરીને આવી દિવ્ય સભાઓ-બ્રહ્મયજ્ઞો સમગ્ર સત્સંગમાં યોજાવે છે. એ એટલા જ માટે યોજાવે છે કે ગમે તેમ કરીને આપણને પાત્ર બનાવીને પોતાના સુખમાં રાખી દેવા છે. આ એમનો ધ્યેય છે. ભગવાન ને ભગવાનના મુક્તને બીજો કોઈ આશય નથી. ભગવાનની મૂર્તિનું સુખ પરબાર્યું મળતું નથી. ભગવાનને પામેલા મુક્તો દ્વારા જ એ સુખ મળે છે, એ સિવાય કોટી સાધને પણ મળે નહિ. એવા આ સ્વયં શ્રીજીમહારાજના શબ્દો છે.

માટે આ સમગ્ર સભા જ અનાદિમુક્તોની છે. અનાદિમુક્તનું બીજું નામ છે કૈવલ્ય મુક્ત. તો આવડી મોટી દિવ્ય સભા -કૈવલ્ય મુક્તોની દિવ્ય સભા- શું ન કરી શકે? કદીયે વિચાર એવો ન કરવો કે આ નાનો છે ને આ મોટો છે. બધા જ મહારાજની મૂર્તિના સુખમાં હોય પછી કોણ નાનું ને કોણ મોટું? એક વિશિષ્ટતા એ છે કે અક્ષરધામમાં અનંત મુક્તો છે, અનંત મુક્તોના મંડળ ભગવાનની મૂર્તિ સામું જોઈ રહ્યાં છે, પણ કોઈને આગળ-પાછળ જેવું નથી! કોઈને back નથી! બધા યને ભગવાનનું સ્વરૂપ જેવું છે એવું દેખાય છે. આ કઈ જાતનું! એનું નામ જ દિવ્ય સ્વરૂપ. તો ભગવાન દિવ્ય છે. માયિક વસ્તુ હોય એમાં આગળ અને પાછળ એ બે ય હોય; પણ ત્યાં તો એવું છે જ નહિ. અક્ષરધામમાં નથી પહેલો, નથી છેલ્લો. અનંત મુક્તો હોય તો કેટલું બધું અંતર થાય? એ અંતર નથી એ જ ખૂબી છે. એ અનુભવજ્ઞાનથી જ સમજાય કે આ શું? બધા ય નિકટ!

સૌને એમ જ લાગે કે હું મહારાજ પાસે જ બેઠો છું! એમ આપણે એવું અંગ કેળવવું કે પરભાવમાં પહોંચી જવું. પાસે બેઠા હો, કે પાછળ બેઠા હો, એવું કંઈ છે જ નહિ. આપણે નીચે બેસીએ કે ગાદી ઉપર, આપણે ક્યાંય બેઠા જ નથી. આપણે તો મહારાજના દિવ્ય સ્વરૂપના અધોઊર્ધ્વ તેજમાં બિરાજમાન છીએ. અરે! એ ગાદી ઉપર આપણને બેસાડી દીધા!

કૃપાસાધ્ય કોને કહેવાય? અરે! કૃપાસાધ્ય એટલે કંઈ કરવાનું જ બાકી નથી રાખ્યું. એણે એમ જ કહ્યું હું બોલું અને તું હા પાડ. અને રાત હોય તો પણ એ ભગવાન એમ કહે કે આ તો ખરી બપોર છે, તો કહે કે હા મહારાજ બરાબર છે. એવી જાતનું જો બને ભગવાન સ્વામિનારાયણના વચનમાં તો શું કરવાનું રહે? અરે! આપોઆપ પંચવર્તમાન પળાય! 'કરવાનું જ ન રહે કાંઈ બાકી' એનો અર્થ એ કે આ બધું સીધું થયું. એની કૃપા જ એવી છે કે આપણું પરિવર્તન કરી નાંખે, જો એમના વચનમાં વિશ્વાસ હોય તો. તો એ વિશ્વાસ રાખવો. ઘડીક ઘડીકમાં ડગી જાય, સંકલ્પ થાય, પાછો શમાવે સંકલ્પ. આ ઘટમાળ જો આખી જિંદગી ચાલવાની હોય તો કેટલો બધો ત્રાસ કહેવાય? આના જેવો Mental terror ખરો કોઈ? અરે ભાઈ! શું કામ આવો ધંધો કરવો? એ તો આપણા હાથમાં. સંકલ્પ ન કરવો એ આપણા હાથમાં નથી? ગુસ્સો ન કરવો એ આપણા હાથમાં નથી? મહારાજની મૂર્તિના સુખમાં રાખવું એ આપણા હાથમાં નથી, એ એના હાથમાં છે. આપણને એ મૂર્તિના સુખમાં

રાખવાના આશીર્વાદ આપી દીધા કે તું અમારો અનાદિમુક્ત, તને અમે અનાદિની પંકિતમાં ભેળવી દઈએ છીએ, હા પાડે છે?

આપણે બધા ભગવાન સ્વામિનારાયણમાં માનીએ છીએ, એ સર્વોપરી પરમાત્મા છે. બરાબર છે. આ તો બુદ્ધિથી તમે સમજી શકો, થોડી દિશ મળે એટલે ભગવાનના આ શબ્દો આપની સમક્ષ રાજીપા માટે મૂક્યા. પણ ખરેખર આ સત્ય ઘટના છે એવો બરાબર ખ્યાલ ક્યારે આવે? કે જ્યારે આ ચર્મચક્ષુ હટી જાય. આ જે અંતર પડદો છેને? માયિક પડદો જે ભગવાને રાખ્યો છે સમાસને માટે રાખ્યો છે. એ જ્યારે નીકળી જશે ત્યારે સમજાશે કે વાત બરાબર છે હો! ત્યાર પછી એમ સંકલ્પ નહિ થાય કે મહારાજના મુક્તને પડખે કેમ બેસાડ્યા? આપણને ન મૂકાય, કારણ કે હજી આપણને છતી દેહે એ સુખનો અનુભવ થયો નથી. કૃપાએ કરીને આકર્ષણ કરીને અંદર રાખી દીધા છે. હવે વિશ્વાસ રાખવો એટલે એવું જ સુખ મળે, એમાં કોઈ ફરક નહિ. જો આકાશ ચળે, પર્વત ચળે, તારા ચળે, ચંદ્ર ચળે; પણ ભગવાન સ્વામિનારાયણના વચન જે આપણને કહ્યું કે તમને મૂર્તિમાં રાખ્યા તે વચન નહિ ફરે. આપણા ઉપર કૃપા કરી અને કહ્યું કે વિશ્વાસ રાખજો, તો પછી વિશ્વાસ રાખવામાં ક્યાં તકલીફ? વિશ્વાસ રાખવામાં તકલીફ ખરી? વિશ્વાસ નહિ રાખવામાં તકલીફ છે. વિશ્વાસ ન રાખીએ તો મૂંઝાવાનું ખૂબ રહે. ભય લાગે ત્યારે સમજવું કે વિશ્વાસ ડગી ગયો. જુઓ, જ્યારે ભય ઉત્પન્ન થાય

ત્યારે વિચાર થાય કે ભગવાને કેમ આવું કર્યું? એરોપ્લેનમાં બેઠા હોય ને તૂટી પડે તો? એ વખતે ભય પેસે. નીડર થવું જોઈએને? એણે કીધું કે મારા સ્વરૂપમાં રાખી દીધા, પછી why should we look at our body? અરે! body તો અમથોય બાળી નાખવાના છે. લાકડાં સળગાવીને બાળે છે! મહાપરાણે! તો પછી દેહની આટલી મમતા શું? અરે! મહારાજે તો એવું કર્યું કે આપણા માટે કૃપા વાપરી. આ તો કૃપાસાધ્ય પરમાત્મા છે. એમની સાક્ષીએ હું કહું છું કે એમણે કહ્યું એ સત્ય છે. એ સત્ય એવું રગેરગમાં પેસાડી દેવું કે ગમે તેવો ભય આવે તો ય કોઈ દિવસ સંકલ્પ થાય નહિ. ભગવાને આમ કેમ કર્યું એ question જ રહેતો નથી. કેમ કર્યું એમ કોના માટે? જે પૂર્ણ કામ થઈને મૂર્તિમાં રહ્યો નથી એના માટે. મૂર્તિમાં રહ્યા હોય એ તો હંમેશાં નીડર રહે. ભગવાનના સુખમાં પહોંચી જવા માટેનો આ બ્રહ્મયજ્ઞ છે.

### સારાંશ

અક્ષરધામમાં નામ નથી. ત્યાં ફક્ત મુક્ત સંજ્ઞા છે. અક્ષરધામમાં અનંતમુક્તો મહારાજ સામું જોઈ રહ્યા હોવા છતાં કોઈને આગળ-પાછળ જેવું નથી. મહારાજ દરેકની સન્મુખ જ હોય છે. ભગવાનને બધા ય વહાલા છે. પાત્ર થઈએ ત્યારે મહારાજની કૃપાવર્ષાનો ખ્યાલ આવે છે. પાત્ર બનાવવા માટે ભગવાન મુક્ત દ્વારા ઉત્સવ-સમૈયા-બ્રહ્મયજ્ઞનું આયોજન કરાવે છે. મહારાજના અનાદિમુક્ત દ્વારા જ મહારાજનું દિવ્ય સુખ પાપ્ત થાય છે. એ સિવાય

કોટી સાધને પણ પ્રાપ્ત થતું નથી. કૃપાસાધ્ય એટલે પછી કાંઈ કરવાનું જ બાકી ન રહે તેને કૃપાસાધ્ય કહેવાય. જરૂર છે સંપૂર્ણ વિશ્વાસની. એ આશીર્વાદમાં વિશ્વાસ રાખી નીડર બની જવું. દેહભાવ કાઢી નાંખવો. અને મહારાજના આશીર્વાદમાં અતૂટ-દૃઢ વિશ્વાસ રાખવો.

## ૧૯

આજે આ ગુરુપૂર્ણિમાના દિવસનો બ્રહ્મયજ્ઞ સૌથી મોટો ગણાય. કારણ કે પૂર્ણિમાને દિવસે ચંદ્રમા સંપૂર્ણ સ્વરૂપમાં પ્રકાશે છે. સુખદાતા ગુરુ અને સુખભોક્તા ગુરુ. સુખદાતા ગુરુ ભગવાન સ્વામિનારાયણ, સુખભોક્તા ગુરુ એમની મૂર્તિમાં રહેલા મહા અનાદિમુક્તો. ગુરુપૂર્ણિમાને દિવસે મહારાજની મૂર્તિના સુખભોક્તા એવા આપણા સમર્થ સદ્‌ગુરુ મોટા સ્વામીશ્રીએ આપણને પરમ કૃપાળુ બાપાશ્રીએ મૂર્તિમાં રાખ્યાના જે આશીર્વાદ આપ્યા તેની દિવ્ય સ્મૃતિ કરાવી દીધી. અને એમણે કહી દીધું કે આ આશીર્વાદ અફર છે. એ આશીર્વાદમાં ફેર પડે એવું નથી. બીજી વાત એમણે એમ કહી કે આપણા કરતાં બધા મોટા. આપણે સૌથી નાના. એવો ભાવ એટલા માટે કહ્યો કે દાસપણું રહે.

એક સંત હમણાં થોડા દિવસ પહેલાં મારી પાસે આવેલા. એ કહે કે શ્રીજીમહારાજના તેજ સાથે જો આપણા ચૈતન્ય-આત્માને લીન કરીએ અને ધ્યાન કરીએ તો તો ભગવાન થઈ ગયા કહેવાઈએ! આ જ્ઞાન મને ગળે નથી ઊતરતું કે તેજ સાથે ચૈતન્યની એકતા કરીએ તો તો ભગવાનના સ્વરૂપની અંદર ભરાઈ ગયા ને પોતે જ ભગવાન થઈ ગયા ને ઉપાસનાનું ખંડન થઈ ગયું. તો આ જ્ઞાન મને સમજાવો. તમે બરાબર સમજ્યા છો? જો સમજ્યા હો તો મને સમજાવી શકશો? મેં કહ્યું હા હું

સમજ્યો છું. તે કહે કોઈના કહેવાથી સમજ્યા છો? ખાતરી કરી છે બરાબર? મેં કહ્યું ખાતરી કરી છે મેં. અંધશ્રદ્ધાથી નથી કર્યું.

મેં એમને પ્રશ્ન પૂછયો કે ચૈતન્ય નિરાકાર કે સાકાર? તો કહે ચૈતન્ય નિરાકાર. બરોબર. તો ચૈતન્ય ઉપરથી બધાં આવરણો જો હટી જાય, તો એ ચૈતન્ય બરાબર પ્રકાશે. ત્યારે એ ચૈતન્ય તેજરૂપ છે કે કેવો છે એ મને કહેશો? કહે એ આત્મા તો પ્રકાશરૂપ છે. અને નિરાકાર. બરાબર. હવે કહો કે શ્રીજીમહારાજ તેજોમય છે કે તેજ વગરના છે? તો કહે મહારાજ તો તેજોમય જ હોયને. તો બરાબર. ત્યારે મહારાજની મૂર્તિમાંથી તેજ નીકળે એ કેવું હોય છે? તો કહે એ તો બરાબર ખબર નથી. મેં કહ્યું, "શીતળ શાંત છે રે તેજની ઉપમા નવ દેવાય." તો એવું શીતળ શાંત તેજ કે જેની ઉપમા ન દેવાય. એ તેજ સાકાર કે નિરાકાર? તો કહે નિરાકાર. બરાબર. તે તેજ ને આ ટ્યુબલાઈટના તેજ વચ્ચે ફરક ખરો? તો કહે એ બરાબર ખ્યાલ આવતો નથી. સારું. કેમ ખ્યાલ નથી આવતો? ચોખ્ખું કહ્યું ને મહારાજે, "શીતળ શાંત છે રે તેજની ઉપમા નવ દેવાય." એવું ઉપમા ન દેવાય એવું શીતળ શાંત તેજ છે. તો આનાથી ન્યારું થયું કે નહિ? તો એ તેજ આનાથી ન્યારું છે. એના જેવું નથી. આ તેજ ભૌતિક છે, તે તેજ દિવ્ય છે.

મહારાજે કહ્યું છે કે ચૈતન્યપ્રકૃતિનો દેહ બંધાય છે. જ્યારે મહારાજની મૂર્તિનો સાક્ષાત્કાર થાય, ત્યારે નિરાકાર ચૈતન્ય સાકાર બને છે. નિરાકાર ચૈતન્ય

શ્રીજીમહારાજનાં તેજરૂપ પ્રકાશ સાથે ચૈતન્યની એકતા થતા નિરાકાર ચૈતન્ય સાકાર રૂપ ધારણ કરે છે. એ સાકાર રૂપ ધારણ કરે ત્યારે એ ચૈતન્યની પાત્રતા પ્રમાણે કાં તો રાધિકાજીની જેમ સન્મુખ મહારાજની સેવામાં રહી જાય. અને જો લક્ષ્મીજીની જેમ અતિ સ્નેહ ઉત્પન્ન થાય, તો એ અંગને વિશે લીન થઈ જાય. નહિતર શ્રીજીમહારાજ સાથે તાદાત્મ્યતા કેવી રીતે કરે? ત્યારે જુઓ બાપાશ્રીએ કહ્યું કે મહારાજના તેજની સાથે ચૈતન્યની એકતા કરીને શ્રીજીમહારાજની મૂર્તિનું ધ્યાન કરવું. એટલે એ ચૈતન્ય સાકાર બની જાય. માટે તેજરૂપ થઈ અને મહારાજની મૂર્તિનું ધ્યાન કરવું. મેં કહ્યું કે તમે શ્રીજીમહારાજની મૂર્તિ આંખો બંધ કરીને જ્યારે જુઓ છો ત્યારે કઈ આંખે જુઓ છો? ચૈતન્યની આંખે. ચૈતન્ય તો નિરાકાર છે, એને આંખ ક્યાં હોય? એમ ચૈતન્યમાં સાંભળવાનું, જોવાનું બધા જ ગુણો છે. એ ચૈતન્ય શ્રીજીમહારાજના તેજ સાથે એકતા કરે ત્યારે એને મહારાજની મૂર્તિમાંથી જે તેજની ધારાઓ નીકળે છે તે તેજની ધારાઓનો અવનવો અનુભવ થાય છે.

તેજ સાથે એકતા કરે ત્યારે ચૈતન્ય પ્રકૃતિનો દેહ બંધાય. હવે એ ચૈતન્ય પ્રકૃતિનો દેહ બંધાયો એના રૂપ, ગુણ, સામર્થ્ય બધું જ ભગવાન સ્વામિનારાયણ જેવું. તો એ સંત કહે કે જો એવું જ હોય તો એ ભગવાન ન થયા? મેં કહ્યું, ના. કેમ? કે આ ટ્યુબલાઈટ છે. તે ટ્યુબલાઈટ પાસે એક નાનો સરખો દીવડો મૂકો તો દીવડાનો પ્રકાશ એ ટ્યુબલાઈટના પ્રકાશની અંદર વિલીન

થઈ જાય. ત્યારે એ દીવડાને કદીયે એમ થાય કે હું ટ્યુબલાઈટ છું? ચૈતન્ય ભગવાનરૂપ થઈ ગયો. તાદાત્મ્યને પામી ગયો. ભગવાન જેવી સામર્થી-ઐશ્વર્યને પામ્યો, પણ ભગવાન જેટલી સામર્થી નહિ. ભગવાન સુખદાતા છે અને ચૈતન્યને એ ખબર પડે છે કે હું ભગવાનનું આપેલું અપાર સુખ ભોગવું છું. તો એને કોઈ દિવસ ભગવાન થાય એવો વિચાર આવે ખરો? એક પ્રાથમિક શાળાનો નાનો બાળક હોય અને એની સામે Ph.D. ભણેલ મહાન વિદ્વાન શિક્ષક હોય તો એ બાળકને એમ થાય કે હું Ph.D. છું? એવો વિચાર આવે? એમ જે ચૈતન્ય છે એ સુખભોક્તા છે અને મહારાજ છે એ સુખદાતા છે. એને ખબર પડે છે કે મહારાજની મૂર્તિમાંથી સુખ નીકળે છે એ હું અનુભવું છું. જો એ અનુભવતા હોય તો એને એમ તો થાયને કે હું દાસ છું? અને જો ભગવાન થઈ જવાતું હોય, તો એકતા કરવાની ક્યાં જરૂર રહી? અને જો આમ થાય તો ઘણા બધા ભગવાનો ઊભા થઈ જાય.

અને જે ભગવાન નથી અને ભગવાન બને છે તે તો અજ્ઞાની છે. એને ગતિ પણ નથી. ભક્તિ કરતાં કરતાં થોડું સામર્થ્ય-ઐશ્વર્ય આવેને? તે કુદરતી છે કે આપણે ભગવાનના મંત્રનો જપ ખૂબ કરીએ તો આપણામાં પણ શક્તિ આવે. આવા ભગવાનો શું કરે છે? ભગવાનનો જપ કર્યા કરે. ખૂબ અને જપથી શક્તિ થોડીક મળે પછી એ શક્તિ કામ કરે. અને પછી આપણે વેપારી બની જઈએ! ભગવાનના સુખ તરફ આગળ વધવાને બદલે એનો વેપાર ચાલે! એટલે આગળ વધવાની વાત ન રહી.

મહારાજના સુખને પામવાની વાત જ ક્યાં રહી? નકરો વેપાર જ ચાલે. એને એમ થાય કે આમાં બધું છે. પછી એ જ્યારે ભગવાનનું અનુકરણ કરે, ત્યારે મહારાજનો કુરાજીપો થાય કે તું ભગવાન નથી, દંભી થઈ ગયો. તો ભગવાન ઐશ્વર્ય-સામર્થી ખેંચી લેને? મહારાજ જો પોતે મૂકેલી શક્તિ ખેંચી લે તો કામ જ ન થાય. ત્યારે એ તંત્રવિદ્યા તરફ વળે છે. જુદા જુદા નામથી થયેલા આજના બધા જ ભગવાનો અંદર તાંત્રિક જપ કરતા હોય છે અને ચાંદલો મહારાજનો કરે! કંઠી મહારાજની પહેરે! જ્ઞાન મહારાજનું કહે! કારણ કે ઘણા ભક્તો મળી રહેને? નહિતર કોણ ભાવ પૂછે એનો? અંદર જપ જુદા ચાલતા હોય. અને એક વાત યાદ રાખીએ કે નજીકના દેવો હોય તે ઝટ પ્રાપ્ત થઈ જાય. કાળી ચૌદશને દિવસે ચોવીસ કલાક મલિન દેવના મંત્ર જપે એટલે એનામાં જાતજાતની શક્તિ આવે. કારણ કે પેલો દેવ છેને? મહારાજે દરેકને શક્તિ આપી છે. તે શક્તિના રૂપાંતર થાય છે. આ ઝીણી બાબત છે. બરાબર?

માથું ફરી જાય એવા પ્રશ્નો મને પૂછો તમે. નહિતર તમે સમજ્યા વગર જશો મારી પાસેથી. પ્રશ્નો તો પૂછવા પડે ને? ત્યારે તે સંત કહે તમે આ બધું કોની પાસેથી સમજ્યા? તો મેં કહ્યું કે મહારાજના અનાદિમુક્તો દ્વારા સમજ્યો. એવા અનાદિસંત-મુક્ત મને મળ્યા કે જેણે મને આ સમજાવી દીધું. અને વૈજ્ઞાનિક રીતે સમજ્યો, સાવધાનપૂર્વક સમજ્યો, સમજપૂર્વક સમજ્યો. મેં કહ્યું કે હું એટલો બધો આમાં સ્પષ્ટ છું - એ અનાદિમુક્તોએ મને

આ વાત એટલી બધી સ્પષ્ટ કરી છે- કે તમે ગમે તેટલા પ્રશ્નો પૂછશો તો હું જવાબ આપી શકીશ. કારણ કે એમણે મને સ્પષ્ટ કહ્યું છે ને મેં બરાબર સ્પષ્ટતા મેળવી લીધી છે. આ હૉલ છે તેમાં બધી વસ્તુ છે, ફોટા છે મહારાજના અને મુક્તોના. અને એ વસ્તુઓ મેં જોઈ છે અને હું બીજાને વર્ણન કરું કે જો આટલા મહારાજના ફોટા છે, ઘનશ્યામ મહારાજના છે, એવી બીજી મૂર્તિઓ છે એવું બધું કહું. પરંતુ જેણે આ હૉલ જોયો નથી તે એવું વર્ણન કરી શકે? ન કરી શકે. ત્યારે ભગવાનનું સ્વરૂપ અને ભગવાનનું સુખ જેણે જોયું છે તે જ આ વાત સમજાવી શકે. બીજા નહિ સમજાવી શકે. આપણે પણ આ વાત એટલી બધી સ્પષ્ટ રીતે સમજવી પડશે. શા માટે? કે આ જ્ઞાન એટલું બધું ઝીણું છે કે ઘણી બધી વિશાળ બુદ્ધિ હોય તો પણ વિચારમાં મૂકી દે. હજી તો ઘણા બધા પ્રશ્નો છે આમાં. એ પ્રશ્નો પૂછવા જોઈએ. તમે ઉપદેશ કરવા જાઓ ત્યાં સત્સંગી હોય, ભગવાનના જેટલા ભક્ત હોય તેની પાસે આ ચાલે. પણ મતવાદી, મોટા મોટા રજનીશજી જેવા ભગવાનો, કૃષ્ણમૂર્તિ જેવા Intelligent Giants પાસે જો આ જ્ઞાન મૂકો ત્યારે તેઓ જે પ્રશ્ન પૂછે એના જવાબ ત્યારે જ આવડે કે જ્યારે મહારાજના સુખમાં ગતિ થાય. તો જ સમજાવી શકાય. નહિતર એવા પ્રશ્ન પૂછે કે તમે ઊભા થઈ રહો. મૂંઝવી દે એવા પ્રશ્નો મને પણ ખબર છે.

આ સર્વોપરી જ્ઞાન આગળ નથી પહોંચતું એનું કારણ એ છે કે એ સમજવાની આપણને ગતિ નથી. તે

સમજાવનાર અનાદિમુક્તો મહારાજની ઇચ્છાથી પ્રકાશતા નથી. એ મુક્તોને મહારાજે બાધિત રાખ્યા છે. બાધિતાનુવૃત્તિમાં શું થાય? આપણને બધા યને મહારાજે મુકત કરીને મૂર્તિમાં રાખ્યા છે તે સત્ય હકીકત છે, પણ પાત્રતા ન હોવાને લીધે એ વસ્તુ જીરવી શકાય એવી નથી. એટલે એ ઢાંકી રાખી છે. આપણા સુખને માટે. એ કેવળ કૃપાથી થયું છે. આપણે પાત્ર છીએ એવું નથી. બાપાએ-અનાદિમુક્તોએ- એમના દ્વારા શ્રીજીમહારાજે આપણને અનાદિમુક્તની પંકિતમાં બેસાડી દીધા. એવા અનાદિમુક્તો કે જે મૂર્તિનાં સુખ લે છે તેની પંકિતમાં આપણને બેસાડ્યા. એટલે હવે એમાં રાખીને આપણને પાત્ર કરે છે. એ પાત્ર જ્યારે થઈ જઈશું ત્યારે એ સુખનો અનુભવ આપોઆપ થવા લાગશે.

મહારાજ કહે લાખો ગાઉથી તેડવા આવું છું. લાખો ગાઉ દૂર છે ને આવે છે એવું છે કે નહિ? જો લાખો ગાઉ દૂરથી આવતા હોય તો તો એક સ્થાન નક્કી થઈ ગયું. તો અપાર ક્યાં રહ્યા? એ તો મર્યાદા થઈ ગઈ. ત્યારે લાખો ગાઉથી અમે આવીએ છીએ એમ એટલા માટે કહે છે કે ભાઈ! તમારા ચૈતન્ય જે બદ્ધ છે તેની ને મારી વચ્ચે લાખો ગાઉનું અંતર હોય એટલું છેટું છે. છતાંય હું તમારી નજીક આવ્યો છું તો મને સમજો તમે બરાબર. હું તમારા ઉપર કૃપા વરસાવવા આવ્યો છું. એમ પ્રભુ લાખો ગાઉ દૂર નથી. મહારાજ તો અન્વયરૂપે સત્સંગમાં છે જ. અને તે દ્વારા બધે છે જ, અને વ્યતિરેકરૂપે પણ જ્યાં પ્રગટ થવું હોય ત્યાં થાય.

વ્યતિરેકરૂપે પણ છે અને અન્વય સ્વરૂપે પણ બધે ય છે. પણ જેને ભગવાનની મૂર્તિનો સંબંધ થાય છે એને એ વ્યતિરેક સ્વરૂપનો સાક્ષાત્ સંબંધ થાય છે. જેને ભગવાનનો સંબંધ નથી હોતો એને તો પાસે હોય તો પણ સ્પર્શ થતો નથી. કેવી રીતે થાય? પ્રભુનો સ્પર્શ ત્યારે જ થાય કે જ્યારે પ્રભુ જેટલા નિર્મળ બનાય. ત્યારે કેટલી કૃપા કહેવાય કે આપણને મૂર્તિના સુખમાં બેસાડ્યા! બેસાડ્યાને? અને દયા કેટલી પાછી? પાત્ર ય એ કરે. બાપાએ કહ્યું કે, મહેનત કરીને દાખડો કરીને કરીએ તો વધુ સુખ આવે. એ ટકે. મહારાજ પાત્ર કરે છે, પણ આપણે ય જાતે દાખડો કરવો પડે. મહેનત કર્યા વગરનું ખાય તો શું કહેવાય? હરામનું ખાય છે એમ કહેવાય કે નહિ? એવું ભગવાન પાસે માગવું એ શરમ ના આવે? શરમ આવે. એવું નહિ કરવાનું. મહારાજ! જરૂર દાખડો કરીશું, પણ દાખડા ભેળા તમે ભળજો!

## સારાંશ

મહારાજના તેજની સાથે ચૈતન્યની એકતા કરી મહારાજનું ધ્યાન કરવું. અનાદિમુક્તની સ્થિતિ પ્રાપ્ત થયા પછી મુક્ત મહારાજ જાણે એટલું જાણવા છતાં પોતે સેવક અને મહારાજ સ્વામી છે, સુખદાતા છે એવો ભાવ ક્યારેય મટતો નથી.

મહારાજનું ભજન કરવાથી થોડી શક્તિ આવે તેનો વેપાર કરવા માંડે તો ભગવાન શક્તિ પાછી ખેંચી લે છે. પછી સમાજમાં પોતાનું પ્રભુત્વ કાયમ રાખવા તે

મલિન શક્તિઓ તરફ આકર્ષાય છે.

અનુભવી અનાદિમુક્ત જ આધ્યાત્મિક ગમે-તેવા પ્રશ્નોના સચોટ જવાબ આપી શકે છે. બધું જ્ઞાન તેઓને હસ્તામળ હોય છે. બીજાથી એ શક્ય નથી.

મહારાજે અને મુક્તોએ મૂર્તિમાં રાખ્યાના આશીર્વાદ આપ્યા તે સત્ય હકીકત છે. આપણી પાત્રતા ન હોવાથી આપણને જણાતું નથી. પાત્રતા આવે ત્યારે વ્યતિરેક દિવ્ય સ્વરૂપનો સંબંધ થાય છે. પાત્રતા મેળવવા માટે દાખડો તો આપણે જ કરવો પડે. તેમાં મહારાજને ભેળા ભળવા પ્રાર્થના કરવી.

# ૨૦

બાપાશ્રીના દિવ્ય પ્રાગટ્યદિને આપણને કેવા સરસ આશીર્વાદ મળ્યા! બાપાશ્રી જેવા મનુષ્યરૂપે પ્રગટ હતા તેવા ને તેવા જ શ્રીજીમહારાજ સાથે અત્યારે પ્રગટ જ છે. આ બ્રહ્મયજ્ઞ એમના દિવ્ય સાંનિધ્યમાં થયો, એમણે આપણા ઉપર ખૂબ કૃપા વરસાવી અને એમ કહ્યું કે આ કૃપા તો તમારી સાથે સદાય છે એવું માનજો. આપણે બધાએ પણ જીવમાંથી હા પાડી અને એ કૃપા અદ્ધરથી ઝીલી લીધી.

આ દિવ્ય સ્થાન કે જે આત્યંતિક કલ્યાણનું સદાકાળ માટે સ્થાન છે એને બધાએ પોતાની શક્તિ પ્રમાણે એવી રીતે વિકસાવવું કે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે એ અદ્વિતીય બની રહે. આપણે બધા જોઈ શકીએ છીએ કે સાર્ધ-શતાબ્દી મહોત્સવ પછી ઝડપથી આ સ્થાનનો વિકાસ થઈ રહ્યો છે. એનું કારણ એ છે કે શ્રીજીમહારાજ અને બાપાશ્રીના પ્રબળ સંકલ્પ છે. આ સ્થાન હજી તો થોડું વિકસ્યું છે, વીસ ટકા પણ નથી થયું. હજી એંસી ટકા બાકી છે તે ઝડપથી થવાનું. તમે જુઓ છો કે આજે આશરે પચાસ લાખ રૂપિયા આ એક જ દિવસમાં એમના દિવ્ય પરિવારે એમના સંતાનોએ, એમના આશ્રિતોએ- આ સ્થાનને અર્પણ કરી દીધા. હજી દેશ-વિદેશમાંથી ફાળો આવતાં મને એમ લાગે છે કે દોઢ કરોડ રૂપિયા થઈ જશે. એ દોઢ કરોડ રૂપિયા આ અવસર પૂરતા નહિ રહે, પણ આવી ને

આવી દિવ્ય સંપત્તિની વર્ષા ચાલુ જ રહેવાની અને તેનો લાભ સારાય સત્સંગને મળવાનો. કોઈ એમાં બાકી નહિ રહે. આપણી આ જે સેવા છે એ એવી ઉગશે કે સારાય સત્સંગને કામ આવશે એટલું જ નહિ, પણ વિશ્વના મનુષ્યોને પણ અહીં ખેંચી લાવશે. શ્રીજીમહારાજ અને બાપાશ્રીનો તો એવો પ્રબળ સંકલ્પ છે કે વિશ્વના -માત્ર ભારતના વાસીઓ જ નહિ, પણ જેટલા દેશો છે એના- માણસો પણ અહીંયા ધીમે ધીમે આવવાના, આવવાના ને આવવાના. આ સ્થાનનું વિકાસકાર્ય પૂરું થશે ત્યારે એ પ્રવાહ શરૂ થઈ જવાનો. અને જ્યારે એ પ્રવાહ આવશે ત્યારે આપણને એમ લાગશે કે ખરેખર જે આપણે થોડી ઘણી સેવા કરી, જે આ સ્થાનનો મહિમા સમજ્યા તેનું કેવું ફળ છે!

આપણને મૂર્તિમાં રાખ્યા છે એની એવી તો હા પાડી દેવી કે કોઈ દિવસ ડગે નહિ. જાદવજીબાપાએ હમણાં જ કહ્યું કે ચંદ્ર ફરે, તારા ફરે, પૃથ્વી ફરે પણ આ બાપાશ્રીએ આપેલા -શ્રીજીમહારાજે આપેલા -આ આશીર્વાદ કદી પણ નહિ ફરે. આ આશીર્વાદમાં આખા જગતનો આપણે ભાગ રાખીએ છીએ. કોઈ મનુષ્યને બાકી રાખતા નથી. આપણે એમને જણાવીએ છીએ કે શ્રીજીમહારાજ અને બાપાશ્રી એકે એક મનુષ્યને પોતાની પાસે જ ખેંચી લેવાના છે. ભલે પછી તે અમેરિકન હોય, અંગ્રેજ હોય કે રશિયન કે ચાઈનીઝ હોય કે ગમે તે ધર્મના હોય, પરંતુ તે બધા જ પોતાના જ જીવ છે. જેમણે જુદા જુદા ધર્મો સ્થાપ્યા છે એ ધર્મ-સ્થાપકોને પણ

વહેલા મોડા આ મૂર્તિના સુખમાં ખેંચી લાવશે એ નિશ્ચિત છે. જે નાની પેઢી છે એ જોઈ શકશે અને જે પેઢી અદૃશ્ય થશે એ દિવ્ય સ્વરૂપે દેખશે.

અને શ્રીજીમહારાજના આ આશીર્વાદ આપણે અખંડ સાથે રાખીને ખૂબ સરસ રીતે આનંદના કેફમાં રહીએ. કોઈ દિવસ આ લોક કે દેહની ફરિયાદ કરવી જ નહિ. કારણ કે દેહભાવ જ કાઢી નાંખ્યો પછી ફરિયાદ ક્યાં રહી? તો હવે આપણે ફરિયાદ કરવી નહિ. સદાય સુખિયા રહેવું. એટલું જ માનવું કે એ કૃપાળુ ભગવાન આપણી સાથે અખંડ છે અને એ આપણી સંભાળ રાખે જ છે. આપણે જે કંઈ કહેવું હોય તો શા માટે એ આપણી પાસે ભેળા જ છે તેને ન કહેવું? કહેવાની જરૂર ન પડે, પણ છતાં ય કહેવાની ઇચ્છા થઈ જાય તો એ પ્રભુને એમ કહેવું કે તમે મારા ભેળા જ છો, મને આ થોડી તકલીફ આવી છે તો દયા કરીને નિવારો. તો તરત નિવારી નાંખશે. મહારાજ માટે કોઈ વસ્તુ અશક્ય ખરી? જરાય અશક્ય નથી. પણ આપણને થોડું બળ ઓછું થઈ જાય છે એનું કારણ એ છે કે આપણે એનું અનુસંધાન ભૂલી જઈએ છીએ. આ દિવ્ય સભા અખંડ ભેળી છે એ ભૂલવું નહિ. એવી ને એવી સાથે રાખીને બધું કાર્ય કરવું.

આ દિવ્ય આશીર્વાદ સદાય સંભારીને સુખમાં રહીને અને બાપાશ્રીને પ્રાર્થના કરીએ કે તમે આ ભેળા જ છો અને જે જે કોઈ અમારા સંપર્કમાં આવે એને તમે દયા કરી અને મૂર્તિમાં રાખી દેજો! એ જરૂર રાખી

દેશે. રાખનારને રાખવા છેને? આપણા ભેળા ભગવાન છે તો આપણા દ્વારા કલ્યાણનું કામ નહિ કરે? એકે એક જણ પ્રત્યે કરશે. એને કરવું છે. માટે શ્રીજીમહારાજ અને બાપાશ્રીના આ આશીર્વાદ અને વચનો સાથે રાખી અને અનેકને વર્તમાન ધરાવી દેવાના. પહેલાંના સંતોએ જેમ નક્કી કર્યું હતું કે રોજના પાંચ જણને વર્તમાન ધરાવવા તેમ. વર્તમાન ધરાવવાના કોણે? મહારાજે અને બાપાએ. એમણે તો આપણને કહ્યું કે હું તમારા ભેળો છું. તમે એટલું તો બોલજો કે નજર ચડે એ બધાને મૂર્તિમાં બાપાએ રાખી દીધા. તો મહારાજ કહે છે કે હું રાખી દઈશ. આપણે તો કહેવું જ છેને કે હે મહારાજ! તમે મારા ભેળા છો, જે જે નજરમાં આવે એને તમે મૂર્તિમાં રાખી દેજો. અરે! એ શું ન કરે? એકે એકને કારણ સત્સંગ એટલે કે પોતાની મૂર્તિથી રંગી દેવાના. આપણે સદાય એવો કેફ રાખવો કે મારા ભેળા ભગવાન છે એ બધું જ કરશે. મૂક મૂક રીતે આ બોલવું. એ દયાળુ બોલે છે. એ પરભાવની વાણી બોલે છે. એ પરભાવની વાણી આપણે સાંભળી શકતા નથી; એટલા જ માટે કે એણે આપણી સ્થિતિ રોકી રાખી છે- આપણા સુખને માટે, સમાસને માટે.

### સારાંશ

મહારાજ - બાપાના આશીર્વાદ છે કે, સમગ્ર વિશ્વ એક વખત તેમના સ્વરૂપમાં જોડાઈ જશે. આશીર્વાદનો

કેફ રાખવો. દેહના દુઃખને ગણવા નહિ. દેહભાવ કાઢી નાંખવો અને મહારાજને સદાય સાથે રાખવા. તેઓ ભેળા છે અને આપણામાં રહી સર્વે કાર્ય તેઓ કરશે.

# ૨૧

છેવટનો અર્થ કાઢીએ તો એ એક જ થાય કે જોવા જેવું તો એક શ્રીહરિનું સ્વરૂપ છે. દરેકને માટે છેવટે તો એ એક જ રહેવાનું. છેવટે તો એક શ્રીહરિના દિવ્યસ્વરૂપનો અનુભવ કરી એ મૂર્તિમાંથી છૂટતી સુખની ધારાઓનો આહાર કરવો એ જ રહેવાનું છે.

ભગવાનનું એ સુખ મેળવવાને માટે, ભગવાનના સ્વરૂપમાં જોડાવાને માટે શક્ય એટલું ઓછું જમીએ. બધી ઇંદ્રિયોના આહાર શુદ્ધ કરીએ. એ ખરું તપ છે. એવું તપ ભગવાનને ખૂબ વહાલું છે. મહારાજે વનવિચરણ દરમ્યાન એટલું બધું આકરું તપ કરેલું કે શરીરમાંનું રૂધિર સૂકવી નાંખ્યું. આખા શરીરમાં પાણી સિવાય કાંઈ રહ્યું નહિ. રૂધિર વગર કોઈ જીવી શકે ખરો? ત્યારે એમણે કહ્યું કે, “અમે તો પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છીએ. અમારે દેહ જેવું નથી.” દેહનું રૂધિર સૂકવી નાંખીને શરીરમાં એકલું પાણી રહે એ વાત બીજાથી શક્ય નથી. બીજાની શિક્ષાને અર્થે મહારાજે એવું તપ કરી બતાવ્યું. તપથી ભગવાન રાજી થાય છે અને ભગવાનના સ્વરૂપમાં પ્રતિલોમ વૃત્તિ સરળતાથી થાય છે.

મૌનવ્રત ગ્રહણ કરીને એકાંત સેવનનો અનુભવ જે કરી શકે અને ખરેખર એમ કરે તો એના જેવું એકે ય સારું નહિ. જેમ સમય મળે એમ થોડું થોડું એકાંતનું સેવન કરવું જોઈએ. મૌન એટલે ભગવાનના સ્વરૂપમાં મન

સ્થિરતાથી જોડાય અને મનની અસ્થિરતા બિલકુલ મટી જાય એનું નામ મૌન. ભગવાનના સ્વરૂપમાં વૃત્તિની સંપૂર્ણ સ્થિરતા એ આત્યંતિક મૌન છે. મૌનનો અનુભવ તો જ્યારે જ્યારે અનુકૂળતા હોય, ત્યારે અવશ્ય પ્રાપ્ત કરવો જોઈએ. મહિનામાં કોઈ એવો અનુકૂળ દિવસ હોય ત્યારે મૌન રાખવું. રવિવારે અનુકૂળતા હોય તો તે દિવસે પણ મૌન રાખી શકાય. એવા કોઈ દિવસે સંપૂર્ણપણે મહારાજની મૂર્તિમાં જોડાવા માટે મૌન રાખવું. મૌનના નિયમો પ્રમાણે મૌન રાખી મહારાજની મૂર્તિમાં જોડાઈએ તો મહારાજ ખૂબ રાજી થાય.

મહારાજરૂપ છીએ એવો ભાવ દૃઢ થઈ જાય તો આપણને એમ લાગે કે મહારાજ ને મુક્તો સદાય ભેળા છે. પછી એકલાપણું લાગે ખરું? એકાંતસેવનમાં જો મહારાજ અને મુક્તોનું ભેગાપણું ન લાગે તો દિવસ કાઢવો કઠણ થઈ જાય. પણ ભગવાનની સોબત હોય અને એમની સાથે ગોઠડી ચાલતી હોય તો એકલાપણું ન લાગે. અત્યારે આપણે બધા ભેગા થયા છીએ તો એકલાપણું લાગે છે? શું કામ એકલાપણું નથી લાગતું? કારણ કે એકબીજા સાથે ગોઠડી કરીએ છીએ. બધા ભેગા થઈને સાત્ત્વિક આનંદ કરીએ છીએ. એમ ભગવાનની સાથે સોબત હોય અને ગોઠડી ચાલતી હોય તો કોઈ દિવસ એકાંત જેવું લાગે જ નહિ. મઝા જ આવે. એમાં ક્યાં એકલાપણું રહે? એકલાપણું હોય તો મઝા ન આવે હોં! બેકલાપણું જોઈએ. મહારાજ અને મુક્તો. મહારાજ આવ્યા તો બધું આવ્યું. મહારાજે આપણને એવી રીતે

ભેગા રાખ્યા છે. મહારાજ કહે છે કે ભાઈ, તમે કદી ય એકલા નથી. તમારી ભેળો હું અખંડ રહ્યો છું. એવો કેફ રાખો. એવી હૂંફ રાખો એમ મહારાજે અને બાપાએ કહ્યું છે. આપણે સૌ અહોભાગી છીએ! કોઈ નાના-મોટા નથી. કોઈને અધિક-ન્યૂન સુખ જેવું નથી. બધા યની એક સરખી સ્થિતિ કરાવી છે. અનાદિમુક્તની પંકિતમાં ભેળવી દીધા છે. એટલે એમાં કોઈ દિવસ શંકા લાવવી નહિ.

પૂર્ણ પુરુષોત્તમ પરમાત્માની વાતો ભલે એકની એક હોય તો ય નવીન લાગે છે. આ લોકની વાતો ભલે ગમે તેટલી સારી હોય, પણ ફરી કહે તો સારી ન લાગે. ભગવાનની વાતો, પ્રત્યક્ષ અનુભવની વાતો ભલે એકની એક હજાર વાર કરે તો પણ એટલો જ આનંદ આપે. કારણ કે તે પ્રત્યક્ષ પ્રભુના સંબંધવાળી વાતો હોય છે.

શ્રી હરિનારાયણદાસજી સ્વામી એ મહાન સદ્‌ગુરુ હતા. એકવાર મૂળીમાં મંદિર સંબંધી કંઈક બાંધકામનું કામ ચાલતું હતું. ત્યારે એક જણ પાલખ ઉપરથી નીચે પડી ગયો ને ધામમાં જતો રહ્યો હોય એવું થઈ ગયું. એ વખતે હરિનારાયણદાસજી સ્વામી ધ્રાંગધ્રા મંદિરમાં હતા. તેઓશ્રી જાણી ગયા હોય કે બહારથી સમાચાર મળ્યા હોય તેની મને ખબર નથી. પણ એમને તે સમાચાર પહોંચી ગયા. ખબર મળ્યા કે પેલો કારીગર હતો તેનો દેહ પડી ગયેલો. સ્વામીશ્રીએ મહારાજને પ્રાર્થના કરી. ધ્રાંગધ્રા મંદિરમાં એકચક્ષુવાળી સુંદર મૂર્તિ છે તેમની આગળ ઊભા રહી પ્રાર્થના કરી કે, “મહારાજ! તમારા

મંદિરનું કામ થાય છે અને આ રીતે કોઈનો દેહ પડી જાય એ તો લાંછન લાગે. એ સારું ન કહેવાય. તમે કંઈક દયા કરો તો સારું, નહિતર આપણું ઝાંખુ દેખાશે.”

ત્યારે મહારાજે એ વખતે પ્રતિમાભાવ છોડી દીધો. અને હરિનારાયણદાસજી સ્વામીને કહ્યું, “સ્વામી, તમારો સંકલ્પ છે તો અમે ઝાંખું નહિ દેખાવા દઈએ. એ કારીગર હરિભક્તને દેહ પડ્યા પછી એનો જીવ અમે અમારી પાસે ખેંચી લીધો છે, પણ તમારો સંકલ્પ છે એટલે તેના જીવને ફરીથી તેના દેહમાં મૂકી દઈએ છીએ.” પછી પેલા દેહ મૂકી ગયેલા કારીગર ભક્ત બેઠા થઈ ગયા. એવા સમર્થ એ સદ્‌ગુરુ હતા. એવા મોટા સદ્‌ગુરુ પણ અબજીબાપાશ્રીનો જોગ-સમાગમ કરતા. એકવાર બાપાશ્રી મૂળી પધાર્યા હતા ત્યારે સ્વામીશ્રીને આંખે સારું ન હતું. ખૂબ તકલીફ હતી. તે સહન ન થઈ શકે એવી હતી. બાપાશ્રી સ્વામીના આસને ગયા ત્યારે હરિનારાયણદાસજી સ્વામીએ બેઠા થઈને બાપાને કહ્યું, “આવો, આવો.” પછી પોતાની પાસે આસન ઉપર બેસાડ્યા. પછી બાપાશ્રીએ પૂછ્યું, “સ્વામી, તમને કેમ છે?” ત્યારે તેઓ કહે, “બાપા, બધાને એમ કહું છું કે મને સારું છે, પણ આ તકલીફ તો એટલી બધી છે કે મારા સિવાય કોઈ સહન ન કરી શકે. એટલી બધી તકલીફ છે. તમે રાજી થઈને આશીર્વાદ આપો તો કંઈક રાહત થાય.” પછી બાપાશ્રી કહે, “તમે કાંઈક જમાડવાનું કરતા હો તો?” તો કહે, “બાપા, શું જમાડું?” બાપા કહે, “અંદર કાંઈ જમવાનું પડ્યું નથી?” તો કહે, “બાપા, અંદર શું પડ્યું હોય તે ખબર નથી.” બાપા કહે, “સારું, એમ કરો થોડી રાબ

પીઓ તો તમને દરદમાં રાહત થશે." સ્વામી કહે, "બાપા, અત્યારે કોઈ સેવક આંહીં નથી તો રાબ કોણ કરી આપે? એ બધું ક્યારે થાય? એના કરતાં રાજી થઈને હાથ ફેરવી દોને એટલે બધું મટી જાય." પછી બાપા કહે, "સારું ત્યારે હાથ ફેરવી દઈએ." પછી બાપાએ હાથ ફેરવી દીધો અને સ્વામીને સારું થઈ ગયું. તો એવા મોટા જબરજસ્ત સદ્‌ગુરુ હતા, છતાં બાપાશ્રીનો મહિમા સમજતા હતા. મોટા મોટાને ઓળખે. શ્રીજીમહારાજે મોકલેલા પોતાના સંકલ્પસ્વરૂપ અનાદિમુક્તની વાતો તો જુદી જ હોય ને? તો એવા મુક્તનો આજે પ્રાગટ્ય દિન આપણે ઉજવ્યો.

બાપાશ્રીએ સોમચંદબાપાને ઠાવકા કહેલા. ઠાવકા કોને કહેવાય? ઠાવકા એટલે પળેપળ સદાય સાવધાન. આજ્ઞામાં સાવધાન. બધાને રાજી કરવામાં સાવધાન. ભગવાનના મનુષ્ય ચરિત્રમાં સંકલ્પ ન થાય, એમાં ય સાવધાન? મહારાજ કેમ કરીને રાજી થાય, શું કરીએ તો રાજી થાય એવું એમને વિચારતાં પણ સરસ આવડે. કોઈ માર્ગ કાઢતાં પણ સરસ આવડે. સેવા કરતાં ય સરસ આવડે, એમ બધી વાતે સાવધાન હતા. એમ બધી વાતે સાવધાન હોઈ બાપાએ એમને ઠાવકા કહ્યા. તો આપણે પણ શા માટે ઠાવકા ન થઈ શકીએ? આપણે ઠાવકા થઈ શકીએ એ માટે ઠાવકાપણું એમણે બતાવ્યું. એ ઠાવકાપણું એમના પૂરતું ન હતું. એ તો આપણને શીખવવા માટે, આપણને ઠાવકા બનાવવા માટે હતું. એમને માટે ઠાવકા રહેવું કે સાવધાન રહેવું એવું ક્યાં હતું? એમને તો કાંઈ

કરવાનું રહ્યું જ ન હતું. છતાં શિક્ષાર્થે એમણે ઠાવકાપણાનું દર્શન કરાવ્યું. અહીં બેઠેલા ઘણા બધા મુક્તોએ એમનો સમાગમ કરેલો હશે એમ હું માનું છું. એમની વાતો તો ઘણી બધી છે. એમાંની સૌથી સરસ વાત એ છે કે એમના જેવા ઠાવકા થવું જોઈએ. જો એમના જેવું ઠાવકાપણું આવે તો એક ઘડી પણ દેહભાવ ન રહે અને સદાય મૂર્તિરૂપ વર્તાય.

મહાભારત અને રામાયણ ગ્રંથો વાંચીએ તો ખબર પડે કે કેટલા બધા સંગ્રામો ખેલાયા! મહાભારત શરૂ થાય અને એ પૂરું થાય ત્યાં સુધી એમાં આંતરિક અને બાહ્ય લડાઈ જોવા મળે છે. એવી જ રીતે રામાયણમાં પણ જોવા મળે છે. ભગવાન પ્રગટ થાય ત્યારે સત્ય અને અસત્ય વચ્ચેની લડાઈ ચાલે છે. એ લડાઈ ચાલુ જ રહે છે. હજુ પણ ચાલે છે અને એ ચાલુ રહેવાની. બાપાશ્રી કહે છે કે સત્ય અસત્ય સામે પ્રતિકાર કરે ત્યારે જ જીવો સત્યને ઓળખી શકે અને સત્યમાં જોડાઈ શકે, નહિતર સત્યમાં જોડાવાનો વિચાર સરખો પણ ન આવે. એટલે આ જે સંગ્રામ હોય છે એ પણ કેવળ જીવના કલ્યાણ માટે જ ભગવાન ચલાવતા હોય છે. આ સંગ્રામ અનંતકાળ સુધી ચાલવાનો. જો સંગ્રામ બંધ થઈ જાય તો સત્યને ઓળખી શકાય નહિ. અને સત્યસ્વરૂપ એવા ભગવાન પણ ઓળખાય નહિ. સત્યસ્વરૂપ ભગવાન ન ઓળખાય તો કલ્યાણ કેવી રીતે થાય? એટલે અસત્યની ઘટનાઓ પણ સત્યને ઓળખવામાં મદદ કરે છે. એમાં કેટલીકવાર કેટલાક પરિતાપ અને દુઃખો પણ વેઠવા

પડે છે. કંઈ ના કંઈ ભયંકર પરિણામો જોવા પડે એવું બધું જ થાય. આ ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયની એક લીલા છે. એ પણ એના (ભગવાનના) સ્વરૂપને ઓળખાવવા માટે છે, એ જો બરોબર સમજાય તો. ભગવાનનું ભયંકર સ્વરૂપ જો ભગવાન દેખાડે તો ધમાલ કરી મૂકે. અને કૃપા કરીને બીજી બાજુ દિવ્ય મનોહર સ્વરૂપ પણ દેખાડી દે. પરંતુ એ બંને સરખું છે. એ તો કેવળ જીવોના કલ્યાણ પૂરતું દૃશ્ય હોય છે. આ બધી વાત જો બરોબર ધ્યાનમાં હોય તો આપણને આપણું કર્તવ્ય શું છે એનો ખ્યાલ આવે.

એમ કહેવાય છે કે Duty is God.. અંગ્રેજીમાં કહ્યું છે. ડ્યુટી એટલે ફરજ- કર્તવ્ય, એ પરમાત્મા છે, એમ કહ્યું. એટલે કર્તવ્ય એ પરમાત્માનું સ્વરૂપ છે. એ કર્તવ્ય શું? તો આજ્ઞાનું પાલન. આજ્ઞાનું પાલન એ કર્તવ્ય. અને આજ્ઞા એ ભગવાનની દિવ્યવાણી અર્થાત્ ભગવાનનું સ્વરૂપ. તો કર્તવ્ય એ ભગવાનનું સ્વરૂપ થયું કે નહિ? કર્તવ્ય એટલે કોઈ પણ પ્રકારના સ્વાર્થ વગર કરેલું કાર્ય. અર્થાત્ ભગવાનની આજ્ઞાનું પાલન. એ પાલન ઠાવકા રહીને એટલે સાવધાન રહીને કરવું જોઈએ.

ભગવાનને જે વખતે જેના દ્વારા જે કાર્ય કરાવવાનું હોય એ કરે છે. કેટલાક મુક્તોને ભગવાન પોતાના સ્વરૂપમાં લીન રાખીને સુખ જ આપ્યા કરે અને દેહના દર્શન કરાવ્યા કરે. એમને કોઈ લપછપ નહિ. તો કેટલાક મુક્તો પાસે ભગવાન એવું કાર્ય કરાવે જે જીવોના કલ્યાણ માટે કરવું જરૂરી હોય. પોતાનું સુખ આપે અને આ કામ

ઠાવકા રાખીને કરાવે એ બંને સરખું છે. એમાં ભેદ નથી. કારણ કે એને બાધિતાનુવૃત્તિ રાખી ને કામ કરાવવું છે. અને પેલાને બાધિતાનુવૃત્તિ રાખીને કામ નથી કરાવવું. અને કરનારા તો એ પોતે થયા, માટે બંનેને સુખ મળે છે. બંનેને મહારાજની પ્રસન્નતા એક સરખી મળે છે. એટલે એ કર્તવ્ય પણ કરવું જોઈએ.

ધામમાંથી ભગવાને પોતાના સંકલ્પથી જે મુક્તને પ્રગટ કર્યા હોય એ મુકતનો આખો ય દેહ દિવ્ય હોય છે. હાથ-પગ, મસ્તક બધું જ દિવ્ય હોય છે. એમનાં હાડ-માંસ, મળ-મૂત્ર પણ દિવ્ય હોય છે. શ્રીકૃષ્ણ ભગવાને રથ ને ઘોડા વગેરે દિવ્ય બનાવ્યા હતા. તો મૂર્તિમાંથી મુક્ત પ્રગટ થયા હોય તે દિવ્ય હોય તેમાં શું કહેવું?

મહારાજની પ્રસન્નતાના સાધન હંમેશાં કરવા. આ જ ભગવાનની આજ્ઞા. ભગવાનના સ્વરૂપમાં રહેતા હોય એવા મુક્તોએ પણ ભગવાનની આજ્ઞા બીજાની શિક્ષાર્થે અણીશુદ્ધ પાળી છે. મહારાજની આજ્ઞા પાળીએ તો મહારાજ રાજી થાય. નિર્વિકલ્પ થઈ જવું. નિર્વિકલ્પથી સુખિયા ને સંકલ્પથી દુઃખિયા. તો નિર્વિકલ્પ જ ન થઈ જઈએ? શું કામ સવિકલ્પ થવું? સંકલ્પી થઈએ તો દુઃખિયા થવાયને? એટલે જીવમાંથી જ સંકલ્પી મટી જવું. સદાય નિર્વિકલ્પ રહેવું. મારી વાત અહીં પૂરી થઈ.

## સારાંશ

સારનો સાર એ કે દરેકે મહારાજના દિવ્ય સ્વરૂપનો

અનુભવ કરવાનો છે. એ માટે બધી ઇંદ્રિયોના આહાર શુદ્ધ કરવા જરૂરી છે. એવું તપ કરવાથી ભગવાન રાજી થાય છે. અને ભગવાનમાં પ્રતિલોમ વૃત્તિ સરળતાથી થાય છે. ભગવાનના સ્વરૂપમાં વૃત્તિની સંપૂર્ણ સ્થિરતા એ આત્યંતિક મૌન છે. સમય અનુસાર દરેકે મૌન રહી મનની અસ્થિરતા ટાળવા પ્રયત્ન કરવા. એકાંતવાસમાં ભગવાન અને મુક્તોને સાથે રાખવા. તેમની સાથે ગોઠડી કરવી તો એકલાપણું ન લાગે. ભગવાનની આજ્ઞાઓ પાળવી. નિર્વિકલ્પ થવું, સંકલ્પી ન થવું.

મહારાજની એકની એક વાત અનુભવી પાસેથી વારંવાર સાંભળીએ છતાં નવીન લાગે, કારણ કે એ અનુભવની વાણી હોય છે.

મોટા-મોટા સંતો પણ બાપાશ્રીનો મહિમા જાણી તેમનો જોગ-સમાગમ કરતા. મોટાને મોટા ઓળખે.

આપણે બધાએ ઠાવકા થવું. ઠાવકા એટલે સાવધાન. બધી બાબતમાં સાવધાન રહેવું એવું મોટા આપણને શીખવી ગયા છે. તે આપણે સાવધાન થઈ શીખવું. જો એ શીખી જઈએ તો દેહભાવ ન રહે સદાય મૂર્તિરૂપ વર્તાય.

સત્ય અસત્ય સામે પ્રતિકાર કરે ત્યારે જ સત્યની ઓળખ થાય. ભગવાનનું ભયંકરરૂપ અને દિવ્ય મનોહરરૂપ બંને સરખું છે, એ સમજતા શીખવું તો આપણા કર્તવ્યની આપણને જાણ થાય. કર્તવ્ય એટલે કોઈ પણ પ્રકારના સ્વાર્થ વગર કરેલું કાર્ય.

ભગવાન કોઈક મુક્તને પોતાનું સુખ આપે છે અને

કોઈક પાસે કામ કરાવે છે, પણ સુખ તો બંનેને આપે જ છે એટલે તે બંને વસ્તુ એક જ કહેવાય. બંનેને પ્રસન્નતા એક સરખી જ મળે છે.

ધામમાંથી આવેલા મુક્તનો દેહ દિવ્ય હોય છે.

# ૨૨

શ્રીજીમહારાજે મૂર્તિમાં રસબસ જોડી દે તેવો બ્રહ્મયજ્ઞ આપણી પાસે કરાવ્યો. એ બતાવે છે કે પોતે સારીયે અનાદિમુક્તની સભા કરી પ્રત્યક્ષ બિરાજે છે, નહિતર આવો દિવ્યાનંદ ક્યાંથી હોય? મહારાજે કૃપા કરીને એવા આશીર્વાદ આપણા ઉપર વરસાવ્યા છે. પરમ દયાળુ મહા અનાદિમુક્ત બાપાશ્રીએ આપણને શ્રીહરિની દિવ્ય મૂર્તિમાં વગર સાધને જોડી દીધા છે. ભગવાનના સંકલ્પથી પોતે કૃપાસાધ્ય બન્યા. પોતે શ્રીજીમહારાજના સંકલ્પથી પધારેલા અનાદિ મહામુક્તરાજ હતા એટલે તેઓ શ્રીહરિના સંકલ્પ અવતાર કહેવાયા. મહારાજના સંકલ્પ અવતાર શું ન કરી શકે? જીવ ઉપર દૃષ્ટિ કરે એ ભેગા આવરણો ભેદાઈ જાય. અને મહારાજની મૂર્તિનું સુખ આવવા માંડે. એવી કૃપા આપણા ઉપર વરસાવી ભગવાને મોટી દયા કરી કે આપણા સૌ માટે, આપણા સત્સંગ માટે પરમકૃપાળુ બાપાશ્રીને મોકલ્યા એ કાંઈ થોડી વાત નથી.

અહીંયા એક વાત સ્પષ્ટ કરું. છત્રીએ કરી હતી. અહીંયા ફરી કરું છું. બધાની સમજણ માટે એ ખૂબ જરૂરી છે. સત્સંગમાં એક અણસમજણ પ્રવર્તે છે. છત્રી બાપાશ્રીની દિવ્ય તપોભૂમિ છે. એ ભૂમિ ઉપર શ્રીજીમહારાજ આઠ વખત પધારેલા. અને ત્યાં કૃષ્ણ સરોવર કરીને તલાવડી છે. શ્રીજીમહારાજે એ સ્થાને

સંતોએ સહિત એ તલાવડીમાં સ્નાન કરીને, એ સ્થાને બિરાજીને મૂર્તિ સંબંધી વાતો કરી હતી. એ પ્રસાદીના સ્થાનમાં બાપાશ્રીની સ્મૃતિરૂપ એક મોટું સ્વામિનારાયણનું ભવ્ય મંદિર બંધાયું છે. એ સ્મૃતિ સ્થાન છે. ચિત્તને આકર્ષી લે તેવી સ્વામિનારાયણ ભગવાનની સરસ મનોહર મૂર્તિઓ ત્યાં પધરાવેલી છે. એ મૂર્તિના દર્શન કરતાં હર કોઈ ભક્તજનને એ મૂર્તિમાં ખેંચાણ થાય છે. બાપાશ્રીના દિવ્ય સ્મૃતિરૂપ એ સ્થાનમાં અનાદિ મહામુક્તરાજ બાપાશ્રીની પ્રતિમા પણ પધરાવી છે. સત્સંગમાં જૂની ગ્રંથિને લઈને, જૂની પ્રણાલિકાની બહુ સમજ નહિ હોવાથી ગરબડ પેદા થઈ છે. મન એ એવું ખરાબ છે કે એકવાર એમાં એક વસ્તુ ઘૂસી જાય તો એને બહાર કાઢવી બહુ કઠણ પડે છે. ઘણીવાર તો વર્ષો જતા રહે. કોઈને એમ સંકલ્પ થાય કે શ્રીજીમહારાજના પડખે અનાદિ મુક્તરાજની મૂર્તિનું સ્થાપન કે પધરાવવી શા માટે જોઈએ? હું એમ કહું છું કે એ ખાસ જરૂરી છે. જો ભગવાનના સંકલ્પથી કોઈ મુક્ત પૃથ્વી ઉપર પધારે અને એમના સમાગમમાં આવ્યા હોય તેઓ શ્રીજીમહારાજની પડખે અનાદિમુક્તની મૂર્તિ પધરાવે એમાં હું કોઈ જાતનું ખોટું નથી જોતો. ભારતની સંસ્કૃતિ પ્રમાણે સીતા-રામ, રામ-લક્ષ્મણ-સીતા. લક્ષ્મણજી અને સીતાજી એ ભગવાન નથી એ સેવક છે. એ બંને માટે આપણે એમ કહી દઈએ કે આખા ભારતમાં સીતાજી અને લક્ષ્મણજીને સેવક તરીકે રામચંદ્રજી પાસે નહિ પધરાવો. તો ચાલશે ખરું? નહિ ચાલે. મહારાજ અને તેમના અનાદિમુક્ત હંમેશાં સાથે

હોય છે. અનાદિમુક્ત પાસેથી ભગવાન સ્વામિનારાયણની મૂર્તિ સુધી લઈ જઈ અને જોડી દે છે તેવી પ્રેરણા મળે છે તો શા માટે નહિ લેવી? સીતાજી પાસે શું મળે છે? દિવ્ય પ્રેરણા મળે છે. રાધાજી અને લક્ષ્મીજી પાસેથી પણ દિવ્ય પ્રેરણા મળે છે. એ કંઈ થોડા ભગવાન છે?

કૃષ્ણ અવતાર એ સૌથી મોટો અવતાર છે, પણ સાથે રાધાજી ન હોય તો ખોટ લાગે છે, ખામી લાગે છે. અત્યારે બધી જગ્યાએ જુઓ રાધા અને કૃષ્ણ. રાધાજી તો ઊભા જ હોય. કોઈ એવી ભૂલ નથી કાઢતું કે રાધાજીને ન પધરાવાય.

મહારાજના અનાદિમુક્ત જેને મૂર્તિમાંથી ભગવાને પ્રગટ કર્યા. પોતાની દિવ્ય સ્વરૂપવાળી મૂર્તિના સ્વરૂપને સમજાવાને માટે. તેઓ એક મૂર્તિ પાસે ખાલી ઊભા રહે તો મગજમાં ગરબડ થાય. અને એમ થાય કે ઉપાસના ભંગ થયો. આ કંઈ બુદ્ધિ છે? ભણેલા-ગણેલાઓ, પીએચ.ડી. થયેલાઓ પણ આ ગ્રંથિથી પીડાય છે. વૈજ્ઞાનિક દૃષ્ટિએ પણ આવા દિવ્ય મુક્તો પધરાવી શકાય. પાછા એની દલીલ શું કરે છે એ ખબર છે? એમના સેવકની મૂર્તિ પધરાવેને તો ઉપાસના ભંગ થઈ જાય. અનાદિમુક્ત સેવક કહેવાય અને મહારાજ સ્વામી કહેવાય. તો રામચંદ્રજી સાથે સીતાજીને રાખ્યા તો તુલસીદાસજીની ઉપાસના ક્યાં રહી? તો પેલાને કહોને? આ વૈજ્ઞાનિક સાદું-સીધું સત્ય સમજ્યા વગર સત્સંગમાં ગરબડ ઊભી કરે. અને એ ભગવાનની મૂર્તિનું સુખ ન આવવા દે. મને ખબર નથી પડતી કે આ વૈજ્ઞાનિક યુગમાં આવી

ગેરસમજ કેમ ચાલે છે? શું મગજ જડ થઈ ગયા છે? બોલો? વાત ખોટી હોય તો જવાબ આપો.

એક જણે મને એમ કહ્યું કે બધા ય પોતાના ગુરુને ભગવાન સાથે મૂકી દે. ત્યારે હજારો વર્ષ થઈ ગયા છતાં રાધાજી અને લક્ષ્મીજીની જગ્યાએ બીજા કોઈ ગુરુને પધરાવ્યા? અરે એવા મામૂલી ગુરુને કોઈ પધરાવતું હશે? જરાક તો વૈજ્ઞાનિક રીતે સમજીએ. અરે એક જરા અભણ હોય એ પણ ન પધરાવે. જેનામાં માલ ન હોય એવા ગુરુને બેસાડી દે કોઈ? એ તો જે ભગવાનના સંકલ્પથી પધાર્યા હોય એ મહારાજ પાસે ઊભા રહે. અને દિવ્ય પ્રેરણા આપે એ શા માટે ન લેવી? આ તો ભારતની સંસ્કૃતિ છે એમાં ઉપાસના ક્યાં જતી રહી? ઉપાસનાનો અર્થ પણ ખબર ન હોય એવા ગતાગમ વગરના હોય છે. ઉપાસના કોને કહેવાય? નિશાન ચૂકવું નહિ અને મુકામ મુકવો નહિ. નિશાન એટલે આજ્ઞાઓ ચૂકવી નહિ અને મુકામ કહેતા ભગવાન સ્વામિનારાયણની મૂર્તિ. એ મુકામ એક જ રહે. પછી કોઈ આજ્ઞા કે ઉપાસનાનો ભંગ થયો કહેવાય?

એમ અનાદિમુક્ત તો મહારાજની મૂર્તિમાં રહીને મૂર્તિમાં લીન થઈ જાય છે. પછી ઉપાસ્ય મૂર્તિ તો એક શ્રીહરિ જ રહે છે. ક્યાં ઉપાસના ભંગ થઈ? શું ઉપાસના? અરે ધ્યાનમાં પૂરી મૂર્તિ ન દેખતા હોય અને ઉપાસના-ઉપાસનાની ખોટી માથાકૂટ કરતા હોય. એક પાંચ મિનિટ જો મૂર્તિ નખ-શીખા જોવી હોય તો પણ શક્ય બનતું નથી. અને સમજ્યા વગરની ઉપાસનાના

મોટા થોથાની વાતો કરે. એક ને એક બે જેવી વાત હોય તેમાં આમ ચાળા કરે, આમ ચૂંથણા કરે તેમાં કશું જ ઠેકાણું હોય નહિ. મને નવાઈ લાગે છે કે મેં જ્યારે આવી વાત કરી ત્યારે એક લાખ માણસની મેદનીમાંથી એક પણ જણે વિરોધ ન કર્યો. એનો અર્થ તો એ થયો કે એ પાછળથી ગરબડ કરે છે. કારણ કે, એકવાર મગજમાં ગ્રંથિ પડી ગઈ હોય ને એ કાઢે તો નાના દેખાય. કે ભાઈ હવે કાઢીશ તો એમાં પ્રતિષ્ઠા નહિ રહે. એટલે પકડ્યું ઠૂંઠું મૂકે જ નહિ.

હવે એક વાત કરું. આ દિવ્ય સભા છે. એમાં આખા ભારતમાંથી કોઈ પણને પ્રશ્ન પૂછવો હોય તો પૂછે કે આમાં કોઈ ઉપાસના ભંગ છે? ચાલો, આપણા શાસ્ત્રોમાં પણ છે. વૈજ્ઞાનિક રીતે એક વત્તા એક બરાબર બે, નહિ કે ચાર. એવી જ વાત કરવી. એવી જ ન કરીએ? તો પછી શાસ્ત્રોના ચૂંથણા કરવા જ ન પડે. એવા ભગવાનના અનાદિમુક્ત આ પૃથ્વી ઉપર કોઈ યુગમાં એકાદવાર જ આવે. બાપાશ્રી શું કહેતા કે મહારાજ અમને જે બ્રહ્માંડમાં મોકલે ત્યાં જઈને અમે મહારાજની સર્વોપરીતાનો ડંકો વગાડીએ છીએ. સર્વોપરીનો ડંકો વગાડવો સહેલો છે? ત્યારે એ કામ પોતે કર્યું. ભગવાનની જેમ આપણા ઉપર કૃપા વરસાવી. ભગવાને જે કાર્ય એમણે સોપ્યું તે એમણે પાર ઊતાર્યું. તો એ અનાદિમુક્તનું સ્વરૂપ સાથે રહે. જેમ રામ-લક્ષ્મણ અને સીતાજી શોભે છે. અવરભાવની દૃષ્ટિએ કહીએ તો એ બે ન હોય તો ખોટ જણાય છે અને પરભાવની

દૃષ્ટિએ સર્વ સેવકો ભગવાનને લઈને શોભે છે.

ભગવાન એમ કહે છે કે મારા મુકતો એ મારો શણગાર છે, આભૂષણ છે. એમના લીધે તો હું શોભું છું. આવી પ્રેમ વર્ષા કરે છે. પોતાના મુક્ત કેટલા વહાલા છે વિચાર કરીએ. અને એમ કહ્યું, 'સંત તે સ્વયં હરિ'. એ સંત તો સેવક છે. એમ કેવું સરસ વહાલ બતાવ્યું. સંત તે હું ને હું તે સંત. આવું ભગવાન બોલે છે. ભગવાન સાથે રસબસ થઈ જવાય ત્યારે ભગવાનની વાણી સમજાય. તો બાપાશ્રીની મૂર્તિ ત્યાં પધરાવી છે એ મારી દૃષ્ટિએ અને ભારતીય સંસ્કૃતિની દૃષ્ટિએ બિલકુલ ઉચિત છે. એનો શું વાંધો છે? જ્યારે ત્યારે આ જડતા કાઢવી પડશે. મૂર્તિ મુખ્ય આવવી જોઈએ. પછી ક્યાં રહ્યું? જો ચૈતન્યમાં શ્રીજીમહારાજ સિવાય બીજું કાંઈ ન હોય તો ઉપાસના ભંગ કહેવાય ખરો? બોલો? ના. નથી. ચૈતન્યમાં એક શ્રીહરિની મૂર્તિ ધર્મ-ભક્તિના પુત્રની જ રહેવી જોઈએ.

મહારાજ તો એમ કહેતા હતા કે અમે તો કોઈના પુત્ર નથી. અમે કોઈના બાપ નથી. છતાં અવરભાવની દૃષ્ટિએ એમ કહેવાય કે ધર્મ - ભક્તિ સૂત શ્રીહરિ. એ મૂર્તિ જ ચૈતન્યમાં પધરાવવી. બાપાએ કહ્યું છે, શ્રીહરિની મૂર્તિ એ આપણો મુકામ છે. અક્ષર કોટી સુધી કોઈ મુકામ નથી. એમાં રહેતા જ નથી. એવા આશીર્વાદ આપી દીધા. હવે એ દિવ્ય સ્વરૂપ અનાદિ મહામુક્તરાજ મહારાજ સાથે રાધાજી-કૃષ્ણની જેમ માને તો કેટલું સારું! તો આ ખોટી સમજણ સારા ય સત્સંગમાંથી કાઢવાની જરૂર છે.

અને એવી માથાકૂટ કરે છે કે આ ગ્રંથ આમ છે તેમ છે. વચનામૃતનું નાંકુ સમજતાં ન આવડતું હોય. એક વચનામૃત વાંચીને પૂછીએ તમે કાંઈ સમજ્યા? તો એવી વાત કરે કે... હમણાં એક વાત ન કરી એક સાધુ આવ્યા હતા. આવી વાતો કરે. એટલે ભગવાન અને ભગવાનના અનાદિમુક્તનો વિરોધ કરતા પહેલાં સો ગરણે પાણી ગાળવું જોઈએ. નહિતર ક્યાંથી થાય? આવડા મોટા મુક્તનો સહેજ પણ અપરાધ થઈ જાય તો મોક્ષનું દ્વાર બંધ થઈ જાય. મૂર્તિ દેખાય જ નહિ.

ગોપાળાનંદ સ્વામીના મોટામાં મોટા એક શિષ્યએ મહાનુભાવાનંદ સ્વામી વિશે સંકલ્પ કર્યો, સ્વામીને વિશે આમ છે, તેમ છે એવું બોલ્યા હતા, તો મૂર્તિ જતી રહી. અંધકાર છવાયો. એ તો જ્યારે એણે મહાનુભાવાનંદ સ્વામી પાસે જઈ ક્ષમા માંગી ત્યારે પાર આવ્યો અને અંતરમાં મહારાજ દેખાયા. કેટલાક પંડિતો એવા હોય કે પોતાના વર્તમાનમાંય ઠેકાણાં ન હોય. આજ્ઞા એક પણ સરખી પાળતા ન હોય. અંતર્વૃત્તિનું તો ઠેકાણું ન હોય. શાસ્ત્રો ભેગા કરીને વાંચે અને બેઠા-બેઠા ગોખેલી વાતો કરે. એવી ગોખેલી હોય કે માથું જ ભમાવી મૂકે. મૂર્તિ તો ક્યાંય રહી જાય. કોઈ દિવસ પંડિતોની વાતો ન સાંભળવી હોં! કારણ કે નવરા બેઠા આ જ ધંધો કરે. એમાંથી થોડું લે ને આમાંથી લે ને પછી ભેગું કરે. આમ જોડે ને આમ જોડે ને એવું માથું ફેરવે કે વાત મૂકી દો. માટે ભગવાને કહ્યું કે હું પંડિતોથી પચાસગાઉ દૂર છું અને વિશ્વાસીને શીશ છું. એટલે વિશ્વાસીને ભગવાન

અને ભગવાનના સ્વરૂપને વિશે સંકલ્પ થતો નથી. તો વિશ્વાસીને ભગવાન અને ભગવાનના અનાદિમુક્તને વિશે કોઈ જ સંકલ્પ થતો નથી એ વિશ્વાસી કહેવાય. સંશય રહિત. ગરબડમાં સુખ આવે? કેવી રીતે આવે કહો? ગરબડ ચાલતી હોય તો સુખ આવે? મનની સ્થિરતા થાય નહિ. આખો દિવસ આ જ વિચાર કરે કે કેમ ખંડન કરવું, કેમ આમ કરવું ને કેમ તેમ કરવું. એવું શોધી કાઢે કે વાત મૂકી દો.

એક જણ ભગવત્‌સ્વરૂપદાસજી સ્વામી પાસે આવ્યો. તેણે આવડું મોટું લીસ્ટ ધર્યું કે આટલા વાંધા છે. સ્વામીએ મને કહ્યું કે હું ધ્યાન કરું છું ને તમે એને જવાબ આપો. મહારાજ તમારી સાથે છે. એને ઓરડામાં બેસાડ્યા. પછી મેં એમને કહ્યું કે હું જવાબ આપું એની સામે તમે ઉત્તર ન કરી શકો તો મારી વાત માન્ય રાખવી બરાબર છે? તો કહે, હા બરાબર છે, એનો જવાબ ટૂંકામાં ટૂંકો આપું પછી એ મૌન સેવે. જ્યારે એને કેટલું ય કહેવું હતું. પછી કહે હા મહારાજ. એમ ઓગણીસ પ્રશ્નોના ઉત્તર એક બે વાક્યમાં જ આપ્યા.

એક વત્તા એક બરાબર બે જેવી વસ્તુ છે. બોલો. અત્યારે હાળું આવું બધું ચાલે છે. પ્રશ્નો ખુશીથી પૂછવા. છૂટ છે, પણ ગ્રંથિ કાઢવા માટે. મારો સમય કાંઈ બગાડવા માટે નથી. અહીં કંઈ કોઈ ગામ ગપાટા કે ખોટી ચર્ચા કરી અને સમય બગાડવા માટે થોડા છીએ? જો જવાબ બરાબર લાગે અને એને આચરણમાં મૂકવો હોય તો શ્રીજીમહારાજની સાક્ષીએ પ્રશ્ન પૂછવા આવવું.

નહિતર ન આવવું. ભગવાન અને ભગવાનના મુક્તોને એવો સમય નથી કે જે તમારા માટે ફાળવ્યા જ કરે. તમારી શું પડી છે? તમારે એમની પડી છે. એક વાત સ્પષ્ટ કર્યા પછી તમે જ્યાં જાવ ત્યાં જો ગેરસમજ ચાલતી હોય તો એ વાત સ્પષ્ટ કરો.

ગયા વખતે કહેલું કે પ્રશ્નો હોય તો કહેજો તો આ ત્રણ-ચાર પ્રશ્નો આવ્યા છે. એ પ્રશ્નો મૂર્તિ સંબંધી છે. સારા પ્રશ્નો છે. મારો કંઠ હવે બરાબર ચાલતો નથી. છતાં કોઈ કામ માટે ભગવાન થોડીવાર ચલાવે છે. પ્રશ્નોમાં એક પ્રશ્ન એવો કર્યો છે કે પહેલેથી તમારા સ્વાનુભવો કહો તો સૌને લાભ થાય. એ તો શુભ છે, પરંતુ મારે પણ ધર્મસંકટ હોય ને? શું ધર્મસંકટ? મારું મર્યાદિત અંગ છે. જો સ્વાનુભવો કહું તો મર્યાદાના અંગનો લોપ થાય. એ સ્વાનુભવમાં કોઈવાર આત્મપ્રશંસા જેવું બીજાને લાગે તો શિક્ષાપત્રીનું વચન લોપાય. સ્વાનુભવો પૂછવા એ સારી વાત છે, પણ મારા માટે ધર્મસંકટ. એટલે પ્રશ્ન કરનાર એવો આગ્રહ ન રાખે એમ હું ઇચ્છું છું. ટૂંકમાં આપણા સૌનો સ્વાનુભવ શું છે? મહારાજની મૂર્તિ. એમ મારો પણ અનુભવ મહારાજની મૂર્તિ. જેમ તમારો એવો મારો. તો સ્વાનુભવ થઈ ગયો ને? તો આપણા સૌનો એક જ સ્વાનુભવ પરમ કૃપાળુ શ્રીહરિના દિવ્ય સ્વરૂપની મૂર્તિ.

બીજા એક પ્રશ્નમાં પ્રશ્નકર્તા એમ કહેવા માંગે છે કે વાહનમાં બ્રેક મારે ત્યારે આપોઆપ પગ પડી જાય છે. તો મૂર્તિમાં આપોઆપ કેમ એવું નથી થઈ જતું? વાહન

હંકારે એને ચલાવવામાં બરાબર પ્રભુત્વ આવી ગયું હોય. આંખો મીંચીને પકડે તો પણ ગાડી સરસ ચલાવે. એણે એટલો બધો મહાવરો કર્યો હોય કે કુદરતી રીતે જ કોઈ આડું આવે તો બ્રેક પડી જાય. એમ મહારાજની મૂર્તિનો એવો અભ્યાસ નિરંતર થયા કરે, ચાલુ રાખે તો સહજ થઈ જાય. જેમ બ્રેક ઉપર પગ પડી જાય, તેમ સહજ જ મૂર્તિ ન ભૂલાય. અરે ભૂલે તો પણ ન ભૂલાય. એવું થઈ જાય. એ નિરંતર અભ્યાસ ૧૮ વર્ષ સુધી કરો જોઈએ ચાલો. થયા વગર રહે ખરો? થાય જ. તો આ પ્રશ્નકારને મૂર્તિ દેખાય છે, એનો અર્થ એ કે એણે મૂર્તિ દૃઢ કરી છે ખરી. ખરેખર જો એમ હોય તો હવે એ દૃઢ કરતાં વાર નહિ લાગે. હવે નિરંતર અભ્યાસથી કીર્તનગાન ચાલુ રાખે અને ગોપીની જેમ, ગોપી કોણ? નંદ સંતો. એની જેમ ભગવાનની મૂર્તિમાં પ્રેમમગ્ન થઈ જાય તો મૂર્તિ ન ભૂલાય. પછી તો આપોઆપ જેમ બ્રેક ઉપર કન્ટ્રોલ હોય એમ આપોઆપ દેખાયા જ કરે. ગમે તેવું કામનું ભારણ હોય તો તેને તે ન લાગે.

હવે એવું લાગવા માટે એ ભાઈને બે મૂંઝવણ છે. ઊભી - બેઠી ગમે તે એક મૂર્તિને સન્મુખ જુએ છે. ઊભી એટલે ઊભી જ મૂર્તિ દેખાય. એક વૃત્તિ કામમાં રાખે છે અને બીજી વૃત્તિ મહારાજની સામે રાખે છે. હવે બે વૃત્તિએ કામ કરે એ ગાડું કેટલું આગળ ચાલે? ભૂલી જ જાયને? એક વૃત્તિ જ્યારે કામના ભારણમાં બરાબર પરોવાય, એટલે મૂર્તિ સામેની વૃત્તિ બંધ થઈ જાય. એ કુદરતી છે. એ બંધ ન થાય એટલા માટે બાપાશ્રીએ

પ્રતિલોમ ધ્યાનની લટક શીખવી. શું શીખવ્યું? મહારાજે જે શીખવ્યું એ બાપાશ્રી સ્પષ્ટ કરે છે. મહારાજે ગોપાળાનંદ સ્વામીને કહ્યું કે સ્વામી આકારે રહિત વર્તો. ત્યારે બધા સંતોને એમ થઈ ગયું કે, આ મહારાજે નિરાકારની વાત કરી નાંખી! અરે ભાઈ, નિરાકારની વાત નથી કરી. સ્વામીને જ્યારે પ્રશ્ન પૂછ્યો. ત્યારે સ્વામીએ એમ કહ્યું કે આકાર રહિત વર્તો. એનો અર્થ એ છે કે આ તમારા દેહનો આકાર ભૂલી જાઓ અને એક મારો જ આકાર યાદ રાખો. તો આ દેહ છે એ ભૂલી જઈએ અને મહારાજ બિરાજે છે. મૂર્તિ અહીં ન દેખાય? એમ દેહમાં રહીને ચૈતન્ય કામ કરે છે કે સામે ઊભા રહીને કામ કરે છે કહો? દેહમાં રહીને કામ કરે છે. એમ મહારાજની મૂર્તિમાં ચૈતન્ય જ્યારે ભાગવતીતનુ, ભગવાનના આકારે આકાર. વચનામૃતમાં લખે છે ને પોતાનો આકાર આપી દે છે. ભગવાનના આકારે થાય, એ દિવ્ય સ્વરૂપમાં આપણે રહી જવું. અંદર રહીને મહારાજને બધી જ ક્રિયા કરતા જુઓ તો પછી આમ (સન્મુખ) જોવાનું ન રહે. પછી આમ જ કાર્ય (પ્રતિલોમપણે) બરાબર થાય કે નહિ કહો? થાય જ. અરે! મહારાજ કરે છે. હાથ એનો, મસ્તક એનું, આંખ બધું જ એનું થઈ ગયું. અંદર રહીને જોવાનું. પછી ક્યાં કામનું ભારણ એને રોકી શકે? એનો નિરંતર અભ્યાસ કરો. જેમ આમ બેઠી મૂર્તિ બેઠી રહે છે એવું છે? એ તો દિવ્ય કર્તા થઈ બધું જ કરે છે. આપણી જે જે ક્રિયા હોય એ બધી કરે છે. જણ - જણ પ્રત્યે ક્રિયા કરે છે

એ બધી એની છે. બોલવું - ચાલવું કરે તો ય એ, બીજી બાજુ હાથ નમે તો એ. અરે એ તો બધું જ કરે, પણ દિવ્યભાવમાં એનો આનંદ ઔર હોય છે. પરંતુ એ જ આનંદને પામવાને માટે આ પ્રતિલોમ ધ્યાનની રીત, એ જો કરીએ આ (દેહનો) આકાર ભૂલી જઈ આ (દેહના) આકારની જગ્યાએ મહારાજનો આકાર ખડો કરી દઈએ અને મૂર્તિ સાથે જોડાઈ જઈએ તો બ્રેક ને બ્રેક એવું બધું કાંઈ ન થાય. એ તો આપોઆપ બધું થાય.

## સારાંશ

ભગવાને આપણા સૌ પર દયા કરી, આપણા સૌના આવરણો હટાવવાને માટે તેમના સંકલ્પસ્વરૂપ બાપાશ્રીને આપણી વચમાં મોકલ્યા. ભગવાનના અનાદિમુક્ત પાસેથી આપણને મૂર્તિ સુધી પહોંચવાની પ્રેરણા મળે છે, આશીર્વાદ મળે છે. માટે જ તેઓ ભગવાનની બાજુમાં ઊભા છે. તેમાં કાંઈ ખોટું નથી. અનાદિમુક્તને વિશે સહેજ પણ સંકલ્પ થઈ જાય તો અપરાધ થઈ જાય. મોક્ષના દ્વાર બંધ થઈ જાય. મૂર્તિ ન દેખાય. ભગવાન અને ભગવાનના અનાદિમુક્તમાં વિશ્વાસ રાખવો. તો કામ થઈ જાય. પોતાની અણસમજ દૂર કરવા અનાદિમુક્તને ચોક્કસ પ્રશ્ન પૂછાય, પણ અમસ્તા જ પ્રશ્નો પૂછી તેમનો અને પોતાનો સમય બગાડવો નહિ.

ઉપાસના એટલે આજ્ઞાઓ એક પણ ચૂકવી નહિ અને ભગવાન સ્વામિનારાયણ સિવાય બીજું કાંઈ રહે

નહિ એ ઉપાસના. ભગવાન સાથે રસબસ થઈ જવાય ત્યારે જ ભગવાનની વાણી સમજાય. ભગવાનની મૂર્તિ ધારવાનો નિરંતર અભ્યાસ કરે તો મૂર્તિ દેખાવી સહજ બની જાય. દરેક કાર્યમાં તે દેખાય એવી દૃઢ થઈ જાય. ત્યાર પછી કામનું ભારણ ન લાગે. વૃત્તિ સદાય મૂર્તિમાં રહે તે માટે પ્રતિલોમ ધ્યાન કરવું. અને એમ થતાં આપણામાં રહી બધી ક્રિયા મહારાજ કરે છે, એવું અનુભવાય.

# ૨૩

સ્વામિનારાયણ ભગવાનની દિવ્ય સભાને કોટાન કોટી દંડવત્ પ્રણામ સહ વંદન કરું છું. આજનો આ પ્રસંગ છે તેને સૌથી મહાન સમજું છું. તે એટલા માટે સમજું છું કે જ્યારે ભગવાન પ્રગટ થાય છે, ત્યારે જેને પ્રભુ મેળવવાની ઇચ્છા હોય તેને પ્રભુ પોતે જ શોધી કાઢે છે. તેમ અનાદિ મુક્તરાજ સોમચંદબાપાએ બાપાશ્રીના વચન અનુસાર ઘરો-ઘર જઈને એવા મુમુક્ષુઓ કે જે મહારાજને ઓળખી શકે એવાને શોધી કાઢ્યા અને તેમના ચૈતન્યમાં મહારાજની મૂર્તિ પધરાવી દીધી. તેને ખબર ન પડે એવી રીતે પધરાવી દીધી. તેમણે ઘેર-ઘેર જઈને શ્રમ, દુઃખ સહન કરીને એ એક જ કાર્ય કર્યું. અને એવું બળ મૂક્યું કે ભગવાન સ્વામિનારાયણ સિવાય અન્ય શાસ્ત્રોની વાતો કરતા નહિ. અન્ય શાસ્ત્રો કણને ઠેકાણે છે અને ભગવાન સ્વામિનારાયણના શાસ્ત્રો ભોજનને ઠેકાણે છે. જેમાં સર્વસ્વ આવી જાય છે. ભક્ત ભગવાનરૂપ થઈ જાય એવી એમની દિવ્યવાણી હતી.

રાત્રે પણ બાર-બે વાગ્યા સુધી વાતો કરતા. ત્યારે ઘરમાં કોઈ પણ હોય, બાળક હોય તે પણ એકચિત્તે તેમની વાતો સાંભળતા. સામાન્ય રીતે રોજ કોઈ ઉઠાડે તો શરીરમાં આળસ દેખાય અને એમ થાય કે થોડીવાર વધારે સૂઈ રહીએ, પણ સોમચંદબાપા આવે ત્યારે બધા ટપોટપ વહેલા ઊઠી તૈયાર થઈ જાય. પછી દરરોજ બાપા

મોડી રાત સુધી વાતો કરે અને ઉજાગરા થાય. એટલે પછી બાપા સમજે કે જો હવે એક દિવસ વધુ રહીશ તો બધાના શરીર બગડશે. એટલે પછી બીજે જાય, એમ ઘેર-ઘેર ફરી સત્સંગ કરાવે.

સવારમાં ઊઠી પોતાના હાથે ખીચડી મૂકે તેમાંથી બીજાને પ્રસાદી પણ આપે. ખીચડી મૂકીને વાતો કરે. જમતાં-જમતાં પણ મહારાજની વાતો કરે, સમજાવતા જાય. એમ ઘરોઘર જઈને સ્વામિનારાયણ ભગવાનને ઓળખાવ્યા. એ કેવડી મોટી વાત કહેવાય?

હું આ જન્મજયંતી અને અંતર્ધાન તિથિમાં કોઈ ફરક સમજતો નથી. જન્મ જયંતી અને અંતર્ધાન તિથિ વખતે જન્મથી માંડીને દર્શન બંધ કર્યા ત્યાં સુધી જે જે કાર્યો કર્યાં તે થોડું થોડું યાદ કરવું જોઈએ. અનાદિમુક્તને યાદ કરવાનું ખરું કારણ એ છે કે મહારાજ જુએ છે કે મુક્ત દ્વારા મેં કરેલા કાર્યો કોઈ ભૂલી જાય છે ખરા? એવા મુક્તની સ્મૃતિ કર્યા પછી મહારાજની મૂર્તિમાં જોડાય તો જલદી જોડાવાય છે. આવરણ ટળે એટલે મૂર્તિ મળે. મુક્ત મૂર્તિમાં અદૃશ્ય થઈ જાય, પણ સદાય સાથે જ છે. જે મુક્ત આપણને પ્રગટ મળ્યા હોય તેમની સ્મૃતિ પહેલી કરવી.

બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી જેવા મહામુક્તોને સંભારીને પ્રાર્થના કરવી, વિનંતી કરવી, સ્મૃતિ કરવી. પછી પરભાવમાં બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી એવું કંઈ રહેતું નથી. કોઈ પણ એક મુક્તને સંભારીએ તો એમાં

બધા આવી જાય છે. 'એક મુનિમાં અનેક મુનિના વૃંદ' એમ કહ્યું છે. મહારાજને પામવાનો આ એક જ રસ્તો છે. મહારાજના અનાદિમુક્ત ઓળખાયા એટલે મહારાજનો મહિમા સમજાઈ જાય છે. એકવાર ઇચ્છા થાય પછી ભગવાનના મુક્ત કૃપાદૃષ્ટિ કરે ત્યારે ભગવાનનો મહિમા સમજવાની ઇચ્છા થાય અને પછી મહારાજને દેખવાની ત્વરા થાય. મહારાજનો મહિમા પણ મુક્ત થકી જ સમજાય છે, એ ઘાંટી જબરી છે. ભગવાન પોતે મુક્તમાં રહીને સમજાવે છે. સેવવા જેવા મુક્ત હોય તેમની ઓળખાણ પણ ભગવાન પોતે જ કરાવે છે.

આજનો દિવસ હું એટલે મહત્ત્વનો કહું છું કારણ કે ભગવાનની જયંતી તો બધા ઉજવે, પણ મહારાજ કહે છે કે અમારા મુક્તની જયંતી ઉજવે તેના ઉપર હું વિશેષ રાજી થાઉં છું. મહારાજ કહે છે કે મારી સેવા કરતાં મારા મુક્તની સેવા કરે તેના ઉપર હું વધારે રાજી થઉં છું. મુક્તની સેવામાં પોતાના દેહને સુખડની જેમ ઘસી નાંખવો. મહારાજ પોતાના મુક્ત પર કેટલા બધા રાજી છે! કહે છે કે મારા મુક્ત મૂર્તિ ઓળખાવીને મૂર્તિમાં લીન થઈ જાય છે. તેઓ મૂર્તિ ઓળખાવે નહિ ત્યાં સુધી જંપતા નથી. જ્યારે જીવોને મૂર્તિ ઓળખાવે ત્યારે તેમનું કાર્ય પૂરું થાય. મહારાજનું કાર્ય કરવા માટે મુક્ત સર્વોપરી માધ્યમ છે. મુક્ત મૂર્તિથી કદી યે જુદા નથી. મહારાજની મૂર્તિમાં મુક્ત સળંગ રસબસભાવે સુખ ભોગવે છે તે સુખનો કોઈ પાર નથી. એ સુખથી પર બીજું કાંઈ નથી.

મુક્ત મનુષ્યચરિત્રો કરે છે. એ એટલા માટે કરે છે

કે આપણને તે અનુકૂળ પડે છે માટે કરે છે. આપણને ભગવાનનું સ્વરૂપ ઓળખાવવા માટે પોતે બધું જ કરતા હોય છે. જે મુક્તો સ્વામિનારાયણ ભગવાનના સંકલ્પથી પ્રગટ થાય એ શ્રીજીમહારાજના સંકલ્પ સ્વરૂપ કહેવાય. એ ન સમજાય ત્યારે ભ્રાંતિ જેવું થઈ જાય, પણ આમાં ભ્રાંતિ થાય એવું છે જ ક્યાં? મુક્ત તો આસુરી જીવ કે દૈવી જીવ એવું કાંઈ જોતા જ નથી. એ તો કૃપાનો વરસાદ બધા ઉપર સરખો જ વરસાવે છે. પણ આસુરી જીવ હોય તે તેને ઝીલી શકે નહિ. પરંતુ મુક્તની કૃપામાં આવ્યા પછી આસુરી જીવ વહેલામાં વહેલી તકે આસુરીભાવ છોડી દૈવી થઈ ભગવાનને ઓળખશે. તેથી મુક્તો બધા ઉપર સરખી કરુણા વરસાવે છે. મહારાજ ધીમે-ધીમે બધાને પોતાના સુખમાં લઈ જશે.

શ્રીજીમહારાજ તો જીવના થઈને જ રહ્યા છે, પણ જીવો ભગવાનના થતા નથી. અનાદિમુક્તો મહારાજની મૂર્તિમાં જ લીન હોય છે એટલે મૂર્તિના અતિ પ્રકાશને લીધે મુક્તો દેખાતા નથી. ધ્યાન કરવાના અભ્યાસથી મૂર્તિ સરસ દેખાય. દરેક કાર્યમાં એમની સ્મૃતિ રાખવી. બાપા જ્યાં જ્યાં ગયા છે, ત્યાં ત્યાં એ સુગંધ સહુના જીવનમાં દેખાયા વગર રહેતી નથી.

આજે સમય ઘણો થયો. મુક્તની સ્મૃતિ સહિત તેમને કોટી કોટી વંદન કરી શ્રદ્ધાંજલિ અર્પીએ. શ્રીજી આપણા ઉપર ખૂબ કૃપા વરસાવે. આ પ્રસંગમાં આવ્યા ન આવ્યા અને કદાચ જો કોઈને ભૂલી ગયા પછીથી યાદ આવે તો પણ તેમના ઉપર શ્રીજીની કૃપા અવશ્ય થવાની.

અનાદિમુક્તો મનુષ્યરૂપે ન વિચરતા હોય ત્યારે તેમણે કહેલી વાણી સાંભળવી એ પણ એમનો સાક્ષાત્ સમાગમ છે. આપણને એ પોતે બધી જ વાત સમજાવી દે છે એ પણ એક ખૂબી છે. મહારાજ અને મુક્ત જતા રહેતા નથી, એવા ને એવા જ છે, ને એવા ને એવા જ સુખ આપે છે. આપણે જોઈ શકીએ છીએ કે આ સભામાં કેવી દિવ્ય વાણી બોલાય છે. જે બોલાય તે મહારાજ બોલે છે એટલે સરસ જ હોયને?

અનાદિ મુક્તરાજ સોમચંદબાપા, મહારાજ અને બાપાશ્રી સાથે જ છે. આ સભામાં જે મહામુક્તો પધાર્યા તે બધા ય મુક્તોને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી એ મુક્તોનું અખંડ અનુસંધાન રહે એવી પ્રાર્થના કરી વિરમું છું.

(અહીં દિવ્યરૂપે સભામાં પધારેલા મુક્તોની વાત કરે છે.)

## સારાંશ

પ્રભુને મેળવવાની ઇચ્છા હોય તેવા મુમુક્ષુઓને પ્રભુ અને તેમના અનાદિમુક્ત પોતે શોધી ચૈતન્યમાં મહારાજની મૂર્તિ પધરાવી દે છે. જીવને ભલે ખબર ન પડે. અને એવું બળ મૂકે કે ભગવાન સ્વામિનારાયણ સિવાય બીજો ધ્યેય ન રહે. અનાદિમુક્તની વાણી આકર્ષક હોય છે. જન્મ જયંતી અને અંતર્ધાન તિથિ બંને સરખા છે એ દિવસોએ આપણે અનાદિમુક્તને યાદ કરીએ છીએ. ભગવાન જુએ છે કે અનાદિમુક્ત દ્વારા મેં કરેલા

કાર્યો લોકો ભૂલી તો નથી જતાને? આપણને મળેલા મુક્તની સ્મૃતિ પહેલી કરવી. એક સંતમાં બધા સંતની ઉજવણી આવી જાય છે. અનાદિમુક્ત ઓળખાય એટલે મહારાજનો મહિમા સમજાય છે. પછી તેમને પામવાની ઇચ્છા થાય. મહારાજ પોતાનો મહિમા તેમના અનાદિમુક્ત દ્વારા પોતે જ સમજાવે છે. મહારાજ કહે છે મારી સેવા કરતા મારા મુક્તની સેવાથી હું વધુ પ્રસન્ન થાઉં છું. મહારાજના સંકલ્પથી જે પ્રગટ થાય તેમને મહારાજના સંકલ્પ સ્વરૂપ કહેવાય.

અનાદિમુક્ત આસુરી જીવ તેમજ દૈવી જીવ બધા પર સરખી જ કૃપા વરસાવે છે, પણ આસુરી જીવ કૃપા ઝીલી શકતા નથી, પરંતુ તેઓ વહેલામાં વહેલી તકે દૈવી થઈ જાય છે. શ્રીજીમહારાજ તો જીવના થઈને રહ્યા છે, જીવો ભગવાનના થતા નથી.

મૂર્તિના અતિશય પ્રકાશને લીધે મૂર્તિમાં લીન રહેલા મુક્ત દેખાતા નથી. મહારાજ અને મુક્ત ક્યારેય જતા રહેતા નથી એ એક ખૂબી છે.

# ૨૪

એવું કહેવાય છે કે મનુષ્ય દેહ દુર્લભ છે. મનુષ્ય દેહનો હેતુ ત્યારે જ સર્યો કહેવાય કે જ્યારે એ દુર્લભકામ સાધ્ય બને. તે દુર્લભ કામ શું, તો પ્રભુના સાધર્મ્યપણાને પમાય. એ દુર્લભ કાર્ય સિદ્ધ કરવા માટે ભગવાનને પામેલા મુક્ત-સંતનો સમાગમ અનિવાર્ય છે. એવા સંતના સમાગમ વગર સ્વામિનારાયણ ભગવાનની પ્રાપ્તિ શક્ય નથી. આ દુર્લભ મનુષ્ય દેહ દ્વારા એ જ કાર્ય સિદ્ધ કરવાનું છે.

ભગવાનનું સ્વરૂપ જો દૃઢ થાય તો ઉપાસના પરિપક્વ થવા માટે વાર ન લાગે. પણ ભગવાનના સ્વરૂપનો સાક્ષાત્કાર કરવા માટે સતત અભ્યાસ કરવો પડે. તે સંતના સમાગમમાં રહીને કરે ત્યારે આજ્ઞાનું સ્વરૂપ આત્મસાત્ થાય. ભગવાનનું વચન પાળવું તદ્દન સહેલું પણ છે અને અઘરું પણ છે. જો શ્રદ્ધાપૂર્વક આજ્ઞા પળાય તો સહેલી બની જાય. ભગવાનની આજ્ઞા એવી સરળ છે. તે સરળ છતાં પૂર્ણ છે. ભગવાન સ્વામિનારાયણે બતાવેલો માર્ગ સર્વ સમન્વયકારી, સરળ અને પૂર્ણ છે.

એ પૂર્ણતાને પામવા માટે એમણે ખૂબ કૃપા વરસાવી. પોતે કૃપાસાધ્ય બન્યા. બાપાશ્રીની વાતમાં એમ બતાવ્યું છે કે અમારા અનાદિમુક્ત દ્વારા જ્ઞાનવાણી કેવી રીતે ઉચ્ચારીએ છીએ અને કૃપાવાણી કેવી રીતે ઉચ્ચારીએ

છીએ. જ્ઞાનવાણી દ્વારા પોતાના તથા પોતાના અનાદિમુક્તને ઓળખાવે છે અને કૃપાવાણી દ્વારા દોષો રહિત કરી નિર્મળ બનાવે છે. એવી વાણી ઉચ્ચારી એમ કહ્યું કે અમારામાં વિશ્વાસ આવે, વાણીમાં શ્રદ્ધા આવે તો ભગવાન પળવારમાં મળે છે. અડગ શ્રદ્ધા થવી જોઈએ. એક સ્વરૂપ દૃઢ થાય અને તેમાં અડગ શ્રદ્ધા થાય તો એ જ ક્ષણે મૂર્તિમાં જોડાઈ જવાય. ભગવાનના સ્વરૂપમાં જોડાવાને માટે મહારાજે કાયમ સંતનો સમાગમ રાખવા કહ્યું. સંત સમાગમ સિવાય ઉદ્ધાર નથી. મુક્ત સિવાય ભગવાનનું સાચું સ્વરૂપ ઓળખવું શક્ય નથી બનતું. ઘણા સાધન કરે છે. છતાં એ સાધન જ છે. મહારાજ કહે છે કે સાધનનો ભાર રાખ્યા સિવાય અમને મુખ્ય રાખો. સાધન કરતાં કરતાં ઘણી વખત અહમરૂપી કાંટો આવી જાય છે. ભગવાનની કેવળ પ્રસન્નતાના સાધનરૂપી, સમજણરૂપી કાંટાથી અહમરૂપી કાંટો કાઢી એ બંને કાંટાનો ત્યાગ કરી દઈએ ત્યારે પાત્રતા થાય. મહારાજને જેવા જાણીએ એવા પાત્ર થવાય. પછી ભગવાનના રોમેરોમનું દિવ્ય સુખ અનુભવાય. એટલે એ સાધનો આપણને પાત્ર બનાવવામાં મદદ કરે છે. તેમજ અંતરશત્રુઓ અને માયા પણ આપણને ભગવાન તરફ લઈ જવામાં મદદરૂપ થાય છે. તેની સામે ભગવાનને સાથે રાખી સમજણપૂર્વક લડાઈ કરવી પડે છે.

ભગવાનને સાથે રાખી તે અંતરશત્રુઓ સાથે લડાઈ કરીએ ત્યારે ભગવાનરૂપ થઈ જવાય છે. તેની સાથે લડાઈ કરતાં તે હારી જાય છે પછી તે આપણને છોડી

જાય છે. તે મહારાજે મોકલેલા સેવકો છે. તે આપણને ભગવાન તરફ લઈ જાય છે. માયા અંધકારરૂપ છે, તો ભગવાનની શક્તિ અંધકારરૂપ કેવી રીતે હોઈ શકે? માયા પહેલાં તકલીફ આપે, પણ પછી સહાય કરે છે. મહારાજે માયા તકલીફ આપવા નથી મોકલી સહાય માટે મોકલી છે. માયાને છોડે પછી ભક્ત થઈ જાય અને અંતરશત્રુઓ છોડીને જતા રહે છે. અંતઃકરણ શુદ્ધ થાય એટલે અંતઃકરણરૂપ માયા ભક્તને સહાયરૂપ બને છે. આ બધું ક્યારે બને? તો ભગવાનને મળેલા સંત મળે ત્યારે. કેટલાય જન્મની કસર મુક્ત મળે તો ટળી જાય છે. ચોવીસ અવતારો પર્વતભાઈના દર્શને આવતા.

સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી કહેતા કે મહારાજના અનાદિમુક્તના દર્શન તો અવતારોને પણ દુર્લભ છે. તેઓ પણ અનાદિમુક્તના દર્શન ઝંખે છે. એટલે અવતારો કરતાં પણ મહારાજના અનાદિમુક્તો મોટા છે. તેનાથી મોટી કોઈ ભૂમિકા નથી. સ્વામિનારાયણ ભગવાને કહ્યું છે કે અમારી ભૂમિકા છેલ્લી છે.

એકવાર મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું કે અમને પણ ગોપાળાનંદ સ્વામીએ અમારી વાણી સમજાવી ત્યારે સમજ્યા. મહારાજે ગોપાળાનંદ સ્વામીને કહ્યું કે વચનામૃતરૂપ અમારી વાણી તમે કેવી રીતે સમજો છો તે કહો. પછી ગોપાળાનંદ સ્વામી જેમ સમજતા હતા તેમ કહ્યું. ત્યારે મહારાજે એવી પ્રસન્નતા જણાવી કે સ્વામી, અમારી વાણી આટલી ગહન હશે તે તમે સમજાવી ત્યારે સમજાઈ! વિચાર કરો કે સ્વામીએ કેવી સરસ રીતે

સમજાવ્યું હશે. સ્વામીશ્રીએ એ વખતે આપેલી સમજૂતી લખાઈ ન હતી એટલે મળતી નથી. મહારાજે પોતાના સંકલ્પ સ્વરૂપ અબજીબાપાશ્રી દ્વારા રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા કરાવી તેમાં ગોપાળાનંદ સ્વામીએ આપેલી સમજૂતી આવી જાય છે. મેં ખૂબ વિચાર કર્યો ત્યારે મને એમ લાગ્યું કે સ્વામિનારાયણ ભગવાનને ઓળખવા માટે આ ગ્રંથ ખૂબ જ ઉપયોગી છે.

અત્યારે મને એટલો બધો વિશ્વાસ છે કે જો કોઈ મને પ્રશ્ન પૂછે તો વૈજ્ઞાનિક રીતે, એ સત્સંગી ન હોય તો પણ આ સ્વામિનારાયણ ભગવાનનું સર્વોપરી તત્ત્વજ્ઞાન હું સમજાવી શકું છું. જો કોઈ વાદ કરે તો હું વાત કરું કે તેમાં કહેલું છે તે ખોટું છે તે મને ગળે ઉતારી દો તો હું તમારો શિષ્ય બની જાઉં.

એક વાર ભગવાનના સ્વરૂપ સાથે જોડાઈ જાય પછી એમ કહે 'હું સહજાનંદ સ્વામી, સર્વેનો છું અંતર્યામી.' અવલબાઈને આવું થયું એટલે બધા વિચાર કરે કે આ તો ભગવાન થઈ ગયા. ભગવાનમાં જોડાઈ જાય પછી ભગવાન પોતે એ દેહનો ઉપયોગ કરે છે. અવલબાઈમાં રહીને ભગવાન બોલ્યા. જ્યારે એ ઉપશમમાંથી બહાર આવ્યા ત્યારે બધાએ કહ્યું કે એવું બોલ્યા હતા? તો કહે ના, એ તો મહારાજ બોલ્યા હતા. એટલે એવું ન માની લેવું કે એવી સ્થિતિવાળા ભગવાન થઈ ગયા. અનાદિમુક્ત દ્વારા મહારાજ કોઈ વાર એવું બોલે તેમાં એમ નહિ માનવાનું કે તે ભગવાન થઈ ગયા. ધણીનો કોઈ ધણી નથી.

બુદ્ધિજીવીઓને હું એવા પ્રશ્નો પૂછું કે જો ભગવાનને પામ્યા હોય તો જ જવાબ આપી શકે, નહિ તો ઊભા થઈ રહે. મહારાજે આપણને એવા મુક્તો ઓળખાવ્યા છે. મહારાજ સિવાય બીજે ક્યાંય આસક્તિ રહે તો જન્મ ધરવો પડે. મહારાજ કહે છે કે જે કરવું હોય તે મારા સંબંધી જ કરો. ખુશામત કરવી હોય તો તે મારી કરો. કેમ? તો તમે મારી જેટલી પ્રશંસા કરશો તેટલી ઓછી છે. મુક્તો પ્રશંસા કરતાં પાર નથી પામતા. મારા સિવાય બીજે ક્યાંય આસક્તિ ન કરો. પ્રશંસા, આસક્તિ બધું મારું કરો. હું તો અવર્ણનીય છું. મારા ગુણ અને મહિમાનો પાર કોઈ પામી શકતું નથી. એમ મહારાજ કહે છે.

## સારાંશ

મનુષ્ય દેહ દ્વારા ભગવાનની પ્રાપ્તિ કરવી એ જ એક એ દેહનો ધ્યેય છે અને એ અનાદિમુક્ત દ્વારા શક્ય બને છે. ભગવાનનો સાક્ષાત્કાર કરવા સ્વરૂપ દૃઢ કરવું પડે. ભગવાનનો માર્ગ સર્વ સમન્વયકારી, સરળ અને પૂર્ણ છે. અનાદિમુક્ત દ્વારા ભગવાન જ્ઞાનવાણી અને કૃપાવાણી ઉચ્ચારે છે.

ભગવાનના સ્વરૂપમાં જોડાવાને માટે ભગવાને સંત સમાગમ કરવાનું કહ્યું છે. એ સિવાય ઉદ્ધાર નથી. ભગવાનની કેવળ પ્રસન્નતાના સાધનરૂપી કાંટાથી અહંકારરૂપી કાંટો કાઢી પછી બંને કાંટાનો ત્યાગ કરીએ ત્યારે પાત્રતા થાય. મહારાજને જેવા જાણીએ

તેવા પાત્ર થવાય.

અંતઃશત્રુઓ સાથે લડાઈ કરીએ ત્યારે તેઓ હારી જાય છે અને જીવ ભગવાનરૂપ થઈ જાય છે. અવતારો કરતાં મહારાજના અનાદિમુક્ત મોટા છે. વચનામૃતની વાણી અનાદિમુક્ત થકી જ સમજી શકાય છે. વચનામૃતનું જ્ઞાન સર્વોપરી છે. જીવ ભગવાનમાં જોડાઈ જાય પછી એ દેહ દ્વારા ભગવાન કાર્ય કરે છે માટે એમ ન સમજવું કે તેઓ ભગવાન થઈ ગયા. આસક્તિ એક મહારાજ પ્રત્યે જ કરવી.

# ૨૫

આજે બ્રહ્મયજ્ઞ થયો તેનો પ્રકાર બદલ્યો છે. અને કીર્તનભક્તિરૂપી બ્રહ્મયજ્ઞ કર્યો છે. આ ચોમાસું હોવાથી બધાએ કથા-વાર્તાના નિયમ લીધા હોવાથી કથાવાર્તા કરીએ છીએ, બાકી તો મહારાજના કીર્તનમાંથી પ્રવચનો નીકળે છે. ભગવાનની સ્મૃતિમાં કથા-વાર્તા આવી જાય છે.

શ્રાવણ માસ અને સાડા ચાર મહિના પાંચ ગ્રંથો મનનપૂર્વક વાંચી શકાય. રહસ્યાર્થ વચનામૃત, શિક્ષાપત્રી રહસ્યાર્થ, સત્સંગીજીવન, સત્સંગીભૂષણ અને અબજીબાપાશ્રીનું જીવનચરિત્ર. એ એટલા માટે કે મેં જોયું છે કે વિશ્વના બધા સંતોએ જુદી-જુદી વાતો કરી છે. એ અમુક વિષયના અનુસંધાનમાં કરી છે. બાપાશ્રીએ દરેક વાતને ભગવાનની મૂર્તિ સાથે જોડી દીધી છે એ ખૂબી છે. જે મૂર્તિમાં રહેતા હોય તે જ આવું કહી શકે. એમાં બાપાશ્રીએ શ્રીજીના વચનો જીવનમાં કેવી રીતે ઉતારવા જોઈએ તે વર્તન ને વાતો દ્વારા બતાવ્યું. કેવળ પ્રવચન કરવું એમ નહિ, પણ બધાને ભગવાનમાં જોડી દીધા.

જન્મ-મરણ તો ત્યારે જ ટળે કે જ્યારે આત્માનો પરમાત્મા સાથે સંબંધ થાય. બાપાશ્રીનું જીવન મૂર્તિમાં જોડી દે છે. આ બીજા બધા જીવનચરિત્રોથી વિશિષ્ટ છે. તેમાં બધું આવી જાય છે. વર્તન વાતો કરે છે.

ગાંધીજીને કોઈકે પૂછ્યું કે તમે રામનું રટણ કરો છો, પણ તમારા નિવાસમાં રામની મૂર્તિ દેખાતી નથી.

ગાંધીજીએ કહેલું કે હું તો સર્વમાં વ્યાપી રામનું, સર્વોપરી પરમાત્માનું રટણ કરું છું. મનુષ્યરૂપે થઈ ગયેલા રામનું નથી કરતો. એમ અવતારો પણ ભગવાનનું રટણ કરે છે. ભગવાનના થોડા ગુણો આવે એટલે અવતાર કહેવાય. ગાંધીજીને પણ કેટલાક અવતાર કહે છે. તેઓ કહેતા કે મને બ્રહ્મની ઝાંખી થઈ છે. 'ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના.' એ નિષ્કુળાનંદનું કાવ્ય છે તેણે મને એવી પ્રેરણા આપી કે વૈરાગ્ય વગર કાંઈ શક્ય નથી. જે કરવું હોય, મેળવવું હોય તેનો જ રાગ, બીજો કોઈ રાગ રહેવો ન જોઈએ. મારે દેશની સેવા કરવી છે અને એ રીતે મારે ભગવાન મેળવવા છે એમ ગાંધીજી કહેતા. પ્રભુનો રાગ ન હોય તો વૈરાગ્ય ન ટકે. ભગવાનને છોડીને જતા રહે. ભગવાન કસોટી કરે ત્યારે તેને છોડી દે. ભગવાન કહે છે કે મારા ભક્તની હું કસોટી કરું છું અને બળ પણ આપું છું. પણ તે ભૂલી જાય છે એટલે મારું અનુસંધાન રહેતું નથી. આપણે ભગવાનને કહેવું કે કસોટીમાં તું મને બળ આપજે. તને પામ્યા પછી જ હું જંપીશ. કોઈ તકલીફ ઊભી થાય ત્યારે તેમનામાં જ શ્રદ્ધા રાખી તેનો સામનો કરવો. બળિયા બનાવવા અને પોતાના તરફ લઈ જવા કસોટી અને મૂંઝવણ ભગવાન ઊભી કરે છે. અન્ન-વસ્ત્ર તો આપવાના જ છે. નોકરી જાય, આવક બંધ થઈ જાય તો મૂંઝવણ થાય, પણ શા માટે સંકલ્પ થવો જોઈએ, તે નહિ જાણતા હોય? બાપાશ્રી શું જમતા? રોટલો ને શાક. અન્ન-વસ્ત્ર તો એમના થઈને રહ્યા છે એ બધાને આપવાના જ છે, એમનું બિરૂદ છે.

આપણે ભગવાનને ગદ્ગદ કંઠે પ્રાર્થના કરવી કે તમારા વચનમાં બળ આવે, તમારા સિવાય મને બીજા શેમાંય રાગ ન રહે. એવો અભ્યાસ નાનપણથી જ કરવો. મોટી ઉંમર થઈ જાય પછી મુશ્કેલ પડે. નાનપણમાં અભ્યાસ કર્યો હોય તો સરળ થઈ જાય. ભગવાનના નામનો જપ અને સ્વરૂપ તો સર્વે દુઃખનું ઔષધ છે.

## સારાંશ

ભગવાનની સ્મૃતિમાં કથા-વાર્તા-કીર્તન બધું આવી જાય. અનાદિમુક્ત દરેક વાતને ભગવાનની મૂર્તિ સાથે જોડે એ તેમની ખૂબી છે. અનાદિમુક્ત પોતાના વર્તન દ્વારા મહારાજના વચનો જીવનમાં કેવી રીતે ઉતારવા તે આપણને શીખવે છે. અનાદિમુક્તનું વર્તન જ વાતો કરે છે. ભગવાનને મેળવવાનો જ એક રાગ રહે ત્યારે ભગવાન મળે. પ્રભુના રાગ વગર વૈરાગ્ય ટકતો નથી. ભગવાન કસોટી કરે ત્યારે કહેવું એમાંથી પાર ઉતારવાનું બળ આપજો. અને તેમનું અનુસંધાન અખંડ રાખવું. ભગવાનને સંભારવાનો અભ્યાસ નાનપણથી જ કરવો. ભગવાનના નામનો જપ સર્વે દુઃખનું ઔષધ છે.

## શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન શાને માટે?

શ્રી સ્વામિનારાયણ ભગવાનના સર્વજીવહિતાવહ સંદેશ અનુસાર માનવજાતના શ્રેય અને પ્રેય માટે--

(ક) સેવા-સદાવ્રતના આદર્શો અનુસાર ભેદભાવ વિના આર્થિક મૂંઝવણ અનુભવતાં ભાઈબહેનોને જરૂરી રાહત પહોંચાડવી;

(ખ) આરોગ્યપ્રસારની માર્ગદર્શક વ્યવસ્થા અને રોગોપચારનાં સારવાર કેન્દ્રો-ઔષધાલયો સ્થાપવાં-ચલાવવાં, અગર એવું કાર્ય કરતી સંસ્થાઓને સહાયરૂપ થવું;

(ગ) આત્મિક શાંતિ અને માનવતાની ભીનાશ રેલાવતાં મંદિરો, સત્પુરુષોનાં સ્મારકકેન્દ્રો, વગેરેનાં નિર્માણ-નિભાવ-વિકાસ કરવાં;

(ઘ) જીવનઘડતરમાં ઉપયોગી સાહિત્ય અને કલાના વિકાસકાર્યને ઉત્તેજન આપવું;

(ચ) સમ્યક્ અભ્યાસ માટે પુસ્તકાલય, સંગ્રહાલય, સંશોધનકેન્દ્ર સ્થાપવાં-ચલાવવાં અગર એવા એકમોને મદદરૂપ થવું;

(છ) સર્વસમન્વય સધાય એવાં સાંસ્કારિક અને તત્ત્વજ્ઞાનવિષયક પ્રકાશનો પ્રસિદ્ધ કરવાં અને તે વડે જનસમુદાયનો ઊર્ધ્વગામી વિકાસ સાધવામાં મદદરૂપ થવું;

અને એ રીતે :

(૧) સમાજજીવનની આધારશિલાસમાં સદાચાર અને નીતિનાં ધોરણો બળવત્તર થાય એવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું;

(૨) સમાજમાં સંપ, એકતા અને પરસ્પર સુહૃદ્‌ભાવ વૃદ્ધિ પામે, વિશ્વબંધુત્વની ભાવના વિકસે અને વિસંવાદિતા દૂર થાય એવા કાર્યક્રમો આપવા;

(૩) વિશ્વના ધર્મો અને પક્ષો વચ્ચે સંવાદિતા જળવાઈ રહે એ માટે સર્વધર્મીય પરિષદોનું આયોજન કરતા રહી આધ્યાત્મિક અને સામાજિક ઉત્કર્ષને વેગ આપવો.

આવા સુઆયોજિત કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ દ્વારા પરિપૂર્ણ ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ તરફ માનવસમુદાય સર્વાંગી વિકાસ પામી ગતિમાન થાય એવો મિશનનો શુભ આશય છે.

બધા પ્રશ્નોનો ઉકેલ મહારાજની મૂર્તિ છે.

- પૂજ્યશ્રી નારાયણભાઈ

Website: www.shriswaminarayandivinemission.org
Email: info@shriswaminarayandivinemission.com